
# શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દિવ્ય કૃપા



શાસન સમ્રાટ

**પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
જેઓની દિવ્ય કૃપા જેમ ભારતભરના તમામ સંઘો ઉપર વરસતી રહી છે. તેમ શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શન ભવન, શ્રી સમવસરણ મહામંદિર ઉપર સતત વરસતી રહી છે જેના પુણ્યપ્રભાવે આ ભગીરથકાર્ય પૂર્ણ થયું. તેઓના ચરણકમળમાં અમારી કોટિ કોટિ વંદના...

## દિવ્યાશિષ



વાત્સલ્યવારિધિ

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
શ્રી સમવસરણ મહામંદિરનું દિવ્યસ્વપ્ન જેઓના દિવ્યાશિષથી દિવ્ય રીતે પૂર્ણતાને પામ્યું તે પૂજ્યને અમારા ભાવભર્યા કોટિશો વંદના...

## દિવ્ય સ્વપ્ન દ્રષ્ટા




ધર્મરાજા, અજાતશત્રુ

**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
યોગ અને ધ્યાનથી ધર્મ અને અધ્યાત્મના ગહનરહસ્યોની આંતર અનુભૂતિ કરનાર, આજીવન એકનિષ્ઠ ગુરુચરણસેવી, ગુરુકૃપાપાત્ર જેઓશ્રીએ ધ્યાનસાધનાની મસ્તીમાં મહાવિદેહ ક્ષેત્રના શ્રી સીમંધરસ્વામીના સમવસરણના દર્શન કર્યા તે સ્વપ્નસૃષ્ટિના ફળ સ્વરૂપે શ્રી સમવસરણ મહામંદિર સાકાર થયું. તે પૂજ્ય ગુરુદેવશ્રીને કોટિ કોટિ વંદના...

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી

શ્રી સમવસરણ મહામંદિર (પાલિતાણા)માં પ્રતિષ્ઠિત થયેલ ૧૦૮ જૈન તીર્થોની તીર્થ સંચયિકા



**શુભાશિષદાતા :**

પ. પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્યમહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના
પટ્ટધર પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિજ્ઞાન સૂરીશ્વરજી મહારાજના
પટ્ટધર પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજય કસ્તૂર સૂરીશ્વરજી મહારાજ.

**પ્રેરણાદાતા :**

પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ
પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**આયોજક :**

પ. પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી કુશળચંદ્ર વિજયજી મહારાજ

**પ્રાગટ્ય દિન : (દ્વિતીય સંસ્કરણ)**

વિ.સં. ૨૦૫૨ કારતક સુદ - ૧૫- મંગળવાર
શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી પરિવાર આયોજિત
ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણાહુતિ દિન
તા - ૭-૧૧-૧૯૯૫ શ્રી શત્રુંજય મહાતીર્થ

**પ્રકાશક :**

શ્રી અનિલભાઈ ગાંધી, ટ્રસ્ટીશ્રી,
શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટ,
શ્રી સમવસરણ મહામંદિર,
પાલિતાણા - ૩૬૪ ૨૭૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## જિનરાજકું સદા મોરી વંદના

તારે તે તીર્થ. ભવસાગરમાંથી પાર ઉતારે એવાં એક નહિ બલ્કે ૧૦૮ તીર્થનાં દર્શન અહીં પ્રાપ્ત થશે. તીર્થમાં બિરાજમાન નયનમનોહર અને પ્રભાવશાલી મૂળનાયક ભગવંતોના હૂબહૂ પ્રતીક રૂપે જે દર્શન થશે તેનાથી તો આરાધક પોતાને જાણે જિનપ્રતિમાજી સમક્ષ ઊભો હોય કે તીર્થાધિરાજની પાવન ગોદમાં બેઠો હોય એવો ઉલ્લાસ અનુભવશે, તીર્થમાં રહેલા પરમતારક જિનેશ્વર ભગવંતનાં દર્શન કરીને એ ધન્યતા પામશે, વંદન કરીને એ આહ્લાદ અનુભવશે, પૂજન કરીને એ અવર્ણનીય આધ્યાત્મિક આનંદ પામશે. એનું હૃદય ભક્તિના રંગથી એવું ઊછળતું હશે કે "ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું રે" એ મનની મસ્તીનો ભાવ પામ્યા વિના રહેશે નહિ. વર્તમાન જિનમંદિરનાં દર્શન કરતાં અંતરમાં અનુભવાશે કે જાણે આકાશેથી દેવવિમાન ખડું થયું ન હોય! એક અર્થમાં ભવસમુદ્રને તરવાનું એક આલંબન આ તીર્થદર્શનાવલિ પૂરું પાડે છે.

સંપાદનની સૂક્ષ્મપ્રજ્ઞાના પુરુષાર્થના ફળ તરીકે એક એક પૃષ્ઠ ભાવ અને ભક્તિની તન્મયતાથી નીતરી રહ્યું હોય તેમ લાગે છે. સંપાદકના રોમેરોમમાં કેવી ગજબની ભક્તિની છોળો ઊછળતી હશે કે જેના પરિપાક રૂપે આ ગ્રંથ સાંપડ્યો છે. પરંતુ સંપાદકનો આ પરિશ્રમ ત્યારે જ સાર્થક થાય કે જ્યારે અરિહંતનો ઉપાસક આ ગ્રંથના પૃષ્ઠ પર જે તીર્થનાં દર્શન પામ્યો છે તે તીર્થની પદયાત્રા કરીને દર્શન પામે. અહીં આલેખાયેલા ફોટાઓ તો મૂળ સુધી જવાના પ્રેરક બની રહેશે. એક એક તીર્થની યાત્રા કરીને ધારે તો સાધક જિનભક્તિ દ્વારા સ્વયં જિન બની શકે છે. એ ભાવના ધારણ કરીને આ તીર્થનાં દર્શન કરાય, એ જ અભ્યર્થના.

(signature)

વિ. સં. ૨૦૪૬ શ્રાવણ વદ - ૧ શ્રી વાસુપૂજ્યજિનાલય શતાબ્દી દિન,
સુરેન્દ્રનગર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગિરિરાજની ગોદમાં, નજરે નિહાળતાં, મનને હરી લેતાં

## શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન-સમવસરણ મહામંદિરની આછેરી ઝલક

જગતના તમામ ધર્મોમાં જૈન ધર્મની એક મહત્તા એનાં ભવ્ય, અલૌકિક અને અધ્યાત્મભાવનાથી ભરપૂર તીર્થો છે. આ તીર્થો ભક્તની ભક્તિ, શ્રેષ્ઠીની દાનવીરતા, સાધકની ઉપાસના અને સાધુજનોની સમતાનો સંદેશ આપીને સંસારસમુદ્ર તરવા માટે જિનભક્તિનો ઉપદેશ આપે છે. સમગ્ર દેશમાં જ નહિ બલ્કે વિદેશોમાં અનેક જિનાલયો આવેલાં છે, પરંતુ આ બધાં જિનાલયની યાત્રા કરીને પોતાની ભક્તિ-ભાવનાને ધન્ય કરવાની પળ સહુને સાંપડતી નથી. ક્યારેક શારીરિક કે આર્થિક શક્તિ ન હોય, તો ક્યારેક સમય કે સગવડનો અભાવ હોય. આથી જ પાલિતાણામાં આવેલા **શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન** અને **શ્રી સમવસરણ મહામંદિરમાં** એક સાથે અનેક તીર્થોનાં દર્શન અને ભાવપૂજનનો લાભ મળે છે. જાણે તીર્થોનું સંગમસ્થાન જ જોઈ લો !

### ગિરિવર દર્શન વિરલા પાવે

આ સંગમસ્થાન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ચડતાં જ જમણી બાજુ આવેલું છે. દેશ અને વિદેશના ખૂણે ખૂણેથી પ્રત્યેક જૈન તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રા કરવાની સદૈવ ઝંખના રાખતો હોય છે. આથી જ શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન પાલિતાણામાં નિર્માણ કરવામાં આવ્યું, જેથી સિદ્ધગિરિની યાત્રાએ આવનાર યાત્રાળુને અનોખો તીર્થદર્શન, વંદન અને પૂજનનો ધર્મમય સુયોગ સાંપડે છે.

### નિમિત્ત માત્રમ્

આની રચનાનું નિમિત્ત સુરત દેસાઈ પોળના શ્રી સુવિધિનાથ જિનમંદિરમાં શ્રી દેસાઈ પોળ પેઢીના સંસ્થાપક ધર્મનિષ્ઠ ડાહ્યાભાઈ (કીકાભાઈ) રતનચંદ કિનારીવાળાએ તૈયાર કરાવેલ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન બન્યું. અહીં પ્રાચીન તીર્થોના મૂળનાયકજીના ૩૬ x 30 ઈંચની સાઈઝનાં ચિત્રો દીવાલ પર બિરાજમાન કરવામાં આવ્યાં. પરમપૂજ્ય ધર્મરાજા આચાર્ય દેવ શ્રી **વિજયકસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ તથા પ. પૂ. પંન્યાસજી (હાલ આચાર્ય મ. સા.) **શ્રી ચંદ્રોદયવિજયજીગણિ મહારાજની** નિશ્રામાં વિ.સં. ૨૦૨૪ના કારતક વદ-૨ ના રોજ એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ ડાહ્યાભાઈએ ૧૦૮ તીર્થોનો એક પટ્ટ બહાર પાડ્યો. પછી પોતાના દીક્ષા ગ્રહણના દિવસે જ વિ.સં. ૨૦૨૬ પોષ સુદ ૧૧ના ૧૦૮ તીર્થ દર્શનાવલી નામક એક આલબમ પ્રકાશિત કર્યું. જેમાં ૧૦૮ તીર્થના મૂળનાયકજી, દેરાસર અને તેમનો ઈતિહાસ લેવામાં આવ્યો. લોકઆદર પામેલ આનું નિમિત્ત જોઈને વિ.સં. ૨૦૨૮માં સુરેન્દ્રનગરમાં શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિરનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### પૂજ્ય ધર્મરાજા ગુરુદેવશ્રીની સ્ફુરણા થાય છે સાકાર

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન અને શ્રી સમવસરણ મહામંદિર, સરસ્વતી મંદિરની બાજુમાં (બાબુના દેરાસરની સામે) વીસહજાર વાર ૪૦૦ x ૪૫૦ ફૂટ લંબાઈ-પહોળાઈવાળી વિશાળ જમીન પર તૈયાર કરવામાં આવ્યું છે. ૨૫૦૦ વર્ષ પહેલાં તીર્થંકર પરમાત્મા શ્રીમહાવીર સ્વામી જેમાં બિરાજમાન હશે, એ સમવસરણ કેવું હશે ? જિનાગમો, સમવસરણસ્તવ આદિ પ્રાચીનસ્તવો, સ્તવનોમાં અને અન્યત્ર પણ સમવસરણ સંબંધી ઉલ્લેખ મળે છે તે જ રીતે કેટલાય શિલ્પીઓએ પોતાની કલા તેમજ આગવી સૂઝથી એની રચનાનો ખ્યાલ આપ્યો છે, તો કેટલાંય ચિત્રકારોએ એનાં ચિત્ર પણ બનાવ્યાં છે. પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ** પોતાના ધ્યાનમાં શ્રી સમવસરણનું ચિંતન કરતા હતા આ સમયે ૧૦૮ જૈન તીર્થદર્શન ગોઠવવાની વિચારણા ચાલી રહી હતી. એવામાં એકાએક તેઓશ્રીને એક નૂતન વિચાર સ્ફૂર્યો. એમણે વિચાર્યું કે સમવસરણ પણ બનાવવું અને તેમાં ૧૦૮ તીર્થો આવી જાય તેવી રમણીય રચના કરવી. એવી સરસ ગોઠવણી કરવી કે જેથી વર્તમાન ચોવીશી, ૧૦૮ પાર્શ્વનાથજી, ૧૦૮ તીર્થપટ્ટો તથા ૧૦૮ ચિત્રપટ્ટો વગેરે બધું જ આ સંગમમાં મહાસંગમ બની રહે...

### સમવસરણની સફળતાના સુકાની પૂજ્ય ગુરુ ભગવંતો

પરમપૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય **શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજની શિલ્પ-સ્થાપત્ય સંબંધી સૂઝના સહારા સાથેના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પૂજ્ય તપસ્વી મુનિ **શ્રી કુશલચંદ્રવિજયજી** મ.સા.ની જહેમતથી આ કાર્ય સારી એવી સફળતાને પામ્યું. તેમજ આ તીર્થધામના ઉત્થાનમાં માર્ગદર્શક પૂજ્યાચાર્ય મહારાજ તથા તેઓશ્રીના ગુરુબંધુ પ.પૂ. આચાર્ય **શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી** મ.સા., પ.પૂ.પં. **શ્રી અજિતચંદ્ર વિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં. **શ્રી વિનીતચંદ્રવિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં. **શ્રી હ્રીં-કારચંદ્રવિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં **શ્રી પુષ્પચંદ્રવિજયજી** ગણિ, પં. **શ્રી સોમચંદ્ર** વિ.મ., પ.પૂ. મુનિશ્રી **અમરચંદ્ર** વિ.મ., પ.પૂ. મુનિ **કૈલાસચંદ્ર** વિ.મ., પૂ. મુનિ શ્રી **રાજચંદ્ર** વિ.મ. આદિ ધર્મરાજાપૂજ્ય ગુરુદેવના શિષ્ય-પ્રશિષ્ય સમુદાયનો અથાક પ્રયત્ન પણ નિમિત્તરૂપ બનેલ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિશ્વમાં અજોડ શ્રી સમવસરણ મહામંદિર

શ્રી સમવસરણ મહામંદિર જોનારને પ્રથમ નજરે જ જાણે આકાશમાંથી ઊતરી આવ્યું હોય તેવું લાગે છે. જેમાં શ્રી પાર્શ્વનાથજી ૧૦૮, તીર્થ પટ્ટો ૧૦૮ અને ચિત્રપટ્ટો પણ ૧૦૮ છે. તેની ઊંચાઈ પણ ૧૦૮ ફૂટની રાખી છે. મહા મંદિરમાં પ્રવેશતાં શ્રી નેમિ-વિજ્ઞાન કસ્તૂરસૂરીશ્વરજી ધર્મોદ્યાન આવે છે. સુંદર કારીગરીથી શોભતું આકર્ષક આ પ્રવેશદ્વાર દૂરથી જ યાત્રાળુના મનને મોહી લે છે. તેની બન્ને બાજુ નીકળતી પથ્થરમાંથી કંડારેલ ચક્રોની ચક્રાવલિ અને તેની ઉપર પથ્થરમાં જ અંકિત અક્ષરોની અદ્‌ભુતતા દ્વારની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. દ્વારની અંદરના ભાગમાં એક તરફ પરબ અને બીજી બાજુ વિશ્રાંતિગૃહનું સુંદર આયોજન વિચારેલ છે. હાલ યાત્રિકો માટે ઠંડા અને ઉકાળેલા પાણીની પરબ પણ રાખેલી છે. લીલા-ગુલાબી કમળોની પંક્તિ સમવસરણની આસપાસ પથરાયેલ કમળો જેવી લાગે છે. મુખ્ય દરવાજામાં પ્રવેશતાં જ જમણા હાથે એક અજોડ અને અદ્વિતીય મંદિરનાં દર્શન થાય છે. ત્રણ ગઢ રૂપે તેની રચના થઈ છે. શાસ્ત્રીય રીતે તૈયાર કરેલ ચારે દિશાના બાર દરવાજા, સુંદર કમાનો, દ્વારપાળો, બારે પર્ષદા, ચૈત્યવૃક્ષ અને અશોકવૃક્ષ નજરે ચઢ્યા વગર રહેતાં નથી અને તેથી જ આજે શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિર વિશ્વમાં એની ભવ્યતા, પવિત્રતા અને મહત્તાથી ખ્યાતનામ બન્યું છે. અહીં માત્ર જિનાલય જ નહિ પરંતુ જૈન ખગોળ, ભૂગોળ અને જૈન ઇતિહાસની માર્મિક ઝાંખી થતી હોવાથી જ આને મહામંદિર કહેવામાં આવે છે.

## પ્રભુદર્શનથી મન પાવન બને છે

મુખ્ય દ્વારના ઉંબરમાં પગ મૂકતાં જ ક્યાં પહેલા દર્શન કરવા જવું ? તે વિચારમાં મુગ્ધ બનેલ (મુંઝાતો) ભાવિક શ્રી આદિનાથદાદાની ભવ્યમૂર્તિના દર્શનથી તે તરફ જતી જાજવલ્યમાન આરસની પગથાર દ્વારા અંદરના દરવાજે પહોંચી જાય છે અને પહોંચતા જ આંખ ઠરી જાય છે. અહો કેટલો વિશાળ ડોમ ! તેમજ નાંખી નજરે નીરખી ન શકાય એટલો ઊંચો માણેક સ્થંભ. આ મહામંદિરની વિશ્વભરમાં સૌથી મોટી એ જ વિશિષ્ટતા છે કે ૪૨ ફૂટ ઊંચો અને ૭૦ ફૂટ પહોળો ગોળ ઘુમ્મટ (ડોમ) પથ્થરથી જ તૈયાર થયેલ છે. વીંટી જેવા આ વર્તુળાકારમાં ૪૨ ફૂટ ઊંચો અને ૧૬ ફૂટ પહોળો અષ્ટમંગલથી તેમજ છેક ટોચ ઉપર ઊંધા કમળની પાંખડીઓથી સુશોભિત માણેકસ્થંભ રત્નની જેમ દીપી ઊઠે છે. માણેકસ્થંભની ચારે દિશામાં વર્તમાન ચોવીસ તીર્થંકરોની ભાવોલ્લાસ જગાડતી ૨૪ મૂર્તિઓ બિરાજમાન છે. આ ચોવીસમાંથી ચારે બાજુના મૂળનાયક તીર્થંકર શ્રી આદિનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી નેમિનાથજી, શ્રી પાર્શ્વનાથજીની ૪૧-૪૧ ઇંચની આધ્યાત્મિક ચેતનાને સજાગ કરતી પ્રતિમાઓ સુંદર પવાસણ ઉપર બિરાજમાન છે. તેમજ ડોમની ગોળાઈમાં ચારે દિશામાં કુલ ૨૭-૨૭ના વિભાગમાં, જુદાં જુદાં નામોથી વર્તમાનમાં પ્રસિદ્ધ કુલ ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિઓ થાંભલા વિનાની, ઝૂલતી કમાનો ઉપર રહેલ ઘુમ્મટવાળી જુદીજુદી મીની (નાનીશી) દેવકુલિકામાં પ્રતિષ્ઠિત કરેલ છે. દરેક પ્રભુની પલાંઠીમાં શ્રી સમવસરણ મંદિરના પ્રતીક સહિત લાંછનો કળામયતાથી કોતરવામાં આવેલ છે. આ રીતે એકી સાથે થતા ૨૪+૧૦૮ = ૧૩૨ પ્રભુના દર્શનથી જીવન-મન પાવન બની જાય છે.

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## આ છે મહામંદિરનું આંતરદર્શન

પ્રભુદર્શનથી પાવન પથિક પ્રાણપ્યારાં એવા ઐતિહાસિક તીર્થોનાં દર્શન કરવા બહાર આવે છે. જ્યાં સામેની ગોળાઈમાં ૨૭-૨૭ના ૪ વિભાગમાં ભારતભરનાં ૧૦૮ તીર્થનાં જિનાલયો, તેના મૂળનાયક ભગવાન, તેનો ઇતિહાસ અને પરિચય સાથે, જે તે તીર્થોમાં જઈને લીધેલી આબેહૂબ તસ્વીરો આધુનિક લેમિનેશન પદ્ધતિથી આરસ પર મૂકવામાં આવેલ છે. શ્રી ગિરિરાજથી શરૂ કરી રાજ્યવાર ગોઠવેલ ૧૦૮ તીર્થપટ્ટોના દર્શનથી દર્શક જાણે તે તીર્થોની યાત્રા કર્યાનો સંતોષ અનુભવે છે. તે તીર્થપટ્ટોની સામેની ગોળાઈમાં પ્રભુ શ્રીવીરના સમયથી આજદિન સુધીમાં થયેલાં, ધર્મ-સંઘ-દેશ અને સમાજ માટે પોતાનું આગવું સમર્પણ કરનાર પુણ્યવંત એવા ૨૭ સાધુ, ૨૭ સાધ્વીજી, ૨૭ શ્રાવક અને ૨૭ શ્રાવિકાનાં ચિત્રો પણ આરસ ઉપર લેમિનેશન કરી મૂકવામાં આવ્યાં છે. અત્યારે પણ ઇતિહાસનાં પાનાં ઉકેલતાં જાણવા મળેલ ઐતિહાસિક હકીકતો દ્વારા આ ચિત્રો જે રીતે બેનમૂન તૈયાર કરેલાં છે, તે જોતાં લાગે છે કે આ ચિત્રપટ્ટો લાગવાથી આ મહામંદિરની દર્શનીયતા/ઐતિહાસિકતાનો ઘણો જ વધારો થયો છે અને સાથે સાથે જૈન ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠનો ઉમેરો થયો છે.

## મહામંદિરમાં શિલ્પની સાથે સાહિત્યનું ગઠન

સમવસરણ મંદિરના અંદરના ચારે દરવાજા ઉપર તીર્થંકર પ્રભુના ચાર વિશિષ્ટ વિશેષણોને દર્શાવતા - (૧) મહામાહણ ; (૨) મહાગોપ ; (૩) મહાસાર્થવાહ ; (૪) મહાનિર્યામકનાં દશ્યો કલાત્મક રીતે કંડાર્યા છે. વળી ચારે દિશાના ચાર મુખ્ય દરવાજાની આજુ-બાજુના બે-બે બ્લૉક (રૂમ) કુલ આઠ બ્લૉક સુંદર નકશીકામનાં દ્વારોથી શણગાર્યા છે. પહેલા-બીજા દ્વારમાં ૧૬ વિદ્યાદેવીના, ત્રીજા દ્વારમાં શુભ શુકન, ચોથા દ્વારમાં ચાર શરણ, ચાર સાધન અને ચાર પ્રકારનાં દાનના ; પાંચમા-છઠ્ઠા દ્વારમાં નવકાર-વજ્રપંજરની વિવિધ મુદ્રાના અને નવકારના પદોનાં પ્રતીકો, સાતમા દ્વારમાં આઠ પ્રતિહાર્ય અને આઠમા દ્વારમાં અષ્ટમંગલનાં પ્રતીકો ઝીણવટભરી દૃષ્ટિએ જોતાં નજરે ચઢે છે. આઠે બ્લોકમાં પહેલામાં હમણાં વહીવટી ઑફિસ છે, બીજામાં ગુરુગણ પ્રદર્શિત કરતું ભવ્ય ગુરુમંદિર - શ્રી ગૌતમ સ્વામીજી, પૂજ્ય શાસનસમ્રાટ, પૂજ્ય શ્રી વિજ્ઞાનસૂરિજી મ.સા., પૂજ્ય ધર્મરાજા ગુરુદેવની ગુરુ પ્રતિમા તથા મા ચક્કેસરી ને મા પદ્‌માવતીની મૂર્તિઓથી દીપે છે. જ્યારે બાકીના બીજા બ્લૉકમાં અતીત, અનાગત ને વર્તમાન ચોવીશીનો ખ્યાલ પણ આપવામાં આવશે. શાશ્વતા તીર્થંકરોના પરિચય ચિત્રોની સાથે ૬૩ શલાકા પુરુષ, ૪૫ આગમની પાંચ વાચના, અઢી દ્વીપ, ઉત્સર્પિણી - અવસર્પિણી કાળ-પાંચમા-છઠ્ઠા આરાની તેમજ શ્રી વીરપાટ પરંપરાની સમજ આપતાં ચિત્રો વગેરે મૂકવામાં આવશે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## મહામંદિરનું હૃદયંગમ બહારનું ભવ્યદર્શન, સદેહે વિચરતા ભાવ જિનેશ્વર ભગવંતની લોકોત્તર પુણ્યાઈનો ખ્યાલ

શ્રી સમવસરણ મહામંદિરના અંદરના વિભાગોના દર્શનથી પ્રભાવિત પુણ્યાત્મા ઉપર બિરાજમાન પ્રભુ શ્રીવીરને વંદન કરવા ઉત્કટ બની બહાર આવે છે. ત્યાં ચારે મુખ્ય દરવાજા ઉપર તીર્થંકર પ્રભુનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને નિર્વાણ કલ્યાણકણનાં કંડારેલ દશ્યોને, નીકળતાં જમણી બાજુએ પથ્થરમાંથી બનાવેલ , સાક્ષાત્ જેવી લાગતી ગાડામાં રહેલ ઊંચી ઈન્દ્રધ્વજાને, વિશાળ ભીંતો ઉપર પથ્થરમાં કંડારેલ રાજા દશાર્ણભદ્રને ઈન્દ્ર મહારાજાની પ્રભુવીરના ચરણોમાં આત્મસમર્પણ ભાવ પ્રકટ કરતા પટ્ટને, પ્રદક્ષિણાકારે આગળ વધતાં પાછળના ભાગમાં શ્રી નેમિનાથ પ્રભુને કૃષ્ણ મહારાજા ; શ્રી પાર્શ્વનાથજી, શ્રી આદિનાથજી પ્રભુ ને મરુદેવા માતાજીના પટ્ટને તેમજ શ્રી પ્રભુવીર પ્રત્યે સંપૂર્ણ સમર્પિતતા પ્રકટ કરતા શ્રેણિક મહારાજની ભક્તિનાં દશ્યોને તેમજ નાની નાની વાડીઓને જોઈ પ્રસન્ન બને છે. જ્યારે યાત્રિકને પૂજા-ભક્તિ કરવા માટે જરૂરિયાતવાળું સાધન જોઈએ, તે માટે ડાબી બાજુએ રહેલ ભક્તિભવન તરફ નજર જાય છે. જ્યાં આધુનિક સોલાર મશીન દ્વારા યાત્રિક માટે ગરમ- ઠંડા પાણીની સુંદર વ્યવસ્થા છે અને પ્રભુની પ્રક્ષાળ પૂજા માટે જરૂરી પાણીનો સંચય સમવસરણની અંદર રહેલ ટાંકામાં તેમજ નવા તૈયાર થયેલ કુંડમાં થાય છે. યાત્રાળુની આ બધી વ્યવસ્થા જોઈ સમવસરણ ઉપર જવા માટે પગથિયાં ચઢતાં નાના-નાના પથ્થરનાં કુંભો, કાંગરા, સુંદર તોરણ-કમાનોવાળા ચારે તરફના બારે દરવાજા, પહેલા ગઢમાં પથ્થરમાં-કંડારેલ વિવિધ વાહનો, બીજા ગઢમાં વિભિન્ન પશુ-પક્ષીઓ, ત્રીજા ગઢમાં સાધુ-સાધ્વી-મનુષ્ય-સ્ત્રી-દેવ-દેવીઓની બારે પર્ષદાને નિહાળતો, તો ક્યારેક વિશિષ્ટ થાંભલીએ ટેકણ ઉપર ટેકો લેતો, ધીમે ધીમે ૧૦૮ પગથિયાં ચઢી ઉપર પહોંચે છે. જ્યાં સુંદર પવાસણ ઉપર શ્રી મહાવીર સ્વામીજીની સાત હાથની કાયાને લક્ષમાં રાખીને પદ્માસને બેઠેલ ૬૧ ઈંચની પ્રતિમા અષ્ટપ્રતિહાર્ય સહિત ચારે દિશામાં બિરાજમાન છે. ઉપર માત્ર પથ્થરથીજ નિર્માણ કરેલ અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષનું સુંદર ડાળી પાંદડાં સાથે નિર્માણ કર્યું છે. ૨૭ ફૂટ ઊંચા અને ૩૭ ફૂટનો વ્યાપ ધરાવતા આ વૃક્ષનું વજન અંદાજે ૫૦૦ ટન છે. તે બધું વજન વૃક્ષની વડવાઈ જેવા દેખાતા તોતિંગ થાંભલા ઉપર પથરાઈ ગયેલું છે. પાંગરતા પરોઢિયે/પ્રભાતે પરમાત્માના પૂજકને અહીં અનુપમ આત્મિક આહ્લાદ અવનવા અનુભવ થાય છે.

આ રીતે શ્રી સમવસરણ એ માત્ર મંદિર નહિ, બલ્કે મહામંદિર છે, જેમાં જિનશાસનની ધાર્મિક અને આધ્યાત્મિક ભવ્યતા, શિલ્પ અને રંગરેખામાં ગુંજી ઊઠે છે.

• • •

## શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ ટ્રસ્ટીમંડળ તથા પુસ્તક પ્રાપ્તિસ્થાન


(૧) **શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન** ફોન નં. ૦૨૮૪૮-૨૪૯૨, ૨૫૬૧
શ્રી સમવસરણ મહામંદિર, તળેટી રોડ, પાલિતાણા - ૩૬૪૨૭૦

(૨) **શ્રી મહેન્દ્રભાઈ ખૂબચંદ શાહ**
C/o. રતનચંદ જોરાજી એન્ડ કું., ગોડીજી બિલ્ડિંગ નં. ૧, ૨૧૯, કીકા સ્ટ્રીટ, પાયધુની, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

(૩) **શ્રી કાંતિલાલ રતિલાલ શાહ**
સરદાર સોસાયટી બંગલો, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

(૪) **શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી**
કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત.

(૫) **શ્રી અનિલભાઈ શાંતિલાલ ગાંધી**
૧૧૦, મહાકાન્ત બિલ્ડિંગ, વી.એસ. હૉસ્પિટલ સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

(૬) **શ્રી મહેન્દ્રભાઈ ચંદુલાલ વખારિયા**
C/o. વખારિયા બ્રધર્સ, જવાહરચોક, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

(૭) **શ્રી હર્ષદરાય પ્રેમચંદ શાહ**
C/o. ધર્મેન્દ્ર વાસણ ભંડાર, મહાત્મા ગાંધી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

(૮) **શ્રી હર્ષદરાય ચુનીલાલ**
ભારત ટ્રેડીંગ કંપની, ૧૧૧, ટનટનપુરા સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી શત્રુંજય ચાતુર્માસના અવિસ્મરણીય સંભારણા

## દયાળુદાદા શ્રીસિદ્ધગિરિમંડન શ્રી આદિનાથ ભગવંત
## માયાળુદાદા પ.પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ
## કરુણાળુ શ્રેષ્ઠી શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી
## ત્રિવેણી સંગમથી પાલીતાણામાં પ્રવર્તેલ જયજયકાર

## અંતરની આશ, આદિનાથની પાસ :

અંતરની આશા અનંત, પણ પૂર્ણતા પામે પરિમિત, છતાંય આવા અવસરે અંતર આનંદ અનુભવે. વિ.સં. ૨૦૪૯ મહાસુદ-૬ ના સ્વદ્રવ્યથી (પાર્લા-મુંબઈ)ના ગૃહઆંગણે શિખરબંધ દેરાસરની અંજનશલાકા પ્રતિષ્ઠા પૂ. સૂરિબંધવ બેલડીની નિશ્રામાં જે પરિવારે કરાવેલ તે **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી, શ્રીમતી નલીનીબહેન** પુત્ર **શ્રી હરેશભાઈ**, પુત્રવધુ **શ્રીમતી દર્શનાબહેન**, પૌત્ર **કૃણાલ અને કરણ** પરિવારની વર્ષોની અંતરની આશા હતી કે દયાળુદાદા **શ્રી આદિનાથ પ્રભુની** પાસે શ્રી સિદ્ધગિરિની છાયામાં, શાસનસમ્રાટ પ.પૂ. આચાર્ય **શ્રી વિજય નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર **બંધુબેલડી**ની નિશ્રામાં ચાતુર્માસ કરવું અને કરાવવું. તે અંગે પ.પૂ. આચાર્ય **શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજને વિનંતી કરતા તેઓશ્રીએ પોતાના શુભાશીર્વાદ પૂર્વક પોતાના ગુરુબંધુ પ.પૂ. આચાર્ય **શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી** મહારાજને, પૂ.પં. **શ્રી પુષ્પચંદ્ર વિ.** ગણી, પૂ.પં. **શ્રી સોમચંદ્ર વિ.**, ગણી, પૂ. પ્રવર્તક **શ્રી કુશલચંદ્ર વિ.**, મુનિ **શ્રી શ્રમણચંદ્ર વિ.**, મુનિશ્રી **શ્રીચંદ્ર વિ.**, મુનિ **શ્રી શશીચંદ્ર વિ.**, મુનિ **શ્રી પ્રશમચંદ્ર વિ.**, મુનિ **શ્રી પ્રિયચંદ્ર વિ.**, મુનિ **શ્રી સંઘચંદ્ર વિ.** આદિ પરિવાર સહિત વિ.સં. ૨૦૫૧ના ચાતુર્માસ માટે મોકલી આપવા કૃપા કરી.

## પૂજ્યશ્રીના પાવન પગલે પગલે :

પૂજ્ય આચાર્યશ્રીએ જેઠ વદ-૧૦ના શુભ દિવસે પાલીતાણાની પુણ્યભૂમિ પર પગલા કરતાં જ તપધર્મના મંડાણ થઈ ચૂક્યા. તપસ્વી **શ્રી સુરેશચંદ્ર ચંદુલાલે** ૬૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો. ચાતુર્માસ દરમ્યાન સા. **શ્રી ધન્યયશાશ્રીજી** તથા સા. **શ્રી મતિષેણાશ્રીજી**એ ૪૫ ઉપવાસ, સા. **શ્રી કલ્પશ્રુતાશ્રીજી**એ, સા. **શ્રી તેજયશાશ્રીજી**એ ૩૦ ઉપવાસ, સા. **શ્રી યશસ્વિનીશ્રીજી** એ ૨૩ ઉપવાસ, બીજા સાધ્વીજીઓએ **શ્રેણીતપ, ભદ્રતપ, ૧૦૭** વગેરે **વર્ધમાન તપ**ની ઓળી, **૬૮** જેટલા પૂ. સાધુ સાધ્વીજી મ. ના યોગોદ્વહન, ચતુર્વિધ શ્રી સંઘમાં **માસક્ષમણ**, ૨૦, ૧૫, ૧૧, ૧૦, ૯, ૮ ઉપવાસ, **શ્રી શત્રુંજય તપ, શ્રી આદિનાથ કંઠાભરણ તપ, મોક્ષદંડ તપ, વર્ધમાન તપ**ના પાયા આગમની આરાધના આદિ તપસ્યાના રંગે સૌ રંગાયા. તપસ્વી સાધુ-સાધ્વીજીના પારણા પ્રસંગે શ્રી શાંતિભાઈ-નલિનીબેન સહિત **૪૫** આરાધકોનો સજોડે આજીવન **બ્રહ્મચર્ય વ્રત** સ્વીકાર, વીશ સ્થાનક તપ પ્રારંભ, ક્રોડ નમસ્કાર મહામંત્રના જાપ, ૩ ક્રોડ અરિહંત પદનો જાપ, ૧૧ા લાખ સામાયિક, ઉપવાસ, રાત્રિભોજન ત્યાગ, જિનપૂજા, ગુરુવંદનાદિ શીલધર્મને જપની સાધાનાથી રંગાયા દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યની વૃદ્ધિમાં તેમજ અભયદાન, જીવદયા, પક્ષીઓને ચણ, અનુકંપાદિ પ્રવૃતિમાં મનુમૂકીને દાનની ગંગા આરાધકોએ વહેવડાવી.

### આરાધનાના ઐતિહાસિક અવસરો

- પૂજ્યશ્રી આદિ ચતુર્વિધ શ્રી સંઘ સહિત આરાધકોના ચાતુર્માસ પ્રવેશની ભવ્ય શોભાયાત્રા
- ભા.સુ. ૩ના સઘળા તપસ્વીઓ સાથે શિસ્તબદ્ધ રીતે દરરોજ તળેટીની યાત્રા
- નવકારની જીવંત રચના સાથે તળેટીની ભવ્ય મહાપૂજા
- તપસ્વીઓના સામુદાયિક પારણા
- પાલીતાણામાં બિરાજમાન સર્વ પૂજ્ય આચાર્ય મ. આદિ સાધુ-સાધ્વીજી મ.ની. નિશ્રામાં તપસ્વીઓ સહિત સામુદાયિક ભવ્યાતિભવ્ય રથયાત્રા
- જયપુરથી આવતા સેવાભાવી ડૉક્ટરો દ્વારા થયેલ પોલીયો કેમ્પ આદિ વિવિધ કેમ્પ
- સૌરાષ્ટ્ર વિહારભૂમિના ઉપક્રમે વિહારક્ષેત્રમાં ૨૭ જેટલા નવા ઉપાશ્રયો બનાવવાની જાહેરાત

**શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી રીલીજીયર્સ ટ્રસ્ટ** તરફથી વિ.સં. ૨૦૫૧માં પાલીતાણામાં થયેલ યશોજ્જવલ ચાતુર્માસની સ્મૃતિને સદાય જીવંત રાખવા પુણ્યવંતોના સૌજન્યપૂર્ણ સહકારથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ **"શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શનાવલી"** પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિ.સં. ૨૦૪૭માં શ્રી ગિરિરાજના મહાભિષેક સમયે કલ્યાણમિત્ર શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરીની સાથે ધર્મમિત્ર સ્વ. શ્રી રજનીકાંત ઝવેરી વીસમી સદીના "જાવડશા"ના માનવંતા બિરુદને પામેલ, તેમજ વિ.સં. ૨૦૫૧માં પાલીતાણામાં ચાતુર્માસ સમયે "જૈન રત્ન" તરીકે પ્રસિદ્ધિ મેળવેલ



સુરતનિવાસી દાનવીર શ્રેષ્ઠિ

**શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરીને**



તેમના સહધર્મચારિણી

**અ.સૌ. નલિનીબેન શાંતિચંદ ઝવેરીને**

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## સાદર સમર્પણ

શ્રી શત્રુંજય તીર્થોદ્ધારક **શ્રી જાવડશા**, પુણ્ય શ્લોક મહામંત્રી **શ્રી વસ્તુપાલ-તેજપાલ**, ધર્મવીર શેઠ શ્રી **મોતીશાહ** જેવા મહાજનોએ જે રીતે શ્રી સિદ્ધાચલ મહાતીર્થની ભક્તિ જ પોતાના જીવનમાં પ્રાણવાન બનાવી હતી, તે રીતે તેઓની યાદને સ્મૃતિપથમાં સતત ઘુંટનારા, પોતાના તન-મન-ધનને **શ્રી શત્રુંજયગિરિરાજ** તથા **સકલ શ્રી સંઘ**ના ચરણે જેઓએ સમર્પિત કરે છે, તેવા સુરત (હાલ : વિલેપાર્લા, મુંબઈ) નિવાસી, વિશાપોરવાડ જ્ઞાતીય, સ્વનામધન્ય શ્રેષ્ઠિવર્ય, **શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી**એ, પોતાના સહધર્મચારિણી અ.સૌ. **નલિનીબેન**, પુત્રરત્ન **શ્રી હરેશભાઈ**, પુત્રવધૂ અ.સૌ. **દર્શનાબેન**, પૌત્ર ચિ. **કુણાલ**, ચિ. **કરણ,** પુત્રી અ.સૌ. **શીલા મુકેશકુમાર સુખડિયા**, અ.સૌ. **પ્રીતિ રાજેનકુમાર વકીલ**, દૌહિત્ર **સુનીત**, **ઋષિત**, દૌહિત્રી **સેજલ**, **અદિતિ** આદિના સહકારથી તરણ તારણ શ્રી સિદ્ધગિરિની છાયામાં પ.પૂ. આચાર્ય **શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજના ગુરુબંધુ પ.પૂ. આચાર્ય **શ્રી વિજય અશોકચંદ્ર સૂરીશ્વરજી** મહારાજની નિશ્રામાં વિ.સં. ૨૦૫૧માં ૪૫૦ ઉપરાંત આરાધકો સહિત ચાતુર્માસની આરાધના અનુપમ ઉદારતાથી, અનેકવિધ શાસનપ્રભાવના પૂર્વક કરી અને કરાવી. તેઓના આ ઐતિહાસિક ચાતુર્માસના યશોજ્જવલકાર્યને જીવંત રાખવાની સદ્ભાવનાથી **શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી**ની આ પુસ્તિકા તેઓની તીર્થભક્તિ, સકલ શ્રી સંઘ પ્રત્યેનો સમર્પણ ભાવ અને શાસનોદ્યોતકર મહાકાર્યોની સ્મૃતિમાં સમર્પણ કરતા અમો ગૌરવ સહ આનંદ અનુભવીએ છીએ.

વિ.સં. ૨૦૫૨, કા. સુ. ૧૫
ઐતિહાસિક ચાતુર્માસ
પૂર્ણાહુતિ દિન

લિ.
શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન ટ્રસ્ટના
ટ્રસ્ટીઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ૧૦૮ જૈન તીર્થોની નામાવલી / અનુક્રમણિકા

| નં. | તીર્થનું નામ | મૂળનાયક ભગવાન |
|---|---|---|
| ૧. | શ્રી સિદ્ધિગિરિ પાલિતાણા તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૨. | શ્રી હસ્તગિરિ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૩. | શ્રી શત્રુંજય ડેમ તીર્થ | શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાન |
| ૪. | શ્રી કદમ્બગિરિ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૫. | શ્રી તાલધ્વજગિરિ તીર્થ | શ્રી સાચા સુમતિનાથ ભગવાન |
| ૬. | શ્રી મહુવા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૭. | શ્રી દાઠા તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૮. | શ્રી ઘોઘા તીર્થ | શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન |
| ૯. | શ્રી વલ્લભીપુર તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૧૦. | શ્રી શિયાણી તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૧૧. | શ્રી અજારા તીર્થ | શ્રી પાર્શ્વનાથ ભગવાન |
| ૧૨. | શ્રી પ્રભાસપાટણ તીર્થ | શ્રી ચંદ્રપ્રભૂ ભગવાન |
| ૧૩. | શ્રી ગિરનાર તીર્થ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૧૪. | શ્રી વંથલી તીર્થ | શ્રી શિતલનાથ ભગવાન |
| ૧૫. | શ્રી જામનગર તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૧૬. | શ્રી ભદ્રેશ્વર તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૧૭. | શ્રી સુથરી તીર્થ | શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન |
| ૧૮. | શ્રી કચ્છ-ભુજ તીર્થ | શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન |
| ૧૯. | શ્રી માંડવી તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૨૦. | શ્રી કોઠારા તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૨૧. | શ્રી જખૌ તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૨૨. | શ્રી નલિયા તીર્થ | શ્રી ચંદ્રપ્રભુ ભગવાન |
| ૨૩. | શ્રી તેરા તીર્થ | શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન |
| ૨૪. | શ્રી ભીલડિયાજી તીર્થ | શ્રી ભીલડિયા પાર્શ્વનાથ ભગવાન |
| ૨૫. | શ્રી પ્રહલાદનપુર તીર્થ | શ્રી પ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન |
| ૨૬. | શ્રી શંખલપુર તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૨૭. | શ્રી તારંગા તીર્થ | શ્રી અજિતનાથ ભગવાન |
| ૨૮. | શ્રી શંખેશ્વર તીર્થ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન |

| નં. | તીર્થનું નામ | મૂળનાયક ભગવાન |
|---|---|---|
| ૨૯. | શ્રી કંબોઈ તીર્થ | શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન |
| ૩૦. | શ્રી ચાણસ્મા તીર્થ | શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાન |
| ૩૧. | શ્રી પાટણ તીર્થ | શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન |
| ૩૨. | શ્રી ચારૂપ તીર્થ | શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાન |
| ૩૩. | શ્રી પાનસર તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૩૪. | શ્રી વામજ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૩૫. | શ્રી મહેસાણા તીર્થ | શ્રી સીમંધર સ્વામી |
| ૩૬. | શ્રી ગાંભૂ તીર્થ | શ્રી ગંભીરા પાર્શ્વનાથ ભગવાન |
| ૩૭. | શ્રી ઉપરિયાળા તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૩૮. | શ્રી ભોયણી તીર્થ | શ્રી મલ્લિનાથ ભગવાન |
| ૩૯. | શ્રી સેરિસા તીર્થ | શ્રી પાર્શ્વનાથ ભગવાન |
| ૪૦. | શ્રી ઈડર તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૪૧. | શ્રી ભોરોલ તીર્થ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૪૨. | શ્રી ધોળકા તીર્થ | શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાન |
| ૪૩. | શ્રી સરખેજ તીર્થ | શ્રી વાસુપૂજ્ય ભગવાન |
| ૪૪. | શ્રી કર્ણાવતી તીર્થ અમદાવાદ | શ્રી ધર્મનાથ ભગવાન |
| ૪૫. | શ્રી માતર તીર્થ | શ્રી સાચાદેવ સુમતિનાથ ભગવાન |
| ૪૬. | શ્રી પારોલી તીર્થ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૪૭. | શ્રી ખંભાત તીર્થ | શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાન |
| ૪૮. | શ્રી કાવી તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન<br>શ્રી ધર્મનાથ ભગવાન |
| ૪૯. | શ્રી ગંધાર તીર્થ | શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાન |
| ૫૦. | શ્રી ભરૂચ તીર્થ | શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન |
| ૫૧. | શ્રી ઝગડિયા તીર્થ | શ્રી આદીનાથ ભગવાન |
| ૫૨. | શ્રી અમરોલી તીર્થ | શ્રી વાસુપૂજ્ય ભગવાન |
| ૫૩. | શ્રી આગમમંદિર સુરત તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૫૪. | શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન મંદિર સુરત | શ્રી સુવિધિનાથ ભગવાન |

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| નં. | તીર્થનું નામ | મૂળનાયક ભગવાન |
|---|---|---|
| ૫૫. | શ્રી દેલવાડા આબુ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૫૬. | શ્રી અચલગઢ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૫૭. | શ્રી કુંભારિયાજી તીર્થ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૫૮. | શ્રી જીરાવાલા તીર્થ | શ્રી જીરાવાલા પાર્શ્વનાથ ભગવાન |
| ૫૯. | શ્રી બામણવાડ તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૦. | શ્રી દિયાણા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૧. | શ્રી લોટાણા તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૬૨. | શ્રી નાંદિયા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૩. | શ્રી નાણા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૪. | શ્રી કોરટા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૫. | શ્રી વરકાણા તીર્થ | શ્રી પાર્શ્વનાથ ભગવાન |
| ૬૬. | શ્રી મૂછાળા મહાવીર તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૬૭. | શ્રી રાણકપુર તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૬૮. | શ્રી હથુન્ડી તીર્થ | શ્રી રાતામહાવીર ભગવાન |
| ૬૯. | શ્રી ફલૌધી તીર્થ | શ્રી ફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન |
| ૭૦. | શ્રી સ્વર્ણગિરિ તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૭૧. | શ્રી કાપરડા તીર્થ | શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન |
| ૭૨. | શ્રી નાકોડા તીર્થ | શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાન |
| ૭૩. | શ્રી સાચોર તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૭૪. | શ્રી ઓસિયા તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૭૫. | શ્રી લોદ્રવા તીર્થ | શ્રી સહસ્ત્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન |
| ૭૬. | શ્રી જેસલમેર તીર્થ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન |
| ૭૭. | શ્રી જમ્મુ તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૭૮. | શ્રી હસ્તિનાપુર તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૭૯. | શ્રી સૌરીપુર તીર્થ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૮૦. | શ્રી કાંગડા તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૮૧. | શ્રી સ્વર્ણમંદિર તીર્થ | શ્રી વાસુપૂજ્ય ભગવાન |
| ૮૨. | શ્રી સમેતશિખર તીર્થ | શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન |
| ૮૩. | શ્રી પાવાપુરી તીર્થ | શ્રી મહાવીર ભગવાનના ચરણપાદુકા |
| ૮૪. | શ્રી રાજગૃહી તીર્થ | શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન |
| ૮૫. | શ્રી અયોધ્યા તીર્થ | શ્રી અજિતનાથ ભગવાન |
| ૮૬. | શ્રી પાટલીપુત્ર તીર્થ | શ્રી વિશાલનાથ ભગવાન |
| ૮૭. | શ્રી ચંપાપુરી તીર્થ | શ્રી વાસુપૂજ્ય ભગવાન |
| ૮૮. | શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૮૯. | શ્રી કલકત્તા તીર્થ | શ્રી શિતલનાથ ભગવાન |
| ૯૦. | શ્રી કામ્પિલ્યપુર તીર્થ | શ્રી વિમલનાથ ભગવાન |
| ૯૧. | શ્રી બનારસ તીર્થ | શ્રી પાર્શ્વનાથ ભગવાન |
| ૯૨. | શ્રી ચિત્તોડગઢ તીર્થ | શ્રી આદીશ્વર ભગવાન |
| ૯૩. | શ્રી ઉદયપુર તીર્થ | શ્રી ભાવિતીર્થંકર<br>શ્રી પદમનાભ સ્વામી |
| ૯૪. | શ્રી કેસરિયાજી તીર્થ | શ્રી આદીનાથ ભગવાન |
| ૯૫. | શ્રી કરેડા તીર્થ | શ્રી કરેડા પાર્શ્વનાથ ભગવાન |
| ૯૬. | શ્રી ઉન્હેલ તીર્થ | શ્રી નાગેશ્વર<br>પાર્શ્વનાથ ભગવાન |
| ૯૭. | શ્રી મક્ષી તીર્થ | શ્રી મક્ષી પાર્શ્વનાથ ભગવાન |
| ૯૮. | શ્રી ઉજ્જૈન તીર્થ | શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાન |
| ૯૯. | શ્રી ભોપાવર તીર્થ | શ્રી શાંતિનાથ ભગવાન |
| ૧૦૦. | શ્રી માંડવગઢ તીર્થ | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૧. | શ્રી ભાડુંક (ભદ્રાવતી) તીર્થ | શ્રી કેસરિયા પાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૨. | શ્રી શિરપુર તીર્થ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૩. | શ્રી કુલપાલકજી તીર્થ | શ્રી મહાવીર ભગવાન |
| ૧૦૪. | શ્રી કુંભોજગિરિ તીર્થ | શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૫. | શ્રી થાણા તીર્થ | શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન |
| ૧૦૬. | શ્રી ગોડીજી તીર્થ | શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૭. | શ્રી મોમ્બાસા આફ્રિકા તીર્થ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન |
| ૧૦૮. | શ્રી કોબે જાપાન તીર્થ | શ્રી મહાવીર ભગવાન |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



1. **SHRI ADISHWAR BHAGAVAN** (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 1. SHRI SIDDHAGIRI PALITANA TIRTHA (SHRI ADISHWAR BHAGAVAN)

That which sublimates is TIRTHA (Place of pilgrimage). One who promotes Tirtha is TIRTHANKARAS. Shatrunjaya Tirtha, situated at a distance of 48 kms. from Bhavnagar and 29 kms. from Sihor in Saurashtra, is generally looked upon as a Tirtha of all times. The first ever Tirthankara of Jains dharma and the for most of persons to give rise to human civilization, Shri Rishabhadeva Bhagavan visited this sacred place ninety nine times. All the twenty three Tirthankaras, except Shri Neminath Bhagavan, delivered to all humanity the auspicious, message of Jaina dharma. Being a great city of temples, Shatrunjaya Tirtha is Siddhakshetra of all times as defined and approved by the Agamas. The central figure in this complex is Shri Adishvara Bhagavan with his white and pure complexion, seated on a lotus-shaped SEAT. The mountain consists of a height of 1640 feet and the expanse of the castle over it is spread over twenty acres. It has nine hill-tops and consists of 108 large temples and 872 small shrines, with some 7000 images of Shri Jina. In the whole world, you will not come across such a vast number of images, all at one place, or, just at one place and this height; temples, consisting of such lovely architecture in such a vast number. In ancient times it is said, that Pundarikaswami, the Ganadhara of Bhagavan Rishabhadeva renounced the world to attain to emancipation at this holy place. The mountain is therefore named as Pundarikagiri after him. In the Avasarpini period this great Tirtha consisting of 108 names, was repaired as many as sixteen times. A pilgrimage to this Tirtha is said to be an equivalent to 100 pilgrimages. Every year to-day, more than 4 lakhs of pilgrims, observing six restraints in form of Sanghas pay a visit to this unique tirtha for pilgrimage. The road leading to the top from the valley is 2¼ miles in length and has 3750 steps. Perhaps, we can look upon this tirtha as unparallelled in the whole world as created by a keen spirit of religion without state patronage and of course without forced labour.

## ૧. શ્રી સિદ્ધિગિરિ પાલિતાણા તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

તારે તે તીર્થ. તીર્થને પ્રવર્તાવે તે તીર્થંકર. આવાં તીર્થોમાં સૌરાષ્ટ્રના ભાવનગરથી ૪૮ કિ.મી. દૂર અને શિહોરથી ૨૯ કિ.મી. દૂર આવેલું શ્રી શત્રુંજય તીર્થ એ પ્રાયઃ શાશ્વતું તીર્થ ગણાય છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર અને માનવ-સંસ્કૃતિના આદિ સ્થાપક શ્રી ઋષભદેવ ભગવાન આ તીર્થમાં પૂર્વ નવ્વાણું વાર સમોસર્યા હતા. ચોવીસ તીર્થંકારોમાંથી શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીસ તીર્થંકારોએ આ તીર્થ પરથી વિશ્વને જૈન ધર્મનો મંગલકારી સંદેશ આપ્યો હતો. મંદિરોની મહાનગરી જેવું શત્રુંજય તીર્થ એ આગમમાન્ય પ્રાયઃ શાશ્વત સિદ્ધક્ષેત્ર છે. એના મૂળનાયક શ્વેતવર્ણીય પદ્મમાસનસ્થ શ્રી આદીશ્વર ભગવાન છે. ગિરિરાજની ઊંચાઈ ૧૬૪૦ ફૂટ છે અને એના પરનો ગઢ વિસ્તાર વીસ એકરમાં પથરાયેલો છે. એની નવ ટૂંકોમાં ૧૦૮ મોટાં દેરાસર અને ૮૭૨ નાની દેરીઓ આવેલી છે અને સાતેક હજાર જેટલી જિન પ્રતિમા છે. વિશ્વમાં કોઈ પણ સ્થળે આટલી બધી પ્રતિમાજી નહિ મળે અને એ જ રીતે આટલી ઊંચાઈએ આટલી વિપુલ સંખ્યામાં કમનીય કારીગરી ધરાવનારાં દેરાસરો જગતમાં મળશે નહીં. પ્રાચીન સમયમાં આ તીર્થ પર ભગવાન ઋષભદેવના ગણધર પુંડરિક સ્વામી મોક્ષે પધાર્યા હતા તેથી એને પુંડરિકગિરિ તરીકે પણ ઓળખવામાં આવે છે. ૧૦૮ નામ ધરાવતા આ મહાતીર્થનો અવસર્પિણી કાળમાં સોળ વાર જીર્ણોદ્ધાર થયો. આ તીર્થની એક યાત્રા એકસો યાત્રા બરાબર ગણાય છે. આજે પ્રતિ વર્ષ ચાર લાખથી પણ વધુ યાત્રાળુઓ છરી પાળતા સંઘો મારફતે અને અન્ય રીતે આ અજોડ તીર્થની યાત્રાએ આવે છે. તળેટીથી શિખર સુધી પહોંચવાનો રસ્તો સવા બે માઈલનો તથા ૩૭૫૦ પગથિયાં ધરાવતો છે. કશાય રાજયાશ્રય વિના કે મજૂરો પાસે વેઠ કરાવ્યા વિના લોકસમૂહની ધર્મભાવનાથી થયેલું આ તીર્થ જગતમાં અજોડ ગણાય.




**તીર્થવંદના - ૧**

(૧) વૃજલાલ પોપટલાલ બાબરીયા (બરવાળા ઘેલાશાહ) - મુંબઈ
(૨) અ.સૌ. ઈન્દુમતીબહેન વૃજલાલ બાબરીયા (બરવાળા ઘેલાશાહ) - મુંબઈ
(૩) પોપટલાલ ચત્રભુજ બાબરીયા (બરવાળા ઘેલાશાહ) - મુંબઈ
(૪) સમરતબહેન પોપટલાલ બાબરીયા (બરવાળા ઘેલાશાહ) - મુંબઈ
(૫) કીરીટભાઈ વૃજલાલ બાબરીયા (બરવાળા ઘેલાશાહ) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



2. SHRI ADISHVARA BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 2. SHRI HASTAGIRI TIRTHA

## (SHRI ADISHVARA BHAGAVAN CHARANAPADUKA)

The confluence of three rivers in form of nature, sacredness and old past is what constitutes the Hastagiri tirtha. On one side of the tirtha there stand the temples of the complex of Shatrunjaya, and on the other the Kadambagiri. The slow moving breeze of the scared Shatrunji river joins the atmosphere to give rise to spiritual feelings in the inner consciousness. This tirtha, situated as it is on a hill on the northern side of the river, is a unique spot of Sadhana on the self (Atmasadhana). Here is installed the CHARANAPADUKA, approximately 33 kms. in size, of sapphire colour, of Tirthankara Shri Adishvara Bhagavan. There is no Inscription on it though it seems to be pretty old. It is said that Adishvara Prabhu paid a visit here so many times. His eldest son, Bharata Chakravarti raised this tirtha and attained emancipation here. It is also said that the elephant of Bharata Chakravarti undertook fast and attained liberation here. The mountain therefore is known as Hastangiri. Some look upon this tirtha only as just one peak of the Shatrunjaya and this Hastagiri tirtha too is included in the circumambulation of the Shatrunjaya mountain spread over some twelve Kosas or eighteen miles. The glory of this tirtha is unique indeed because it is pretty old.

With the renovation of this tirtha, we have a Jina temple of Adishvara Bhagavan which has peaks and is octagonal and which has 72 shrines. It is so very much artistic that one is easily reminded of the Ranakapura tirtha. This complex consists of five Jina temples of all the five KALYANAKAS and is constructed in such a manner that one will have a clear idea of the construction of Samavasarana. The novel tirtha is constructed at the instance and under the inspiration derived from the noble sermons of Shri Vijayamanatunga Suri—an expert master of the Agamas. The renovation of the new Jina temple and ceremonious installation was done at the sacred hands of most revered Acharya Maharaj Shri Vijayaramachandra Surishvarji, on the auspicious sixth day of the Vaishakha of V.S. 2045.

## ૨. શ્રી હસ્તગિરિ તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન ચરણપાદુકા)

પ્રકૃતિ, પવિત્રતા અને પ્રાચીનતાનો ત્રિવેણીસંગમ એટલે શ્રી હસ્તગિરિ તીર્થ. આ તીર્થની એક બાજુ શત્રુંજય ગિરિરાજનાં મંદિરો છે તો બીજી બાજુ કદમ્બગિરિ પર્વત છે. સાથોસાથ પાવનકારી શત્રુંજી નદીનો મંદ મંદ સમીર અંતરમાં આધ્યાત્મિકતા પ્રગટાવે છે. શત્રુંજી નદીના ઉત્તર કિનારે આવેલી એક ટેકરી પરનું આ તીર્થ આત્મસાધના માટે અનુપમ સ્થળ છે. અહીં આશરે ૩૩ સે.મી.ની પિરોજી રંગની તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનની ચરણપાદુકા છે. અતિ પ્રાચીન સમયની લાગતી આ ચરણપાદુકા પર કોઈ લેખ નથી. અહીં આદીશ્વર પ્રભુ અનેક વાર પધાર્યા હતા. એમના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તીએ આ તીર્થની સ્થાપના કરી અને તેઓ અહીંથી મોક્ષ પામ્યા હતા. ચક્રવર્તી ભરતનો હાથી પણ અનશન કરીને અહીંથી મોક્ષ પામ્યો હતો તેથી આ પહાડને હસ્તગિરિ કહેવામાં આવે છે એવી વાયકા મળે છે. આ તીર્થને શ્રી શત્રુંજય પર્વતનું જ એક શિખર માનવામાં આવે છે અને શ્રી શત્રુંજય ગિરિરાજની બાર કોશની પ્રદક્ષિણામાં હસ્તગિરિ તીર્થ પણ આવે છે. શ્રી આદીશ્વર ભગવાનના સમયનું આ તીર્થ અતિ પ્રાચીન તીર્થ હોવાથી એનો મહિમા ઘણો મહાન છે.

આ તીર્થનો તીર્થોદ્ધાર થતાં અહીં ૭૨ દેરીઓ સહિત અષ્ટકોણ શ્રી આદીશ્વર ભગવાનનું ઉત્તુંગ શિખરયુક્ત જિનમંદિર રાણકપુર તીર્થનું સ્મરણ કરાવે તેવું કલાયુક્ત બન્યું છે. સમવસરણની રચનાનો ખ્યાલ મળી રહે તે રીતે તેમ જ પાંચેય કલ્યાણકના પાંચ જિનમંદિરોયુક્ત આ તીર્થ પૂજય આગમવિશારદ શ્રી વિજયમાનતુંગસૂરિના સદુપદેશથી તૈયાર થયું છે, જયારે આ નૂતન જિનાલયની પ્રાણપ્રતિષ્ઠા સદુપદેશક પૂ.આ. મહારાજશ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજીના વરદ હસ્તે વિ.સં. ૨૦૪૫ના વૈશાખ સુદ છઠના શુભ દિને કરવામાં આવી છે.



તીર્થવંદના - ૨

(૧) સુમતિબહેન મોતીચંદ હીરાચંદ ઝવેરી સુરતવાળા - મુંબઈ

(૨) સમીરભાઈ વિજયભાઈ ઝવેરી સુરતવાળા-મુંબઈ


(૩) અ.સૌ. વિણાબહેન વિજયભાઈ મોતીચંદ ઝવેરી સુરતવાળા-મુંબઈ

(૪) અ.સૌ. સુપર્ણાબહેન સુનીલભાઈ ઝવેરી હ:પુજા, ચિ. તારક

(૫) અ.સૌ. હેમાબહેન સમીરભાઈ ઝવેરી હ : ક્ષમા,યશ્મા સુરતવાળા-મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**3. SHRI SHATRUNJAYA PARSHVANATH BHAGAVAN** (શ્રીશત્રુંજય પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 3. SHRI SHATRUNJAYA DAM TIRTHA
## (SHRI SHATRUNJAYA PARSHVANATH BHAGAVAN)

Shatrunjaya Tirtha is situated near the Shartunjaya dam on way to Talaja from Palitana. This is a vast Jina temple in which there is the lofty, vast, black and charming image of Shri Shatrunjaya Parshvanatha Bhagavan, the foremost of Jinas. This idol and the other idols all-round were installed on the tenth day of the bright half of the month of Vaishakh in V.S. 2030. Under the inspiration and sermonizing of the most revered Achary Deva Shri Vijayanandanasurishvaraji this tirtha was raised at a distance of six miles from Palitana and about ½ furlong from the Shatunjaya river. Shah Khumchand Ratanchand Joraji and Shah Somchand Chunibhai had the good fortune to get orders of the Sangha and to construct this temple and instal the image there. We also have an inn, a canteen and Upashraya at the place.

Devoted pilgrims who undertake nineteen pilgrimages of Shri Shatrunjaya Giriraja complex, do not fail to pay a revered visit to Shri Dada going up the bridge near Rohitashala after paying worshipful respects to the PADUKAS of the feet of Shri Adishvar Bhagavan on the banks of the river after taking a dip in the Shatrunjaya river. In this Rohitashala, it was at the sacred hands of Acharya Shri Vijayanemisurishvaraji Maharaj, a master of all Scriptures, that the temple of Bhagavan Shri Adishvara, the inn etc. were constructed. All these temples, inn etc. were feared to be submerged in waters due to construction of the Shatrunjaya dam. This novel Tirtha was therefore constructed and all the idols of the Jina temple complex were religiously installed in this new Jaina temple. This dam-tirtha continues to develop and flourish under the able administration of the business-house of Sheth Shri Jinadasa Dharmadasa.

## ૩. શ્રી શત્રુંજય ડેમ તીર્થ (શ્રીશત્રુંજય પાર્શ્વનાથ ભગવાન)

પાલિતાણાથી તળાજા જતાં શત્રુંજય ડેમ આવે છે. આ ડેમ પર શ્રી શત્રુંજય તીર્થ આવેલું છે. આ એક વિશાળ જિનમંદિર છે અને તેમાં મૂળનાયક શ્રી શત્રુંજય પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય, વિશાળ, શ્યામ અને મનોહર મૂર્તિ છે. આ મૂળનાયકજીની પ્રતિમાની તેમ જ અન્ય પ્રતિમાઓની વિ.સં. ૨૦૩૦ના વૈશાખ સુદ ૧૦ના દિવસે સ્થાપના કરવામાં આવી હતી. પ. પૂ. આચાર્ય દેવ શ્રી વિજયનંદસૂરીશ્વરજી મ. સા. ના ઉપદેશથી પાલિતાણાથી લગભગ ૭ માઈલ દૂર અને શત્રુંજય નદીથી લગભગ બે ફર્લાંગ દૂર આ તીર્થનું નિર્માણ કરવામાં આવ્યું છે. શાહ ખૂમચંદ રતનચંદ જોરાજી અને શાહ સોમચંદ ચુનીભાઈએ શ્રી સંઘનો આદેશ મેળવીને પ્રતિષ્ઠા કરાવવાનું ધન્ય ભાગ્ય મેળવ્યું હતું. અહીં ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય વગેરે આવેલ છે.

શ્રી શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા કરનાર ભાવિકો શત્રુંજય નદીમાં સ્નાન કરી રોહીશાળા ગામમાં નદીકિનારે રહેલા શ્રી આદીશ્વર ભગવાનની ચરણપાદુકાની પૂજા કરી રોહીશાળાની પાજેથી ઉપર ચડી દાદાની યાત્રા અવશ્ય કરે છે. આ રોહીશાળામાં શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ. સા. ના શુભ હસ્તે શ્રી આદીશ્વર ભગવાનનું જિન મંદિર તથા ધર્મશાળા વગેરેનું નિર્માણ થયું હતું, પરંતુ શત્રુંજય ડેમ થતાં એ બધું પાણીમાં ડૂબી જતું હતું તેથી આ અભિનવ તીર્થની સ્થાપના કરવામાં આવી અને તે જિનમંદિરનાં તમામ પ્રતિમાજી ડેમના આ નૂતન જિનાલયમાં પધરાવવામાં આવ્યાં છે. શેઠ શ્રી જિનદાસ ધર્મદાસની પેઢીના સંચાલન હેઠળ આ ડેમ તીર્થનો વિકાસ થઈ રહ્યો છે.




**તીર્થવંદના - ૩**

(૧) પ્રવીણભાઈ બાબુલાલ શાહ ભદ્રાવળવાળા - અંધેરી મુંબઈ
(૨) અ.સૌ. જયાલક્ષ્મી પ્રવીણભાઈ શાહ ભદ્રાવળવાળા - અંધેરી મુંબઈ
(૩) વિપુલકુમાર પ્રવીણભાઈ શાહ ભદ્રાવળવાળા - અંધેરી મુંબઈ
(૪) અ.સૌ. મીતાબહેન વિપુલકુમાર શાહ ભદ્રાવળવાળા - અંધેરી મુંબઈ
(૫) ચિ. મિહિર વિપુલકુમાર, ચિ. વત્સલ વિપુલકુમાર - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**4. SHRI ADISHVARA BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 4. SHRI KADAMBAGIRI TIRTHA (SHRI ADISHVARA BHAGAVAN)


The great Shatrunjaya tirtha has five tirthas of which one is the age-old Kadambagiri tirtha. It is one of the tirthas in the 18 miles circumambulation of the Shatrunjaya mountain. It is said that the Ganadhara of the second Tirthankara, Shri Kadamba Muni attained to emancipation—NIRAVANA—along with so many munis. The mountain is known as Kadambagiri. It is known as Siddhakshetra because so many munis attained NIRVANA here.

The mula-nayaka of this Tirtha is Bhagavan Adishvara of white complexion. His idol is lofty and will certainly inspire spiritual feelings. This image, almost two meters in height, is seated in Padmasana posture. His facial expression is extremely calm and tranquil and highly inspiring. Acharya Shri Vijayanemi Surishvaraji, a master of the Scriptures has got this tirtha renovated. On this mountain, there are five lofty temples, five Meru mountains as also five ASHTAPADAS; these are very much impressive. The ancient CHARANAPADUKA of Rishabhadeva Prabhu is gloriously installed on a peak higher than even the new Jina temples; so is there the CHARANAPADUKA of Kadamba Ganadhara. This tirtha is situated at a distance of some 19 kms from Palitana in the vicinity of the village Bodanonera, in a secluded spot in the jungle. In the village in the valley there is a vast temple of Shri Viraprabhu. It is administered by the Sheth Shri Jinadas Dharamdas Religious Trust. It has the facility of lodging and boarding as also DOLI (Swinging cot). As this tirtha is looked upon only as one peak of the Shatrunjaya complex, its ancient age and importance are far great.

## ૪. શ્રી કદમ્બગિરિ તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

શ્રી શત્રુંજય મહાતીર્થના પંચતીર્થમાં સ્થાન પામેલ કદમ્બગિરિ તીર્થ એક અતિ પ્રાચીન તીર્થ છે. શત્રુંજય ગિરિરાજની બાર કોશની પ્રદક્ષિણામાં કદમ્બગિરિ તીર્થ ગણાય છે. આ ચોવીસીના દ્વિતીય તીર્થંકરના ગણધર શ્રી કદમ્બ મુનિ અહીં અનેક મુનિઓ સહિત મોક્ષ પામ્યા હતા તેથી આ પર્વતનું નામ કદમ્બગિરિ પડ્યું છે. અનેક મુનિવરો પણ અહીંથી મોક્ષ પામ્યા હોવાથી આ સિદ્ધક્ષેત્ર ગણાય છે.

આ તીર્થના મૂળનાયક શ્વેતવર્ણીય ભગવાન આદીશ્વર છે. એમની પ્રતિમાજી અત્યંત ભવ્ય અને આધ્યાત્મિકતા જગાડનારી છે. લગભગ બે મીટર જેટલી ઊંચાઈની આ પ્રતિમાજી પદમાસનસ્થ છે. એમની મુખાકૃતિ અત્યંત પ્રશાંત અને પ્રભાવશાળી છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ. એ આ તીર્થનો ઉદ્ધાર કર્યો હતો. આ પર્વત પર અન્ય પાંચ ભવ્ય મંદિર, પાંચ મેરુ પર્વત તેમજ અષ્ટાપદની રચના દર્શનીય છે. નૂતન જિનમંદિરોથી પણ ઉપરની ટોચે ઋષભદેવ પ્રભુની પ્રાચીન ચરણપાદુકા બિરાજમાન છે. કદમ્બ ગણધરની ચરણપાદુકા પણ બિરાજમાન છે. પાલિતાણાથી લગભગ ૧૯ કિ.મી. દૂર આવેલા બોદાનોનેરા ગામની પાસે એકાંત જંગલમાં આ તીર્થ આવેલું છે. તળેટીના આ ગામમાં શ્રી વીરપ્રભુનું વિશાળ મંદિર છે. શેઠ શ્રી જિનદાસ ધર્મદાસ ધાર્મિક ટ્રસ્ટ સંચાલિત આ તીર્થમાં ભોજન-નિવાસની સગવડ છે તેમજ ડોળીની વ્યવસ્થા પણ પ્રાપ્ત છે. શ્રી કદમ્બગિરિ તીર્થને શ્રી શત્રુંજયગિરિનું જ એક શિખર માનવામાં આવતું હોવાથી એની પ્રાચીનતા અને મહત્તા વિશેષ છે.



તીર્થવંદના - ૪

(૧) કાંતિલાલ ચુનીલાલ શેઠ (કે.સી.શેઠ) પાલિતાણાવાળા - મુંબઈ
(૨) અ.સૌ. ગુણવંતીબહેન કાંતિલાલ શેઠ પાલિતાણાવાળા-મુંબઈ
(૩) ભાવેશ કાંતિલાલ શેઠ પાલિતાણાવાળા - મુંબઈ
(૪) જાગૃતિ કાંતિલાલ શેઠ પાલિતાણાવાળા - મુંબઈ
(૫) હેમાલી કાંતિલાલ શેઠ પાલિતાણાવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




5. **SHRI SACHA SUMATINATH BHAGAVAN** (શ્રીસાચા સુમતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 5. SHRI TALADHVAJAGIRI TIRTHA (SHRI SACHA SUMATINATH BHAGAVAN)


In the days of old the Taladhvajatirtha was looked upon only as a peak of the Shatrunjaya Tirtha. To-day it is one of the sacred five Tirthas of the Shatrunjaya tirtha. The Talaja village is situated on the confluence of the rivers Shatrunji and Talaji and the sacred mountain is considered to have a hoary past; so many of its 36 small and big caves stand as witnesses of this. The eldest son of the first Tirthankara Shri Adishvara Bhagavan paid a visit to this place while on a pilgrimage. It is said that he got a temple constructed here. In the year 640, the renowned Chinese pilgrim Hu-en-tsang has referred to this Tirtha. We also get a reference which states that the present temple at the spot was got constructed by King Kumarapala in the twelfth century (V.S.).

The idol of Shri Prabhu in this tirtha is considered to be full of miracles. It is said that the idol of Shri Sacha Sumatinath Bhagavan, black in complexion, 79 cms. in size and in the Padmasana posture was unearthed in the village. Immediately epidemic disappeared, all evil was quelled. People therefore began to know this as idol of Sacha Sumatinath. In V.S. 1872, on the thirteenth day of the bright half of the month Vaishakha, the last renovation of the tirtha took place. Then it was that the idol of Shri Sacha Sumatinath was installed here. From that time was commenced the unending lamp-flame (Akhanda Jyot) and it continues even to-day. Under the grand inspiration of Acharya Suri Vijayanemisurishvaraji, one grand temple of Shri Chintamani Parshvanath Bhagavan is constructed here. It also consists of an idol of emperor Kumarpal. The atmosphere round this tirtha and stories of its miracles, its beauty of nature will certainly conduce to the engrossment of the Sadhaka in ATMASADHANA. The tirth has boarding and lodging facility.

## ૫. શ્રી તાલધ્વજગિરિ તીર્થ (શ્રીસાચા સુમતિનાથ ભગવાન)

પ્રાચીન સમયમાં શ્રી શત્રુંજય તીર્થની એક ટૂંક માનવમાં આવતું શ્રી તાલધ્વજગિરિ તીર્થ આજે શત્રુંજય પંચતીર્થનું એક પાવન તીર્થસ્થળ છે. શત્રુંજીઅને તળાજી નદીના સંગમસ્થાન પર આવેલા તળાજા ગામની પાસેનો આ પાવન પર્વત અતિ પ્રાચીન ગણાય છેઅનેએના પર આવેલીઅનેક નાની-મોટી ૩૬ ગુફાઓ એની પ્રાચીનતાની સાક્ષી આપે છે. પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તી અહીં યાત્રાર્થે આવ્યા હતાઅને એમણે અહીંયા એક સુંદર મંદિર બંધાવ્યું હોવાનું કહેવાય છે. ઈ.સ. ૬૪૦માં પ્રસિદ્ધ ચીની યાત્રી હ્યુ-એન-સાંગે આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે તેમ જ આજનું મંદિર વિક્રમની ૧૨મી સદીમાં રાજા કુમારપાળે બંધાવ્યું હોવાનો ઉલ્લેખ મળે છે.

આ તીર્થની પ્રભુપ્રતિમા ખૂબ ચમત્કારિક મનાય છે. શ્રી સાચા સુમતિનાથ ભગવાનની, શ્યામ વર્ણની, ૭૯ સે.મી.ની પદ્માસનસ્થ પ્રતિમા ગામમાં જમીનમાંથી પ્રગટ થતાં જ રોગચાળો અને અનિષ્ટનું નિવારણ થતાં લોકો આ પ્રતિમાને સાચા સુમતિનાથની પ્રતિમા કહેવા લાગ્યા. વિ.સં. ૧૮૭૨ના વૈશાખ સુદ ૧૩ના દિવસે આ તીર્થના અંતિમ ઉદ્ધાર વખતે સાચા સુમતિનાથજીની પ્રતિમાને અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવી અને તે દિવસથી અવિરત અખંડ જયોત આજે પણ ચાલુ છે. તીર્થોદ્ધારક શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ.ની સત્પ્રેરણાથી અહીં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું એક ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે, જેમાં સમ્રાટ કુમારપાળની પણ મૂર્તિ છે. આ પ્રાચીન અને ચમત્કારિક તીર્થની મહત્તા અને એનું પ્રાકૃતિક સૌંદર્ય આત્મસાધનામાં લીન કરે તેવું છે. આ તીર્થમાં ભોજન અને નિવાસની વ્યવસ્થા પણ છે.




**તીર્થવંદના - ૫**

(૧) સ્વ. મણિબહેન પીતાંબરદાસ શાહ
(૨) અ સૌ પ્રભાબહેન અનોપચંદ પીતામ્બર શાહ - ઘાટકોપર
(૩) અ.સૌ. નયન, દિનેશ શાહ પુત્રો. ધર્મીન, પૂર્વિક શાહ
(૪) અ.સૌ. ભારતી ચંદ્રકાન્ત શાહ, પુત્રીઓ, મીલોની, પ્રાર્થવી
(૫) અ સૌ સ્મિતા હિતેશ શાહ પુત્ર - આકાશ નોંધણવદર (વાળુકડ)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**6. SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 6. SHRI MAHUVA TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

Mahuva town is situated on the sea-shore and the green lap of cocoanut trees. Its old name was Madhumati. In the midst of this town is the temple of Shri Jeevit Swami. The Mahuva tirtha is considered to be one of the five tirthas of Shatrunjaya.

This tirtha has an idol of Shri Mahavira Swami Bhagavan. It is white in complexion, 91 cms. in size and in the Padmasana posture. The idol is known as Jivita Swami and it is referred to as such in the fourteenth century by Upadhyaya Shri Vinayaprabhavijayaji in "Tirthamala". The last renovation of the tirtha was inspired and arranged by Shri Nemisurishvaraji Maharaj Saheb in the year 1885 (V.S.) on the thirteenth day of the bright half of the month Maha. Conventionally this town is renowned for giving birth to and presenting to the Jina order great jewels of the Jinas. It is also the birth-place of the saviors of the tirthas like Acharya Shri Vijayanemisurishvaraji and Acharya Shri Vijayadharmasurishvaraji. The last renovator of this tirtha is, emperor of the Jina order Shri Vijayanemisurishvaraji, and the grand Jina temple named "Shri Nemivihara" has become a place of pilgrimage for devotees of the Jaina faith. Just the same way, since reverd Acharya Shri Vijayanemisurishvaraji breathed his last in this same town, a lofty Jina temple is constructed at the spot where his last funeral rites tooks place. This temple betrays the sacred and inspiring memory of this great Acharya. There is again, in this town, a vast temple-complex of Shri Keshariaji Adinatha Bhagavan.

## ૬. શ્રી મહુવા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

સમુદ્રકિનારે નાળિયેરીનાં વૃક્ષોની હરિયાળી ગોદમાં આવેલું મહુવા ગામ એક પ્રાચીન અને મહિમાવંતુ ગામ છે. એનું પ્રાચીન નામ હતું મધુમતી. આ ગામની વચ્ચે બિરાજમાન શ્રી જીવિતસ્વામી મંદિર ઘણું પ્રાચીન છે તેમજ આ મહુવા તીર્થ શત્રુંજય પંચતીર્થીનું એક તીર્થ ગણાય છે.

મહુવા તીર્થમાં શ્રી મહાવર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૧ સે.મી.ની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમાને જીવિત સ્વામી કહેવામાં આવે છે, જેનો ઉલ્લેખ ૧૪મી સદીમાં ઉપાધ્યાય શ્રી વિનયપ્રભવિજયજીએ 'તીર્થમાળા'માં કર્યો છે. આ તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર તીર્થોદ્ધારક શ્રી નેમિસૂરીશ્વરજી મ. સા. એ કરાવ્યો. વિ. સં. ૧૮૮૫ના મહા સુદ ૧૩ પ્રતિષ્ઠા કરાવામાંઆવી હતી. આમેયઆ ગામ જિનશાસનમાં મહાન જીનરત્નો પેદા કરવા માટે ખ્યાતનામ છે. એવી જ રીતે તીર્થોદ્ધારક આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી તથા આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી જેવાં શાસનસમ્રાટોનું આ જન્મસ્થાન છે. આ તીર્થના અંતિમ ઉદ્ધારક શાસનસમ્રાટ શ્રી વિજયનેમીસૂરીશ્વરજીના જન્મસ્થળે રચાયેલું શ્રી નેમિવિહાર નામનું ભવ્ય જીનમંદિર ભાવિકોને માટે યાત્રાધામ બની રહ્યું છે. એ જ રીતે પૂ. આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ. સા.નો કાળધર્મ પણ આ ગામમાં જ થયો હોવાથી એમના અગ્નિસંસ્કારના સ્થળે એક ભવ્ય જીનમંદિર રચવામાં આવ્યું છે, જે શાસનસમ્રાટઆચાર્યશ્રીની પાવન અને પ્રેરક સ્મૃતિને દર્શાવે છે. આ ઉપરાંત આ ગામમાં શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનનું પણ વિશાળ મંદિર આવેલું છે.




તીર્થવંદના - ૬

(૧) ચત્રભુજ ભવાનભાઈ તથા હેમકુંવર - હરજીવન - મહુવા
(૨) દોશી વનમાળીદાસ ભવાનભાઈ હ; ચીમન-ભરત - મહુવા
(૩) દોશી ગોદાવરીબહેન દુર્લભદાસ હ. મંગળાબહેન હઠીચંદ- મહુવા
(૪) દોશી શાંતિલાલ વનમાળીદાસ હ ; વિનયચંદ, બીપીન -મહુવા
(૫) દોશી મહાસુખલાલ બાબુલાલ હ; સિદ્ધાર્થ, અંકિત, દીપેન-મહુવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



7. **SHRI SHANTINATH BHAGAVAN** (શ્રીશાંતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 7. SHRI DATHA TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

The tirtha is situated at a distance of one mile from Datha road. Mulanayaka Bhagavan Shantinath reigns in the peak-temple over there. Here are also installed fourteen images of stone and eight of metal. The local Sangha got constructed a temple and ceremoniously got installed the idol of Shri Shantinath Bhagavan in V.S. 1905. An Inscription of V.S. 1892 is registered on the idol; it is extremely exquisite and very happy to view. The temple, with lofty construction is a temple of glass and the glass-work is rarely beautiful and attractive to the eyes. Datha is on the road leading to Mahuva from Talaja and has facility of an inn, a canteen and an Upashraya.

## ૭. શ્રી દાઠા તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

દાઠા રોડથી એક માઈલ દૂર આ તીર્થ આવેલું છે. એના શિખરબંધી દેરાસરમાં મૂળનાયક ભગવાન શાંતિનાથ બિરાજમાન છે. અહીં ચૌદ પાષાણની અને આઠ ધાતુની પ્રતિમાજીઓ છે. અહીંના શ્રી સંઘે વિ. સં. ૧૯૦૫માં શિખરબંધી દેરાસર બંધાવીને આ ભગવાન શાંતિનાથની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરી. મૂર્તિ પર વિ. સં. ૧૮૯૨નો લેખ નોંધાયેલો છે. આ મૂર્તિ અત્યંત ભવ્ય અને દર્શનીય છે. ઊંચી બાંધણીનું આ મંદિર, કાચનું મંદિર છે અને એનું કાચનું કામ સુંદર અને આકર્ષક છે. તળાજાથી મહુવા જતાં વચ્ચે આવતા દાઠામાં ધર્મશાળા, ભોજનશાળા અને ઉપાશ્રય આવેલા છે.

દાઠા એ શત્રુંજય મહાતીર્થની પંચતીર્થીનું એક તીર્થ છે. આ પંચતીર્થીમાં શ્રી કદમ્બગિરિજી, શ્રી દાઠા તીર્થ તથા શ્રી મહુવા તીર્થ વગેરેનો સમાવેશ થાય છે. આ જિનમંદિરમાં જયપુરની પદ્ધતિ મુજબનું અતિ સુંદર કાચકામ થયું છે અને આજે બીજે પણ આ પ્રકારના કાચકામનું અનુકરણ થવા લાગ્યું છે. આ જિનમંદિર તીર્થ તરીકે પ્રસિદ્ધ પામ્યું હોવાથી પ્રતિ વર્ષ સેંકડો યાત્રિકો યાત્રાએ આવે છે. મૂળ દાઠાના નિવાસી એવા જૈનો વ્યાપાર નિમિત્તે દેશના દૂર દૂરના પ્રદેશોમાં ગયા, પરંતુ તેઓ અર્થોપાર્જન કરીને પોતાની જન્મભૂમિના વિકાસમાં રસ લે છે અને આ ક્ષેત્રનું ગૌરવ વધારી રહ્યા છે.





તીર્થવંદના - ૭

(૧) શાહ રુક્ષ્મણીબહેન ફુલચંદ કાલીયાવાડી - મુલુન્ડ
(૨) શાહ કાંતિલાલ ફુલચંદ કાલીયાવાડી - મુલુન્ડ
(૩) શાહ બાબુલાલ ફુલચંદ હ. નિરંજના બાબુલાલ કાલીયાવાડી - મુલુન્ડ
(૪) શાહ કલ્પેશ, અભય, મિતેષ, અલકા, હેમા, કવિતા કાલિયાવાડી-મુલુન્ડ
(૫) શાહ ભાવિક, કવિન સ્મિત કાલીયાવાડી - મુલુન્ડ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




8. SHRI NAVAKHANDA PARSHVANATH BHAGAVAN (શ્રીનવખંડા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 8. GHOGHA TIRTHA (SHRI NAVAKHANDA PARSHVANATH BHAGAVAN)


At a distance of 21 kms. from Bhavnagar, is situated port Ghoga. There is, in the Ghogha town, a black-coloured image of Shri Navakhanda Parshvanath Bhagavan in a vast temple. It is 91 cms. in height and in Padmasana posture. It was taken out, from a well in the Vadava village in ancient times. It is said that during an invasion by muslims, the idol was broken into nine pieces. The Shravakas of the village won the favour of the ruling deities and preserved the pieces in LAPASI (of wheat). As a result, the idol came to the original shape, but with permanent marks at nine spots. Even to-day these marks are visible. Devotees therefore know it by the name of Prabhu Navakhanda Parshvanath. The structure of the temple is majestic and vast; its quadrangle is expansive. Now, because of four other temples on the complex, its appearance is like that of a peak.

The Anjanashalaka of this temple was performed in V.S. 1168 at the auspicious hands of Shri Mahendrasurishvaraji. Shreshthi Veera and Purna took out a Sangha from here to Shri Shatrunjaya and Girnar in the august presence of Acharya Shri Jinendrasurishvaraji in 1430. It is thus proved that this tirtha is earlier than the 12th century and the idol in it is older than it. There is a cluster of typically artistic and ancient idols of five-metals in the temple. In its vicinity there is the temple of Neminath Bhagavan in which are installed a number of idols found from underground. Nereby there is a beautiful samava-sarana made of metal and of the beginning of the 16th century. In the vicinity of the main temple there are temples of Shri Suvidhinath Bhagavan and Shri Shantinath Bhagavan. There are also two other Jina temples in the village.

## ૮. શ્રી ઘોઘા તીર્થ (શ્રીનવખંડા પાર્શ્વનાથ ભગવાન)

ભાવનગરથી ૨૧ કિ. મી. દૂર ઘોઘા બંદર ગામમાં આવેલા વિશાળ મંદિરમાં બિરાજમાન શ્યામ વર્ણની ૯૧ સે.મી.ની પદમાસનસ્થ શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમા પ્રાચીન સમયમાં વડવા ગામનાએક કૂવામાંથી મળી હતી. એમ કહેવાય છે કે મુસલમાનોનાઆક્રમણ દરમિયાનઆ પ્રતિમાનું ખંડન કરવામાં આવ્યું હતુંઅને તેના નવ ટુકડા થયા હતા. શ્રાવકોએઅધિષ્ઠાયક દેવોની કૃપા મેળવીનેઆ ટુકડા લાપસીમાં રાખ્યા. પરિણામે આ પ્રતિમા જેવી હતી તેવી બની ગઈ, પરંતુ નવ જગ્યાએએનાં ચિહનો હંમેશને માટે રહી ગયાં. આજે પણ આ ચિહનો જોવા મળે છે. આથી ભાવિકોઆ પ્રભુને નવખંડા પાર્શ્વનાથના નામથી ઓળખે છે. આ મંદિરની બાંધણી ભવ્યઅને વિશાળ છે તેમજ એનો રંગમંડપ વિસ્તારવાળો છે. આ મંદિરમાં બીજાં ચાર દેરાસરોની રચના હોવાથી એનો દેખાવ દેરાસરોના ઝુમખાને કારણે ટૂંક જેવો લાગે છે.

વિ. સં. ૧૧૬૮માં આ. શ્રી મહેન્દ્રસૂરીશ્વરજીના શુભ હસ્તેઆની અંજનશલાકા થઈ હતી. વિ. સં. ૧૪૩૦માં આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં વીરાઅને પૂર્ણા નામના શ્રેષ્ઠીઓએ અહીંથી શ્રી શેત્રુંજય તથા ગિરનારનો સંઘ કાઢયો હતો. આમ આ તીર્થ બારમી સદીથી પણ પહેલાનું છેઅનેએની પ્રતિમાજી તોએનાથી પણ પ્રાચીન છે. મંદિરમાં આવેલી પંચધાતુની અનેક પ્રાચીન અને વિશિષ્ટ કલાકૃતિયુકત પ્રતિમાઓ છે. આની નજીકમાંઆવેલા નેમિનાથ ભગવાનના મંદિરમાં ભૂગર્ભમાંથી મળેલી ઘણી પ્રતિમાજીઓ છે. બાજુમાં જ ધાતુનું સોળમી સદીના આરંભનું સુંદર સમવસરણ છે. મુખ્ય મંદિરની બાજુમાં શ્રી સુવિધિનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. આ ગામમાં બીજાં પણ બે જિનમંદિરો છે.



**તીર્થવંદના - ૮**

(૧) અ.સૌ. પુષ્પાબહેન ભૂપતરાય રતિલાલ પારેખ ઘોઘાવાળા-માટુંગા
(૨) અ.સૌ. ચંદ્રિકા અજિતકુમાર પારેખ (ઘોઘાવાળા) - માંટુંગા
(૩) અ.સૌ. પ્રવીણા હરેશકુમાર પારેખ (ઘાઘાવાળા) - માટુંગા
(૪) અ.સૌ. દિવ્યા ભરતકુમાર પારેખ (ઘોઘાવાળા) - માટુંગા
(૫) અ.સૌ. પારુલ શૈલેષકુમાર પારેખ (ઘોઘાવાળા) - માટુંગા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



9. **SHRI ADISHVAR BHAGAVAN** (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 9. SHRI VALLABHIPUR TIRTHA (SHRI ADISHVAR BHAGAVAN)

The old and historic town of Vallabhipur is situated at a distance of some 21 kms. from Dhola Junction and about 50 kms. from Palitana. A Jina temple of exquisite appearance is there on the main road of the town. In this temple is installed the idol of the MULANAYAKA Shri Adishvar Bhagavan; the idol is white in complexion, with a height of 91 cms. and it is in PADMASANA posture. Vallabhi is an old town, as old as Girinagar, Dwarka and Prabhasa in Saurashtra. It is said that once upon a time this town and this tirtha constituted the valley of Shatrunjaya tirtha. Its ancient name was Vallabhipur. King Shiladitya of this region had got initiated to Jaina dharma and he had renovated Shri Shatrunjaya tirtha. At that time flags of victory fluttered over 84 Jina temples as some evidences record. In V.S. 510, a golden event took place here. At the instance and request of the Sangha, Shri Devardhigani Kshamashramana and 500 other Acharyas came together at this place and put to script the Jaina Agamas for the first time. The crown-prince of King Dharuvasena of the Maitreya family died at Anandapura in V.S. 584. At this time the fourth Kalakacharya was present in Vallabhi for Chaturmasa. He delivered consoling sermons to the King and got him free from the sorrow of the loss of his son; he got several Jaina temples repaired and renovated by him. We get historical and other references which prove that between V.S. 610 and 625, during the time of the rule of a very powerful king, Guhsena by name, there were several Jain temples and a vast temple of Adishvara Bhagavan in this town. Kshamashramana Shri Jinabhadragani wrote "Visheshavashyaka Bhashya" here. The last repairs and renovation of his glorious historical tirtha was undertaken under the noble and sacred inspiration of renovator of tirthas (tirthoddharaka), the emperor of the Jain order (Shasana-samrat) Acharya Shri Nemisurishvaraji. In the inner downward part of the temple are found the charming idols of Devardhigani Kshamashramana and other five hundred Acharyas. We also find the temple of the revered preceptor Shri Vijayanemisurishvaraji here; so do we have an ancient temple of Shri Parshvanathaji.

## ૯. શ્રી વલ્લભીપુર તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ઘોળા જંકશનથી લગભગ ૨૧ કિ.મી. દૂર અને પાલિતાણાથી લગભગ ૫૦ કિ.મી. દૂર આવેલા પ્રાચીન અને ઐતિહાસિક વલ્લભીપુર ગામમાં મુખ્ય માર્ગ પર આવેલું મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની પદમાસનસ્થ શ્વેત વર્ણની આશરે ૯૧ સે.મી.ની પ્રતિમાજી ધરાવતું આ જિનમંદિર અત્યંત દર્શનીય છે. સૌરાષ્ટ્રના ગિરિનગર, દ્વારકા અને પ્રભાસ જેટલું જ આ પ્રાચીન નગર છે. કહેવાય છે કે એક સમયે આ નગર અને આ તીર્થએ શત્રુંજય તીર્થની તળેટી હતી. આનું પ્રાચીન નામ વમિલપુર હતું. અહીંના શીલાદિત્ય રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો અને શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર પણ કર્યો હતો. એ સમયે અહીં ૮૪ જિનમંદિરો પોતાનો વિજયધ્વજ ફરકાવી રહ્યાં હતાં એવા ઉલ્લેખો મળે છે. વિ. સં. ૫૧૦માં આ નગરમાં એક સુવર્ણ અવસર સર્જાયો. અહીં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ અને બીજા પાંચસો આચાર્યો શ્રી સંઘની વિનંતીને કારણે એકઠા થયા અને પહેલી વાર જૈન આગમોને લિપિબદ્ધ કર્યા. વિ. સં. ૫૮૪માં મૈત્રેયવંશી રાજા ધ્રુવસેનના યુવરાજનું આણંદપુરમાં મૃત્યુ થયું. આ સમયે ચોથા કાલકાચાર્ય વલ્લભીમાં ચાતુર્માસ માટે સ્થિત હતા. તેમણે રાજાને ઉપદેશ આપીને પુત્ર-શોકમાંથી મુકત કર્યા તેમ જ એની પાસે ઘણાં જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. વિ. સં. ૬૧૦ થી ૬૨૫ સુધી ગુહસેન નામના પ્રતાપી રાજાના રાજયકાળમાં અહીં અનેક જૈનમંદિરો હોવાનો અને આદીશ્વર ભગવાનનું વિશાળ મંદિર હોવાનો ઉલ્લેખ મળે છે. અહીં વિશેષઆવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કરી હતી. આ પ્રાચીન મહિમાવંતા ઐતિહાસિક તીર્થનો અંતિમ ઉદ્ધાર તીર્થોદ્ધારક શાસનસમ્રાટ આ. શ્રી નેમિસૂરીશ્વરજીની સત્પ્રેરણાથી થયો. મંદિરના નીચેના ભાગમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ તેમ જ અન્ય પાંચસો આચાર્યોની દર્શનીય પ્રતિમા છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.નું ગુરુમંદિર પણ છે. આ ગામમાં શ્રી પાર્શ્વનાથજીનું શિખરબદ્ધ પ્રાચીન દેરાસર છે.





**તીર્થવંદના - ૯**

(૧) નવીનચંદ્ર ઉમેદચંદ શાહ પરિવાર સુરેન્દ્રનગર - મુંબઈ
(૨) સરોજબેન નવીનચંદ્ર શાહ પરિવાર સુરેન્દ્રનગર - મુંબઈ
(૩) રમણીકલાલ ઉમેદચંદ શાહ પરિવાર સુરેન્દ્રનગર - મુંબઈ
(૪) વિનયચંદ્ર ઉમેદચંદ શાહ પરિવાર સુરેન્દ્રનગર - મુંબઈ
(૫) રમાબેન ચંપકલાલ શાહ પરિવાર સુરેન્દ્રનગર - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**10. SHRI SHANTINATH BHAGAVAN** ( શ્રીશાંતિનાથ ભગવાન )



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 10. SHRI SHIYANI TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

The Shiyani tirtha is situated at a distance of just 13 kms. from Limbdi on the road leading to Palitana via Shankheshvara and Lakhtar. This majestic temple situated in the very heart of the Shiyani village, is said to have been constructed as early as in the times of emperor Samprati. So many stories and anecdotes of the miracles of Mulanayaka Shri Shantinath Bhagavan installed here, are current. The Jina temple faces the eastern quarter. There are entrance-doors on the eastern and northern sides of the temple. On the door of the southern quarter we have an image of goddess Saraswati—the very exquisite model of modern art and architecture. The temple consists of three storeys and in the underground cellar, thee is a temple known as the "Underground cellar temple". In this we have a charming idol, 13 inches in height, of Shri Shantinath Bhagavan; it inspires sacred feelings in the heart. Around this idol we have the idols of Shri Muni Suvrata Swami, Shri Parshvanath Bhagavan, Shri Rishabhadeva etc. On the ladder of this ancient cellar we come across a memorial stone (Palio). It seems that this must have been constructed in memory of some religious hero who laid down his life while defending this tirtha. In the middle part of the complex we have the main temple in which we view the idol of MULANAYAKA Shri Shantinath Bhagavan in all its majesty and charm pleasing to the eyes. The assembly-hall and decoration hall of the temple, though small is simply excellent. On the upper portion of the majestic Jaina temple, we have a vast peak, a 13 inch image of Bhagavan Parshvanath and a four-faced pillar. Here too we find facility of boarding and lodging.

## ૧૦. શ્રી શિયાણી તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

લીંબડીથી માત્ર ૧૩ કિ.મી. દૂર અને શંખેશ્વરથી લખતર થઇને પાલિતાણા જવાના સુગમ માર્ગ પર શિયાણી તીર્થ આવેલું છે. શિયાણી ગામના મધ્ય ભાગમાં આવેલું આ ભવ્ય દેરાસર છેક સંપ્રતિ મહારાજના સમયમાં નિર્માણ પામ્યાનું કહેવાય છે. આ તીર્થમાં બિરાજમાન મૂળનાયક શાંતિનાથ ભગવાનના ચમત્કારોની અનેક કથાઓ અને કિંવદંતીઓ પ્રચલિત છે. મૂળનાયક શ્રીશાંતિનાથ પ્રભુના જિનમંદિરનું મુખ પૂર્વાભિમુખ છે. દેરાસરની પૂર્વ અને ઉત્તર બાજુએ પ્રવેશ માટેનાં દ્વાર છે. દક્ષિણ દિશાના દરવાજા પર આધુનિક શિલ્પકલાના નમૂનારૂપ સરસ્વતીદેવીની પ્રતિમા છે. આ પ્રાચીન મંદિર ત્રણ માળમાં આવેલું છે. એમાં દેરાસરના ભોંયરાવાળા ભાગને હાલમાં 'ભોંયરાવાળું પ્રાચીન મંદિર' કહેવામાં આવે છે. આમાં શ્રીશાંતિનાથ ભગવાનની ૧૩ ઇંચ ઊંચી પવિત્ર ભાવો જગાડતી સુંદર પ્રતિમાજી છે. તેની આજુબાજુ શ્રીમુનિસુવ્રત સ્વામી, શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રીઋષભદેવ ભગવાન વગેરેની પ્રતિમાજીઓ છે. પ્રાચીન ભોંયરાની સીડી પાસે ઘોડેસ્વારનો પાળિયો મળે છે. તીર્થની રક્ષા કરતા વીર ગતિ પામેલા કોઇ ધર્મવીરની સ્મૃતિમાં એની રચના થઇ હશે. વચ્ચેના ભાગનું મંદિર મુખ્ય મંદિરનું સ્થાન ભોગવે છે, જેમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની નયનરમ્ય અને આકર્ષક પ્રતિમા બિરાજમાન છે. મંદિરનો સભામંડપ અને શૃંગારમંડપ નાનો પણ દર્શનીય છે. ભવ્ય જિનાલયના ઉપરના ભાગમાં વિશાળ શિખર, ભગવાન પાર્શ્વનાથની ૧૩ ઇંચની પ્રતિમા તેમ જ ચતુર્મુખ સ્થંભ આવેલો છે. અહીં ભોજન અને નિવાસની પણ વ્યવસ્થા છે.



**તીર્થવંદના - ૧૦**

(૧) સ્વ. રતિલાલ પરમાણંદદાસ શેઠ - પાલિતાણા
(૨) નિર્મળાબહેન રતિલાલ શેઠ - પાલિતાણા
(૩) સ્વ. હર્ષદભાઈ રતિલાલ શેઠ - પાલિતાણા
(૪) સ્વ. પરમાણંદ માધવજીભાઈ શેઠ - પાલિતાણા
(૫) અતુલ ક્લોથ સેન્ટર - ભાવનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट
JAINSITE.com

**11. SHRI PARSHVANATH BHAGAVAN** (શ્રી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 11. SHRI AJAHARA TIRTHA (SHRI PARSHVANATH BHAGAVAN)

Ajahara-majara town is at a distance of 5 kms. from Una and 2½ kms. from Delvada in Saurashtra. The town proves that the Jainas were very much prosperous in good old days. So many Jain images found from this area give to us a glimpse of the glorious past. On the outskirts of Ajahara, there is a Jaina temple with an awe-inspiring idol of Shri Ajahara Parshvanath Bhagavan; it is 46 cms. in height and of saffron colour. In the hoary past there was king Ajayapala of the Raghu family who was overcome by several diseases. Then it was that he got free from the diseases by the waters with which Shri Parshvanath Bhagavan was bathed. The king therefore raised the Ajaynagar on the spot, got constructed a vast Jina temple there and got the sacred idol installed there. Till to-day, the installation has taken place fourteen times. Here, we come across hundreds of ancient stepwells; one large bell is acquired and on it are carved the words: "Shri Ajara Parshvanath, Samvat 1034, Shah Raichand Jechand." This reveals how old and ancient the tirtha is. The original sanctuary of the Jaina temple with its majestic peak, open square etc. is really charming. The ancient idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan is made of sand-stone. It has a red paste on it and is therefore pleasing to the eye. Again, on the head of the idol there is an Umbrella of the hood of snakes. Many miracles are noted to have taken place here. On the Sunday of 17-9-78, Shri Dharanendradeva appeared in form of a snake and was found to be in a state of meditation for hours before Shri Prabhu. The main tirtha of the five tirthas is this one in Ajahara.

## ૧૧. શ્રી અજાહરા તીર્થ (શ્રીપાર્શ્વનાથ ભગવાન)

પ્રાચીન સમયમાં જૈનોની જાહોજલાલી હતી એવું અજાહરા-અજારા ગામ સૌરાષ્ટ્રના ઉનાથી પાંચ કિ.મી. અને દેલવાડાથી અઢી કિ.મી. દૂર આવેલું છે. આ પ્રદેશમાંથી મળતી અનેક પ્રાચીન જૈન પ્રતિમાઓ ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે. અજાહરા ગામના એક છેડે આવેલા જિનમંદિરમાં શ્રીઅજાહરા પાર્શ્વનાથ ભગવાનની કેસરવર્ણની આશરે ૪૬ સે. મી. ઊંચી પ્રભાવશાળી પ્રતિમા છે. અતિ પ્રાચીનકાળમાં રઘુકુળના અજયપાલ નામનો રાજા રોગગ્રસ્ત બની ગયો હતો ત્યારે શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના નહવણ જળથી રોગનિવારણ થયું હતું. આથી રાજાએ આ સ્થળે અજયનગર વસાવ્યું. એક મોટું જિનમંદિર બંધાવ્યું અને તેમાં પ્રતિમાજીની સ્થાપના કરી. એ પછી અત્યાર સુધીમાં આ પ્રતિમાની ચૌદ વખત પ્રતિષ્ઠા થઈ છે. અહીંયાં સેંકડો પ્રાચીન વાવ મળે છે તેમ જ અહીંથી મળી આવેલા એક ઘંટ પર 'શ્રીઅજારા પાર્શ્વનાથ સં. ૧૦૩૪ શાહ રાયચંદ જેચંદ' એમ કોતરેલું છે જે આ તીર્થની પ્રાચીનતા દર્શાવે છે. આ તીર્થના ભવ્ય શિખરબંધી જૈન મંદિરનો મૂળ ગભારો, રંગમંડપ અને શિખર રમણીય છે. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિ વેળુની બનાવેલી છે અને તેના પર લાલ લેપ કર્યો હોવાથી પ્રભુની પ્રતિમા નયનમનોહર લાગે છે. વળી પ્રતિમાને માથે ભામંડળ આગળ નાગોની ફણાનું છત્ર છે. અહીં અનેક ચમત્કારો થયાનું નોંધાયું છે. તા. ૧૭-૯-૭૮ ને રવિવારે શ્રીધરણેન્દ્રદેવ નાગના રૂપમાં મંદિરમાં પ્રગટ થઈને પ્રભુની સામે કલાકો સુધી ધ્યાનાવસ્થામાં રહેલા જોવા મળ્યા હતા. અજાહરાની પંચતીર્થીમાં આ સ્થળે એ મુખ્ય તીર્થધામ છે.



**તીર્થવંદના ૧૧**

(૧) અ.સૌ. શ્રીમતિ અનોપબહેન જગજીવનદાસ ભગવાનદાસ શાહ
(૨) ચાવાળા - જે. બી. ગ્રુપ, ભાવનગર
(૩) નરેશ ટી સ્ટોર્સના સૌજન્યથી - ભાવનગર
(૪) હ: શશીકાન્તભાઈ, ચંદ્રકાન્તભાઈ, નરેશકુમાર, મીતેશ, ચેતન
(૫) જે. બી. ગ્રુપ - ભાવનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**12. SHRI CHANDRAPRABHU BHAGAVAN (શ્રીચંદ્રપ્રભુ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 12. SHRI PRABHASPATAN TIRTHA (SHRI CHANDRAPRABHU BHAGAVAN)

This tirtha at a distance of some 400 metres from Prabhaspatan town and its renowned Somnath temple is said to have been raised by Shri Bharata Chakravarti, the son of Shri Adinath Prabhu. Right from the time of the first tirthankara to the last, so many Chakravartis, kings, ministers and Shreshthis have come for pilgrimage to this tirtha. This tirtha has an idol of Shri Chandraprabhu Bhagavan, white in complexion, some 115 cms. in height and in Padmasana posture. Other exquisitely fine idols are also found here and the idol of Shri Parshvanath Prabhu is extremely pleasing to the eyes and the heart. The art and architecture of the idols of metal and the finely shaped waist-bands is simply indescribable, even lovers of art will feel spell-bound. There are two idols of quartz in the temple of Chandraprabhu Bhagavan constructed. Later on Sagara Chakravarti, Chandrayasha, Chakradhara, King Dasharatha, Pandavas and Hastisena kings are said to have visited this spot. Even the 'Prabandhachintamani' composed by Shri Merutungasuriji refers to this tirtha. There are also references to Siddharaj Jaisingh, the ministers Vastupal and Tejpal, Pethadshah, Samarashah and other Shreshthis had come for pilgrimage to this place. In the 14th century, Shri Dharmaghoshasuriji composed a eulogy with secret mantras and awakened to consciousness the old Kapardiyaksha of the Shatrunjaya mountain. Most revered Acharya Shri Vijayodayasurishvaraji Maharaj Saheb as also most revered Acharya Shri Vijayanandanasurishvaraji gave guidance and inspiration for the last renovation of this tirtha and the ceremonious renovation took place at the sacred hands of Pattavibhushana Acharya Shri Chandrasagarasuriji, the pupil of renovator of the Agamas Acharya Shri Anandasagarasurishvaraji. Seven other temples are there in the vicinity of this temple.

## ૧૨. શ્રી પ્રભાસપાટણ તીર્થ (શ્રીચંદ્રપ્રભુ ભગવાન)

પ્રભાસપાટણ ગામ અને તેના સુવિખ્યાત સોમનાથ મંદિરથી લગભગ ચારસો મીટર દૂર આવેલા આ તીર્થની સ્થાપના શ્રીઆદિનાથ પ્રભુના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ કરી હોવાનું કહેવાય છે. પ્રથમ તીર્થંકરના સમયથી ચરમ તીર્થંકરના કાળ સુધી અનેક ચક્રવર્તીઓ, રાજવીઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ આ તીર્થની યાત્રા કરી છે. આ તીર્થમાં શ્રીચંદ્રપ્રભુ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૧૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. બીજી પણ સુંદર આકૃતિની પ્રતિમાઓ અહીં મળે છે જેમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુની શ્યામ વર્ણની રમણીય મૂર્તિ નયનમનોહર છે. આ મંદિરમાંની ધાતુની મૂર્તિઓ અને સુંદર ઘડેલા પરિકરોનું શિલ્પ અવર્ણનીય છે. કલારસિક વિદ્વાનોને મુગ્ધ કરે તેવું છે. આ મંદિરમાં સ્ફટિકની પણ બે પ્રતિમાઓ મળે છે. ભરત ચક્રવર્તીએ આ નગર વસાવી ચંદ્રપ્રભુ ભગવાનના મંદિરનું નિર્માણ કર્યા બાદ સગર ચક્રવર્તી, ચંદ્રયશા, ચક્રધર, રાજા દશરથ, પાંડવો અને હસ્તિસેન રાજાઓ અહીં પધાર્યાના ઉલ્લેખો મળે છે. શ્રીમેરુતુંગસૂરિજી રચિત 'શ્રી પ્રબંધ ચિંતામણિ'માં પણ આ તીર્થનો ઉલ્લેખ મળે છે. ગુર્જર નરેશ સિદ્ધરાજ જયસિંહ, મંત્રી વસ્તુપાળ તેજપાળ, પેથડશાહ, સમરાશાહ જેવા શ્રેષ્ઠીઓ પણ આ તીર્થની યાત્રાએ આવ્યાના ઉલ્લેખો મળે છે. ૧૪મી સદીમાં શ્રી ધર્મઘોષસૂરિજીએ મંત્ર ગર્ભિત સ્તુતિની રચના કરીને શત્રુંજય ગિરિના જૂના કપર્દિયક્ષને પ્રતિબોધિત કર્યો હતો. પ. પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી આ તીર્થનો અંતિમ ઉદ્ધાર વિ. સં. ૨૦૦૮ મહા સુદ ૬ના દિવસે આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરિજીના પટ્ટવિભૂષણ આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીના સુહસ્તે થયો હતો. આ મંદિરની નજીકમાં બીજાં સાત મંદિરો આવેલાં છે.





તીર્થવંદના - ૧૨

(૧) કાંતિલાલ પ્રતાપચંદ ચોવટીયા હ : સુભાષ, જિતેન્દ્ર, મિશાલ, કેયૂર
(૨) એચ. પી. જૈન હ : મનિષ, નીલેષ, અનિલ - ધુલીયા
(૩) આર પી. ઓશવાળ હઃ રમીલા, નિતેશ, ભારતી, અનીતા
(૪) પી. કે. જૈન હઃ પ્રભાવંતી, અનિતા, કલ્પના - ધુલીયા
(૫) પ્રતાપચંદ મકાજી ચોવટીયા હ. ચંચલબાઈ મંડારવાળા -



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट JAINSITE.com

**13. SHRI NEMINATH BHAGAVAN** (શ્રીનેમિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 13. SHRI GIRNAR TIRTHA (SHRI NEMINATH BHAGAVAN)

The Girnar mountain in the neighberhood of Junagadh in Saurashtra is referred to as Ujjayantagiri or Raivatagiri in the Scriptures. This is considered to be Neminath mountain or fifth peak of the Shatrunjay mountain. There are references to so many Chakravartis, monarchs and Shresthis going on pilgrimage to and around the Raivata mountain, from the time of the first trithankara to the time of the last tirthankara. In this tirtha we have an idol of Shri Neminath Bhagavan; it is black in complexion, 140 cms. in height and in Padmasana posture. The peaks of this lofty mountain have grown sacred and blessed because of the religious ceremony of initiation to munihood, acquirement of absolute knowledge and attainment to Nirvana-emancipation of Shri Neminatha being performed at the same spot. The peaks touching the skies fill to the brim the hearts of devotees with sacred feelings. It is said that this idol of Neminath Bhagavan was brought to shape by the Indra of the fifth divine world on the sermonizing rendered by the tirthankara of the last group of twenty four. It is also believed that this idol remained in the world of Indra till the time of Neminath Bhagavan and then was installed in the home—temple of Shri Krishna. When the city of Dwarka was consumed to ashes, Goddess Ambika kept it well protected. Being delighted by the severe austerities of Ratnashah, goddess Ambika handed over this idol to him and it was ceremoniously installed once more. There are references to the reparation and renovation of this tirtha by Ratnashah and Ajitshah in the sixth century and by Vastupal and Tejpal as also Sajjanshah, a minister of Siddharaj in the twelfth century. We also get references to renovation by so many kings, ministers and Shreshthis. We come across two other Shvetambara temples. The art and architecture of the peaks of the temples, ceilings and pillars is simply marvellous and delighting.

## ૧૩. શ્રી ગિરનાર તીર્થ (શ્રીનેમિનાથ ભગવાન)

સૌરાષ્ટ્રના જૂનાગઢની પાસે આવેલા ગિરનાર પર્વત વિશે શાસ્ત્રોમાં ઉજ્જયંતગિરિ અને રૈવતગિરિ આદિ નામે ઉલ્લેખ મળે છે. આને નેમિનાથ પર્વત અથવા તો શત્રુંજયગિરિની પાંચમી ટૂંક પણ ગણવામાં આવે છે. પ્રથમ તીર્થંકરના સમયથી ચરમ તીર્થંકર સુધીના સમયમાં અનેક ચક્રવર્તીઓ, રાજાઓ અને શ્રેષ્ઠીઓએ રૈવતાચલની યાત્રા કર્યાના ઉલ્લેખો મળે છે. એમ કહેવાય છે કે ભાવિ ચોવીસીમાં વીસ તીર્થંકરો અહીં મોક્ષ મેળવશે. આ ગિરનાર તીર્થમાં શ્રીનેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૪૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. નેમિનાથ ભગવાનના દીક્ષાકલ્યાણક, કેવળ જ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણકથી પાવન આ ગિરિરાજનાં ગગનચુંબી શિખરો ભાવિકોના હૃદયને ભાવનાઓથી છલોછલ ભરી દે છે. નેમિનાથ ભગવાનની આ પ્રતિમા ગઇ ચોવીસીના તીર્થંકર શ્રી સાગરના ઉપદેશથી પાંચમા દેવલોકના ઇન્દ્રએ ઘડાવી હતી એમ કહેવાય છે. આ પ્રતિમા ભગવાન નેમિનાથના સમય સુધી ઇન્દ્રલોકમાં રહી અને પછી શ્રીકૃષ્ણના ગૃહમંદિરમાં હતી. દ્વારકાનગરી ભસ્મ થઇ ત્યારે શ્રી અંબિકાદેવીએ આ પ્રતિમાને સુરક્ષિત રાખી. રત્નાશાહની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલાં અંબિકાદેવીએ રત્નાશાહને આપી જેની ફરી પ્રતિષ્ઠા કરવામાં આવી. વિ. સં. ૬૦૯માં કાશ્મીરના શ્રેષ્ઠી રત્નાશાહ અને અજિતશાહે અને તે પછી બારમી સદીમાં વસ્તુપાળ-તેજપાળ તથા સિદ્ધરાજના મંત્રી સજ્જનશાહે આનો જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે. અનેક રાજાઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે. અહીં બીજાં બે શ્વેતામ્બર મંદિરો પણ મળે છે. આ દરેક મંદિરના શિખર પર, છત પર અને સ્તંભો પર કરેલી શિલ્પકળા આહલાદક છે.



**તીર્થવંદના - ૧૩**

(૧) ભૂપતરાય ભાયચંદ પારેખ - મુંબઈ

(૨) સરોજબહેન ભૂપતરાય પારેખ - મુંબઈ


(૩) કિશોર ભૂપતરાય પારેખ - મુંબઈ

(૪) કેજલ કિશોરભાઈ પારેખ - મુંબઈ

(૫) અંકિતા દર્શિત કિશોરભાઈ પારેખ - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



14. SHRI SHITALNATH BHAGAVAN (શ્રીશીતલનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 14. SHRI VANTHALI TIRTHA (SHRI SHITALNATH BHAGAVAN)

This is the birth-place of Sajjan Shreshthi, a minister of King Siddharja, who got the Girnar tirtha repaired and renovated. It is stated that the flag of the story of renown of Jaina Shreshthis was fluttering in this town. Vanthali was famed as 'Vamanasthali' in ancient days. When Siddharaj, the emperor of Gujarat came to know that his chief minister Sajjan Shreshthi got the Girnar tirtha repaired and renovated with the income earned from Sorath, he was enraged. Siddharaj Jaisimha came to Sorath to punish him, but before he could reach there, a Jain Shreshthi declared his determination to donate lakhs of rupees together with interest. But Siddharaj came to know that the temple of Girnar was named as "Karnavihar" after his father King Karnaraj and immortalised him; he was immensely delighted towards his minister Sajjana. He was delighted to write off the entire expense of renovation. He also did not accept the amount of money kept ready by the minister. It is said that the wealth in question was used towards the construction of the Jaina temple at Vanthali. But to-day this temple is not visible anywhere. Only a view of the architecture of the mosque over there creates a guess that this mosque must have been the Jain temple once. An idol of Shri Shitalnath Bhagavan is unearthed from the local Gandhi garden here. In the portico of the Suryakund, three idols of Jinas engrossed in surrendering the body (Kayotsarga) are found. To-day there are two Jina temples on the same spot and all old idols have been ceremoniously installed here. Even in the Oram mountain there is a castle in which the stones of the Jina temple seem to have been used. This temple of Shitalnath Bhagavan blesses, with an experience of extreme coolness and quietude, all the beings tormented by the sorrows of moral life.

## ૧૪. શ્રી વંથલી તીર્થ (શ્રીશીતલનાથ ભગવાન)

ગિરનાર તીર્થનો જીર્ણોદ્ધાર કરનાર સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન શ્રેષ્ઠીની આ જન્મભૂમિ છે. એમ કહેવાય છે કે જૈન શ્રેષ્ઠીઓની કીર્તિગાથાનો ધ્વજ આ ગામમાં લહેરાતો હતો અને પ્રાચીનકાળમાં વંથલી ગામ 'વામનસ્થલી' તરીકે પ્રસિદ્ધ હતું. ગુર્જરનરેશ સિદ્ધરાજને એમ જાણ થઈ કે મહામાત્ય સજ્જન શ્રેષ્ઠીએ સોરઠની ઉપજના ધનથી ગિરનાર તીર્થનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારે એ ગુસ્સે થયા. પરંતુ એને શિક્ષા કરવા માટે સિદ્ધરાજ જયસિંહ સોરઠ આવ્યા, પણ એ પહેલાં વંથલીના એક જૈન શ્રેષ્ઠીએ વ્યાજ સાથે લાખો રૂપિયા આપવાનો સજ્જન મંત્રી સમક્ષ નિર્ણય જાહેર કર્યો. સિદ્ધરાજે જ્યારે ગિરનાર પરનું મંદિર પોતાના પિતા કર્ણરાજના સ્મરણ રૂપે 'કર્ણવિહાર'ને નામે પ્રસિદ્ધ થયેલું સાંભળ્યું ત્યારે એમને સજ્જન મંત્રી તરફ અપાર હર્ષની લાગણી થઈ. સિદ્ધરાજ જયસિંહે ખુશ થઈને તમામ ખર્ચ માંડી વાળ્યું. સજ્જન મંત્રીએ તૈયાર રાખેલા પૈસાનો અસ્વીકાર કર્યો. કહે છે કે એ ધન વંથલીમાં જૈન મંદિર કરવા માટે વાપરવામાં આવ્યું. પરંતુ આજે આ મંદિર ક્યાંય દેખાતું નથી. માત્ર અહીંની મસ્જિદનું સ્થાપત્ય જોતાં એમ લાગે છે કે આ મસ્જિદ પૂર્વે જિનમંદિર જ હશે. અહીં ગાંધી બગીચાની જમીનમાંથી શ્રીશીતલનાથ ભગવાનની પ્રતિમા મળી છે. અહીંના સૂર્યકૂંડના ગોખલામાં પણ ત્રણ કાયોત્સર્ગ લીન મૂર્તિઓ છે. આજે અહીં એક જ સ્થળે બે જિનમંદિર છે જેમાં પ્રાચીન મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. અહીંથી સાત ગાઉ દૂર ઓરમ પહાડ પર આવેલા કિલ્લામાં પણ જિનમંદિરોના પથ્થરનો ઉપયોગ થયેલો જણાઈ આવે છે. સંસારના સંતપ્ત પ્રાણીઓને શીતલનાથ ભગવાનનું શિખરબંધી મંદિર શીતળતા આપે છે.

જૈન સાઈટ JAINSITE .com જનમ જયતિ શાસનમ્




તીર્થવંદના - ૧૪

(૧) હરિલાલ હાલચંદ ગાંધી પાર્લા - મુંબઈ
(૨) મુમુક્ષુ અલ્પાબહેન માંગીલાલ શાહ - સેલવાસ
(૩) જેકુંવરબહેન કેશવલાલ જીવણલાલ દોશી હ. રમણિકભાઈ દાઠાવાળા -મુંબઈ
(૪) નિર્મળાબહેન બાપાલાલ મનસુખલાલ શાહ - સુરેન્દ્રનગર વલસાડ
(૫) શ્રીમતી વસંતબહેન પ્રતાપરાય જસાણી પરિવાર.શિવ - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**15. SHRI ADISHVAR BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 15. SHRI JAMNAGAR TIRTHA (SHRI ADISHVAR BHAGAVAN)

The Jamnagar tirtha is renowned as a place of pilgrimage for the Jainas with its 14 majestic Jain temples. The city has Jain temples which give a glimpse of the ancient peak of Shatrunjaya. Jam Raval raised this city in the year V.S. 1596 on the 7th day of the bright half of Shravan, and named it as Navanagar. Jains have contributed a lot towards the development of this city. Actually, the history of the Jain temples starts with the birth of this city. Six out of the fourteen Jina temples are 300 to 350 years old, while the rest were constructed some fifty or more years back. The Jina temple situated in the heart of the city is known as the temple of Sheth. The foundation-laying ceremony of this temple was performed by Shri Anand Sheth during the reign of Jam Sataji in V.S. 1633 and Adinath Bhagavan was ceremoniously installed as the MULANAYAKA at the auspicious hands of Shri Vijayadevasuri. Just nearby stands the vast Jaina Chaitya got constructed by Shri Vardhaman Shah and Padmasinh Sheth. Shri Shantinath Bhagavan is installed here. Fifty two Shrines are constructed all around. Here, in the temple known as choriwala, a fine stone-pandal with an altar is constructed near the shrine of Shri Neminath Bhagavan. From the viewpoint of vastness and beautiful structure, this Jina temple stands unique in art and architecture. A total number of fourteen temples add to the beauty of the city and religious fervour of pilgrims.

## ૧૫. શ્રી જામનગર તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

ચૌદ ભવ્ય જિનાલયોથી પ્રસિદ્ધ એવું જામનગર તીર્થ જૈનોના યાત્રાધામ તરીકે જાણીતું છે. શત્રુંજયની પ્રાચીન ટૂંકનો ખ્યાલ આપે તેવાં ભવ્ય અને અનોખાં જિનાલયો આ નગરમાં આવેલાં છે. વિ. સં. ૧૯૫૬ના શ્રાવણ સુદ ૭ના દિવસે જામ રાવળે આ નગરની સ્થાપના કરી. તેને નવાનગર એવું નામ આપ્યું. આ નગરની સ્થાપના અને વિકાસમાં જૈનોનો ફાળો ઘણો મહત્ત્વનો બની રહ્યો. એક રીતે તો નગરની સ્થાપના સાથે જ જિનાલયોના ઇતિહાસનો આરંભ થયો છે. ચૌદમાંથી છ જિનાલયો તો ૩૦૦-૩૫૦ વર્ષ પહેલાંનો છે, જયારે બાકીનાં પચાસેક વર્ષ પહેલાંના છે. નગરના મધ્ય ભાગમાં આવેલું જિનાલય શેઠના મંદિરના નામે જાણીતું છે. આ જિનાલયનું ખાતમુહૂર્ત વિ. સં. ૧૬૩૩માં જામ સતાજીના રાજયકાળમાં શ્રીઆણંદ શેઠે કર્યું હતું. વિ. સં. ૧૬૫૧માં શ્રી વિજયદેવસૂરિજીના સુહસ્તે આદિનાથ ભગવાનની મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ જિનાલયની નજીકમાં જ શ્રીવર્ધમાન શાહ અને શ્રીપદમસિંહ શેઠે બનાવેલું વિશાળ જિન ચૈત્ય છે. શ્રીશાંતિનાથ ભગવાનની આમાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે, અને આજુબાજુ બાવન દેરીઓ રચવામાં આવી છે. અહીંના ચોરીવાળા મંદિર તરીકે જાણીતા જિનમંદિરમાં શ્રીનેમિનાથ ભગવાનની દેરી પાસે પથ્થરની ચોરીની સુંદર રચના કરવામાં આવી છે. આ જિનાલયની શ્રીનેમિનાથ ભગવાનની દેરી પાસે પથ્થરની ચોરીની સુંદર રચના હોવાથી તેનું આવું નામાભિધાન થયું છે. વિશાળતા અને કમનીય બાંધણીની દૃષ્ટિએ આ જિનાલય જૈન શિલ્પકળામાં આગવું સ્થાન મેળવે છે. આ ઉપરાંત અન્ય જિનાલયો મળીને આજે ચૌદ જેટલાં મંદિરો નગરની શોભામાં અને યાત્રાળુઓની, ભાવનામાં અભિવૃદ્ધિ કરે છે.




**તીર્થવંદના - ૧૫**

(૧) પુષ્પાબહેન રસિકલાલ શાહના ચોમાસા નિમિત્તે - શાન્તાક્રુઝ
(૨) સરોજબહેન કસ્તુરચંદ પટવા હઃ જીનેન્દ્ર, હેમંત, નિકુંજ પરિવાર
(૩) લીલાબહેન નટવલાલ પી. ચાવાળા હ. દીપક, રાજેશ, ગિરીશ
(૪) હંસાબહેન જયંતીલાલ વોરા હઃ વિભા, મેહુલ, રશ્મિ, દીપક, દક્ષા
(૫) સૌ. કુસુમબેન રસિકલાલના ચોમાસા નિમિત્તે હ. દિલીપ, રાજેશ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट
JAINSITE.com

16. SHRI MAHAVIRA BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 16. SHRI BHADRESHVAR TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

This beautiful tirtha is situated at a distance of almost one km. outside the Bhadreshvar town standing on a vast seashore. In the temple is installed a very impressive idol of Shri Bhagavan Mahavir in Padmasana posture; it is white in complexion and 61 cms. in height. The town was renowned as Bhadravati in old days; it was an important place of pilgrimage of Jainism. The fabric of story of the raising of this tirtha is as old as 2500 years. On a vast ground 2½ lakh square feet in size, the lovely temple decorated so nicely as if it were a divine plane, is simply majestic and charming. Its gate of entrance is small, but so constructed that the DARSHAN of Shri Prabhu is possible even from outside. In the town of Bhadravati, some 2500 years back, a devout Jain Shreshthi nourished in his heart a desire, religiously to install an idol of Bhagavan Parshvanatha, the 23rd tirthankara. 23 years after the emancipation of Bhagavan Mahavira, he got a majestic Jain temple constructed and got installed at the auspicious hands of Kapila Kevali, an idol of Bhagavan Parshvanatha and thus gave a concrete shape to his dream. It is from this time that Bhadravati-Bhadreshvar became a famed tirtha of the Jainas. In 1314 (V.S.) Shrimali brothers and in 1313-14 (V.S.), the hero amongst donors Shri Jagadushah got this temple repaired and renovated. The same was done by Shreshthi Vardhaman Shah and the last repairs and renovation were undertaken in V.S. 1939 by Sheth Monaji Tejasi who brought about blessedness by this in his life. The Bhadrashvar temple consists of 52 shrines, 218 pillars, and 53 domes. The idol of Shri Mahavira Swami, in white marble is serene, symmetrical and yields delight to the mind.

## ૧૬. શ્રી ભદ્રેશ્વર તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

વિશાળ સમુદ્ર કિનારે આવેલા ભદ્રેશ્વર ગામની બહાર પૂર્વમાં લગભગ એક કિ. મી. દૂર આ રમણીય તીર્થ આવેલું છે. એમાં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની ૬૧ સે. મી.ની ઊંચાઇ ધરાવતી પદમાસનસ્થ પ્રભાવક પ્રતિમા છે. પ્રાચીન કાળમાં આ નગર ભદ્રાવતીને નામે વિખ્યાત હતું અને જૈન ધર્મનું મોટું તીર્થસ્થાન હતું. આ તીર્થની સ્થાપનાનો કથાતંતુ છેક ૨૫૦૦ વર્ષ જેટલો જૂનો છે. લગભગ અઢી લાખ ચોરસ ફૂટના વિશાળ મેદાનમાં સુશોભિત દેવવિમાન તુલ્ય આ મંદિર અદભુત અને મનોહર લાગે છે. એનું પ્રવેશદ્વાર નાનું હોવા છતાં પ્રભુના દર્શન બહારથી કરી શકાય છે. ૨૫૦૦ વર્ષ પહેલાં ભદ્રાવતી નગરીમાં દેવચંદ્ર નામના ધર્માનુરાગી જૈન શ્રેષ્ઠીને ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના જાગી. ભગવાન મહાવીરના નિર્વાણ પછી તેવીસમા વર્ષે એક ભવ્ય જિનમંદિર ચણાવીને એમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાની કપિલ કેવળીના હાથે પ્રતિષ્ઠા કરાવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું. ત્યારથી ભદ્રાવતી-ભદ્રેશ્વર કચ્છની ભૂમિનું એક પ્રસિદ્ધ જૈન તીર્થ બન્યું. એ પછી વિ. સં. ૧૧૩૪માં શ્રીમાળી ભાઇઓએ અને વિ. સં. ૧૩૧૩-૧૪માં પ્રસિદ્ધ દાનવીર જગડુશાએ આનો જીર્ણોદ્ધાર કરી પુનઃ પ્રતિષ્ઠા કરી. વિ. સં. ૧૬૮૨માં શ્રેષ્ઠી વર્ધમાન શાહે પ્રતિષ્ઠા કરાવી. અંતિમ જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૩૯માં માંડવી નિવાસી શેઠ મોનશી તેજસીએ કરીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું. ભદ્રેશ્વર મંદિરમાં ૫૨ દેરી, ૨૧૮ સ્તંભ, અને ૫૩ શિખરોઆવેલાં છે. શ્વેત સંગેમરમરમાં ઘડેલી મૂળનાયક ભગવાન શ્રીમહાવીર સ્વામીની પ્રતિમા ગંભીર, સપ્રમાણ અને ચિત્તને આહલાદ ઉપજાવે તેવી છે.



**તીર્થવંદના-૧૬**

(૧) અ. સૌ. પ્રવિણાબહેન, વિનોદભાઈદીપચંદશાહ,

(૨) મીસરીમલ, મોતીલાલ હ. બંસીબહેન, પ્રકાશ, કાન્તિ, - મંડાર


(૩) ગં.સ્વ. મંગલાબહેનહીરાભાઈમલબારી, ચિ. મહેન્દ્રના માસક્ષમણનિમિત્તે

(૪) નીલાબહેનધનપતિભાઈઝવેરી-મુંબઈ

(૫) લલિતકુમાર ઉમેરચંદ શાહ, હ. દક્ષાબહેન, હિમાંશુ, જીજ્ઞા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



17. **SHRI GHRUTAKALLOLA PARSHVANATH BHAGAVAN** (શ્રીઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 17. SHRI SUTHARI TIRTH (SHRI GHRUTAKALLOLA PARSHVANATH BHAGAVAN)

This is one of the main tirthas of the five in Kutch-Bhuj; it is very much renowned because of the miraculous idol of Shri Prabhu. The temple, situated in the heart of the town Ruthari was religiously installed and opened on the eighth day of the month of Vaishakh in V.S. 1895. The art within the peak of the temple is exquisitely attractive. The structure of the temple and the art-work from bottom up to the top in golden-brown colour is indeed charming to view. The temple has an idol of Mulanayak Shri Ghrutakallola Parshvanath Bhagavan in Padmasana posture, it is 30 cms. high. A miraculous event is associated with the typical name. A Shravaka, Uddeshi by name, purchased an idol of Shri Parshvanath Bhagavan from a poor man. He placed it in the godown of corn. On the next day it was found that the whole godown of corn was full to the brim. Surprised as he was, Uddeshi talked of this to a Yati in Suthari. The Yati got constructed a small Shrine and ceremoniously installed the idol in it. On this auspicious occasion a SWAMI-VATSALYA was organized. Ghee, placed just in one vessel, was freely used but not exhausted; it got lessened not in the least. The same idol of Shri Parshvanatha Prabhu was found in the vessel; it was taken out and ceremoniously installed with cries of victory. This popularised the name in the common masses as "Ghrutakallola Parshvanath" In the temple we also have very ancient and typical idols of Gautamaswami and Padmavatidevi.

## ૧૭. શ્રી સુથરી તીર્થ (શ્રીધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન)

કચ્છ-ભુજના અબડાસા પંચતીર્થીનું આ એક મુખ્ય તીર્થ ચમત્કારિક પ્રભુ પ્રતિમાને કારણે ખૂબ ખ્યાતિ પામ્યું છે. વિ. સં. ૧૮૯૫ના વૈશાખ સુદ આઠમે પ્રતિષ્ઠા પામેલું આ મંદિર સુથરી ગામની વચ્ચે આવેલું છે. મંદિરના શિખરની કલા અત્યંત આકર્ષક છે. મંદિરની બાંધણી અને છેક નીચેથી માંડીને શિખર સુધી કરવામાં આવેલું સોનેરી ભૂરા રંગનું કામ દર્શનીય છે. આ તીર્થમાં મૂળનાયક શ્રીધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનની શ્વેતવર્ણવાળી લગભગ ૩૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી આવેલી છે. શ્રીપાર્શ્વનાથ ભગવાનના આ વિશેષણની પાછળ એક ચમત્કારપૂર્ણ કથા રહેલી છે. ઉદેશી નામનો શ્રાવક એક ગરીબ માણસ પાસેથી શ્રીપાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ખરીદે છે. એણે પોટલામાં બાંધેલી એ મૂર્તિને પોતાના અનાજના ભંડારિયામાં મૂકી. બીજે દિવસે જોયું તો આખોય અન્નભંડાર ખાદ્યપદાર્થોથી ભરાઇ ગયો હતો. આશ્ચર્યચકિત બનેલા ઉદેશીએ સુથરીમાં બિરાજમાન એક યતિજીને આ વાત કરી. યતિજીએ એક નાની દેરી બંધાવી એ મૂર્તિને એમાં પ્રતિષ્ઠિત કરી. આ શુભ અવસરે યોજેલા સ્વામી - વાત્સલ્યમાં એક જ વાસણમાં રાખેલું ઘી ખૂબ વપરાયું છતાં સહેજે ઘટ્યું નહીં. એ વાસણમાં હાથ નાખીને જોયું ત્યારે એ જ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ જોવા મળી અને તેને બહાર કાઢી ફરી જયઘોષણા સાથે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી. આથી તેનું નામ 'ધૃતકલ્લોલ પાર્શ્વનાથ' તરીકે જનસમૂહમાં જાણીતું બન્યું. આ મંદિરમાં ગૌતમસ્વામિજી અને પદમાવતીદેવીની પ્રાચીન અને અનોખા પ્રકારની મૂર્તિઓ પણ મળે છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૧૭**

(૧) પ્રભાવંતી વિમલભાઈ સુતરિયા ચિ. સ્નેહલના સ્મરણાર્થે
(૨) કાંતિલાલ ચુનીલાલ હરખચંદભાઈ શાહ-ઘાટકોપર
(૩) સંઘવી જયસુખલાલ, ત્રંબકલાલ અઠ્ઠાઈતપ નિમિત્તે હ. સવિતાબહેન
(૪) પૂ.મા. જસકુંવર મોહનલાલ દોશી પ્રે.- હર્ષપૂર્ણાશ્રીજી, સૌમ્ય ગુણાશ્રીજી
(૫) કેસરીચંદ છગનલાલ શાહના ચોમાસા નિમિત્તે હ.પ્રમીલાબહેન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



18. SHRI CHINTAMANI PARSHVANATH BHAGAVAN (શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 18. SHRI KUTCH-BHUJ TIRTHA (SHRI CHINTAMANI PARSHVANATH BHAGAVAN)

There are three temples in the VANIYAVAD area in the Bhuj city in Kutch. One temple is decorated by the idol of MULAYAYAKA Shri Adishvar Bhagavan. In this temple belonging to the TAPA GACCHA, we have 14 idols structured in stone and 12 carved in metal. Again, portraits of Shri Vijayananda Suri (Shri Atmaramaji) and Shri Khantivijayaji Dada. The other temple belongs to the ANCHALA GACCHA. In this temple are found 23 idols in stone and 32 in metal. We have here again portraits of Shri Kalyanasagarasuri and Shri Gautamasagarasuri. The third belongs to the KHARATARA GACCHA and has Shri Shantinath Bhagavan installed in it. Here, we find 8 idols in stone and 13 in metal. Further, portraits of Shri Jinaratnasagarasuri and Shri Jinaanandasagarasuri are found in it. All these temples are constructed in the nineteenth century and all idols are exquisitely fine to look at.

On the outskirts of the town there is DADAVADI of KHARATARA GACCHA. It has in it a Jain temple, sacred foot-steps and Shri Ghantakarna installed. Here we have a large idol of ANCHALA GACCHA and a small Jina temple in it. In Bhuj, we also have an inn, a canteen and a PANJARAPOLE.

## ૧૮. શ્રી કચ્છ-ભુજ તીર્થ (શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)

કચ્છની રાજધાની ભુજ શહેરમાં આવેલી વાણિયાવાડમાં ત્રણ શિખરબંધી દેરાસર આવેલાં છે. આમાં એક દેરાસરમાં મૂળનાયક તરીકે શ્રીઆદીશ્વર ભગવાન બિરાજમાન છે. તપગચ્છના આ દેરાસરમાં ચૌદ પાષાણની અને બાર ધાતુઓની પ્રતિમાજી મળે છે. વળી અહીં વિજયાનંદસૂરિજી (શ્રી આત્મારામજી) તથા શ્રી ખાંતિવિજયજી દાદાની છબીઓ ચીતરેલી છે. બીજું દેરાસર અંચળગચ્છનું છે, જેમાં મૂળનાયક તરીકે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાજી છે. આ મંદિરમાં ૨૩ પાષાણની અને ૩૨ ધાતુની પ્રતિમાજી બિરાજમાન છે. વળી અહીં શ્રી કલ્યાણસાગરસૂરિજી તથા શ્રી ગૌતમસાગરસૂરિજીની છબીઓ પણ મળે છે. ત્રીજું દેરાસર ખરતરગચ્છનું શ્રીશાંતિનાથ ભગવાનનું છે. અહીં પાષાણની ૮ અને ધાતુની ૧૩ પ્રતિમાઓ મળે છે. વળી આ જિનમંદિરમાં શ્રી જિનરત્નસાગરસૂરિજી અને શ્રી જિનઆનંદસાગરસૂરિજીની છબીઓ ચીતરેલી છે. આ બધાં મંદિરનું નિર્માણ ૧૯મી સદીમાં થયેલું છે અને બધી જ પ્રતિમાજી સુંદર અને દર્શનીય છે.

આ ગામની બહાર ખરતરગચ્છની દાદાવાડી છે તેમાં જિનમંદિર પગલાં તથા શ્રી ઘંટાકર્ણની સ્થાપના કરેલી છે. વળી અહીં અંચલગચ્છની મોટી પોષાળ છે. આ પોષાળમાં એક નાનું જિનમંદિર મળે છે. ભુજમાં ધર્મશાળા, પાઠશાળા, ભોજનશાળા અને પાંજરાપોળ પણ છે.




**તીર્થવંદના - ૧૮**

(૧) ચંપકલાલ ખુબચંદ ઝવેરી પરિવાર દેરી નં. ૪૩ વાળા - સુરત
(૨) ઇન્દિરાબહેન ભૂપેન્દ્રકુમાર શાહ - મુંબઈ
(૩) પ્રીતિબહેન નિતીનકુમાર શાહ - મુંબઈ
(૪) ગાંધી મગનલાલ દીપચંદ - રમીલાબહેન ગાંધીના ચોમાસા નિમિત્તે મહુવા
(૫) મહેતા હરજીવનદાસ પ્રેમચંદ-મંગળાબહેનના ચોમાસા નિમિત્તે - ભાંડુપ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



19. SHRI SHANTINATH BHAGAVAN (શ્રીશાંતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 19. SHRI MANDAVI TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

In Kutch, Mandavi is renowned as a glorious city of Jaina dharma. Mandavi, the famous port in Kutch has seven temples of Jain in it. In Ambabazaar, in the vicinity of Vora Lane, we have the temple in which is installed the idol of Bhagavan Shantinath. This charming and majestic Jina temple has three idols of stone and four of metal. The local Sangha had constructed this temple in V.S. 1850. In the Dadavadi here, we have an idol of MULANAYAKA Bhagavan Parshvanath. Here also are found installed three idols in stone and four in metal. This temple was got constructed in V.S. 1960 by the widow of Rayasi Amarachand.

In the city there are four temples of Bhagavan Shri Dharmanath, Bhagavan Shri Shitalanath, Bhagavan Shri Shantinath and Shri Mahavir Swami. On the port we have the temple of Shri Ajitnath Bhagavan. In the city we have inns, canteens, Jainavadi, Pathashala, Upashrayas and also some libraries of manuscripts. The small Panchatirtha of Kutch consists of the tirthas at Mundra, Bhujapur, Moti Khakhar as also Nanikhakhar, Bidada and Kutch.

## ૧૯. શ્રી માંડવી તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

માંડવી એ કચ્છમાં જૈન ધર્મના મહિમાવંતા ગામ તરીકે વિખ્યાત છે. કચ્છના નામાંકિત બંદર માંડવીમાં સાત જિન દેરાસરો આવેલાં છે. એમાં અંબાબજારની વોરા શેરીની નજીક આવેલા દેરાસરમાં મૂળનાયક ભગવાન શાંતિનાથજીની પ્રતિમાજી બિરાજમાન છે. શાંતિનાથ ભગવાનનુંઆ સુંદર અને વિશાળ જિનમંદિર ત્રણ પાષાણની અને ચાર ધાતુની પ્રતિમાજી ધરાવે છે. આ મંદિરનું નિર્માણ વિ. સં. ૧૮૫૦માં સ્થાનિક સંઘે કર્યું હતું. માંડવીમાંઆવેલી દાદાવાડીમાં મૂળનાયક ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા છે. અહીં પણ ત્રણ પાષાણનીઅને ચાર ધાતુની પ્રતિમાઓ મળે છે. ભગવાન પાર્શ્વનાથનું આ મંદિરનું વિ. સં. ૧૯૬૦માં રાયસી અમરચંદની વિધવા સ્ત્રીએ નિર્માણ કર્યું.

માંડવી શહેરમાં શ્રીમહાવીર સ્વામીનું, ભગવાન શ્રીધર્મનાથનું, ભગવાન શ્રીશીતળનાથ અને ભગવાન શ્રીશાંતિનાથ - એમ ચાર દેરાસરોઆવેલાં છે. બંદર ઉપર શ્રીઅજીતનાથ ભગવાનનું દેરાસર છે. માંડવીમાં ધર્મશાળા, ભોજનશાળા, જૈનવાડી, પાઠશાળા, ઉપાશ્રયો અને કેટલાંક હસ્તલિખિત પ્રતના ભંડારો પણ છે. કચ્છની નાની પંચતીર્થીમાં મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર તથા નાની ખાખર, બીદડા અને માંડવી એમ પાંચ તીર્થોનો સમાવેશ થાય છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्



**તીર્થવંદના - ૧૯**

(૧) હિંમતલાલ વેલચંદ મહેતા પરિવાર સા. કુંડલા - પોર્લાવેસ્ટં

(૨) ચિ. ભરતના આત્મશ્રેયાર્થે હ. લીલાબહેન બાબુભાઈ કડીવાળા

(૩) રમણબહેન ચંપકલાલ બાલુભાઈ ઝવેરીના ચોમાસા નિમિત્તે-સુરત

(૪) વિમળાબહેન મણિલાલ પોપટલાલ દોશીના ચાતુર્માસ નિમિત્તે

(૫) સ્વ. શાહ વિનયચંદ હરિલાલ, હ. જયાબહેન - મહુવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



20. SHRI SHANTINATH BHAGAVAN (શ્રીશાંતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 20. SHRI KOTHARA TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

Kothara is situated at a distance of 80 Kms. from Bhuj. In the heart of the town we have Shri Kothara tirtha; it is one of the five (Panchatirtha) in Abadasa of Kutch-Bhuj. In this Panchatirtha also the tirtha is more attractive and artistic because of inner and outer art decoration with its eight peaks. From a far-off distance pilgrims are delighted by the flags fluttering on the temples. The peaks and the festival-pandal (Rangamandapa) with their exquisitely nice art and architecture, merge the hearts of the pilgrims in exquisite delight. The sky-scrapper temple is 76 x 64 feet in length and breadth; it is 74 feet in height. Here we have the idol of MULANAYAKA Shri Shantinath Bhagavan; it is white in colour, 90 cms. in height and in Padamasana posture. In the temple we have a festival-pandal, arched-gates and pillars with all exquisite artistry, its glass-work is also pleasant. The construction of this temple was mainly due to the important part played by Sheth Keshavaji Nayak, a resident of this town itself and the one who got constructed the 'Keshavaji Nayak Tunk' on the Shatrunjaya mountain. Shet Valaji Malu and Sheth Shivji Nenasi co-operated with him and got the temple constructed and the idols ceremoniously installed in V.S. 1918, at the sacred hands of Acharya Ratnasagarasurishvaraji of ANCHALA GACCHA on the auspicious day of the 13th of the bright half of the month of Maha.

## ૨૦. શ્રી કોઠારા તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

ભુજથી ૮૦ કિ. મી. દૂર આવેલા કોઠારા ગામના મધ્ય ભાગમાં આવેલું શ્રી કોઠારા તીર્થ કચ્છ-ભુજના અબડાસા પંચતીર્થીનું એક તીર્થસ્થળ છે. આ પંચતીર્થીમાં પણ આઠ શિખરવાળા આ ગગનચુંબી મંદિરની આંતરબાહ્ય કલાકારીગરીને કારણે આ તીર્થ વિશેષ કલાત્મક લાગે છે. ઘટ્ટ બાંધણીનુંઆ તીર્થ એની વિશાળતા અને ભવ્યતામાં કચ્છનાં તીર્થોમાંઆગવું તરી આવે છે. દૂરથી આ મંદિરનાં આઠ શિખરો પર લહેરાતી ધજા યાત્રાળુઓને પ્રફુલ્લિત કરે છે તો મંદિરના શિખર-સંયોજન અને રંગમંડપની શિલ્પકળા યાત્રાળુઓને આનંદવિભોર કરી દે છે. આ ગગનસ્પર્શી મંદિરની લંબાઈ અને પહોળાઈ ૭૮ × ૬૪ ફૂટની છે. ઊંચાઈ ૭૪ ફૂટની છે. આમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૦ સે. મી.ની ઊંચાઈ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમાજી મળે છે. મંદિરમાં રંગમંડપ, તોરણો અને સ્તંભોની શિલ્પકલા વિશિષ્ટ છે તો એમાંનું કાચનું કામ પણ એટલું જ દર્શનીય છે. આ મંદિરના નિર્માણકાર્યમાં આ જ ગામના વતની, રહેવાસી અને શત્રુંજયગિરિ પર 'કેશવજી નાયકની ટૂક'ને નામે ઓળખાતી ટૂંકના નિર્માતા શેઠ કેશવજી નાયકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ ઉપરાંત શેઠ વાલજી માલુ અને શેઠ શિવજી નેણશીએ પણ શેઠ કેશવજી નાયક સાથે વિ. સં. ૧૯૧૮માં આ મંદિર બંધાવી તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૧૮ના મહા સુદ ૧૩ના શુભ દિને અંચલગચ્છના આ. શ્રી રત્નસાગરસૂરીશ્વરજીના શુભ હસ્તે થઈ હતી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના-૨૦**

(૧) અ.સૌ. સૂરજ દલીચંદ મહેતાના સ્મરણાર્થે હ. મહેન્દ્ર, અશ્વિન
(૨) દોશી પ્રભુદાસ મગનલાલ તથા મણિલાલ મગનલાલ
(૩) દોશી શાન્તાબહેન પ્રતાપરાય મુલુન્ડ-મુંબઈ
(૪) શાહ ફકીરચંદ તલકચંદ કચરા હ. ભદ્રા, વિમળાના ચાતુર્માસ નિમિત્તે
(૫) પૂ. યશસ્વીનીશ્રીના ઉપ. થી વીરમતિ શાંતીભાઈ, ગીતા-સુરત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**21. SHRI MAHAVIRA BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 21. JAKHAU TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

Jakhau tirtha, one of the panchatirthas in Abadasa (Kutch), is situated at a distance of some 108 kms. from Bhuj. The temple is in the heart of the town and has in the Jina temple an idol of MULANAYAKA Shri Mahavira Bhagavan; it is white in complexion, some 84 cms. in height and in Padmasana posture. The temple is also known as Ratnatunka DERASARA. The temple was got constructed by Sheth Jivaraj Ratansi and Sheth Bhimasi Ratansi. An annual religious festival is celebrated every year here on the fifth day of the bright half of the month of Maha. In V.S. 1905, Jivaraj Ratansi got the central temple constructed and gave it the name Ratnatunk after the name of his father. There are eight other temples in the same complex. This group of nine temples looks majestic as if it were one group of temples on the Shatrunjaya mountain. A lustrous heart-touching atmosphere is created on all sides when the rays of the sun fall on the pinnacle-flags on the twenty peaks of the central temple of Shri Mahavira Swami. After 1905, the temple was religiously renovated in V.S. 2028. In the rest of the eight temples reside these MULANAYAKAS—(1) Shri Suvidhinath, (2) Shri Adinath, (3) Shri Jiravala Parshvanatha, (4) Shri Chitamani Parshvanatha, (5) Shri Godi Parshvanatha, (6) Shri Gautama Swami, (7) Shri Shantinath Bhagavan and (8) Shri Chandraprabhu Swami. So many idols are there in these temples, coming to a total of idols 126 of stone, 80 of metal, 2 of quartz and one of gold.

## ૨૧. શ્રી જખૌ તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

કચ્છની અબડાસા પંચતીર્થીમાં આવેલું શ્રી જખૌ તીર્થ ભુજથી આશરે ૧૦૮ કિ. મી. દૂર આવેલું છે. જખૌ ગામની વચ્ચે આવેલા જિનમંદિરમાં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની આશરે ૮૪ સે. મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી છે. આ દેરાસરને રત્નટૂંક દેરાસર પણ કહે છે. આનું નિર્માણ શેઠ જીવરાજ રતનશી અને શેઠ ભીમશી રતનશીએ કરાવ્યું હતું. દર વર્ષે મહા સુદ પાંચમના દિવસે અહીં વાર્ષિકોત્સવ ઉજવાય છે. વિ. સં. ૧૯૦૫માં જીવરાજ રતનશીએ મુખ્ય મંદિર બંધાવ્યું. પોતાના પિતાના નામ પરથી રત્નટૂંક એવું નામ આપ્યું હતું. એ પછી અહીં એક જ કોટની અંદર બીજાં આઠ મંદિરો છે. નવ દેરાસરોનો આ સમૂહ જાણે શત્રુંજયગિરિની એક ટૂક ઊભી કરી હોય તેવો ભવ્ય દેખાવ રચે છે. મૂળનાયક શ્રીમહાવીર સ્વામી ભગવાનના મુખ્ય મંદિરની ઉપરનાં વીસ શિખરોની કળશ-ધજાઓ પર જયારે સૂર્યનાં કિરણો પડે છે ત્યારે ચોપાસ તેજભર્યું ઝળાંહળાં વાતાવરણ સર્જાય છે. વિ. સં. ૧૯૦૫ પછી આની પુનઃ પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૮માં થઈ હતી. બાકીનાં આઠ દેરાસરોમાં આ પ્રમાણેના મૂળનાયક ભગવાન બિરાજમાન છે : (૧) શ્રીસુવિધિનાથ (૨) શ્રીઆદિનાથ (૩) શ્રીજીરાવલા પાર્શ્વનાથ (૪) શ્રીચિંતામણિ પાર્શ્વનાથ (૫) શ્રીગોડી પાર્શ્વનાથ (૬) શ્રીગૌતમ સ્વામી (૭) શ્રીશાંતિનાથ ભગવાન અને (૮) શ્રીચંદ્રપ્રભ સ્વામી. આ બધાં મંદિરોમાં અનેક પ્રતિમાજી મળે છે. બધાં જ મંદિરોની પ્રતિમાજી મળીને કુલ ૧૨૬ પાષાણની, ૮૦ ધાતુની, બે સ્ફટિકની અને એક સુવર્ણની મૂર્તિ મળે છે.




**તીર્થવંદના - ૨૧**

(૧) પૂ. યશસ્વિનીશ્રીના વીશસ્થાનક નિમિત્તે જયણા મહેતા - સુરત
(૨) સમરથબહેન વાડીલાલ મહેતા હ. કૃપેશ, નિમીષા, પૂર્વી, ન્યૂયોર્ક-સુરત
(૩) હંસાબહેન ઉદયભાઈ, ભારતીબહેન, શાંતિલાલ, રૂપા, પ્રકાશ,
(૪) વર્ષા શરદભાઈ, કાર્તિક-પ્રતીક, પૂ. રાજવલ્લભવિ, ના ઉપ. થી
(૫) વીરમતીબહેન શાંતિલાલ સંઘવી પૂ. સોમચંદ્ર વિ. ના ઉપ. થી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




22. SHRI CHANDRAPRABHA BHAGAVAN (શ્રીચંદ્રપ્રભુ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 22. SHRI NALIA TIRTHA (SHRI CHANDRAPRABHU BHAGAVAN)

Nalia tirtha is situated at a distance of some 97 kms. from Kutch-Bhuj. There we come across a idol of Shri Chandraprabha Bhagavan; the idol of MULANAYAKA Bhagavan is white in complexion, almost 75 cms. in height. Since Nalia is one of the tirthas of the five in Abadasa, it has greater importance. The temple, with its sixteen peaks and fourteen festival squares is simply majestic. Again, in this Jina temple, architecture in gold is carved on stones. This is indeed a uniquely peculiar art. In the same way the glass-work over here is really beautiful. In V.S. 1897, the majestic temple constructed by Narasimha Natha was religiously inaugurated. The name of Sheth Narasimha Natha is well-known due to the vast inn got constructed by him in Palitana. In the vicinity of this main temple again, there is Shri Ashtapadaji's unique temple constructed by Harabham Narsimha Natha in V.S. 1918. The inner apartments of all the three temples are separate, but the temple should be considered to be just one. In the frontal square of the temple, marble statues of Sheth Narasimha Natha and his wife are installed. Here, there are some 176 other Jina idols installed. There are again a total of 138 Shri SIDDHACHAKRAS-132 made of silver, 4 of metal and two of sandal-wood.

## ૨૨. શ્રી નલિયા તીર્થ (શ્રીચંદ્રપ્રભ ભગવાન)

કચ્છ-ભુજથી આશરે ૯૭ કિ.મી. દૂર આવેલા શ્રી નલિયા તીર્થમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૫ સે.મી. ઊંચાઈની પ્રતિમા મળે છે. કચ્છ-ભુજના અબડાસા પંચતીર્થીનું નલિયા એક તીર્થસ્થળ હોવાથી તેનું વિશેષ મહાત્મ્ય છે. સોળ શિખરો અને ચૌદ રંગમંડપોથી શોભતું આ રંગમંદિર ભવ્ય લાગે છે. વળી આ જિનમંદિરમાં પથ્થર પર સુવર્ણકલાથી કારીગરી કરવામાં આવી છે. આવી કલા ઘણી વિશિષ્ટ જ ગણાય. એ જ રીતે અહીંનું કાચનું કામ પણ સુંદર છે. વિ. સં. ૧૮૯૭માં નરસી નાથા દ્વારા નિર્મિત આ ભવ્ય મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. શેઠ નરસી નાથાનું નામ એમણે પાલિતાણામાં બંધાવેલી વિશાળ ધર્મશાળાથી સુવિખ્યાત છે. આ મુખ્ય મંદિરની બાજુમાં વિ. સં. ૧૯૧૦માં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનનું દેરાસર છે. જે શેઠ ભારમલ તેજશીએ નિર્માણ કર્યું હતું. એની નજીકમાં જ શેઠ હરભમ નરશી નાથાએ વિ. સં. ૧૯૧૮માં બંધાવેલું શ્રીઅષ્ટાપદજીનું અનોખું દેરાસર છે. આ ત્રણે મંદિરના ગભારાઓ અલગ છે, પણ મંદિર તો એક જ ગણાય. મંદિરની આગળના ચોકમાં શેઠ નરશી નાથા અને એમની પત્નીની આરસની મૂર્તિઓ મૂકેલી છે. આમાં ૧૭૬ જેટલી અન્ય જિન પ્રતિમાઓ પણ મળે છે. વળી ચાંદીના ૧૩૨, ધાતુના ચાર અને ચંદન કાષ્ઠના બે એમ કુલ ૧૩૮ જેટલાં શ્રી સિદ્ધચક્રજી મળે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૨૨**

(૧) ડૉ. ચંદ્રકાન્ત દલીચંદના વર્ષીતપ નિમિત્તે હ. સુધાબહેન - સુરત

(૨) વાડીલાલ રાયચંદ ચોક્સીના વર્ષીતપ નિમિત્તે હ. હીરાવંતી - સુરત


(૩) શાહ પારસમલ - પારસ મારકીટ - બેંગલોર

(૪) શાહ પુષ્પાબહેન નટવરલાલ જોઈતારામ પરિવાર - વિલેપાર્લે

(૫) ડૉ. હર્ષદરાય રમણીકલાલ દડીયા હ. વસુમતી, - ઘાટકોપર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




23. SHRI JIRAVALA PARSHVANATH BHAGAVAN (શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 23. SHRI TERA TIRTHA (SHRI JIRAVALA PARSHVANATH BHAGAVAN)

The Tera town is situated at a distance of some 84 kms. from Bhuj. In the middle of the town is installed in a temple, the idol of MULANAYAKA Shri Jiravala Parshvanath Bhagavan; it is almost 68 cms. in height and in Padmasana posture. In addition to this Jina temple, the Tera town is famous on all sides because of its strong castle. It enhances the glory of its being one of the five tirthas in Abadasa. The art of the nine peaks of this temple is renowned; its flags fluttering on its nine peaks become a piece of delight and attraction for pilgrims from a far-off distance. The temple, with it majesty and beautiful art also attracts attention. Here also the art and external appearance of the nine peaks fills our eyes and hearts with all delight. There is a vast quadrangle around the temple. We also come here across 110 Jina idols and 74 SIDDHACHAKRAS. In V.S. 1915 Sheth Hirajibhai Dosabhai and Sheth Pasavira Raimal—two Jaina Shreshthis got this temple constructed. Even the eulogy of these two is carved on the walls of the temple-square. The last renovation of this temple took place in 2027 V.S. at the auspicious hands of Acharya Shri Gunasagarasurishvarji. In the vicinity of this temple we see a beautiful temple of Shri Shamalia Parshvanath Bhagavan. The glass-work with its picturousness here is extremely beautiful. This temple was constructed some 300 years back by Goraji Hirachand Tarachand. There are 13 other idols in the temple. In the Jnanamandira here, we have an artistic Tirthapata.

## ૨૩. શ્રી તેરા તીર્થ (શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભગવાન)

ભુજથી આશરે ૮૪ કિ.મી. દૂર આવેલા તેરા ગામની મધ્યમાં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૬૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. તેરા ગામની ખ્યાતિ આ જિનમંદિર ઉપરાંત એના મજબૂત કિલ્લાને કારણે સર્વત્ર વ્યાપેલી છે. શ્રી તેરા તીર્થ અબડાસા પંચતીર્થીનું એક તીર્થસ્થળ હોવાનું ગૌરવ ધરાવે છે. આ મંદિરનાં નવ શિખરોની કલા વિખ્યાત છે. વળી એ નવ શિખરો પર લહેરાતી ધજાઓ દૂર દૂરથી યાત્રીઓ માટે આનંદ અને આકર્ષણનું સ્થાન બને છે. આ મંદિર એની ભવ્યતા અને એનાં કલાસૌંદર્ય માટે પણ આપણું એટલું જ ધ્યાન ખેંચે છે. એમાં પણ મંદિરનાં નવ શિખરોની કલા અને તેની બહારનું દૃશ્ય નેત્રદીપક છે. મંદિરની આસપાસ એક મોટો ચોક છે. વળી અહીં ૧૧૦ જિનપ્રતિમાઓ અને ૭૪ સિદ્ધચક્રો પણ મળે છે. વિ.સં. ૧૯૧૫માં શેઠ હીરજી ડોસાભાઈ અને શેઠ પાસવીર રાયમલ નામના બે જૈન શ્રેષ્ઠીઓએ આ મંદિરનું નિર્માણ કર્યું છે. આ બંને શ્રેષ્ઠીઓની પ્રશસ્તિ પણ રંગમંડપની ભીંતમાં કોતરેલી છે. આ મંદિરનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૨૭માં આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીના સુહસ્તે થયો હતો. આ મંદિરની નજીક શિખરબંધી શ્રીશામળિયા પાર્શ્વનાથ ભગવાનનું મનોહર મંદિર છે. એના રંગમંડપના કાચ પર કરેલું ચિત્રકામ અતિ સુંદર છે. આ મંદિરનું ત્રણસો વર્ષ પૂર્વે ગોરજી હીરાચંદ તારાચંદે નિર્માણ કર્યું હતું. અહીં અન્ય તેર જેટલી પ્રતિમા મળે છે. અહીંના જ્ઞાનમંદિરમાં રહેલો કલાત્મક તીર્થપટ પણ જોવાલાયક છે.

જૈન સાઈટ JAINSITE .com જયમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૨૩**

(૧) મધુકાન્તા જયંતીલાલ કસ્તુરચંદ શાહ - મુંબઈ
(૨) જયંતીલાલ કસ્તુરચંદ શાહ - મુંબઈ
(૩) મનદીપ જયંતીલાલ શાહ - મુંબઈ
(૪) ફાલ્ગુની મનદીપ શાહ - મુંબઈ
(૫) પાર્શ્વ મનદીપ શાહ - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



24. SHRI BHILADIYA PARSHVANATH BHAGAVAN (શ્રીભીલડિયા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 24. SHRI BHILADIYAJI TIRTHA (SHRI BHILADIYA PARSHVANATH BHAGAVAN)

Bhiladiyaji tirtha is situated at a distance of 40 kms. from Bhiladi town in the Deesa Taluka of Banaskantha district. In this tirtha we have an idol of MULANAYAKA Shri Bhiladia Parshvanath Bhagavan; the idol is of black complexion, 53 cms. in height and in Padmasana posture. It is believed that this town, the Jina temple and the idol therein are very old. It is believed that the idol of Shri Bhiladia Parshvanath Bhagavan was ceremoniously installed at the auspicious hands of revered Shri Kapila Kevali. According to one ancedote, the idol of Shri MULANAYAKAJI was ceremoniously installed by King Samprati. One story runs thus. Shri Shrenikakumar had married a beautiful, youthful Bhil girl and he established this town after her name. In this town then there were so many temples with high peaks; there were wells and step-wells also. In the Jain Scriptures this tirtha was known in the ancient days as Bhimapalli. We also get a reference to the effect that in V.S. 1218, Shri Jinachandrasuriji had given the initiation into monkhood to Shri Jinapatisuriji in this very Jina temple. We also get references which state that in V.S. 1317, Oswal Shreshthi Shri Bhuvanpal Shah got this temple repaired and renovated. The town got demolised because of muslim invasions. Later, in V.S. 1872, Shri Dharmachandra Kamdar inspired the resettlement of this town in the vicinity of the ancient temple. The temple was in a dilapidated state and encircled by a jungle. But in V.S. 1936, the Shravakas of Bhiladi town got it repaired and renovated. The last renovation took place in V.S. 2027 and on the sacred day of the tenth of the bright half of the month of Jeth, the ceremonious installation took place at the auspicious hands of Acharya Shri Bhadrasurishvaraji. This temple, with its three peaks and two storeys and its very much impressive idol has become a source of solace and faith to so many devotees and pilgrims.

## ૨૪. શ્રી ભીલડિયાજી તીર્થ (શ્રીભીલડિયા પાર્શ્વનાથ ભગવાન)

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ભીલડી ગામના રેલવે સ્ટેશનથી ૪૦ કિ.મી. દૂર શ્રીભીલડિયાજી તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રીભીલડિયા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૫૩ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ ગામ અને આ જિનમંદિર તેમ જ પ્રભુપ્રતિમા અતિ પ્રાચીન હોવાનું મનાય છે. પૂજ્ય શ્રી કપિલ કેવલીના સુહસ્તે શ્રીભીલડિયા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાજી પ્રતિષ્ઠિત થઇ હતી એમ મનાય છે. એક કિંવદંતી પ્રમાણે સમ્પ્રતિ રાજાને હાથે મૂળનાયકજીની પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલી માનવામાં આવે છે. દંતકથા એવી છે કે શ્રી શ્રેણિકકુમારે એક રૂપવતી ભીલકન્યા સાથે લગ્ન કર્યું અને તેના નામ પરથી આ નગર વસાવ્યું. એ સમયે આ નગરમાં ઘણાં શિખરબંધી મંદિરો વાવ-કૂવા વગેરે હતાં. જૈન શાસ્ત્રો મુજબ આનું પ્રાચીન નામ ભીમપલ્લી હોવાનો ઉલ્લેખ મળે છે. વિ. સં. ૧૨૧૮માં ભીમપલ્લીપુર જિનાલયમાં શ્રી જિનચંદ્રસૂરિજીએ શ્રી જિનપતિસૂરિજીને દીક્ષા આપી હતી એવો ઉલ્લેખ છે. વિ. સં. ૧૩૧૭માં ઓશવાલ શ્રેષ્ઠી શ્રી ભુવનપાળ શાહ દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. મુસ્લિમ આક્રમણોને કારણે આ નગરનો નાશ થયા બાદ વિ. સં. ૧૮૭૨ માં શ્રી ધરમચંદ્ર કામદારની પ્રેરણાથી આ પ્રાચીન મંદિર પાસે ભીલડિયા ગામ ફરી વસ્યું. એ સમયે મંદિર જીર્ણ અવસ્થામાં હતું અને આસપાસ જંગલ હતું, પરંતુ ભીલડીના શ્રાવકોએ વિ. સં. ૧૯૩૬ માં આનો જીર્ણોદ્ધાર કર્યો. છેલ્લો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૨૭માં થયા બાદ જેઠ સુદ દસમના શુભ દિવસે આ. શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.ના સુહસ્તે તેની પ્રતિષ્ઠા થઇ. ત્રણ શિખર અને બે માળથી યુકત એવું પ્રભાવશાળી પ્રતિમા ધરાવનાર આ મંદિર અનેકનું શ્રદ્ધાસ્થાન બન્યું છે.




**તીર્થવંદના - ૨૪**

(૧) વોરા હીરાબહેન જયંતીલાલ નરશીદાસના ચાતુર્માસ નિમિત્તે
(૨) વોરા અરુણાબહેન હસમુખભાઈના નીગોદના પારણા નિમિત્તે
(૩) વોરા હસમુખભાઈ જયંતીલાલ - ઉદ્યોતયશાશ્રીજીના ઉપ. થી
(૪) વોરા હર્ષીલ હસમુખભાઈ તરૂણયશાશ્રીજીના ઉપદેશથી
(૫) વોરા ચાર્મી હસમુખભાઈ મુનિ જીનેશચંદ્ર વિ. ના ઉપદેશથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




25. SHRI PRAHLAVIYA PARSHVANATH BHAGAVAN (શ્રીપ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 25. SHRI PRAHLADANAPURA TIRTHA

## (SHRI PRAHLAVIYA PARSHVANATH BHAGAVAN)

In the first half of the thirteenth century of the Vikrama era, Prahladana, the brother of Dharavarsha of the Paramar dynasty raised this town named Prahladanapura, the modern Palanpur. King Prahladana became disrespectful to the divine powers, and as a consequence, suffered from white leprosy. But a great Acharya, Shalibhadrasuri by name, consoled him and also reassured him. As a penance he advised him to build a temple of Shri Parshvanath Bhagavan and then to apply on his body the bath-waters of the idol. As a result the King embraced the Jain faith. We have the temple of Prahladana Parshvanath here which brings this incident to our memory even to-day, even after the changes brought about in the temple in course of time. In view of certain circumstances this idol was removed, and, in V.S. 1274, on the fifth day of the bright half of Falguna, the present idol was installed at the auspicious hands of Acharya Kakkasurishvaraji of the Korantagaccha. To-day, the Prahladana Parshvanath temple is known as the temple of Prahlavia Parshvanath temple. It has in it an idol of MULANAYAKA Shri Prahlavia Parshvanath; it is white in complexion, about 45 cms. in height and it is in Padmasana posture. The temple with its three storeys is wide and also majestic. In its Bhamati we have an idol of Godi Parshvanath. On the upper storey there are the ancient idols of Shri Shantinath Bhagavan and Shri Shitalnath Bhagavan. Worth our view indeed is one ancient PANCHA-TIRTHA of mela. Palanpur can take pride in the fact that it is the birth-place of the renowned Acharya Shri Somasundarasurishvaraji of the Ranakapur tirtha and of Acharya Shri Hiravijayasurishvaraji who delivered sermons to the moghul emperor Akbar.

## ૨૫. શ્રી પ્રહલાદનપુર તીર્થ (શ્રીપ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાન)

વિક્રમની તેરમી સદીના પૂર્વાર્ધમાં આબુ પ્રદેશના પરમાર વંશના રાજા ધારાવર્ષના ભાઇ પ્રહલાદને પોતાના નામ પરથી પ્રહલાદનપુર-પાલનપુર વસાવ્યું. પ્રહલાદન રાજાએ દેવમૂર્તિની આશાતના કરતાં એને કોઢ થયો, પરંતુ શ્રી શાલિભદ્રસૂરિ નામના મહાન આચાર્યએ એને આશ્વાસન આપ્યું. પ્રાયશ્ચિત્તરૂપે શ્રીપાર્શ્વનાથ ભગવાનનું મંદિર બંધાવી એ મૂર્તિનું ન્હવણજળ શરીરે લગાડવાનું કહ્યું. રાજવીએ સુરિજીની આજ્ઞા માથે ચડાવી. પરિણામે રાજવીએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને આજે જે પ્રહલાદન પાર્શ્વનાથનું મંદિર છે તેમાં કાળના વારાફેરાથી ફેરફાર થયા હશે, પરંતુએ પ્રસંગની આજે પણ યાદ આપે છે. સંયોગવશાત આ પ્રતિમાનું ઉત્થાપન કરવામાં આવ્યું અને વિ. સં. ૧૨૭૪ની ફાગણ સુદ પાંચમના દિવસે કોરન્ટગચ્છીય આચાર્ય શ્રીકકકસૂરીશ્વરજીના શુભ હસ્તે વર્તમાન પ્રતિમાની પ્રતિષ્ઠા સંપન્ન થઇ અને શ્રીપ્રહલાદન પાર્શ્વનાથનું મંદિર આજે શ્રીપ્રહલવિયા પાર્શ્વનાથના મંદિર તરીકે ઓળખાય છે. અહીં મૂળનાયક શ્રીપ્રહલવિયા પાર્શ્વનાથ ભગવાનની શ્વેતવર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચાઇ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમાજી મળે છે. ત્રણ માળનું આ મંદિર વિશાળ અને ભવ્ય છે. એની ભમતિમાં શ્રીગોડી પાર્શ્વનાથની પ્રતિમા છે. માળ ઉપર શ્રીશાંતિનાથ ભગવાન અને શ્રીશીતલનાથ ભગવાનની પ્રાચીન મૂર્તિઓ છે. ધાતુની એક પ્રાચીન પંચતીર્થી પણ દર્શનીય છે. સુપ્રસિદ્ધ રાણકપુર તીર્થના પ્રતિષ્ઠાચાર્ય સોમસુંદરસૂરીશ્વરજીની જન્મભૂમિ હોવાનું ગૌરવ પાલનપુર ધરાવે છે.



**તીર્થવંદના - ૨૫**

(૧) ચંદ્રકળાબહેન પ્રેમચંદ જીવણચંદ મલજી સુરત-ભાયખલા

(૨) નૈતિકભાઈ પ્રેમચંદ મલજી સા. શુભોદયાશ્રીજીના ઉપદેશથી


(૩) સ્વ. સા. મયણાશ્રીજીની સ્મૃતિમાં હ. જયશ્રી નૈતિકભાઈ મલજી

(૪) બીનલ નૈતિકભાઈ મલજી સ્વ.સા પ્રશમશ્રીજીની સ્મૃતિમાં :-

(૫) પ્રિયંકા નૈતિકભાઈ મલજી નિર્વેદશ્રીજી કલ્પવિદા શ્રી ઉપ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**26. SHRI SHANTINATH BHAGAVAN (શ્રીશાંતિનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 26. SHRI SHANKHALAPUR TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

In the village Shankhalapur situated at a distance of one mile from the Becharaji station, there is a vast temple with an underground cellar. Here is installed a very impressive idol of MULANAYAKA Shri Shantinath Bhagavan. Idols are installed here also in the original inner apartment, underground cellar and the 25 porticos of the BHAMATI. King Laxman raised this village and it was named Salakhanapur after his name; later on it became Shankhalpur. There was a big population of Shravakas here in this village and the Jainas were very rich and prosperous. In V.S. 1687 the poet Shri Gunavijayaji composed "Kocharavyavahari Rasa." It tells us that Shreshthi Kochara heared a lecture of Shri Sumatisadhu Suri (V.S. 1494-1551). In his sermonizing, Suriji talked about non-violence. Kochara Shreshthi referrred to violence taking place in Bahucharaji. Guruji asked Sajanasimha, made use of his influence and received orders from the Sultan and made Kochara an officer in command of 12 towns and villages. On getting the command, he proclaimed non-violence, and, as a consequence, killing of animals stopped in villages and towns like Bahucharaji. In the 14th century, Pethadakumar, a minister from Mandavagadh, constructed a Jina temple here. Jina idols excavated from underground are an ample evidence of ancient temples. A new temple was constructed in V.S. 1876 and the ceremonious installation took place in V.S. 1905.

## ૨૬. શ્રી શંખલપુર તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

ઉત્તર ગુજરાતના બેચરાજી સ્ટેશનથી એક માઈલ દૂર આવેલા શંખલપુર ગામમાં ત્રણ શિખરવાળું ભોંયરાબંધી વિશાળ મંદિર આવેલું છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રભાવશાળી પ્રતિમા અહીં બિરાજમાન છે. અહીં મૂળ ગભારો, ભોંયરું અને ભમતિના ૨૫ ગોખલાઓમાં પણ મૂર્તિઓ બિરાજમાન છે. મૂળ તો લક્ષ્મણ નામના રાજાએ પોતાના નામ પરથી વસાવેલા આ ગામનું નામ સલખણપુર હતું. એમાંથી એનું નામ શંખલપુર બની ગયું. ચૌદથી સત્તર સૈકા સુધી આ ગામમાં શ્રાવકોની વસ્તી ઘણી મોટી હતી અને જૈનોની જાહોજલાલી હતી. કવિશ્રી ગુણવિજયજીએ વિ. સં. ૧૬૮૭માં રચેલા કોચરવ્યવહારી રાસમાં એવી હકીકત મળે છે કે શ્રેષ્ઠી કોચરે શ્રી સુમતિસાધુસૂરિ (જન્મ વિ. સં. ૧૪૯૪ અને સ્વર્ગવાસ વિ. સં. ૧૫૫૧) નું વ્યાખ્યાન સાંભળ્યું. સૂરિજીએ ઉપદેશમાં અહિંસા વિશે કહ્યું ત્યારે કોચર શ્રેષ્ઠીએ બહુચરાજી પાસે થતી હિંસાની વાત કરી. એ સમયે ગુરુજીએ સાજણસિંહ નામના ખંભાતના સંઘના પ્રતિષ્ઠિત આગેવાનને આ અંગે કંઈક કરવા કહ્યું. સાજણસિંહે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને સુલતાન પાસેથી ફરમાન મેળવ્યું. એણે કોચરને બાર ગામનો અધિકારી બનાવ્યો. અધિકાર મળતાંની સાથે જ બારે ગામમાં અમારીપડહ વગડાવ્યો અને એ દિવસથી બહુચરાજી વગેરે ગામોમાં થતી જીવહિંસા બંધ થઈ. ચૌદમા સૈકામાં માંડવગઢના મંત્રી પેથડકુમારે અહીં એક જિનમંદિર બનાવ્યું હતું. અહીંનાં ભોંયરાઓમાંથી ઘણી જિનપ્રતિમાઓ મળતાં એ પ્રાચીન મંદિરોનો પુરાવો આપે છે. વિ. સં. ૧૮૭૬માં નૂતન મંદિરનું નિર્માણ થયેલું છે અને વિ. સં. ૧૯૦૫માં એની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.



**તીર્થવંદના - ૨૬**

(૧) યશવંતભાઈ મોહનલાલ પરિવાર - વિલેપાર્લે
(૨) મંજુલાબહેન શાંતિલાલ રામચંદ હ : નરેન્દ્ર, સંજય (ગોરસવાળા)
(૩) વિમળાબહેન હિંમતલાલ બાવચંદ હ: દિલીપભાઈ- સાવરકુંડલા
(૪) અ.સૌ. ધીરજબાળા શશીકાંત ચુનીલાલ શાહ ઘોઘા-ઘાટકોપર
(૫) નિપુણ મહેન્દ્રકુમાર શાહ પૂ. તિલકપ્રભાશ્રીજીના ઉપ.થી- મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




27. SHRI AJITNATH BHAGAVAN (શ્રીઅજિતનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 27. SHRI TARANGA TIRTHA (SHRI AJITNATH BHAGAVAN)


The Taranga tirtha is situated in the midst of the Arvalli hills in the midst of beautiful sceneries of nature, exquisite prosperity of art and architecture. The main temple in the tirtha is 150 ft. in length, 100 feet wide and 142 ft. in height. The structure of the temple is like that of Mahameru-palace. The temple has in it an idol of Shri Ajitnath Bhagavan; it is 2.75 metres in height, of white complexion and in Padmasana posture. The temple is therefore known as Ajitaprasad or Ajitnath Vihara. On no hill in the country do we have a temple as high as the Taranga tirtha. We would naturally consider and wonder as to how much labour and effort must have been put in the construction of this temple at such a spot, with all its majesty and supreme art.

One of the Mahatirthas in the chief five Mahatirthas of the Jainas is the tirtha at Taranga. In the first century of the Vikrama era, the Jain king Vatsaraja constructed here a temple of Siddhayika devi. Thereafter, in V.S. 1221, King Kumarpala constructed this vast temple which is very rich in sculptural art. We also have a reference which states that in V.S. 1284, on the second day of the dark half of Falguna, Vastupala-Tejpala installed the idols of Shri Adinath Prabhu in two porticos at the auspicious hands of Shri Vijayasenasuriji. We also get records to show that there were ceremonious installations in V.S. 1479, at the auspicious hands of Acharya Shri Somachandasuriji through Shri Govinda Shreshthi and also in V.S. 1642 at the auspicious hands of Acharya Shri Vijayasensuriji. In the vast quarter of the temple we have the temple of Kunthunatha Bhagavan as also the Sahasrakuta temple, the Nandishvara dvipa etc. and Kotishila, Moksha window etc. outside.

## ૨૭. શ્રી તારંગા તીર્થ (શ્રીઅજિતનાથ ભગવાન)

રમણીય કુદરત, ઉત્કૃષ્ટ શિલ્પસમૃદ્ધિ અને અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે તારંગા તીર્થ આવેલું છે. આ તીર્થનું મુખ્ય મંદિર ૧૫૦ ફૂટ લાંબું, ૧૦૦ ફૂટ પહોળું અને ૧૪૨ ફૂટ ઊંચું છે. મંદિરની રચના મહામેરુ પ્રાસાદની છે. આ મંદિરમાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનની ૨.૭૫ મીટર ઊંચી, શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રભાવશાળી પ્રતિમા આવેલી છે. આથી આ મંદિર અજિતપ્રાસાદ કે અજિતનાથ વિહાર તરીકે ઓળખાય છે. ભારતના કોઇ પણ ડુંગર પર તારંગા તીર્થ જેટલું ઊંચું મંદિર જોવા મળશે નહીં. એ જમાનામાં આવું ભવ્ય અને ઉત્કૃષ્ટ બાંધણીવાળું દેરાસર આટલા દૂર અને વિકટ સ્થળે રચવામાં કેટલો બધો પરિશ્રમ કર્યો હશે, તેવો વિચાર સહજ જ થાય.

જૈનોના પાંચ મુખ્ય તીર્થોમાંનું એક મહાતીર્થ તારંગા છે. વિક્રમની પહેલી શતાબ્દીમાં જૈનધર્મી મહારાજા વત્સરાજે અહીં સિદ્ધાયિકા દેવીનું મંદિર બંધાવ્યું. એ પછી વિ. સં. ૧૨૨૧માં મહારાજા કુમારપાળે સ્થાપત્યકલાથી પરિપૂર્ણ એવું આ વિશાળ મંદિર બંધાવ્યું. વિ. સં. ૧૨૮૪ના ફાગણ વદ બીજે મહામાત્ય વસ્તુપાળ-તેજપાળે શ્રી વિજયસેનસૂરિજીના હસ્તે આ જિનાલયના બે ગોખલામાં શ્રીઆદિનાથ પ્રભુની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. વિ. સં. ૧૪૭૯માં ઇડરનિવાસી શ્રી ગોવિંદ શ્રેષ્ઠી દ્વારા આ. શ્રી સોમસુંદરસૂરિજીના હસ્તે તેમ જ વિ. સં. ૧૬૪૨માં આ. શ્રી વિજયસેનસૂરિજીના હાથે પ્રતિષ્ઠા કરાવ્યાના ઉલ્લેખો મળે છે. આ મંદિરના વિશાળ પ્રાંગણમાં કુંથુનાથ ભગવાનનું મંદિર, સહસ્રકૂટ મંદિર, નંદીશ્વર દ્વીપ, ચૌમુખજી ભગવાન વગેરે તથા મંદિરની બહાર કોટિશિલા, મોક્ષબારી વગેરે દર્શનીય છે.



તીર્થવંદના - ૨૭

(૧) શાન્તાબહેન મોહનલાલ નાગજીભાઈ શાહ- મોટાખુંટવડા - મુલન્ડ

(૨) રતિલાલ નાગજીભાઈ શાહ, વસંત મોહનલાલની સ્મૃતિમાં


(૩) ધનેશ, બીપીન, સુરેશ, જસવંત, રવીન્દ્ર આસીત - મોટાખુંટવડા

(૪) હંસા ઈન્દુમતી, જ્યોતિ, ચેતના, પ્રીતિ, દેશના - મોટા ખુંટવડા

(૫) તુષાર, દર્શન, પિયુષ, ચેતન, કમળ, બીજલ, અક્ષય, બેબી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



28. SHRI SHANKHESHVAR PARSHVANATH BHAGAVAN (શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 28. SHRI SHANKHESHVARA TIRTHA

## (SHRI SHANKHESHVAR PARSHVANATH BHAGAVAN)

This is a majestic and vast temple of MULANAYAKA Shri Shankeshvar Parshvanath Bhagavan in the heart of the Shankheshvara town. The idol is of white complexion and about 1.82 metres in height; it is in Padmasana posture, it is miraculous. In the days of old, a Shravaka, Ashadhi by name had got installed Jina idols in Charoopa, Stambhapura and Shankheshvara; so say the references in Jaina works. According to one story, in the battle between Jarasandha and Shri Krishna, when the former threw Jara on the army of the latter, the calamity was quietened by spraying the bathing water of the idol of Shri Prabhu on the army. The history of Shri Parshvanatha is therefore very old and highly impressive. We also get several stories of the miracles associated with this idol. In the central part of the vast fort, a lovely temple with peaks is found with its 52 Jinalayas. The Minister-in-Chief of King Siddharaj Jaisinha, Sajjanshah got this tirtha repaired and renovated in V.S. 1155. Round about V.S. 1286, Vastupal-Tejpal installed gold-pinnacles on the Shrines of the 52 Jinalayas and carried out the necessary repairs. In the 14th century when the soldiers of Allauddin broke this tirtha, the Shri Sangha kept the idol of Shri Shankheshvara Prabhu well protected. In V.S. 1656 emperor Shahjehan issued an ordinance regarding the town, in the name of Sheriff Shantidasa. Thereafter in V.S. 1628 and 1760 renovations took place again. Remnants of the old temple are seen to-day on way to the temple. The new temple was built in the 17th century. Even to-day its impressiveness as the destroyer of the threefold miseries is well-known.

## ૨૮. શ્રી શંખેશ્વરજી તીર્થ (શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન)

શંખેશ્વર ગામની વચ્ચે આવેલા આ ભવ્ય અને વિશાળ મંદિરમાં મૂળનાયક શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની આશરે ૧.૮૨ મીટરની ઊંચાઇ ધરાવતી ગઇ ચોવીસીની પદમાસનસ્થ અને ચમત્કારિક પ્રતિમા મળે છે. પ્રાચીન સમયમાં આષાઢી નામના શ્રાવકે ચારૂપ, સ્તંભપુર અને શંખેશ્વરમાં જિનપ્રતિમાઓ બિરાજમાન કરાવી હતી, એવો જૈન ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે. એક દંતકથા અનુસાર જરાસંઘ અને શ્રીકૃષ્ણ વચ્ચેના યુદ્ધ સમયે જરાસંઘે શ્રીકૃષ્ણની સેના પર જરા ફેંકી ત્યારે આ પ્રભુપ્રતિમાના ન્હવણજળને સેના પર છાંટીને ઉપદ્રવને શાંત કર્યો હતો. આમ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાનો ઇતિહાસ અતિ પ્રાચીન અને પ્રભાવશાળી છે. તેમ જ એને વિશેની અનેક ચમત્કારિક કથાઓ મળે છે. વિશાળ કોટના મધ્ય ભાગમાં સુંદર દેવવિમાન જેવું શિખરબંધ બાવન જિનાલય મંદિર આવેલું છે. સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી, સજ્જનશાહે વિ. સં. ૧૩૦૨માં ઝીંઝુવાડાના રાજા દુર્જનશલ્યે આનો ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો. ૧૪મી સદીમાં અલ્લાઉદ્દીનના સૈનિકોએ આ તીર્થને ક્ષતિ પહોંચાડી ત્યારે શ્રી સંઘે શંખેશ્વર પ્રભુની પ્રતિમાને સુરક્ષિત રાખી. વિ. સં. ૧૬૫૬માં શાહજહાંએ અમદાવાદના નગરશેઠ શાંતિદાસજીના નામે શંખેશ્વર ગામનું ફરમાન બનાવીને આપ્યું. આ પછી વિ. સં. ૧૬૨૮ અને વિ. સં. ૧૭૬૦માં અહીં જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખો મળે છે. આજે પ્રાચીન મંદિરનાં ખંડેર ચંદુરના માર્ગે જોવા મળે છે. નૂતન મંદિર ૧૭મી સદીમાં થયું અને વ્યાધિ અને ઉપાધિનો નાશ કરનારી એની પ્રભાવકતા આજે સર્વત્ર પ્રસિદ્ધ છે.



તીર્થવંદના - ૨૮

(૧) જયાબહેન રામજીભાઈ શાહના સં. ૨૦૫૧ ચાતુર્માસ નિમિત્તે મુંબઇ

(૨) રમેશચંદ્ર રામજીભાઈ શાહ ઘાટકોપર - મુંબઈ


(૩) પંકજકુમાર રામજીભાઈ શાહ ઘાટકોપર- મુંબઈ

(૪) અજિતકુમાર રામજીભાઈ શાહ ઘાટકોપર - મુંબઈ

(૫) ચંદનકુમાર રામજીભાઈ શાહ ઘાટકોપર - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



29. SHRI MANAMOHANA PARSHVANATH BHAGAVAN (શ્રીમનમોહન પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 29. SHRI KAMBOI TIRTHA (SHRI MANAMOHANA PARSHVANATH BHAGAVAN)


At a distance of 16 kms. from Chanasma is situated the Kamboi village. The tirtha is in its centre. Here we have the idol of MULANAYAKA Shri Manamohana Parshvanatha Bhagavan; it is 76 cms. in height, white in complexion and in Padmasana posture. Kamboi tirtha is considered to be pretty old and the structure and art of the idol show that it belongs to the times of King Samprati. The virtues of the idol are in tune with the name, Manamohana Parshvanatha. There is no Inscription on the idol. But it is considered to be of the time of Samprati. There are supports below the idol and on the throne are carved lotus leaves of artistic designs of creepers and plants.

The original inner apartment of the temple, the assembly platform, four shrines inside a dome on the Upper part and peaks are found with the temple. Very attractive indeed is the inlaid artistic, colourful glasswork. White marble is spread in the temple. There are four shrines on the four sides. It seems that so many repairs and renovations of this tirtha must have taken place. Its last renovation was undertaken in V.S. 2003. A fair is held here every year on the second day of the bright half of Falguna and pilgrims in their thousands come here. 16th century writings are found on the other idols in the temple. On one metal idol of V.S. 1638 there is a reference to the Kamboi village. One gift-record proves that the Kamboi village belongs to a period earlier than the eleventh century.

## ૨૯. શ્રી કંબોઇ તીર્થ (શ્રીમનમોહન પાર્શ્વનાથ ભગવાન)

ચાણસ્માથી ૧૬ કિ. મી. દૂરઆવેલા કંબોઇ ગામની વચ્ચેઆ તીર્થઆવેલું છે.અહીં મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનની ૭૬ સે.મી. ઊંચી શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમાજી મળે છે. કંબોઇ તીર્થ એક પ્રાચીન તીર્થ ગણાય છે અને મૂળનાયકજીની પ્રતિમાની આકૃતિ તથા કલા પરથી તે સમ્પ્રતિ રાજાના સમયની માનવામાં આવે છે. મનમોહન પાર્શ્વનાથની પ્રતિમામાં યથા નામ તથા ગુણ છે.આ પ્રતિમાજી ખૂબ જ શાંત તથા સુંદર લાગે છે. આ લાવણ્યમયી મૂર્તિ પર કોઇ લેખ નથી, પરંતુ એ મૂર્તિ નીચે ટેકા હોવાથી અને ગાદીમાં કંડારેલા વેલ-બુટ્ટાયુક્ત કમલપત્રની કોરણી વગેરે લક્ષણોથી તે સમ્પ્રતિના સમયની હોવાનું કહેવાય છે.

આ મંદિર મૂળ ગભારો, સભામંડપ, અંદર ચાર દેરીઓ અને ઉપરના ભાગમાં ઘુમ્મટ અને શિખરયુક્ત છે. મૂળ ગભારામાં અને બહાર રંગબેરંગી કાચનું મનોહર જડાઉ કામ આકર્ષક લાગે છે. મંદિરમાં સફેદ આરસ બિછાવવામાં આવ્યો છે. ચારે ખૂણે ચાર દેરીઓ ઊભી છે.આ તીર્થના કેટલાય જીર્ણોદ્ધાર થયા હશે, પણ છેલ્લા બે જીર્ણોદ્ધારની વિગત મળે છે. એનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૦૩માં થયો હતો. અહીંયાં દર વર્ષે ફાગણ સુદ બીજના દિવસે મેળો ભરાય છે ત્યારે હજારો યાત્રાળુઓ એકઠા થાય છે. મંદિરની અન્ય પ્રતિમાઓ પર ૧૬મી સદીના લેખો છે. વિ. સં. ૧૬૩૮ની એક ધાતુપ્રતિમા પર કંબોઇ ગામનો ઉલ્લેખ છે. એક ભેટપત્ર પરથી એમ સાબિત થાય છે કે કંબોઇ ગામ વિક્રમની ૧૧મી સદી પહેલાં વસેલું હોવું જોઇએ.



**તીર્થવંદના - ૨૯**

(૧) દીપચંદ લલ્લુભાઈ તાસવાલા સુરતવાળા - મુંબઈ
(૨) વીરમતી દીપચંદ તાસવાલા સુરતવાળા - મુંબઈ
(૩) અ.સૌ. ભારતી નિપુણ તાસવાલા સુરતવાળા - મુંબઈ
(૪) અ.સૌ. રૂપલ મીતેન તાસવાલા સુરતવાળા - મુંબઈ
(૫) અ.સૌ. નયના દીપક તાસવાલા સુરતવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**30. SHRI BHATEVA PARSHVANATH BHAGAVAN** (શ્રીભટેવા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 30. SHRI CHANASMA TIRTHA (SHRI BHATEVA PARSHVANATH BHAGAVAN)

The Chanasma tirtha is situated at a distance of one mile from the Chanasma Railway station. Here we have an idol of MULANAYAKA Shri Bhateva Parshvanath Bhagavan, it is some 23 cms. in height, of tobacco colour and in Padmasana posture. In this idol with waist-band, we also see Dharanendra and Padmavati. It seems that the idol of MULANAYAKA is carved from sand-stone. We get evidence from different eulogistic prayers that the idol must have been known as Bhateva because it was procured from Bhatuar village. It is said that in the Bhatuar village near Idar there was one poor Shravaka Surchand by name from whose house the idol of Bhagavan Parshvanath was discovered and he became prosperous and happy. On getting information of this the King of Idar asked for it. The Shravaka was afraid of disrespect to the idol and so Surchand buried it on the outskirts of the village. Ravichand of Chandravati (Chanasma) got indications of the idol. He brought it, built a temple in Chanasma and got it ceremoniously installed in it on the Akshayatrutiya day in V.S. 1535. One other probable conjecture is that there is one village Bhateva near Palini in Marwad. Residents of the place might have come here with the idol, might have built this temple and installed the idol here with this name. According to one tradition, the idol was ceremoniously installed following the preaching of Acharya Shri Ajitasinhasuriji of the Anchala Gaccha. The temple with its fine artistic structure was repaired and renovated some 150 years back.

## ૩૦. શ્રી ચાણસ્મા તીર્થ (શ્રીભટેવા પાર્શ્વનાથ ભગવાન)

મહેસાણા હારીજ માર્ગમાં ચાણસ્માના રેલવે સ્ટેશનથી એક માઈલ દૂર શ્રી ચાણસ્મા તીર્થ આવેલું છે. આ તીર્થમાં મૂળનાયક શ્રીભટેવા પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૨૩ સે.મી. ઊંચી તમાકુ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે. તેમાં મૂળનાયકની પ્રતિમા રેતીની બનાવેલી હોય તેવી લાગે છે. ભાટુઆર ગામમાંથી મળેલી પ્રતિમા હોવાથી તેનું નામ 'ભટેવા' પડયું હશે એવું પ્રમાણ જુદાં જુદાં સ્તવનોમાંથી મળી રહે છે. એમ કહે છે કે ઈડર પાસેના ભાટુઆર ગામમાં સૂરચંદ નામે એક ગરીબ શ્રાવકને ત્યાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મળીઆવતાં તે સુખી અને સંપન્ન થયો. આની ખબર ઈડરના રાજાને પડતાં એમણે આ પ્રતિમાની માગણી કરી. આશાતના થવાના ભયથી સૂરચંદે એ પ્રતિમા રાજાને ન આપતાં ગામના પાદરે જમીનમાં ભંડારી દીધી. ચંદ્રાવતી (ચાણસ્મા)માં વસતા રવિચંદ્ર નામના શ્રાવકને એ પ્રતિમાની ભાળ મળતાં તે લઈઆવ્યો અને તેણે ચાણસ્મામાં મંદિર બંધાવી વિ. સં. ૧૩૩૫ની અખાત્રીજે એ મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. એક એવી પણ હકીકત છે કે મારવાડના પાલિની પાસે આવેલા ભટેવા ગામના વતનીઓ આ તરફ આવ્યા હોય અને સાથે મૂર્તિ લાવ્યા હોય. એમણે અહીં મંદિર બંધાવી તેનું નામ ભટેવા પાર્શ્વનાથ રાખ્યું હોય. એક પરંપરા અનુસાર અંચલગચ્છીય આ. શ્રી અજિતસિંહસૂરિજીના સદ ઉપદેશથી વિ. સં. ૧૩૩૫માં ભટેવા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હતી. સુંદર નિર્માણકલા ધરાવતા આ મંદિરનો જીર્ણોદ્ધાર દોઢસો વર્ષ પહેલાં થયો.



તીર્થવંદના - ૩૦

(૧) સ્વ. રાયચંદ તારાચંદ હ.પત્ની, મોઘીબહેન/હસમુખ, લીલાબહેન સેદરડા
(૨) નંદલાલ છગનલાલ મહેતા હ. કાન્તાબહેન, પ્રિયકાન્ત, અશ્વિન, ભૂપેન્દ્ર ઘાટકોપર - મુંબઈ
(૩) શાહ પદમાબહેન અમૃતલાલ મેલાપચંદ કઠોર - સુરત
(૪) શાહ રમણબહેન ચંદુલાલ - ભોગીલાલ કઠોર - સુરત
(૫) દોશી દલીચંદ માણેકચંદ (ધાણાદાળવાળા) વિલેપાર્લે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**31. SHRI PANCHASARA PARSHVANATH BHAGAVAN (શ્રીપંચાસરા પાર્શ્વનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 31. SHRI PATAN TIRTHA (SHRI PANCHASARA PARSHVANATH BHAGAVAN)

The city of Patan, right from old days, is rich in knowledge and wealth, a glorious history and a sublime spirit of Dharma. It was the capital of King Kumarpal and the land of activities of Acharya Hemachandra. In V.S. 802, after from the name of Shepherd Anahil, this city was installed on monday, on Akshayatrutiya day, with the ceremony and chanting of Mantras according to the Jaina dharma by Acharya Shri Shilagunasuriji, head of the Nagendra Gaccha. The hero that he was, Vanaraj Chavada became the first ruler of Anahilpur Patan. He brought this idol of Shri Parshvanath Bhagavan from Panchasara, the Kingdom of his ancestors and got it installed here ceremoniously at the auspicious hands of Shri Shilagunasuriji in this newly-constructed shrine. The tirtha therefore became renowned after the name of Panchasara Parshvanath. This tirtha and its temple as also the other temples were demolished because of muslim invasions. But Patan was settled again in V.S. 1730 and temples in hundreds were constructed. As the "Patana Chaitya Paripati" composed by Shri Lalitaprabhusuri in V.S. 1648 tells us, there were in the city some 101 big Jina temples and 99 smaller shrines. Idols installed were in thousands. The "Chaitya Paripati" composed by Shri Harshavijayaji in V.S. 1929, notes that Patan had then 95 bigger temples and 500 smaller shrines. It is said that Patan is renovated, but the idol is the same ancient one. The idol is that of MULANAYAKA Shri Panchasara Parshvanath Bhagavan, it is about 1.2 metres in height, of white complexion and in Padmasana posture. Added to this there are 84 big temples and 134 shrines in 55 streets. We have also Institutions like Shri Hemachandracharya Jnanamandir here.

## ૩૧. શ્રી પાટણ તીર્થ (શ્રીપંચાસરા પાર્શ્વનાથ ભગવાન)

જ્ઞાન અને લક્ષ્મી, ભવ્ય ઇતિહાસ અને ઉદાત્ત ધર્મભાવનાથી સમૃદ્ધ એવું આ નગર મહારાજા કુમારપાળની રાજધાની અને કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રચાર્યની કર્મભૂમિ હતું. આ નગરનું પ્રાચીન નામ અણહિલપુર હતું. અણહિલ નામના ભરવાડના નામ પરથી વિ. સં. ૮૦૨માં અક્ષયતૃતીયાને સોમવારે નાગેન્દ્ર ગચ્છાચાર્ય શ્રી શીલગુણસૂરિજીના જૈન વિધિવિધાન સાથેના મંત્રોચ્ચારથી આ નગરની સ્થાપના કરી. પરાક્રમી વનરાજ ચાવડા અણહિલપુર પાટણનો પ્રથમ રાજા બન્યો. પોતાના પૂર્વજોની રાજધાની પંચાસરાથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની આ અલૌકિક પ્રતિમાને પાટણ લાવીને નવા બંધાયેલા જિનાલયમાં શ્રી શીલગુણસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠા કરાવી અને તેથી આ તીર્થ પંચાસરા પાર્શ્વનાથના નામે વિખ્યાત બન્યું. મુસ્લિમ આક્રમણને કારણે આ નગર અને મંદિરોનો વિધ્વંસ થયો, પરંતુ વિ. સં. ૧૭૩૦માં ફરી પાટણ વસ્યું અને સેંકડો મંદિરો નિર્માણ પામ્યાં. વિ. સં. ૧૬૪૮માં શ્રી લલિતપ્રભૂસૂરિજીએ રચેલા 'પાટણ ચૈત્ય પરિપાટી'માં તે સમયે આ નગરમાં ૧૦૧ જેટલાં મોટાં જિનમંદિરો અને નાનાં ૯૯ નાનાં દેરાસરો હતાં તેમ જ મંદિરમાં હજારો પ્રતિમાઓ હતી. જેમાં ૩૮ રત્નોની પ્રતિમાઓ પણ હતી. વિ. સં. ૧૯૨૯માં શ્રી હર્ષવિજયજી રચિત ચૈત્ય પરિપાટીમાં પાટણમાં ૯૫ મોટાં મંદિરો અને ૫૦૦ નાનાં દેરાસરો હોવાનું નોંધ્યું છે. કહે છે કે પાટણનો પુનરુદ્ધાર થયો, પરંતુ પ્રતિમાજી તો એ જ પ્રાચીન છે. મૂળનાયક શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની આશરે ૧.૨ મીટર ઊંચી શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ ઉપરાંત આ નગરના ૫૫ મહોલ્લામાં ૮૪ મોટાં મંદિરો તથા ૧૩૪ દેરાસરો છે તેમ જ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર જેવી સંસ્થાઓ છે.




**તીર્થવંદના - ૩૩**

(૧) ભરત, પિંકી, મિલન, આનલ, નિર્મળા, સુરેશ ચીમનલાલ પરીખ
(૨) બાબુલાલ લક્ષ્મીચંદ મહેતા - મેમદપુરવાળા - નવસારી
(૩) શાહ ચંદ્રાવતી અમૃતલાલ ના ૨૧ ઉપવાસ નિમિત્તે - પસવીવાળા
(૪) શાહ વિમળાબહેન રસિકલાલના ચાતુર્માસ નિમિત્તે - અંધેરી વેસ્ટ
(૫) શાહ રસિકલાલ મણિલાલના સ્વર્ગવાસ તિથી નિમિત્તે - અંધેરી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




32. SHRI SHYAMALA PARSHVANATH BHAGAVAN (શ્રીશ્યામલા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 32. SHRI CHAROOPA TIRTHA (SHRI SHYAMALA PARSHVANATH BHAGAVAN)

In this Jina temple, situated in the middle of Charoopa village, the idol of Shri Shyamala Parshvanath Bhagavan is 1.20 metres in height, of black complexion and in Padmasana posture. The idol is very old and majestic; it is considered to be miraculous. It is said that this is one of the three idols got installed by Shri Ashadhi Shravaka in ancient times. In the ninth century Shri Devachandrasuriji is said to have installed the Parikara of Shri Parshvanath Prabhu. There is also a reference to the effect that, in the thirteenth century Shreshthi Devachandra got constructed here the temple of Shri Adinath Bhagavan. We also have a reference which states that around 1320 V.S. Shreshthi Pethadshah got constructed the temple of Shri Shantinath Bhagavan. This Tirtha was in complete disarray after the 18th century. But in V.S. 1938, the Shravakas of Patan took over the administration of this temple and tirtha. Thereafter the vast temple-complex was constructed here and re-installed on the fifth day of the bright half of the Jeth month of V.S. 1984.

In this tirtha, situated at a distance of 10 kms. from Patan the idol of the MULANAYAKA is of the nature of an unparallelled specimen of ancient sculptural art. The art of the black idol carved from marble is simply unique. The head of the idol right up to the shoulders is very vast and covered by hood. In the idol we find the thinness of a tapasvi, absence of all diseases and serious demeaneur. Again, it was at this spot that the Jain Acharya, Shri Viracharya coming at the invitation of King Siddharaj to Patan, was welcomed at a great festival at Charoopa. Several such references reveal that this tirtha is ancient and glorious.

## ૩૨. શ્રી ચારૂપ તીર્થ (શ્રીશ્યામલા પાર્શ્વનાથ ભગવાન)

ચારૂપ ગામની વચ્ચે આવેલા આ જિનમંદિરમાં શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાનની ૧.૨૦ મીટર ઊંચી શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમા અતિ પ્રાચીન, ભવ્ય અને ચમત્કારિક મનાય છે. એમ કહેવાય છે કે પ્રાચીનકાળમાં શ્રી આષાઢી શ્રાવકે જે ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી તેમાંની એક આ પ્રતિષ્ઠા છે. નવમી સદીમાં શ્રી દેવચંદ્રસૂરિજીએ આ મહાતીર્થમાં શ્રીપાર્શ્વનાથ પ્રભુનો પરિકર સ્થાપિત કરાવ્યાનો ઉલ્લેખ છે જ્યારે તેરમી સદીમાં શ્રેષ્ઠી દેવચંદ્ર દ્વારા અહીંયાં શ્રીઆદિનાથ ભગવાનનું મંદિર નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૩૨૦ની આસપાસ શ્રેષ્ઠી શ્રી પેથડશાહે શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. ૧૮મી સદી પછી આ તીર્થ અસ્તવ્યસ્ત થઇ ગયું હતું, પરંતુ વિ. સં. ૧૯૩૮માં પાટણના શ્રાવકોએ આ તીર્થની વ્યવસ્થા ફરીથી સંભાળી લીધી. એ પછી અહીં વિશાળ મંદિરનું નિર્માણ કરીને વિ. સં. ૧૯૮૪ના જેઠ સુદ પાંચમના દિવસે પુનઃ પ્રતિષ્ઠા કરાવી.

જૈનમ્ જયતિ શાસનમ્

પાટણથી દસ કિ.મી. દૂર આવેલા આ તીર્થમાં મૂળનાયકની મૂર્તિ પ્રાચીન શિલ્પકળાના અદ્વિતીય નમૂનારૂપ છે. મૂર્તિનું મસ્તક ખભા સુધી સુવિશાળ અને ફણાથી અચ્છાદિત છે જ્યારે મૂર્તિના ઉદરમાં તપસ્વીની કૃશતા, નીરોગિતા અને ગાંભીર્ય પ્રગટ થાય છે. વળી આ સ્થળે જૈનાચાર્ય શ્રી વીરાચાર્ય રાજા સિદ્ધરાજના નિમંત્રણથી પાટણ આવતા હતા ત્યારે ચારૂપમાં તેમનો ભવ્ય સ્વાગત-મહોત્સવ કર્યો હતો. આવા અનેક ઉલ્લેખો આ તીર્થની પ્રાચીનતા અને ગરિમાને પ્રગટ કરે છે



તીર્થવંદના - ૩૨

(૧) દોશી દલીચંદ માણેકચંદ (ધાણાદાળવાળા) મહુવા - મુંબઈ
(૨) દોશી નેમકુંવરબહેન દલીચંદ (ધાણાદાળવાળા) - મુંબઈ
(૩) દોશી મહેન્દ્રભાઈ દલીચંદ (ધાણાદાળવાળા) - મુંબઈ
(૪) દોશી નિમેશ મહેન્દ્રભાઈ (ધાણાદાળવાળા) - મુંબઈ
(૫) દોશી નીખલ મહેન્દ્રભાઈ (ધાણાદાળવાળા) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



33. SHRI MAHAVIRA BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 33. SHRI PANASARA TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

This tirtha is situated near the village Pansar on the Ahmedabad-Mehsana high-way. There sits the lord of the tirthas, Shri Mahavir Bhagavan; the idol is white in complexion, 91 cms. in height and in Padmasana posture. It is attractive and miraculous. This ancient idol of Bhagavan Mahavira revealed itself in the house of Raval Shri Jala Teja on Sunday, the 9th of the bright half of Shravana in V.S. 1966. A majestic temple was built and it was installed on the sixth day of the bright half of Vaishakh in V.S. 1974. Thereafter in V.S. 1991, five other ancient idols were unearthed. This proves decisively that there must have been several Jain temples on the spot. Many other miracles followed the miraculous revelation of the idol of MULANAYAKA Mahavira Bhagavan; so many pilgrims started coming and the importance of the tirtha was on the ascent. There was actually a flow of pilgrim because of the vicinity of Ahmedabad. To-day this temple has three peaks and seven inner apartments. In all the seven, white marble-idols of Shri MULANAYAKA are installed. The rest of the idols of metal are of Panchatirthi etc. At a distance of two furlongs from here, in the Pansar village, there is a temple with a dome and MULANAYAKA Shri Dharmanath Bhagavan is installed in it. Looking around on all sides, it seems that there must have been a time when this place was very prosperous.

## ૩૩. શ્રી પાનસર તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

અમદાવાદ-મહેસાણા માર્ગ પર આવેલા પાનસર ગામની નજીક આ તીર્થ આવેલું છે. તીર્થાધિરાજ શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની ૯૧ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા ચિત્તાકર્ષક અને ચમત્કારિક છે. ભગવાન મહાવીરની આ પ્રાચીન પ્રતિમા વિ.સં. ૧૯૬૬ના શ્રાવણ સુદ નોમને રવિવારના દિવસે અહીંના રાવળ શ્રી જલા તેજાના ઘરમાંથી પ્રગટ થઈ. એક ભવ્ય મંદિરનું નિર્માણ કરીને વિ.સં. ૧૯૭૪ની વૈશાખ સુદ છઠના દિવસે એની પ્રતિષ્ઠા કરવામાં આવી. એ પછી વિ.સં. ૧૯૯૧ માં અહીં જમીનમાંથી બીજી પાંચ પ્રાચીન પ્રતિમાઓ મળી આવી. આથી સિદ્ધ થાય છે કે અહીંયા પહેલાં અનેક જૈનમંદિરો હોવાં જોઈએ. મૂળનાયક મહાવીર ભગવાનની પ્રતિમાનું ચમત્કારિક પ્રાગટ્ય થતાં કહેવાય છે કે અહીંયાં અનેક ચમત્કારો થવા લાગ્યા. ઘણા યાત્રાળુઓ દર્શનાર્થે આવવા લાગ્યા. મૂર્તિનો મહિમા વધતો ગયો. વળી અમદાવાદ જેવું શહેર નજીક હોવાથી પણ યાત્રાળુઓનો ધસારો થવા લાગ્યો. આજે ત્રણ શિખર અને સાત ગભારા ધરાવતું આ ભવ્ય મંદિર શોભે છે. સાતે ગભારામાં મૂળ નાયક તરીકે આરસની સાત મૂર્તિઓ પધરાવેલી છે. બાકીની મૂર્તિઓ ધાતુની પંચતીર્થી વગેરેની છે. આ મંદિરથી બે ફર્લાંગ દૂર પાનસર ગામ આવેલું છે ત્યાં પણ ઘુમ્મટબંધી દેરાસર છે જેમાં મૂળનાયક શ્રીધર્મનાથ ભગવાન બિરાજમાન છે. એક સમયે આ ગામની ભારે જાહોજલાલી હશે એવું એની આસપાસનો વિસ્તાર જોતાં લાગે છે.


JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૩૧**
(૧) મહેન્દ્રભાઈ દલીચંદ દોશી (ધાણાદાળવાળા) - મહુવા - મુંબઈ
(૨) અ.સૌ. રંભાગોરી મહેન્દ્રભાઈ દોશી (ધાણાદાળવાળા) - મુંબઈ
(૩) અલ્કા મહેન્દ્રભાઈ દોશી (ધાણાદાળવાળા) - મુંબઈ
(૪) હીના મહેન્દ્રભાઈ દોશી (ધાણાદાળવાળા) - મુંબઈ
(૫) વિજય મહેન્દ્રભાઈ દોશી (ધાણાદાળવાળા) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



34. SHRI ADISHVAR BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 34. SHRI VAMAJ TIRTHA (SHRI ADEEHVAR BHAGAVAN)

The Vamaj tirtha is situated at a distance of six kms from the Shreisha tirtha near Vamaj, situated at a distance of 16 kms. from Kalol in north Gujarat. Here is installed an idol of Mulanayaka Shri Adeeshvara Bhagavan; white in complexion, 1.07 metres in height and in Padmasana posture. The art and structure of the idol seem to be of the time of King Samprati. An anecdote states that this divine idol remained invisible in the ground from so many centuries. Some great man got hints of this and due discoveries were undertaken. The idol was discovered from the same spot. There was a time, we are told, when this tirtha was very much renowned and it had within it an underground passage that led to Sherisha. Remnants spread all-around even to-day, give an indication that in the old days this must have been a very prosperous town. This great tirtha is referred to by poet Shri Lavanyagani in his poetic compostion as early as in V.S. 1562. Later history is not available. In V.S. 1979, this idol was traced from the Kanabi Mohulla. No inscription is found on it. People say that it is the idol of Bhagavan Shantinath, but actually it is an idol of Adeeshvar Bhagavan. In this temple that was renovated in V.S. 2002, the idol was ceremoniously installed at the auspicious hands of Shri Vijaya-Udayasurishvaraji. On both sides of the idol there is mark of KAYOTSARGA and this leads us to the possibility that the idol actually belongs to the times of the MULANAYAKA.

## ૩૪. શ્રી વામજ તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

ઉત્તર ગુજરાતના કલોલથી સોળ કિ.મી. દૂર આવેલા વામજ ગામની પાસે શેરીશા તીર્થની છ કિ.મી. દૂર શ્રી વામજ તીર્થ આવેલું છે. અહીં મૂળ નાયક શ્રીઆદીશ્વર ભગવાનની શ્વેત વર્ણની ૧.૦૭ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા આવેલી છે. આ પ્રતિમાની કલાકૃતિ રાજા સમ્પ્રતિ કાળની લાગે છે. આ દિવ્ય પ્રતિમા અંગે એવી કિંવદંતી છે કે એ કેટલાંય વર્ષો સુધી જમીનમાં અદશ્ય રહી. પુણ્ય યોગથી કોઇ મહાત્માને આનો સંકેત મળ્યો અને તેને આધારે શોધ કરવામાં આવી. જે સ્થાનનો સંકેત મળ્યો હતો તે સ્થાન પરથી જ પ્રતિમાજી મળ્યા. એમ પણ કહેવાય છે કે એક સમયે આ તીર્થ અતિ પ્રસિદ્ધ હતું અને અહીંથી શેરીશા જઇ શકાય તેવું ભોંયરું હતું. આજે પણ અહીં જોવા મળતાં અનેક પ્રાચીન ખંડેરોના અવશેષો એવી ઝાંખી આપે છે કે પ્રાચીન સમયમાં આ એક જાહોજલાલીભર્યું નગર હશે. વિ.સં. ૧૫૬૨માં કવિવર શ્રી લાવણ્યગણિએ એમના કાવ્યમાં આ તીર્થાધિરાજનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ એ પછી એનો કશો ઈતિહાસ મળતો નથી. વિ.સં. ૧૯૭૯માં આ પ્રતિમા અહીં કણબીઓના મહોલ્લામાંથી પ્રાપ્ત થઇ. એના પર કોઇ લેખ નથી. લોકો તેને ભગવાન શાંતિનાથની પ્રતિમા કહે છે, પરંતુ તે પ્રતિમા આદીશ્વર ભગવાનની છે. વિ.સં. ૨૦૦૦ના વૈશાખ સુદ તેરસનો દિવસે શ્રી વિજયઉદયસૂરીશ્વરજીના હાથે નવનિર્માણ થયેલા આ ભવ્ય મંદિરમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રતિમાની બંને બાજુએ કાઉસગ્ગિયા છે અને તે મૂળનાયકના સમયના હોવાનો સંભવ છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના - ૩૪**

(૧) શાહ રાયચંદ પ્રાગજીભાઈ પરિવાર - ટાણાવાળા
(૨) શાહ પરમાણંદ રાયચંદ - ટાણાવાળા
(૩) શાહ કંચનચબહેન પરમાણંદ - ટાણાવાળા
(૪) શાહ સૌભાગ્યબહેન પરમાણંદ - ટાણાવાળા
(૫) શાહ ભૂપતરાય પરમાણંદ - ટાણાવાળા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**35. SHRI SIMANDHARA SWAMI (શ્રીસીમંધર સ્વામી)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 35. SHRI MEHSANA TIRTHA (SHRI SIMANDHARA SWAMI)

This majestic sky-scraping temple is in the fore-front of Jain temples; outside Mehsana on the national high way to Ahmedabad. Here is seated the idol of MULANAYAKA Shri Simandhara Swami; white in complexion, 3.68 metres in height and in Padmasana posture. This can well be considered to be the foremost of the temples in the whole country with its majestic art and with the present (roving) tirthankara and the lord of the mahatirtha Shri Simandhara Swami presiding over it. In the science of architecture such a temple is known as KAILASAPRASADA because of its vastness. The art of the idol 145, inches in height. Its flag fluttering 125 feet high, sends as if the message of dharma to far-off places and attracts devotees. The inner part of this Jina palace is proportionate, rich in living pieces of architecture; with its outer part and also rich in art pleasing to the eyes and the heart. In the pavilion, vast deep one will have DARSHAN of revered six Jineshvaras and a view of artistic subtle carving in the dome yields unparallelled delight to the viewer; experiencing as if a feeling of sublimity. The installation of the tirtha took place on the sixth day of the bright half of Vaishakha in the year 2028 V.S. under the able inspiration of the most revered Acharya Maharaj Shri Kailasasagarasuriji. An ancient temple is also located in the market-yard of Mehsana and the MULANAYAKA over there is Shri Manamohana Parshvanath Bhagavan. Thus, in this tirtha there are 14 other temples in addition to the Jain temple of Shri Simandhara Swami.

## ૩૫. શ્રી મહેસાણા તીર્થ (શ્રીસીમંધર સ્વામી)

મહેસાણા ગામની બહાર અમદાવાદના મુખ્ય માર્ગ પર આવેલું કલાપૂર્ણ ગગનચુંબી શિખરવાળુંઆ ભવ્ય મંદિર જૈનમંદિરોમાં આગવું ગણાય તેવું છે. અહીં મૂળનાયક શ્રીસીમંધર સ્વામીની શ્વેત વર્ણની ૩.૬૮ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. જૈન ધર્મના વર્તમાન (વિહરમાન) તીર્થંકર અને આ મહાતીર્થના અધિપતિ શ્રીસીમંધર સ્વામીનું ભવ્ય મનોહર શૈલીનું આવું મંદિર ભારતમાં પ્રથમ ગણી શકાય. શિલ્પશાસ્ત્રમાં આવા મંદિરને એની વિશાળતાને કારણે કૈલાસપ્રાસાદ કહેવામાંઆવે છે.એની ૧૪૫ ઇંચ ઊંચી પ્રભુપ્રતિમાની કલા ખૂબઆકર્ષક છે. લગભગ ૧૨૫ ફૂટની ઊંચાઈએ લહેરાતી એની ધજા જાણે દૂર દૂર સુધી ધર્મનો સંદેશ મૂકપણે સંભળાવીને ભાવિકજનોને આકર્ષે છે. આ જિનપ્રાસાદનો અંદરનો ભાગ સપ્રમાણઅને જીવંત શિલ્પોથી સમૃદ્ધ છે એ જ રીતે એનો જ બહારનો ભાગ પણ નયનમનોહરશિલ્પકળાથી મનને હરી લે છે. વિશાળ ગૂઢ મંડપમાં બિરાજમાન છ જિનેશ્વર દેવોના દર્શન કરીને એના મોટા ઘુમ્મટની ઝીણી કોરણીને નિહાળીઆહલાદઅનુભવે છે. નૃત્યમંડપની છતમાં પધરાવવામાં આવેલી પાંચ શાસનદેવીઓની તથા બીજી કલાકૃતિઓને નીરખીને ધન્યતા અનુભવે છે. પ. પૂ. આ. મ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી વિ.સં. ૨૦૨૮ વૈશાખ સુદ છઠના દિવસે આની પ્રતિષ્ઠા સંપન્ન થઇ. મહેસાણાનુંએક પ્રાચીન મંદિર ગામની બજારમાં છે જેના મૂળનાયક શ્રીમનમોહન પાર્શ્વનાથ ભગવાન છે. આમ શ્રી સીમંધર સ્વામી જૈન મંદિર ઉપરાંત બીજાં કુલ ૧૪ મંદિરો છે.



**તીર્થવંદના - ૩૫**

(૧) કુસુમબહેન ચંપકલાલ મહેતાના ચાતુર્માસ નિમિત્તે - ગોરેગાંવ

(૨) શ્રીમતી ચંદ્રાબહેન રમેશચંદ્ર નાનાલાલ સહપરિવાર - ખંભાત

(૩) ગિરધરલાલ હંસરાજ શાહ હ: ફતેચંદ, તારામતીના ચોમાસા નિમિત્તે

(૪) દેવયાની રોહિતભાઈ ઝવેરી - મુંબઈ

(૫) વૈશાલી વિજયભાઈ ઝવેરી - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट JAINSITE .com

36. SHRI GAMBHIRA PARSHVANATH BHAGAVAN (શ્રીગંભીરા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 36. SHRI GAMBHU TIRTHA (SHRI GAMBHIRA PARSHVANATH BHAGAVAN)

This tirtha is situated in the middle of the Gambhu village at a distance of 16 kms. from Mehsana. In the Jaina works, the village is known by two names—Gambhu and Gambhota. There was a time when Gambhu was the central place of Jainas. It was again the capital in the midst of a group of 144 villages. There are references to the existence of so many temples here in ancient times. The history of the village is stated to go to as early as the ninth century of the Vikrama era. The village is earlier in its existence than Patan. The broken remnants on the spot are an ample proof of the remote past of the place. The idol of Shri Gambhira Parshvanath Bhagavan is considered to be of the times of King Samprati. Many idols belonging to the times of the King are found here; many of these are sent elsewhere. In V.S. 919 Acharya Shri Shilankacharya wrote a commentary on the "Acharanga Sutra". The ancient work "Sushruta" was composed here. It was again in this village that in V.S. 1228 Parshvanaga, the pupil of Saiddhanti Yakshadeva wrote commentaries on "Shravaka Pratikramana Sutra" on palm-leaves under his patronage. Just the same way in V.S. 1305 the commentary on "Upangapanchaka" was composed here. So many other works are also written here. Again, there are clear indications that this town must have been the very centre, and an important one, of so many religious activities of the Jainas and the several Jain temples must have been built here. The art of the idol of MULANAYAKA Shri Parshvanatha Prabhu over here is so very unique as if Shri Prabhu himself is present with a smiling face before the devotees. Such is the experience of the devotees. The group of idols too is very large.

## ૩૬. શ્રી ગાંભૂ તીર્થ (શ્રીગંભીરા પાર્શ્વનાથ ભગવાન)

મહેસાણાથી ૧૬ કિ.મી. દૂર આવેલા ગાંભૂ ગામની મધ્યમાં તીર્થ આવેલું છે. જૈન ગ્રંથોમાં ગાંભૂ અને ગંભૂતા એવા એના નામોનો ઉલ્લેખ મળે છે. એક સમયે આ ગાંભૂ ગામ જૈનોનું કેન્દ્રસ્થાન હતું. વળી ૧૪૪ ગામના જૂથમાં આવેલું મુખ્ય નગર હતું. પ્રાચીન કાળમાં અહીં અનેક જૈનમંદિરો હોવાનો ઉલ્લેખ છે. આ ગામનો ઇતિહાસ વિ.સં. નવમી સદી પૂર્વેનો મનાય છે. પાટણ નગર પૂર્વે આ નગર આવેલું હતું. અહીંના ભગ્ન અવશેષો આ સ્થળની પ્રાચીનતાનું પ્રમાણ આપે છે. શ્રીગંભીરા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા રાજા સમ્પ્રતિ કાળની મનાય છે. આ સ્થળેથી મહારાજા સમ્પ્રતિકાલીન અનેક પ્રતિમાઓ પ્રાપ્ત થઇ હતી જેને અન્યત્ર મોકલવામાં આવી છે. વિ. સં. ૯૧૯માં આ. શ્રી શીલાંકાચાર્યજીએ અહીં 'આચારાંગ સૂત્ર'ની ટીકાની રચના કરી હતી. પ્રાચીન વૈદકગ્રંથ 'સુશ્રુત'ની રચના પણ આ નગરમાં થઇ હતી. વિ. સં. ૧૨૨૮માં સૈદ્ધાંતિ યક્ષદેવના શિષ્ય પાર્શ્વનાગે આ ગામમાં જંબૂ નામના શ્રાવકના જિનાલયમાં તેની સહાયતાથી 'શ્રાવક પ્રતિક્રમણસૂત્ર' પરની વૃત્તિ તાડપત્ર પર લખી હતી. એવી જ રીતે વિ.સં. ૧૩૦૫માં 'ઉપાંગ-પંચક'ની વૃત્તિઓ પણ અહીં જ લખાઇ હતી. આ સિવાય અન્ય કેટલાક ગ્રંથો અહીં રચાયા હોવાની હકીકત પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રાચીન કાળમાં આ નગર જૈન ધર્મની પ્રવૃત્તિઓનું એક મહત્ત્વનું કેન્દ્ર હોવું જોઇએ અને અનેક જિનમંદિરો હોવાં જોઇએ. આ તીર્થના મૂળનાયક શ્રીપાર્શ્વનાથ પ્રભુની કલા એવી અનુપમ છે કે જાણે પ્રભુ સાક્ષાત હસતા હોય તેવો ભકતને અનુભવ થાય છે. એના શિખરની કલા પણ નિરાળી છે અને એ જ રીતે આ મંદિરમાં મૂર્તિઓનો પરિવાર ઘણો મોટો છે.



તીર્થવંદના - ૩૬

અમારા પિતાશ્રીના ચોસઠ પહોરી પૌષધ તથા અઠ્ઠાઇ નિમિત્તે

(૧) અ.સૌ. કલ્પના રમણીકલાલ મોતા - બારામતી તથા

(૨) અ.સૌ. મૃદુલા નરેન્દ્ર રામજી મોતા - બારામતી


(૩) અ.સૌ. ગીતા પ્રફુલ રામજી મોતા - બારામતી

(૪) અ.સૌ. અરુણા મહેન્દ્ર રામજી મોતા - બારામતી

(૫) અ.સૌ. જ્યોતિ સંજય લખમશી દેઢીયા- બારામતી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




37. **SHRI ADISHVAR BHAGAVAN** (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 37. SHRI UPARIYALA TIRTHA (SHRI ADEESHVAR BHAGAVAN)

The time of this tirtha is believed to be the 15th century before the Vikrama era. The tirtha is referred to in the "Chaitya Paripati" written by Shri Jayasagaraji Upadhyaya in the 15th century (V.S.) There are references to the construction of Jaina temples at several places in the 16th century. In V.S. 1919, on the 15th day of Vaishakh, a farmer of this village, Ratna Kumbhara, had, in a dream, indications of Jaina idols lying buried in the fields. The idols revealed themselves when the work of digging was done. In Utter devotion and respect, he presented the Shravakas with these idols. The Shravakas accepted these with joy and ceremoniously installed them on the Kartiki purnima day in V.S. 1920. Here presides the idol of MULANAYAKA Shri Adishvar Bhagavan; of sandalwood colour, 76 cms. in height and in Padmasana posture. Marble statues of Shantinath Bhagavan on the right in white colour, of Parshvanath Bhagavan on the left in yellow colour and of Neminath Bhagavan beneath Shri Mulanayaka in black can be seen. In the assembly pandal we have very beautiful and artistic scenery in marble of Sametashikhara and Girnar mountain. There is a fort 42 feet long and 37 ft. wide round the temple. In the midst is the temple with its basic inner apartment, the assembly pandal, three side-doors, with watch-gates, one peak, four domes and the middle watch-gate in Samarana structure. In V.S. 1944, Shri Prabhu was ceremoniously installed in the newly constructed temple on the thirteenth day of the bright half of the month Maha. A constant lamp-flame is shining for the last so many years and a fair is held on the eighth day of the bright half of Falguna every year.

## ૩૭. શ્રી ઉપરિયાળા તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

વિક્રમની ૧૫મી સદી પૂર્વેનું આ તીર્થ મનાય છે. શ્રી જયસાગરજી ઉપાધ્યાય દ્વારા ૧૫મી સદીમાં રચાયેલા ચૈત્ય પરિપાટીમાં આ તીર્થનો ઉલ્લેખ છે. ૧૬મી સદીમાં અહીંના શ્રાવકોએ ઠેર ઠેર જૈનમંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થયો છે. વિ.સં. ૧૯૧૯માં વૈશાખી પૂનમને દિવસે આ ગામના ખેડૂત રત્ના કુંભારને સ્વપ્નામાં પોતાના ખેતરમાં રહેલી જિનપ્રતિમાઓનો સંકેત થયો. સંકેતને આધારે ખેતરમાં ખોદકામ કરવાથી મૂર્તિઓ પ્રગટ થઈ. આ ખેડૂતે ભકિત અને આદર સાથે એ મૂર્તિઓ જૈન શ્રાવકોને આપી. શ્રાવકોએ આનંદભેર એનો સ્વીકાર કર્યો અને વિધિપૂર્વક વિ.સં. ૧૯૨૦ની કારતકી પૂર્ણિમાને દિવસે એની સ્થાપના કરી. મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની ચંદનવર્ણની ૭૬ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા અહીં બિરાજમાન છે. જમણી બાજુએ શાંતિનાથ ભગવાનની શ્વેત આરસની અને ડાબી બાજુએ પાર્શ્વનાથ ભગવાનની પીળા આરસની તથા મૂળનાયકની નીચે નેમિનાથ ભગવાનની શ્યામ આરસની મૂર્તિઓ છે. એના સભામંડપમાં આરસ પર કોરેલો સમેતશિખર અને ગિરનાર પર્વતનો પટ સુંદર અને કલામય છે. મંદિરને ફરતો ૪૨ ફૂટ લાંબો અને ૩૭ ફૂટ પહોળો કોટ છે. તેની વચ્ચે મૂળ ગભારો, સભામંડપ, ત્રણ બાજુના દરવાજાઓ, ઉપર ચોકીઓ, એક શિખર, ચાર ઘુમ્મટો અને વચલી ચોકી ઉપર સામણયુકત બાંધણીવાળું આ મંદિર છે. વિ. સં. ૧૯૪૪માં મહાસુદ તેરસના દિવસે પ્રભુને સુંદર નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત કર્યા. અહીં વર્ષોથી અખંડ જ્યોત જલે છે તેમ જ પ્રતિ વર્ષ ફાગણ સુદ આઠમનો મેળો ભરાય છે.



**તીર્થવંદના - ૩૭**

(૧) જટાશંકર ડુંગરશી પારેખ સાયન - મુંબઈ
(૨) નિર્મળાબહેન જટાશંકર પારેખના ચાતુર્માસ નિમિત્તે સાયન - મુંબઈ
(૩) પુનમ રાજેશ પારેખ સાયન - મુંબઈ
(૪) રીટા કમલેશ પારેખ સાયન - મુંબઈ
(૫) નીના બકુલ પારેખ સાયન - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



38. SHRI MALLINATH BHAGAVAN (શ્રીમલ્લિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 38. SHRI BHOYANI TIRTHA (SHRI MALLINATH BHAGAVAN)

This tirtha is in the vicinity of the Bhoyani village situated at a distance of 8 kms. from Kadi on the Kalol-Bahucharaji way. Here we have an idol of MULANAYAKA Shri Mallinath Bhagavan; white in complexion, 104 cms. in height and in Padmasana posture. There was a time when the place was known as Padmavatinagar. The broken ruins and idols found here indicate that this spot is ancient and that there were many Jain temples over here. The miraculous idol of MULANAYAKA Bhagavan Mallinatha was unearthed when a well was being dug in a field in V.S. 1930. A beautiful, majestic Jain temple was constructed and in all joy and enthusiasm, the idol was ceremoniously installed, on the tenth day of the bright half of the month Maha in V.S. 1943. It has a unique art and charm of its own; blesses the viewers, the Jivas of this mortal world suffering from sorrows experience extreme calm here. This temple has three peaks which are wide and lovely. The original inner apartment and the festival pandal are very wide. The decorated watch-gates on the doors on three sides add to the majesty of the temple. Every year, on the tenth day of the bright half of the month of Maha and on the Purnima of Shravana, the blessed day of the birth of Shri Bhagavan, fairs are held and devotees throng here in thousands. At this spot so many ruins lie scattered. One other idol, 3½ ft. in height and extremely artistic is acquired. A cluster of hairs on the shoulders creates an impression that the idol is of Bhagavan Rushabhadeva. Other idols are also found.

## ૩૮. શ્રી ભોયણી તીર્થ (શ્રીમલ્લિનાથ ભગવાન)

કલોલ અને બહુચરાજીની વચ્ચે કડી ગામથી આઠ કિ.મી. દૂર આવેલા ભોયણી ગામની પાસે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીમલ્લિનાથ ભગવાનની શ્વેત વર્ણની ૧૦૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એક સમયે આ સ્થળ પદમાવતીનગરને નામે પ્રસિદ્ધ હતું. એની આસપાસમાં મળી આવતાં ખંડિત અવશેષો અને મૂર્તિઓ પરથી આ સ્થળ પ્રાચીન હોવાનું અને તે સમયે અનેક જિનમંદિરો હોવાનું પ્રતીત થાય છે. મૂળનાયક ભગવાન મલ્લિનાથની અલૌકિક મૂર્તિ વિ.સં. ૧૯૩૦માં અહીંના એક ખેતરમાં કૂવો ખોદતાં જમીનમાંથી પ્રગટી હતી. વિ.સં. ૧૯૪૩ના મહા સુદ દસમના દિવસે એક સુંદર અને ભવ્ય જિનાલય નિર્મિત કરીને ઉત્સવપૂર્વક એની પ્રતિષ્ઠા કરવામાંઆવી હતી. ભગવાન મલ્લિનાથની પ્રતિમાની કલા ખૂબ જ મનોહર અને આકર્ષક છે તેમ જ સંસારના સંતપ્ત જીવોને શાંતિ પ્રદાન કરે છે. આ મંદિર ત્રણ શિખરબંધી, વિશાળ અને રમણીય છે. મૂળ ગભારો અને રંગમંડપ વિસ્તારવાળા છે. ત્રણે તરફના દરવાજાઓની શૃંગાર ચોકીઓ એની ભવ્યતામાં ઉમેરો કરે છે. દર વર્ષે મહા સુદ દસમના દિવસે અને ભગવાન મલ્લિનાથના જન્મકલ્યાણક દિન શ્રાવણી પૂનમે અહીં મેળો ભરાય છે ત્યારે હજારો ભકતજનો ઉમંગભેર પ્રભુભકિત કરે છે. આ સ્થળે બીજા કેટલાય અવશેષો હજી પડેલા છે. દર્શનીય શિલ્પવિધાન ધરાવતી આશરે સાડા ત્રણ ફૂટ ઊંચી એક પ્રાચીન પ્રતિમા મળેલ છે. એમના ખભા આલેખેલા કેશગુચ્છથી આ મૂર્તિ ઋષભદેવ ભગવાનની હોવાનું જણાય છે. આ સિવાય પણ બીજી મૂર્તિઓ મળે છે.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના-૩૮**

(૧) હસુમતીબહેન રાયચંદ શાહ હ. પ્રફુલ, કૌશિક, પીનાકિન-કડોદ
(૨) બાબુલાલ ફકીરચંદ શાહના સ્મણાર્થે હ. પ્રભાબહેન કાંદીવલી
(૩) માણેકલાલ ભાયચંદ વોરા શ્રી મલયયશાશ્રીજીના ઉપ.થી-મુંબઈ
(૪) નિરંજના વસંતરાય પ્રાણલાલ શાહ વિલેપાર્લે ઈસ્ટ-મુંબઈ
(૫) પ્રભાબહેન પોપટલાલ ચુનીલાલ શાહ ચાતુર્માસ નિમિત્તે-સુરત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



39. SHRI PARSHVANATH BHAGAVAN (શ્રીપાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 39. SHRI SERISA TIRTHA (SHRI PARSHVANATH BHAGAVAN)

Shri Serisa tirtha is situated on the eastern side of Serisa town situated at a distance of 8 kms. from Kalol on the Ahmedabad Mehsana road. Here we have an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan; black in complexion, 165 cms. in height and in Padmasana posture. It is said that at one time Serisa was a part of Sonpur town. To-day we have no trace of the existence of Sonpur, Serisa is renowned even to-day as a majestic and beautiful tirtha. The ruins, remnants, pillars etc. visible here seem to belong to old past. In the 18th century of the emanicipation of Lord Mahavira, Shri Devendra Suriji ceremoniously installed this image of Shri Parshva Prabhu, as one reference tells us. As one inscription available here tells us, in the thirteenth century of the Vikrama era, Vastupal-Tejpal of Gujarat got the image of Shri Neminatha Bhagavan ceremoniously installed in this sacred tirtha for the uplift of his brother Maladeva as also that of his son Punasinha in this great tirtha. Shri Lavanyasamaya, a poet amongst poets, composed, in all devotion a eulogistic poem, Stavana-on Serisa Tirtha in V.S. 1562. Now and again repairs and renovation continued to take place in this tirtha, broke down because of the attacks of muslims. Shri Sarabhai Dahyabhai, a Shreshthi from Ahmedabad got constructed a new Jina temple and in V.S. 2002, the new temple was ceremoniously installed and inaugurated at the auspicious hands of the upholder of the tirthas, an emperor in the Jaina order Shri Vijayanemisurishvaraji Maharaj on the tenth day of the bright half of Vaishakh, through the firm of Sheth Anandaji Kalyanji. The original sanctuary of the temple was constructed in red stone of Jodhpur and its festival-pandal was constructed in Makrana stones. The image of Bhagavan Parshvanath installed in the underground cellar is extremely beautiful.

## ૩૯. શ્રી સેરિસા તીર્થ (શ્રીપાર્શ્વનાથ ભગવાન)

અમદાવાદ-મહેસાણા માર્ગ પર આવેલું અને કલોલથી આઠ કિ.મી. દૂર સેરિસા ગામની પૂર્વ દિશામાં શ્રી સેરિસા તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૬૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એમ કહેવાય છે કે સેરિસા એક સમયે સોનપુર નગરીનો એક ભાગ હતું. આજે એ સોનપુર નગરીનું અસ્તિત્વ જડતું નથી, પણ સેરિસા એક ભવ્ય અને મનોરમ તીર્થસ્થળ તરીકે આજેય ખ્યાતનામ છે. અહીં જોવા મળતા ખંડેરો, અવશેષો, અને સ્તંભો વગેરે પ્રાચીન હોવાનું લાગે છે. વીર નિર્વાણની ૧૮મી સદીમાં શ્રી દેવેન્દ્રસૂરિજી દ્વારા શ્રી પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ મળે છે અહીંયાં મળતા એક લેખ પરથી એમ જણાય છે કે વિક્રમની તેરમી સદીમાં ગુજરાતના તેજસ્વી મંત્રી વસ્તુપાળ-તેજપાળે પોતાના ભાઈ માલદેવ તથા તેમના પુત્ર પુનસિંહના શ્રેયાર્થે સેરિસા મહાતીર્થમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવી હતી. કવિવર શ્રી લાવણ્યસમયે વિ.સં. ૧૫૬૨માં અત્યંત ભકિતપૂર્વક સેરિસાતીર્થ સ્તવનની રચના કરી હતી. મુસ્લિમ આક્રમણોને કારણે ખંડિત બનેલા આ તીર્થનો વખતોવખત જીર્ણોદ્ધાર થતો રહ્યો. અમદાવાદના શ્રેષ્ઠી સારાભાઈ ડાહ્યાભાઈ નિર્મિત નૂતન જિનાલયમાં વિ.સં. ૨૦૦૨માં તીર્થોદ્ધારક શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મ.ના સુહસ્તે વૈશાખ સુદ દસમના દિવસે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી. આનો મૂળ ગભારો જોધપુરી લાલ પથ્થરનો અને રંગમંડપ મકરાણાના પથ્થરથી બનાવેલો છે. અહીં ભોંયરામાં બિરાજેલી ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા અત્યંત સુંદર છે.



તીર્થવંદના - ૩૯

(૧) કોરડીઆ રતિલાલ ભગવાનજીના ચાતુર્માસ નિમિત્તેહ : સહપરિવાર

(૨) કોરડીઆ શારદાબહેને રતિલાલના ચાતુર્માસ નિમિત્તે - ઘાટકોપર

(૩) સા. ભદ્રગુણાશ્રીજીની પ્રેરણાથી શરદ, દીપક, નીતિન, ઈલા

(૪) સ્વીટુ, માનસી, ચિતલ, અંકિત, કલ્પેશ, કિલોલ, અનેરી

(૫) સા. શ્રી કલ્પેશપદમાશ્રીજીના ચાતુર્માસ - નવાણુયાત્રા નિમિત્તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**40. SHRI SHANTINATH BHAGAVAN** (શ્રીશાંતિનાથ ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 40. SHRI IDAR TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

Besides being a tirtha of antiquity Shri Idar tirtha, situated in the midst of mountains encircled by exquisite charms of nature, is also renowned because it is the birth-place of famous revered Acharyas and liberal Shravakas. In this tirtha we have an idol of MULANAYAKA Shri Shantinath Bhagavan; white in complexion, about 68 cms. in height and in Padmasana posture. The whole temple looks like a divine plane; 160 ft. in length, 125 ft. in breadth and 55 ft. in height. Modern Idar town is not situated at its original spot. Actually, the remnants of the ancient Idar lie in the valley of the montain in the north of the present town. They are silent evidence of history. We have a reference which states that 285 years after the emancipation of Bhagavan Mahavira, King Samprati got ceremoniously installed this idol of Shri Shantinath Bhagavan. Shri Jinapatisuri, of the days of King Kumarapala has written in "Tirthamala" that Kumarpala got installed, on the Idar mountain, idol of the first Jineshvara. "Stavana of Rishabhadeva of Idar" composed by Muni Sundarasuri states that Govinda Shreshti had got renovated the temple constructed by king Kumarapala. Thereafter, in V.S. 1681, Acharya Shri Vijayadeva Surishvaraji ceremoniously installed a new idol of Shri Adeeshvara Prabhu as another reference tells us. After the seventeenth century Shri Sangha repaired and renovated it and installed the image of Shri Shantinath Bhagavan. The last renovation of the temple took place at the auspicous hands of revered Acharya Shri Vijayalabdhisurishvaraji Maharaj in V.S. 1970. Devotees experience here a unique peace of mind by the sanctifying DARSHAN of MULANAYAKA Bhagavan Shantinath.

## ૪૦. શ્રી ઈડર તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

રમણીય પ્રકૃતિથી યુકત પહાડોની વચ્ચે આવેલું શ્રી ઇડર તીર્થ પ્રાચીનતાની સાથોસાથ સમર્થ આચાર્ય ભગવંતો અને દાનેશ્વરી શ્રાવકોની જન્મભૂમિ હોવાને કારણે વિશેષ ગૌરવ ધરાવે છે. આ તીર્થમાં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૬૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આખુંયે મંદિર દેવવિમાન સમું લાગે છે. એની લંબાઇ ૧૬૦ ફૂટ, પહોળાઇ ૧૨૫ ફૂટ તથા ઊંચાઇ ૫૫ ફૂટ છે. આજનું ઇડર નગર એના પ્રાચીન સ્થળ પર નથી. પ્રાચીન ઇડરના અવશેષો તો આજના ઇડરની ઉત્તર દિશામાં પહાડની તળેટીમાં પડેલા છે. આ અવશેષો જ એ ઇતિહાસગાથાના મૂક સાક્ષી છે. ભગવાન મહાવીરના નિર્વાણના ૨૮૫ વર્ષ બાદ શ્રી સમ્પ્રતિ રાજાએ શ્રીશાંતિનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી એવો ઉલ્લેખ મળે છે. જયારે મહારાજા કુમારપાળના સમયમાં વિધમાન શ્રી જિનપતિસૂરિએ તીર્થમાળામાં લખ્યું છે કે ઇડરગિરિ પર કુમારપાળે બનાવેલા મંદિરમાં પ્રથમ જિનેશ્વર સ્થાપિત કર્યા. શ્રી મુનિસુંદરસૂરિએ રચેલા 'ઇડરનાં ઋષભદેવ સ્તવન'માં કુમારપાળે બંધાવેલા મંદિરનો જીર્ણોદ્ધાર ગોવિંદ શ્રેષ્ઠીએ કરાવ્યો તેવો ઉલ્લેખ છે. એ પછી વિ.સં. ૧૬૮૧ માં આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી દ્વારા શ્રીઆદીશ્વર પ્રભુની નવીન પ્રતિમા પ્રતિષ્ઠિત કર્યાનો પણ ઉલ્લેખ છે. ૧૭મી સદી પછી શ્રી સંઘ દ્વારા મંદિરનો ફરી જીર્ણોદ્ધાર થયો અને તેમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી. આનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૭૦માં પૂ.આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો હતો. અહીં મૂળનાયક ભગવાન શાંતિનાથના પાવન દર્શનથી ભકતજન અનુપમ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.



તીર્થવંદના-૪૦

(૧) અ.સૌ. સ્વ. મુક્તાબહેન મણિલાલ સલોત-મોરચુપણા

(૨) નેમીબહેન રતિલાલ વનમાળી હઃ રમણ, કિરિટ, તળાજા-મદ્રાસ


(૩) વીરચંદ ચંપકલાલ ઝવેરી સં. ૨૦૫૧ ચાતુર્માસ નિમિત્તે-મુંબઈ

(૪) જયાબહેન વીરચંદ ઝવેરી સં. ૨૦૫૧ દસ ઉપવાસ નિમિત્તે-મુંબઈ

(૫) લીલાવંતી શાંતિલાલ રામજી શાહ ચતુર્થવ્રતસ્વીકાર ચાતુર્માસ નિમિત્તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




41. SHRI NEMINATH BHAGAVAN (શ્રીનેમિનાથ ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 41. SHRI BHOROL TIRTHA (SHRI NEMINATH BHAGAVAN)

The tirtha stands in the very heart of Bhorol situated at a distance of 60 kms. from Deesa. Here stands an idol of MULANAYAKA Shri Neminath Bhagavan; black in complexion, about 76 cms. in height and in Padmasana posture. In ancient days this tirtha was known by the names Pipalpur-Patan, Pipalagrama etc. So many ancient images and remnants excavated from the land over here stand as an evidence of the fact that this tirtha is very old. There was a time when there were so many Jain temples and places of residence of Jain Shravakas. It seems that upto the fifteenth century this tirtha was very rich and gorgeous. The idol of MULANAYAKA Shri Neminath Bhagavan is highly impressive and full of miracles. Fairs are held here every year on the fifteenth day of Kartak and Chaitra. All other idols of the tirtha were excavated from the ground. We have here unbroken images of the times of King Samprati; extremely charming. We have a reference which tells us that at the instance of the sermonizing of Acharya Shri Punyatilaka surishvaraji, Sheth Punjalal of Shrimal got constructed a temple in V.S. 1302 outside the city; with 1444 pillars and 72 shrines for Gods. Earlier in V.S. 1261, Shri Jayaprabhu surishvaraji ceremoniously installed an image of Shri Neminath Bhagavan as another reference tells us. Thus, it is clear that the temple must have been in existence earlier before Sheth Punjalal got constructed this vast temple. In V.S. 1922, on the third day of the bright half of Bhadrapada, a broken hillock of an old tank was dug and from it an unbroken idol of Shri Neminath Bhagavan in black complexion was found. It was installed in the Bhorol temple. Both Jains and non-Jains propitiate it in all faith and devotion.

## ૪૧. શ્રી ભોરોલ તીર્થ (શ્રીનેમિનાથ ભગવાન)

ડીસાથી ૬૦ કિ.મી. દૂર આવેલા ભોરોલ ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે. પ્રાચીનકાળમાં આ તીર્થ પીપલપુર-પાટણ, પીપલગ્રામ વગેરે નામોથી વિખ્યાત હતું. અહીં ની જમીનમાંથી પ્રાપ્ત થયેલી અનેક પ્રાચીન પ્રતિમાઓ અને અવશેષો પણ આ તીર્થની પ્રાચીનતાની ખાતરી આપે છે. એક સમયે અહીં અનેક જૈન મંદિરો અને જૈન શ્રાવકોનાં નિવાસસ્થાનો હતાં તેમ જ ૧૫મી સદી સુધી આ તીર્થ ભારે જાહોજલાલી ધરાવતું હશે એમ લાગે છે. મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા અત્યંત પ્રભાવક અને ચમત્કારિક છે. દર વર્ષે કારતક અને ચૈત્ર મહિનાની પૂનમે અહીં મેળો ભરાય છે. આ તીર્થના મંદિરની બીજી બધી જ પ્રતિમાઓ જમીનમાંથી પ્રાપ્ત થયેલી. રાજા સમ્પ્રતિ કાળની મનોરમ અને અખંડ પ્રતિમાઓ છે. આ. શ્રી પુણ્યતિલકસૂરીશ્વરજીના ઉપદેશથી વિ.સં. ૧૩૦૨માં શ્રીમાલ શેઠ પૂંજાશાહે શહેરની બહાર ૧૪૪૪ સ્તંભોવાળું ૭૨ દેવકુલિકાઓવાળું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. એ અગાઉ વિ.સં. ૧૨૬૧માં શ્રી જયપ્રભુસૂરીશ્વરજી દ્વારા નેમિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. આમ શેઠ પૂંજાશાહે વિશાળ મંદિર બંધાવ્યું તે પહેલાં આ તીર્થ અસ્તિત્વમાં હોવું જોઇએ. વિ.સં. ૧૯૨૨ના ભાદરવા સુદ ત્રીજના દિવસે એક તૂટેલા જીર્ણ તળાવનો ટેકરો ખોદતાં શ્યામ વર્ણની શ્રીનેમિનાથ ભગવાનની અખંડ પ્રતિમા મળી આવી હતી, જે આજે ભોરોલના મંદિરમાં સ્થાપિત કરી છે. જૈનો અને જૈનેતરો બંને શ્રદ્ધાપૂર્વક એમની ઉપાસના કરે છે.



તીર્થવંદના-૪૧

(૧) સવિતાબહેન ચંદુલાલ શાહ-સુરેન્દ્રનગર

(૨) સુરેશચંદ્ર ચંદુલાલ શાહના ૬૮ ઉપવાસ નિમિત્તે-મુંબઈ

(૩) મિનલ, અમીષ, દેસંના, વર્ષા, સુરેશભાઇ શાંહ-મુંબઈ

(૪) વિપુલ, જીતેશ, કોકીલાબહેન, પ્રવીણચંદ્ર શાહ-સુરેન્દ્રનગર

(૫) જાગૃતિ, વૈશાલી, પરેશા, રૂપા, પ્રિયંકા, ઈન્દુરત્ના, ભાવિકા રમેશચંદ્ર શાહ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**42. SHRI KALIKUNDA PARSHVANATH BHAGAVAN (શ્રીકલિકુંડ પાર્શ્વનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 42. SHRI DHOLAKA TIRTHA (SHRI KALIKUNDA PARSHVANATH BHAGAVAN)

The ancient name of Dholka was Dhavalakapura and according to the stories current there, this Dholka is the Viratanagara of the times of Mahabharata period. To-day there are three Jain temples in this ancient town. The Jina temple got constructed by Vastupal-Tejpal is situated in Ambaji Pole. To-day, in this temple we have an idol of Shri Sumatinath Bhagavan; ¼ ft. in height, tawny in colour and with PARIKARA. Shri Shantinath Bhagavan is installed in a temple with a dome and a unique type of structure, in Panchabhai Pole. In Bhala Pole we have a domestic temple of Shri Adishvara Bhagavan; pretty old. This town is the birth-place of the renowned Acharya Dada Shri Jinadattasuri and the place of initiation into monkhood of the most revered Acharya Shri Dharmadev Upadhyaya. Vastupal-Tejpal, Pethadashah, Jivanashah and other Shreshthis are also known to have constructed Jina temples.

Shri Kalikunda Parshvanath Tirtha is situated at a distance of one km. from the station Dholaka. Here we have an idol of MULANAYAKA Shri Kalikunda Parshvanath Bhagavan; white in complexion, about 120 cms. in height and in Padmasana posture. In the limbs of this image there lies such unsually exquisite art that we would have the impression that Shri Prabhu is obliging, by his sweet smile, his devotees who view him attentively. In the 12th century, so many renowned Acharayas paid a visit to this Tirtha and got several Jina temples duly constructed. The idol of Shri Kalikund Parshvanath Bhagavan is pretty old. We have no information or record as to who ceremoniously installed it and when.

## ૪૨. શ્રી ધોળકા તીર્થ (શ્રીકલિકુંડ પાર્શ્વનાથ ભગવાન)

ધોળકા ગામનું પ્રાચીન નામ ધવલકપુર હતુંઅને લોકવાયકા પ્રમાણે તો આ ધોળકાએ જ મહાભારત કાળનું વિરાટનગર હતું. આ પ્રાચીન નગરમાંઆજે ત્રણ જિનાલય વિધમાન છે. એની અંબાજીની પોળમાં મંત્રીશ્વર વસ્તુપાળ-તેજપાળે બંધાવેલું જિનમંદિર છે. આજે આ જિનમંદિરમાં મૂળનાયક શ્રીસુમતિનાથ ભગવાનની બદામી વર્ણની સવા ફૂટ ઊંચી સપરિકર પ્રતિમા બિરાજમાન છે. પંચભાઇની પોળમાં આવેલું ઘુમ્મટબંધી શ્રીશાંતિનાથ ભગવાનનું નિરાળી બાંધણી ધરાવતું મંદિર છે તો ભાલા પોળમાંઆવેલું શ્રીઆદીશ્વર ભગવાનનું ઘર દેરાસર પ્રાચીન છે. આ નગરએ યુગપ્રધાનાચાર્ય પ્રથમ દાદા શ્રી જિનદત્તસૂરિનું જન્મસ્થળઅને પ.પૂ.આ. શ્રી ધર્મદેવ ઉપાધ્યાયજીનું દીક્ષાસ્થળ છે. વસ્તુપાળ-તેજપાળ, પેથડશા, જીવણશાહ તથાઅન્ય શ્રેષ્ઠીઓએ ધોળકામાં જિનમંદિર બંધાવ્યાના ગ્રંથમાં ઉલ્લેખ છે.

जैन साइट JAINSITE.com

ધોળકા રેલવે સ્ટેશનથી એક કિ.મી. દૂર શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થ આવેલું છે. અહીં પ્રાચીન મૂળનાયક શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૨૦ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાનાઅંગ-પ્રત્યંગના રેખાંકનમાંએકએવીઅનોખી કલા છે કે જો થોડી વાર એકીટસે પ્રભુને નીરખીએ તો એમ લાગે કે ભગવાન મધુર સ્મિત સાથે ભકતોને ઉપકૃત કરી રહ્યા છે. ૧૨મી સદીમાં અનેક સમર્થ આચાર્યોનુંઅહીં આગમન થયું હતુંઅને અનેક જિનમંદિરોની રચનાના ઉલ્લેખ મળે છે. કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઅતિ પ્રાચીન છે. તેની કોણે, કયારે પ્રતિષ્ઠા કરાવી હશે તેની માહિતી સાંપડતી નથી.



**તીર્થવંદના - ૪૨**

(૧) સારાભાઈ ચીમનલાલ ઝવેરી - શાન્તાક્રુઝ - મુંબઈ

(૨) નીલાબહેન સારાભાઈ ઝવેરી - શાન્તાક્રુઝ - મુંબઈ


(૩) સ્વ. ચીમનલાલ ઇચ્છાચંદ ઝવેરી - માટુંગા મુંબઈ

(૪) સ્વ. સવિતાબહેન ચીમનલાલ ઝવેરી - માટુંગા મુંબઈ

(૫) કેતન સા. ઝવેરી, ડૉ.મીતા, દિવીતા, ઉર્મીતા,ઝવેરી - શાન્તાક્રુઝ - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**43. SHRI VASUPUJYA BHAGAVAN (શ્રીવાસુપૂજ્ય ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 43. SHRI SARKHEJ TIRTHA (SHRI VASUPUJYA BHAGAVAN)

The tirtha is situated in Sarkhej that is at a distance of some eight kms. from Ahmedabad. This tirtha is sanctified by the touch of the feet of so many learned divine Acharyas like Shri Hiravijayasurishvaraji Maharaj who delivered sermons to emperor Akbar. Here Shri Premabhai Hemabhai constructed a new Jina temple and ceremoniously installed MULANAYAKA Bhagavan Vasupujya in V.S. 1911. An inscription of V.S. 1903 is found on the idol. We have here 5 idols of stone and eight of metal. The place is really charming. The renovation of this temple was done at the auspicious hands of Acharya Shri Vijayachandrodayasurishvaraji in the line of Shri Vijayanemisurishvaraji—Vijnanakasturasuri. Here, gorgeous images of Shri Padmavatidevi and Chakkreshvaridevi are installed and thousands of pilgrims fulfil their cherished desires by their DARSHAN. Here we have a residential accomodation, Pathashala, Upashraya etc.

Sarkhej and its Jina temple are referred to in the ancient Chaitya tradition and also Hirasurirasa. It is therefore very much likely that the town and the Jina temple must have been existent in the 12th or 13th century. Revered Acharya, groups of munis who grace Ahmedabad by their visits also pay a visit to Sarkhej when they proceed further. Again, many Sanghas and groups of Ahmedabad pay a visit to Sarkhej and reap, the benefit of devotion to Shri Jina.

## ૪૩. શ્રી સરખેજ તીર્થ (શ્રીવાસુપૂજય ભગવાન)

અમદાવાદથી આશરે આઠ કિ.મી. દૂર આવેલા સરખેજમાં આવેલું આ તીર્થ છે. અકબર પ્રતિબોધક હીરવિજયસૂરીશ્વરજી મ. આદિ અનેક ધુરંધર આચાર્યભગવંતોનો ચરણસ્પર્શથી પાવન બનેલું આ પવિત્ર સ્થળ છે. અહીં નગરશેઠ શ્રી પ્રેમાભાઇ હેમાભાઇએ નૂતન જિનાલયનું નિર્માણ કર્યું અને વિ.સં. ૧૯૧૧માં મૂળનાયક ભગવાન વાસુપૂજયને એમાં પ્રતિષ્ઠિત કર્યા. પ્રતિમાજી ઉપર વિ.સં. ૧૯૦૩નો લેખ મળે છે. અહીં પાષાણની પાંચ અને ધાતુની આઠ પ્રતિમાઓ મળે છે. આ સ્થળ અત્યંત દર્શનીય છે. આ તીર્થનો જીર્ણોદ્ધાર અને પુનઃપ્રતિષ્ઠા શ્રી વિજયનેમિશ્વર-વિજ્ઞાન-કસ્તૂરસૂરિપટ આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.ના સુહસ્તે થયો. અહીં શાસનપ્રભાવક શ્રી પદ્માવતીદેવી અને ચક્રેશ્વરીદેવીની ભવ્ય પ્રતિમા પ્રતિષ્ઠિત હોવાને લીધે હજારો યાત્રાળુઓ દર્શન કરીને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. અહીં ઉપાશ્રય, પાઠશાળા, ધર્મશાળા આદિ ધર્મસ્થાનો પણ છે.

પ્રાચીન ચૈત્યપરિપાટી તથા હીરસૂરિરાસમાં સરખેજ અને તેનાં જિનમંદિરોનો ઉલ્લેખ મળે છે. આથી એવી શકયતા છે કે ૧૨-૧૩મા સૈકામાં સરખેજ ગામ તથા જિનમંદિર હોવું જોઇએ. રાજનગર અમદાવાદમાં પધારતા અથવા તો અમદાવાદથી અન્યત્ર જતાં આચાર્ય ભગવંતો, મુનિમંડળો તથા સાધ્વીજી મહારાજો ઘણી મોટી સંખ્યામાં સરખેજ પધારે છે. વળી અમદાવાદના અનેક સંઘો તથા મંડળો સરખેજ આવીને જિનભક્તિનો લાભ લે છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૪૩**

(૧) રમણીકલાલ ત્રિભોવનદાસ સલોત (પાલિતાણા) - મુંબઈ
(૨) જયાબહેન રમણીકલાલ સલોત (પાલિતાણા) - મુંબઈ
(૩) કિરીટકુમાર રમણીકલાલ સલોત (પાલિતાણા) - મુંબઈ
(૪) અતુલકુમાર રમણીકલાલ સલોત (પાલિતાણા) - મુંબઈ
(૫) ભરતકુમાર રમણીકલાલ સલોત (પાલિતાણા) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**44. SHRI DHARMANATH BHAGAVAN (શ્રીધર્મનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 44. SHRI KARNAVATI TIRTHA (AHMEDABAD) (SHRI DHARMANATH BHAGAVAN)

This tirtha is situated in the Hatheesing Vadi outside the Delhi gate in Ahmedabad city. The architecture of this Jina temple holds a unique place and greatness. Unusually fine indeed is the beauty of this vast complex with fifty two Jina temples. There is no equal of its structure and its art and architecture bring to our memory, the temples at Abu-Delvada. Fergusson, James Samulson, Ananda Kumaraswami and Ratnamanirao Jote etc. have freely eulogized it. There is a fine pandal with one storey on the complex. The carving on the middling pandal and underground cellar is the best to be had. There is an upper floor and underground cellar. The art of the divine plane is also pleasing and artistic. The gods and goddesses installed on the outskirts are simply charming. There is here an abundance of gorgeous ornaments, lovely shapes, delightful beauty and girdles with types full of variety. Nertwork of windows is in abundance. There is no end to extremely elevated carving with exiquisite taste. On the death of Sheth Hutheesing his wife Harakunvar spent lakhs of rupees on the temple and held a 21 day celebration on a vast scale and got the installation ceremony performed at the auspicious hands of Acharya Shri Shantisagara surishvaraji on the sacred eleventh day of the bright half of Maha in V.S. 1903.

At one time this city was a centre of the Jaina faith. In the 10th century there was here a vast temple of Parshvanath Bhagavan. Minister Udayana constructed here a vasta Jain temple "Udayana Vihara" by name. Jain temples here were in hundreds. To-day also there are more than 225 Jina temples over here. Of all the temples in the city the temple of Shri Sambhavanatha is considered to be the oldest of the Jaina temples.

## ૪૪. શ્રી કર્ણાવતી તીર્થ (અમદાવાદ) (શ્રીધર્મનાથ ભગવાન)

અમદાવાદ શહેરમાં દિલ્હી દરવાજાની બહાર શેઠ હઠીસિંહની વાડીમાં આ તીર્થ આવેલું છે. શેઠ હઠીસિંહ જિનાલય ગુજરાતનાં સ્થાપત્યોમાં વિશિષ્ટ ગૌરવ ધરાવે છે. આ અનુપમ વિશાળ બાવન જિનાલય મંદિરની શોભાઅનેરી છે. એની નિર્માણકલા અજોડ છે અને એની શિલ્પકલા આબુ-દેલવાડાનું સ્મરણ કરાવે છે. ફર્ગ્યુસન, જેમ્સ સેમ્યૂલસન, આનંદકુમાર સ્વામી અને રત્નમણિરાવ જોટે આદિએ અહીંની શિલ્પકલાની મુકતકંઠે પ્રશંસા કરી છે. આ જિનાલયમાં એક માળવાળો સુંદર મંડપ છે. વચલા મંડપ અને ગભારાની કોતરણી ઉત્તમ પ્રકારની છે. ઉપર માળ અને નીચે ભોંયરૂં છે. દેવવિમાનનું કામ પણ કલાત્મક છે. મંદિરની બહારની દેવકુલિકાઓની આકૃતિઓ સુંદર અને લાવણ્યમયી છે. ઠસ્સાદાર અલંકારો, સૌષ્ઠવપૂર્ણ આકારો, મનમોહક સૌંદર્ય અને વૈવિધ્યભરી ભાતોની વિપુલતા અહીં પ્રગટ થાય છે. જુદા જુદા પ્રકારની જાળીઓ પણ પુષ્કળ પ્રમાણમાં દેખાય છે. ઉચ્ચ સંસ્કાર અને સુરુચિભરી કોરણીનો તો અહીં પાર નથી. શેઠ હઠીસિંહના અવસાન પછી એમનાં ધર્મપત્ની હરકુંવર શેઠાણીએ લાખો રૂપિયા ખર્ચીને ૨૧ દિવસના વિરાટ મહોત્સવ સાથે વિ.સં. ૧૯૦૩ની મહા વદ ૧૧ના શુભ દિને આ. શ્રી શાંતિસાગરસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી.

એક સમયે આ નગર જૈન ધર્મનું કેન્દ્ર હતું. ૧૦મી સદીમાં પાર્શ્વનાથ ભગવાનનું એક વિશાળ મંદિર અહીં હતું. ઉદયન મંત્રીએ ઉદયનવિહાર નામથી એક વિશાળ જૈનમંદિરનું અહીં નિર્માણ કર્યું હતું. અહીં સેંકડોની સંખ્યામાં જૈન મંદિરો હતાં. આજે પણ આશરે ૨૨૫થી વધારે જિનાલય છે. આ બધાં જ મંદિરોમાં ઝવેરીવાડમાં આવેલું શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર શહેરનું સૌથી પ્રાચીન જૈનમંદિર ગણાય છે.



**તીર્થવંદના - ૪૪**

(૧) હર્ષપૂર્ણાશ્રીજીની ૭૨મી ઓળી નિમિત્તે હ. તેજસ - વલસાડ

(૨) મંજુલા જયંતીલાલ સંઘવી હઃ નિકેશ, રાગિણી, પ્રિયંક, ફોરમ

(૩) લલીતાદેવી જયચંદ, કસ્તુરચંદ સોલંકી પરિવાર - પિન્ડવાડા

(૪) સ્વ. સંઘવી રેવાબહેન મણિલાલના સ્મરણાર્થે હ. ચંપકભાઈ,

(૫) પદમાબહેન ચંદુલાલ દુર્લભદાસ વાસા ચોમાસા નિમિત્તે હ. વિજય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



45. SACHA DEV SHRI SUMATINATH BHAGAVAN (સાચા દેવ શ્રીસુમતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 45. SHRI MATARA TIRTHA (SACHA DEV SHRI SUMATINATH BHAGAVAN)

This tirtha is situated in the heart of the village Matar on the main road. It has the idol of MULANAYAKA Shri Sumatinath Bhagavan; white in complexion, some 16 cms. in height and in Padmasana posture. The history of the idol of Sacha Deva Shri Sumatinath Prabhu is miraculous and full of all interest. The idol revealed itself from the ground of Sihunja Village in the vicinity of Mahudha in Kheda district. There is evidence of writing which states that its ceremonious installation was performed on a Sunday on the seventh day of the bright half of the month of Vaishakh in V.S. 1523. This miraculous idol was brought to Matar. A majestic temple was constructed here and a second religious installation took place on a Thursday on the third day of the bright half of the month of Jeth in V.S. 1854. The idol was placed in a Chariot and brought to Matar from Sihunj. Just at the time, there was very heavy rain on the confluence of the rivers Vatrak and Shedhi. But the charioteer saw only sands in place of rain-water, proceeded, and all the devotees who followed forded river without any obstacle whatsoever. All devotees proclaimed victory in all delight—"This is the True God!" and from that day the god became known as Sacha Deva Sumatinath on all sides. So many stories of later miracles follow. In V.S. 1977 the fifty two temples were again renovated and the religious ceremonies of installation and ANJANASHALAKA took place. In this Shri Jamnabhai Bhagubhai took leading part. The temple of the MULANAYAKA was re-installed cermoniously on the fifth day of the bright half of Vaishakh in the year V.S. 2007 at the auspicious hands of Acharyashri Vijayasiddhisurishvaraji. In front of this idol, in the underground Cellar there are five idols of Sumatinath Bhagavan. Idol of a goddess of the 12th-13th century is also found in the temple.

## ૪૫. શ્રી માતર તીર્થ (સાચા દેવ શ્રીસુમતિનાથ ભગવાન)

માતર ગામની મધ્યમાં મુખ્ય માર્ગ પર આ તીર્થ આવેલું છે. મૂળનાયક શ્રીસુમિતનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. અત્યંત ચમત્કારિક ગણાતી સાચા દેવ શ્રીસુમિતનાથ પ્રભુની પ્રતિમાનો રસપ્રદ ઇતિહાસ છે. ખેડા જિલ્લાના મહુધા ગામની પાસે આવેલા સિહુંજ ગામની જમીનમાંથી આ પ્રતિમા પ્રગટી હતી. એના ઉપર વિ.સં. ૧૫૨૩ વૈશાખ સુદ સાતમને રવિવારના દિવસે શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના હાથે પ્રાણપ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. આ ચમત્કારિક પ્રતિમાને માતર લાવવામાં આવી. અહીં ભવ્ય મંદિર બંધાવીને વિ.સં. ૧૮૫૪ જેઠ સુદ ત્રીજ ગુરુવારના દિવસે ફરીથી તેની પ્રતિષ્ઠા થઇ. આ પ્રતિમાને રથમાં બેસાડીને સહુંજ ગામથી માતર લાવવામાં આવતી હતી ત્યારે વાત્રક અને શેઢી નદીના સંગમ પાસે મૂશળધાર વરસાદને કારણે પૂર આવ્યું, પણ રથ ચલાવનારને પાણીને બદલે રેતી દેખાતી હતી અને તેની પાછળ ચાલ્યા આવતા બધા જ ભકતજનો નિર્વિઘ્ને નદી પાર કરી ગયા. આથી જ સૌ ભાવિકજનોએ જયજયકાર કરીને કહ્યું કે, 'આ સાચા દેવ છે' અને તે દિવસથી પ્રભુ સાચા દેવ સુમતિનાથ તરીકે સર્વત્ર જાણીતા થયા. એ પછી પણ અહીં અનેક ચમત્કારોની કથા મળે છે. વિ.સં. ૧૯૭૭માં શાસનસમ્રાટ આ.મ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.ના શુભ હસ્તે બાવન જિનાલયોનો પુન:જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા અને અંજનશલાકા થયાં. આમાં શ્રી જમનાભાઇ ભગુભાઇએ મોટો લાભ લીધો. વિ.સં. ૨૦૦૭ના વૈશાખ સુદી પાંચમના રોજ આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ.ના હાથે આ મૂળનાયકના મંદિરની પુન: પ્રતિષ્ઠા થઇ. મૂળનાયકજીની સામે ગભારામાં પાંચમાં સુમતિનાથ ભગવાનની પ્રતિમાજી છે. આ મંદિરમાં બારમા-તેરમા સૈકાની એક દેવીની પ્રાચીન મૂર્તિ પણ મળે છે.




**તીર્થવંદના - ૪૫**

(૧) દમયંતીબહેન ડૉ. અનંતરાય દોશી - મુંબઈ
(૨) શાન્તાબાઈ રતનચંદ મંછાજી મુથા હ: ચંદનમલ, મહેન્દ્ર,
(૩) સ્વ. પુષ્પાબહેન નટવરલાલ ચંદુલાલ શાહના શ્રેણીતપ નિમિત્તે-બાલાસિનોર
(૪) શાહ અમૃતલાલ નગીનદાસ તથા સૂર્યાબહેનના ચોમાસા નિમિત્તે-પુંજાપરા
(૫) સ્વ. ગોપાળજી, જીવરાજ (જસપરાવાળા) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




46. SHRI NEMINATH BHAGAVAN (શ્રીનેમિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 46. SHRI PAROLI TIRTHA (SHRI NEMINATH BHAGAVAN)

This tirtha is situated at a distance of just 16 kms. from Vejalpur near Godhra. Here, in the heart of the town there stands the temple with an ancient idol of MULANAYAKA Shri Neminath Bhagavan. The history of this divine image is as old as history and full of miracles. The Prabhu here is known as "Sacha Deva Shri Neminath"; the art of the idol is extremely pleasing. It is said that in the times of Sultan Mahummad Begada, in V.S. 1540, the idol was in Dhaneshvar village. It was kept well protected in the river through the fear of attacks by muslims. After a lapse of some years the family members of Shri Nathabhai of Chhani village got an indication about the idol in a dream. On excavation, the idol of Shri Neminath Bhagavan revealed itself. Residents of Vejalpur and other villages insisted on taking the idol to their own villages. Ultimately it was resolved and accepted that the sacred idol should be installed in a cart and a temple be constructed where the cart stopped. It is said that the cart stopped at this spot in Paroli village. The Shri Sangha of the place therefore constructed this majestic temple and ceremoniously installed the idol therein. So many non-Jain devotees also come here for DARSHAN. Devotees here experience that Sacha Deva Bhagavan Neminath has showered limitless favour on them.

## ૪૬. શ્રી પારોલી તીર્થ (શ્રીનેમિનાથ ભગવાન)

આ તીર્થ ગોધરા નજીક આવેલા વેજલપુરથી માત્ર ૧૬ કિ.મી. દૂર છે અને અહીં ગામની મધ્યમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની અતિ પ્રાચીન પ્રતિમા છે. આ પ્રભુપ્રતિમાનો ઇતિહાસ પણ એટલો જ પ્રાચીન, ભવ્ય અને ચમત્કારપૂર્ણ છે. આ પ્રભુને આથી જ 'સાચા દેવ શ્રીનેમિનાથ' કહેવામાં આવે છે. પ્રતિમાની કલા પણ અતિ નયનમનોહર છે. એમ કહેવાય છે કે સુલતાન મહંમદ બેગડાના સમયમાં વિ.સં. ૧૫૪૦માં ધનેશ્વર નામના ગામમાં આ પ્રતિમા હતી. મુસ્લિમ આક્રમણના ભયને કારણે એને નદીમાં સુરક્ષિત રાખી હતી. કેટલાંક વર્ષો બાદ છાણી ગામના શ્રી નાથાભાઇનાં કુટુંબીઓને સ્વપ્નમાં જિનપ્રતિમા નદીમાં હોવાનો દૈવી સંકેત મળ્યો. એ સ્થળે શોધ કરતાં શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રગટ થઇ. વેજલપુર અને બીજા ગામના નિવાસીઓએ પ્રતિમાજી પોતાના ગામમાં લાવવાનો આગ્રહ રાખ્યો. છેવટે એવું નક્કી થયું કે એક બળદગાડીમાં આ પ્રતિમાજીને બિરાજમાન કરવા. એ જ્યાં અટકે ત્યાં મંદિર બનાવવું. એમ કહે છે કે આ બળદગાડું પારોલી ગામની જગા પર અટકી ગયું. આથી અહીંના શ્રી સંઘ દ્વારા ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું અને તેમાં પ્રતિમાજીની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. અહીં ઘણા જૈનેતર ભક્તો પણ દર્શનાર્થે આવે છે. સાચા દેવ ભગવાન નેમિનાથ ભક્તને અસીમ કૃપાનો અનુભવ કરાવે છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૪૬**

(૧) અનોપબહેન દુર્લભદાસ દોશી, રંભાબહેન રતિલાલ, દુર્લભદાસ
(૨) દોશી પ્રવીણચંદ્ર રતિલાલ, મૃદુલાબહેન વિભા ઘાટકોપર - મુંબઈ
(૩) દોશી હીરેન પ્રવિણચંદ્ર, કોમલ, હીરેન, સોનલ, હીરેશ -
(૪) દોશી જ્યોતિ મનસુખલાલ રતિલાલ, પારસ, મોના હેમલ
(૫) દોશી રંભાબહેન રતિલાલ દુર્લભદાસ હ. પ્રવીણચંદ્ર ઘાટકોપર-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**47. SHRI STAMBHANA PARSHVANATH BHAGAVAN (શ્રીસ્તંભન પાર્શ્વનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 47. SHRI KHAMBHATA TIRTHA (SHRI STAMBHANA PARSHVANATH BHAGAVAN)

In this tirtha, situated in the Kharvada Mohalla of the city of Khambhat, we have an idol of MULANAYAKA Shri Stambhana Parshvanath Bhagavan; dark-blue in complexion, 23 cms. in height and in Padmasana posture. There was a time when the flag of sixty four ports was fluttering here. Contribution of liberal Shreshthis was vital in the prosperity of the port-city, the ancient name of which was Trambavatinagari. History of the impressive divine idol is written in letters of gold in the Scriptures. So many miraculous events took place here from the time of the 20th to the 24th Tirthankara. Then, for years the idols remained invisible. In V.S. 1111, Navangi commentator Shri Abhayadevasurishvaraji had divine inspiration; when the ruling deities were propitiated and pleased the idols revealed themselves before him. According to an Inscription found in the present temple, in V.S. 1165, the wife Bidada of Khela Sheth of the Modh family got constructed this majestic temple of Shri Stambhana Parshvanatha in V.S. 1165. In V.S. 1650, the Shri Sangha reconstructed the whole temple in all enthusiasm. Then the tirtha was renovated several times. Its last renovation took place in V.S. 1984 at the sacred hands of Acharya Shri Vijayanemisurishvaraji Maharaj. In Khambhata there are other 64 Jina temples. The Smrutimandir of Shri Hemachandracharya is also found here. It is said that the body of Shri Abhayadevasurishvaraji was freed from disease when he applied the bathing-water of the idol on his body. Kalikalasarvajna Hemchandracharya Maharaj was initiated into monkhood here and minister Udayana spread Jainism from here. This is also the birth-place of th poet Rishabhadasa.

## ૪૭. શ્રી ખંભાત તીર્થ (શ્રીસ્તંભન પાર્શ્વનાથ ભગવાન)

ખંભાત શહેરના ખારવાડા મહોલ્લામાં આવેલા આ તીર્થમાં મૂળનાયક શ્રી સ્તંભન પાર્શ્વનાથ ભગવાનની નીલવર્ણની ૨૩ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમાજી છે. એક કાળે ચોસઠ બંદરનો વાવટો જયાં ફરકતો હતોઅને જે નગરની જાહોજલાલીમાં દાનવીર નગરશ્રેષ્ઠીઓનો મહત્ત્વનો ફાળો હતો તે આ નગરનું પ્રાચીન નામ ત્રંબાવતી નગરી હતું. અહીંની પ્રભાવક પ્રભુ પ્રતિમાનો ઇતિહાસ શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે અંકિત છે. વીસમા તીર્થંકરથી ચોવીસમા તીર્થંકરના સમય સુધીમાં અહીં અનેક ચમત્કારિક ઘટનાઓ બની હતી. એ પછી વર્ષો સુધી આ પ્રતિમાઓઅદશ્ય રહી. વિ.સં. ૧૧૧૧માં નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજીને દૈવી પ્રેરણા મળી અને અધિષ્ઠાયક દેવો પ્રસન્ન થતાંએમની સામે આ પ્રતિમા પ્રગટ થઇ. હાલના મંદિરમાં મળતા એક શિલાલેખ અનુસાર વિ.સં. ૧૧૬૫માં મોઢ વંશના ખેલા શેઠની ધર્મપત્ની બિદડાએ સ્તંભન પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. વિ.સં. ૧૬૩૦માં શ્રી સંઘે અહીં ફરીથી મંદિર બનાવીને ઉત્સાહપૂર્વક પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. આ પછીઅનેક વાર જીર્ણોદ્ધાર થયો. એનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૮૪માં તીર્થોદ્ધારક શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો. આ સિવાય ખંભાતમાં ૬૪ જિનમંદિરો છે. શ્રી હેમચંદ્રાચાર્યનું સ્મૃતિમંદિર પણ અહીં છે. આ પ્રતિમાના ન્હવણજળથી શ્રી અભયદેવસૂરીશ્વરજીનો દેહ નીરોગી થયો હતો. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે અહીં દીક્ષા ગ્રહણ કરી હતી અને ઉદયન મંત્રીએઅહીં ધર્મપ્રભાવ ફેલાવ્યો હતો. કવિવર ઋષભદાસજીનીઆ જન્મભૂમિ છે.



તીર્થવંદના - ૪૭

(૧) સ્વ. કંચનબહેન કાંતિલાલ (ગવાડાવાલા) - પાર્લા

(૨) કાંતિલાલ રાજપાળ મહેતા શાન્તાબહેન ચોમાસા નિમિત્તે


(૩) કેશવજી ખીમજીભાઈ તથા દામજી ભાણજીભાઈ - મુલુન્ડ

(૪) શાહ સ્વ. ઓચ્છવલાલ જે. ના આત્મશ્રેયાર્થે હ. કાન્તાબહેન ઉમા - મલાડ

(૫) ચંદનબહેન ભાઈલાલ છોટાલાલ શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**48. SHRI ADISHVARA BHAGAVAN AND SHRI DHARMANATH BHAGAVAN**
(શ્રીઆદીશ્વર ભગવાન તથા શ્રીધર્મનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 48. SHRI KAVI TIRTHA

### (SHRI ADISHVARA BHAGAVAN AND SHRI DHARMANATH BHAGAVAN)

This tirtha is situated on the sea-shore in the vicinity of Kavi village which is at a distance of 96 kms. from Baroda and 80 kms. from Broach. The ancient name of Kavi is Kanakavati. It has two vast Jina temples; one is named Sarvajitaprasad and the other Ratnatilakaprasad. In the former resides MULANAYAKA Shri Rushabhadeva Bhagavan. Its renovation took place at the auspicious hands of Shri Vijayasenasurishvaraji in V.S. 1649. At this time Shreshthi Badua Gandhi converted this temple of wood and bricks into a majestic temple with peaks of stone. The temple is 90 ft. on east-west and 61 ft. in north and south in length and breadth.

The temple of Shri Dharmanatha Bhagavan was got constructed by Smt. Virabai, the wife of Shri Kunvarji Gandhi, a descendent of Ladaka Gandhi, in V.S. 1655. Its ceremonious installation took place at the auspicious hands of revered Acharya Shri Vijayasenasurishvaraji. In this temple, Shri Dharmanath Bhagavan presides as Mulanayaka. This temple has a tall peak and 52 small temples of gods. It is stated that this temple was named as Ratnatilakaprasad. Now and again the temple is renovated and repaired. According to an anecdote, this is known as a temple of mother-in-law and daugther-in-law. There was a rivalry between Smt. Hirabai and her daugther-in-law Veerabhai and this resulted in the construction of this temple. The art of the peaks of the temple as also the atmosphere all-around is very beautiful and inspires sacred feelings.

### ૪૮. શ્રી કાવી તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન તથા શ્રીધર્મનાથ ભગવાન)

વડોદરાથી ૧૬ કિ.મી. અને ભરૂચથી ૮૦ કિ.મી. દૂર આવેલા કાવી ગામ પાસે સમુદ્રતટ પર આ તીર્થ આવેલું છે. કાવીનું પ્રાચીન નામ છે કંકાવતી. અહીં બે વિશાળ જિનમંદિરો આવેલાં છે. એકનું નામ છે સર્વજીતપ્રાસાદ અને બીજાનું નામ છે રત્નતિલકપ્રાસાદ. સર્વજીતપ્રાસાદમાં મૂળનાયક શ્રીઋષભદેવ ભગવાન બિરાજે છે. આનો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૬૪૯માં શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.ના સુહસ્તે થયો હતો. આ સમયે શ્રેષ્ઠી બડુઆ ગાંધીએ કાષ્ઠ અને ઈંટોના બનાવેલા મંદિરને પથ્થરના શિખરબંધી ભવ્ય મંદિરમાં ફેરવી નાંખ્યું આ મંદિર પૂર્વ-પશ્ચિમ ૯૦ ફૂટ અને ઉત્તર-દક્ષિણ ૬૧ ફૂટ લાંબું-પહોળું છે.

जैन साइट JAINSITE .com

શ્રીધર્મનાથ ભગવાનનું મંદિર વિ.સં. ૧૬૫૫માં લાડકા ગાંધીના વંશજ શ્રી કુંવરજી ગાંધીનાં ધર્મપત્ની શ્રીમતી વીરાબાઈએ નિર્માણ કરાવ્યું અને એની પૂ.આ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.ના સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરમાં મૂળનાયક તરીકે શ્રીધર્મનાથ ભગવાન બિરાજે છે. આ મંદિર શિખરબંધી અને બાવન દેવકુલિકાવાળું છે. આનું નામ રત્નતિલકપ્રાસાદ રાખવામાં આવ્યું હતું તેવો ઉલ્લેખ મળે છે. સમયે સમયે આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો છે. એક દંતકથા અનુસાર આને સાસુ-વહુનું મંદિર કહેવામાં આવે છે. શ્રીમતી હીરાબાઈ અને એમની પુત્રવધૂ વીરાબાઈ વચ્ચે મંદિર બાંધવાની સ્પર્ધા થઈ અને તેને પરિણામે આ મંદિર બંધાયું. આ મંદિરનાં શિખરોની કલા તેમ જ એની આસપાસનું દૃશ્ય અત્યંત રમણીય અને પવિત્ર ભાવપ્રેરક છે.




**તીર્થવંદના - ૪૮**

(૧) જંસવંતલાલ ખુશાલદાસ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૨) પ્રેમચંદભાઈ ખુશાલદાસ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૩) વિનુભાઈ ખુશાલદાસ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૪) કિરીટભાઈ ખુશાલદાસ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૫) સુરેશભાઈ ખુશાલદાસ શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट JAINSITE .com

49. SHRI AMIJHARA PARSHVANATH BHAGAVAN (શ્રીઅમીઝરા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 49. SHRI GANDHARA TIRTHA (SHRI AMIJHARA PARSHVANATH BHAGAVAN)

This tirtha is situated on the sea-shore near the Gandhara village at a distance of 26 kms. from Broach; in the jungle in the midst of beautiful and impressive natural surroundings. Here we have an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan; white in complexion, in Padmasana posture. There was a time when Gandhara was renowned as a port. There were many Jina temples and quite a good population of Shravakas. According to the Inscription on the idol installed here, the idol was ceremoniously insalled at the hands of Jagadguru Shri Hiravijayasuriji in the seventeenth century of the Vikrama era; he was present here for CHATURMASA along with his vast group of pupils. The Moghul emperor Akbar invited him to Fattehapur Sikri and he accepted the invitation on the advice of the Sangha and its consent, considering the possibility of spread of Dharma. In the beginning of the 18th century, pirates from Khambhat looted this place and burnt it. To-day, such ruins are visible round the place. In the ancient days there were two temples over here—One of MULANAYAKA Shri Mahavir Swami and the other of Shri Amijhara Shri Parshvanath Bhagavan. Records available show that the former was of wood and raised in V.S. 1500. When the temple grew old and was in ruins, Harakunvar Shethani got it repaired and renovated in V.S. 1810. Thereafter, when there were cracks in the walls and saltishness was visible, Shri Sangha got it repaired again. At a distance of 19 kms. from here there is the village Dahej where many of the idols were taken from Gandhar. Prominent amongst these is the 30 cms. high image of Shri Hiravijayasuriji.

## ૪૯. શ્રી ગંધાર તીર્થ (શ્રીઅમીઝરા પાર્શ્વનાથ ભગવાન)

ભરૂચથી ૨૬ કિ.મી. દૂર સમુદ્રના કિનારે ગંધાર ગામની પાસે આ શ્રી ગંધાર તીર્થ આવેલું છે. સાગરકાંઠે નાનકડા ગામની પાસે જંગલમાં આવેલા આ સ્થળનું દશ્ય બહુ સુંદર અને મનમોહક છે. અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમા ખૂબ સુંદર અને પ્રભાવશાળી છે. એક કાળે ગંધારની બંદર તરીકે સારી એવી નામના હતી. જિનમંદિરો અને શ્રાવકોની વસ્તી પણ ઘણી હતી. અહીંની સ્થાપિત પ્રતિમા પરના એક લેખ અનુસાર વિ.સં. ૧૬૬૪ મહા સુદ દસમના દિવસે શ્રી વિજયસેનસૂરિજીના હાથે આની પ્રતિષ્ઠા થઇ હતી. વિક્રમની ૧૭મી સદીમાં જગદગુરુ શ્રી હીરવિજયસૂરીજી પોતાના વિશાળ શિષ્યસમુદાય સાથે અહીં ચાતુર્માસમાં બિરાજમાન હતા. મોગલ બાદશાહ અકબરે તેમને ફતેહપુર સિક્રી આવવા નિમંત્રણ મોકલ્યું ત્યારે શ્રી સંઘની સલાહ અને અનુમતિ લઇને તેમ જ ધર્મભાવની સંભાવના જોઇને એમણે સ્વીકાર કર્યો. ૧૮મા સૈકાની શરૂઆતમાં ચાંચિયાઓએ આ શહેર પર લૂંટ ચલાવીને એને બાળી નાંખ્યું. આજે આવા ભગ્ન અવશેષો આસપાસ જોવા મળે છે. અહીં પ્રાચીન બે જિનમંદિરો હતાં. એક મૂળનાયક શ્રીમહાવીર સ્વામી અને બીજું શ્રીઅમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું. પહેલું લાકડાનું મંદિર હતું અને તે વિ.સં. ૧૫૦૦માં બનાવ્યાનો ઉલ્લેખ મળે છે. આ મંદિર જીર્ણ થતાં વિ.સં. ૧૮૧૦માં હરકુંવર શેઠાણીએ એનો જીર્ણોદ્ધાર કર્યો. તે પછી વિ.સં. ૧૯૨૫માં ભીંતોમાં તિરાડ પડવાથી અને લુણો લાગવાથી શ્રી સંઘે એનું ફરી સમારકામ કરાવ્યું. અહીંથી ૧૯ કિ.મી. દૂર આવેલા દહેજ ગામમાં ગંધારથી લઇ જવામાં આવેલી અનેક પ્રતિમાઓમાં શ્રી હીરવિજયસૂરિજીની ૩૦ સે.મી. ઊંચી પ્રાચીન પ્રતિમાનો પણ સમાવેશ થાય છે.



**તીર્થવંદના - ૪૯**

(૧) અરવિંદાબહેન જસવંતલાલ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૨) હંસાબહેન પ્રેમચંદભાઈ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૩) પુષ્પાબહેન વિનુભાઈ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૪) સરોજબહેન કિરીટભાઈ શાહ હ. સુરેશભાઈ - વડોદરા
(૫) હેમાબહેન સુરેશભાઈ શાહ હ. સુરેશભાઈ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



50. SHRI MUNISUVRATASWAMI BHAGAVAN (શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 50. SHRI BHARUCH TIRTHA (SHRI MUNISUVRATASWAMI BHAGAVAN)

This tirtha is situated in the Bharuch city on the rail and road path, in the Shrimali Pole. Here we see the idol of Muni Suvrata Swami; black in complexion and in Padmasana posture. In the history of the Jainas, this ancient city is important from many points of view. Guru Gautama Swami has eulogized Muni Suvrata Swami, who is installed in Bharuch, in his "Jagachintamani Stotra" composed on the eight tirthas, Bhagavan Muni Suvrata Swami gave sermons to a horse here itself. Further, many prominent Acharyas have raised temples in this tirtha and have composed works also. At so many places do we come across ancient pieces of art because this is an ancient town.

In Bharuch we are shown the Ashvavabodha tirtha of the times of Muni Suvrata Swami, Shakunika Vihara of princess Sudarshana of Simhaladvipa and also the Vihara which was ceremoniously raised by Acharya Hemchandra in which Kumarapala has waved ARATI; is now coverted into a mosque. In the opinion of the archaeologists, the Jamamasjid of present Bharuch is probably this ancient temple. It is believed that in times of such invasions the idol of Shri Prabhu was kept at a safe spot, and, as time passed, new temples were constructed and the old idols were installed. To-day the idol is found in the new temple. There are here eleven other temples besides this.

## ૫૦. શ્રી ભરૂચ તીર્થ (શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન)

અમદાવાદ - મુંબઈ રેલવે તેમ જ સડક માર્ગ પર આવતા ભરૂચ ગામની શ્રીમાળી પોળમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળ નાયક શ્રીમુનિસુવ્રતસ્વામીની શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ પ્રાચીન નગર અનેક રીતે જૈન ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુરુ ગૌતમસ્વામીએ અષ્ટાપદ તીર્થ પર રચેલા જગચિંતામણિ સ્તોત્રમાં ભરૂચમાં બિરાજેલા ભગવાન મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ કરી છે, તો ભગવાન મુનિસુવ્રતસ્વામીએ ઘોડાને અહીંયા જ પ્રતિબોધ કર્યો હતો. વળી આ તીર્થમાં અનેક સમર્થ આચાર્યોએ મંદિરની પ્રતિષ્ઠા કરાવી છે તથા ગ્રંથોની રચના કરી છે. આ પ્રાચીન નગર હોવાને કારણે અહીંયાં ઠેર ઠેર પ્રાચીન કલાકૃતિઓનાં દર્શન થાય છે.

આ ભરૂચમાં ભગવાન મુનિસુવ્રતસ્વામીના સમયનું અશ્વાવબોધ તીર્થ, સિંહલદ્વીપની રાજકુમારી સુદર્શનાનો શકુનિકાવિહાર તથા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે જેની પ્રતિષ્ઠા કરી હતી અને કુમારપાળે જેની આરતી ઉતારી હતી તે વિહાર આજે મસ્જિદના રૂપમાં પરિવર્તન પામ્યો છે. પુરાતત્ત્વવેત્તાઓના મત મુજબ ભરૂચની અત્યારની જુમ્મા મસ્જિદ જ આ પ્રાચીન મંદિર હશે. એમ માનવામાં આવે છે કે આવા આક્રમણકાળે પ્રભુ પ્રતિમાને કયાંક સુરક્ષિત રાખવામાં આવી હશે અને સમય જતાં નવું મંદિર બંધાવીએ પ્રાચીન પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હશે, જે આજે મંદિરમાં બિરાજી રહી છે. આ મંદિર સિવાય બીજાં અગિયાર મંદિરો અહીં આવેલાં છે.

જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૫૦**

(૧) બાલુબહેન ખુશાલદાસ શાહ હ.સુરેશભાઈ - વડોદરા
(૨) બાલુબહેન ખુશાલદાસ શાહ હ.સુરેશભાઈ - વડોદરા
(૩) બાલુબહેન ખુશાલદાસ શાહ હ.સુરેશભાઈ - વડોદરા
(૪) બાલુબહેન ખુશાલદાસ શાહ હ.સુરેશભાઈ - વડોદરા
(૫) બાલુબહેન ખુશાલદાસ શાહ હ.સુરેશભાઈ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



51. SHRI ADINATH BHAGAVAN (શ્રીઆદિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 51. SHRI JHAGADIYA TIRTHA (SHRI ADINATH BHAGAVAN)

This tirtha is situated in the Jhagadia village which is at a distance of 32 kms. from Bharuch on the Ankleshvar-Rajpipla road. Here is installed an idol of MULANAYAKA Shri Adinath Bhagavan; white in complexion, 104 cms. in height and in Padmasana posture. Though a little small in size the idol is in no way less charming. Again, the art and architecture of the peaks of the temple as also the entrance gate is really excellent to view. An idol of Shri Chakreshvari Devi was unearthed from a field nearby in V.S. 1921. On this we have an inscription of the 10th day of the bright half of the month of Maha in V.S. 1200. The detail discovered is that the image was installed by Mantri Shri Pruthvipala. In V.S. 1928, the then King Shri Gambhirasinhaji ceremoniously re-installed it. In administration of the temple Shravakas got it from Rana Chhatrasinha and once more repaired and renovated the temple.

It is said that on learning of the procurement of ancient idols by the Rana, Shravakas of Baroda and Bharuch approached the Rana to get possession of these. The Rana said that the absence of a Jina temple or the house of Jaina householder is indeed very painful. But handing over the idols to others would be a blot on the state. The Rana therefore gave all facilities of business to the Shravakas and constructed the temple. He looked after the care of the temple for thirty years and then handed it over to Shri Sangha.

## ૫૧. શ્રી ઝગડિયા તીર્થ (શ્રીઆદિનાથ ભગવાન)

ભરૂચથી ૩૨ કિ.મી. દૂર અને અંકલેશ્વર-રાજપીપળા રેલવે માર્ગ પર આવેલા ઝગડિયા ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીઆદિનાથ ભગવાનની શ્વેત વર્ણની ૧૦૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ મૂર્તિ શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ ભવ્ય અને આકર્ષક છે. એ પ્રમાણમાં નાની હોવા છતાં એની સુંદરતામાં ઓછી ઊતરે તેવી નથી. વળી મંદિરનાં શિખરો અને બહારના તોરણદ્વારની કલા પણ દર્શનીય છે. વિ.સં. ૧૯૨૧માં આ ગામની નજીકના ખેતરમાંથી મળેલી શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પર વિ.સં. ૧૨૦૦ મહા સુદ ૧૦નો લેખ મળે છે અને તે મંત્રી શ્રી પૃથ્વીલાલ દ્વારા પ્રતિષ્ઠિત થઈ હતી તેવી વિગત મળે છે. વિ.સં. ૧૯૨૮માં એ સમયના રાજા શ્રી ગંભીરસિંહજીએ એની ફરી વાર પ્રતિષ્ઠા કરી. વિ.સં. ૧૯૫૯માં અહીંના શ્રી સંઘે રાણા છત્રસિંહ પાસેથી મંદિરનો વહીવટ લઈને ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો.

એમ કહેવાય છે કે રાણાની પાસે પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ એટલે વડોદરા અને ભરૂચ નગરના શ્રાવકો રાણાની પાસે પ્રતિમાઓ લેવા આવ્યા. રાણાએ કહ્યું કે મારા નગરમાં કોઈ જિનમંદિર નથી અને કોઈ જિનશ્રાવકનું ઘર નથી એ દુઃખદ વાત છે. પરંતુ આ પ્રતિમાઓ તમને આપવી એ મારા માટે અને રાજ્ય માટે કલંક કહેવાય. આથી રાણાએ શ્રાવકોને વ્યાપારની બધી સગવડ કરી આપી અને મંદિરનું નિર્માણ કર્યું. ત્રીસ વર્ષ સુધી આ જિનમંદિરની સંભાળ લીધા બાદ તે શ્રી સંઘને સુપ્રત કર્યું.




**તીર્થવંદના-૫૧**

(૧) સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસના આત્મશ્રેયાર્થે - વડોદરા } સુરેશભાઈ
(૨) સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસના આત્મશ્રેયાથે - વડોદરા }
(૩) સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસના આત્મશ્રેયાર્થે - વડોદરા
(૪) સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસના આત્મશ્રેયાર્થે - વડોદરા
(૫) સ્વ. ખુશાલદાસ ત્રિભોવનદાસના આત્મશ્રેયાર્થે - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**52. SHRI VASUPUJYA BHAGAVAN (શ્રીવાસુપૂજ્ય ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 52. SHRI AMAROLI TIRTHA (SHRI VASUPUJYA BHAGAVAN)

The tirtha is situated in the Amaroli village which is north of Surat. Here we have an idol of Shri Vasupujya Bhagavan with a PARIKARA; white in complexion. The temple constructed recently with its peaks is simply beautiful and lustrous. In the festival-pandal of the temple there are two majestic idols of Shri Nageshvar Parshvanath and Shri Adinath Bhagavan. The idols are 81 inches in height and of black complexion. The idols satiate fully the eyes and hearts of the visiting pilgrims. With the efforts of the local Sangha and the inspiration of most revered Acharya Shri Vijaychandrodaya Surishvaraji, on the seventh day of the bright half of the month of Vaishakh in V.S. 2038 the new Jina temple was ceremoniously inaugurated. The Amroli village was given an award as an ideal village. The first President of India, Dr. Rajendra Prasad paid a visit to the village and was deeply impressed. So many activities of public welfare are undertaken here. Under the inspiration of Acharya Maharaj Shri Vijayachandrodayasuriji, a Jain nagara is under construction at a cost of a crore of rupees. We have here the best facility of Dharmashala and canteen.

## ૫૨. શ્રી અમરોલી તીર્થ (શ્રીવાસુપૂજય ભગવાન)

સુરતની ઉત્તર દિશામાં આવેલા અમરોલી ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં પરિકરવાળી શ્વેત વર્ણની શ્રીવાસુપૂજય ભગવાનની પ્રતિમાજી છે. આ મંદિરના રંગમંડપમાં ૮૧ ઇંચની ઊંચાઇવાળી શ્યામ રંગની શ્રીનાગેશ્વર પાર્શ્વનાથજી તથા શ્રીઆદિનાથ ભગવાનની બે ભવ્ય મૂર્તિઓ છે. આ મૂર્તિઓ અત્યંત પ્રભાવક હોવાથી દર્શનાર્થીઓના હૃદયને સંતૃપ્ત કરે છે. પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિશ્વરજી મ. સા.ની પ્રેરણાથી નૂતન જિનાલયની પ્રતિષ્ઠા થઇ હતી. અમરોલી ગામને આદર્શ ગામ તરીકે એવોર્ડ પ્રાપ્ત થયો છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ આ ગામને જોઇને ખૂબ પ્રભાવિત થયા હતા. અહીં અનેક પ્રકારની સાર્વજનિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ. મ. શ્રી વિજયચંદ્રોદયસૂરીજી મ. સા.ની પ્રેરણાથી એક કરોડના ખર્ચે અહીં જૈનનગરનું નિર્માણ થઇ રહ્યું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાનો પણ ઉત્તમ પ્રબંધ છે.




**તીર્થવંદના - ૫૨**

(૧) લાભુબહેન વિનયચંદ શાહ પ્રિયચંદ્રવિજય તથા કૈરવયશાશ્રીજીના ઉપ.થી
(૨) નિતાબહેન વિપુલભાઈ શાહ - વડોદરા
(૩) સિદ્ધિ વિપુલભાઈ શાહ - વડોદરા
(૪) પલક વિપુલભાઈ શાહ - વડોદરા
(૫) બાલુબહેન ખુશાલદાસ શાહ પરિવાર સુરેશભાઈ-વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**53. SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 53. SHRI AGAMAMANDIR-SURAT TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

The Agama-mandir in constructed under the good preaching of most revered Agamoddharaka Acharya Shri Anandasagarasurishvaraji Maharaj Saheb. In this temple, 45 Agamas are carved on copper-plates and these are nicely portrayed on the walls. A figure of Agamapurusha is also prepared by lofty imagination. Side by side 45 Agamas are preserved at one place.

In this Agama-mandir we have an idol of MULANAYAKA Shri Mahavir Swami Bhagavan. In the cellar we see an idol of Shri Parshvanath Bhagavan, while on the Upper storey we have an idol of Shri Adishvar Bhagavan. There are other 120 attractive idols. Side by side with this there is Siddhachakramandal in two lotus shapes. Colours are painted according to the colours of the five Parameshthis. Thousands of pilgrims are attracted to this place of pilgrimage.

## ૫૩. શ્રીઆગમમંદિર સુરત તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

સુરત શહેરમાં પ. પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા.ના સદઉપદેશથી આગમ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં ૪૫ આગમોને તામ્રપત્રમાં ઉત્કીર્ણ કરીને એને સુંદર રીતે દીવાલો પર લગાડવામાં આવ્યાં છે. પોતાની ભવ્ય કલ્પનાથી આગમપુરુષની પણ આકૃતિ બનાવી છે. એની સાથોસાથ એક સ્થળે ૪૫ આગમો રાખવામાં આવ્યાં છે.

આ આગમ મંદિરમાં મૂળનાયક શ્રીમહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાજી છે. ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે, તો ઉપરના માળે શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા છે. બીજી ૧૨૦ જેટલી ચિત્તાકર્ષક પ્રતિમાઓ છે. આની સાથોસાથ બે કમળની આકૃતિમાં સિદ્ધચક્રમંડળ છે અને એમાં પંચ પરમેષ્ઠિના રંગ મુજબ રંગો કરવામાં આવ્યા છે. આ તીર્થસ્થળ હજારો યાત્રિકોને એની નયનરમ્ય રચનાથી આકર્ષિત કરે છે.



જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**તીર્થવંદના - ૫૩**

(૧) સ્વ. મંગળદાસ ગિરધરદાસ શાહ - વડોદરા
(૨) સ્વ. સમરથબહેન મંગળદાસ શાહ - વડોદરા
(૩) મહેન્દ્રભાઈ મંગળદાસ શાહ - વડોદરા
(૪) રેખાબહેન મહેન્દ્રભાઈ શાહ - વડોદરા
(૫) જિગર - મહેન્દ્રભાઈ શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




54. **SHRI SUVIDHINATH BHAGAVAN** (શ્રીસુવિધિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 54. SHRI 108 JAINA-TIRTHADARSHAN MANDIR SURAT
## (SHRI SUVIDHINATH BHAGAVAN)

The Jina temple of Shri Suvidhinath Bhagavan, in the Desai Pole, Surat, is one of the famous 108 tirthas of India. At the time when the Managing Trustee of the Jain firm of Desai Pole, Sheth Shri Dahyabhai Ratanchand Kinariwala and the worthy Muni Shri Kushalachandravijayaji Maharaj Saheb were looking after the repairs of the temple, one good thought struck in their mind. They nourished a sacred thought that since the original salutation mantra consists of 68 letters, MULANAYAKAS of 68 tirthas throuhgout India be selected and their pictures be made and exhibited, so that devotees can have the benefit of their magnanimous, awe-inspiring sacred DARSHANA. They gave expression to this their feeling before the late most revered Acharya Shri Vijnanasurishvaraji Maharaj and revered Acharya Shri Vijayakasturisurishvaraji Maharaj Saheb (Present Acharya). They gave their consent and opined that a complex not of 68 tirthas but of 108 tirthas should be created. Thus, a unique guidance was available from the great munis. Sheth Shri Dahyabhai Ratanchand Kinariwala started his work in no time. Extremely expressive images of two to three feet and captivating to the eyes were got prepared. On Sunday, the second day of the dark half of Kartika in V.S. 2024, the fourfold Sangha was present. Ceremonious opening took place at the sacred hands of most revered Acharayashri Vijayakasturasurishvaraji Maharaj and Upadhyaya Vijaychandrodayaganiji.

## ૫૪. શ્રી ૧૦૮ જૈનતીર્થદર્શનમંદિર સુરત (શ્રીસુવિધિનાથ ભગવાન)

સુરતની દેસાઇ પોળમાં આવેલું શ્રી સુવિધિનાથ ભગવાનનું જિનાલય ભારતના સુપ્રસિદ્ધ ૧૦૮ જૈન તીર્થનું દર્શન પટની પાવન ભૂમિ છે. જે સમયે દેસાઇ પોળ જૈન પેઢીના મેનેજિંગ ટ્રસ્ટી શેઠ શ્રી ડાહ્યાભાઇ રતનચંદ કિનારીવાળા તેમ જ યથા નામ તથા ગુણ એવા મુનિ શ્રી કુશલચંદ્રવિજયજી મ. સા. આ મંદિરનો જીર્ણોદ્ધાર કરી રહ્યા હતા, ત્યારે એમના મનમાંએક પાવન વિચાર પ્રગટ્યો. એમને એવી ભાવના જાગી કે નમસ્કાર મંત્રના ૬૮ અક્ષર હોવાને લીધે ૬૮ તીર્થોના મૂળનાયકોની ભારતભરમાંથી પસંદગી કરીને એમની ચિત્રાવલી બનાવવામાં આવે તો ભકતોને ભવ્ય-પુનિત દર્શનનો મહાન લાભ પ્રાપ્ત થઇ શકે. તેઓશ્રીએ પોતાની આ ભાવના વિ. સં. ૨૦૨૧માં ખંભાતમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન સ્વ. પ. પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. સા.ની સમક્ષ પ્રગટ કરી. સુરિવર્યોએ આ ભાવનાનુંઅનુમોદન કર્યું અને કહ્યું કે ૬૮ તીર્થ નહિ, બલ્કે ૧૦૮ તીર્થોનો પટ તૈયાર કરવો જોઇએ. આમ મુનિવરો પાસેથી ઉચિત માર્ગદર્શન મળ્યું અને શેઠ શ્રી ડાહ્યાભાઇ રતનચંદ કિનારીવાળાએ કાર્ય શરૂ કરી દીધું. બે-ત્રણ ફૂટની ભાવવાહી નયનરમ્ય પ્રતિકૃતિઓ તૈયાર થઇ ગઇ. વિ. સં. ૨૦૨૪ના કારતક વદ બીજ અને રવિવારના દિવસે ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી કાંતિલાલ છગનલાલ ચોકસીના નામાકરણની સાથે પ. પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ. તથા ઉપાધ્યાય શ્રીચંદ્રોદયવિજયજીગણિજી (વર્તમાન આચાર્યશ્રી)ના સુહસ્તે એનું વિધિપૂર્વક ઉદઘાટન થયું હતું.





**તીર્થવંદના - ૫૪**

(૧) હેતલભાઈ મહેન્દ્રભાઈ શાહ - વડોદરા
(૨) જયેશાબહેન હેતલભાઈ શાહ - વડોદરા
(૩) પીનલભાઈ મહેન્દ્રભાઈ શાહ - વડોદરા
(૪) આનલબહેન પીનલભાઈ શાહ - વડોદરા
(૫) દીપલ પીનલભાઈ શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**55. SHRI ADISHVARA BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)**




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 55. SHRI DELVADA (ABU) TIRTHA (SHRI ADISHVARA BHAGAVAN)

At a height, some 1220 metres above mean sea level, in the lap of Mount Abu is situated the Delvada Tirtha, which is famous as a tirtha of renown, not only in India but in the whole world. The art and architecture carved in the temple over here, enraptures and captivates equally the residents of India and abroad both. There is no temple in the whole of India which can be equal to the architectural beauty of Vimalavasahi. Three great Jainas are associated with the construction of these temples. They are Vimalashah, Vastupal and Tejapal. The Mantri of King Bhimadev of Gujarat, Shri Vimalashah got constructed these temples at a total cost of Rs. 18 crores and 53 lakhs. The temple, renowned as Vimalavashi in the whole world, continued also to be repaired and renovated. No words can possibly describe the delicacy, subtlety and nicety of the sculpture work of the ceilings of the temples, their domes, doors, pillars, arched gates, and walls; it captivates the eyes and heart and creates an experience of divinity in us. Just in front of this Vastupal-Tejpal got constructed, at an expense of thirteen crores and 55 lakh rupees, the temple complex known as Lavanyavasahi and got its ceremonious inauguration performed at the hands of Shri Vijayasenasurishvaraji. Both the brothers were heoric and liberal. Vastupal was a poet. Awe-inspiring indeed is the loveliness of the delicate engraving and architecture that oozes out. The life of Shri Krishna, dancing girls, groups of singing girls and the images in the porticos of Derani-Jethani are some peculiar traits over here. There are also Pitalhar, Shri Mahavir Bhagavan and Kharataravasahi temples. According to the Jaina scriptures, this is an old important tirtha.

## ૫૫. શ્રી દેલવાડા (આબુ) તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

સમુદ્રની સપાટીથી આશરે ૧૨૨૦ મીટરની ઊંચે આબુ પર્વતની ગોદમાં આવેલું દેલવાડા તીર્થ માત્ર ભારતનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનાં મહાન અને દર્શનીય તીર્થોમાં સ્થાન ધરાવે છે. અહીંનાં મંદિરોમાં આલેખાયેલી શિલ્પકલા દેશ કે વિદેશના વાસીઓને એક સરખી મોહિત કરે છે. એમાંયે શિલ્પકલામાં વિમલવસહીની બરોબરી કરે તેવું કોઇ મંદિર સમગ્ર ભારતમાં નથી. આ મંદિરોના નિર્માણની સાથે ત્રણ પ્રતાપી જૈન જયોતિર્ધરો સંકળાયેલા છે અને તે વિમળશાહ, વસ્તુપાળ અને તેજપાળ. ગુજરાતના રાજા ભીમદેવના મંત્રીશ્રી વિમળશાહે વિ. સં. ૧૦૮૮માં ૧૮ કરોડ ૫૩ લાખ રૂપિયા ખર્ચીને મંદિરોનું નિર્માણ કરાવ્યું. વિમલવસહીને નામે જગવિખ્યાત આ મંદિરનો જીર્ણોદ્ધાર પણ થતો રહ્યો. વિમલવસહી મંદિરની છતો, ગુંબજો, દરવાજાઓ, સ્તંભો, તોરણો અને દીવાલોના નેત્રદીપક અને ઐશ્વર્યયુકત નકશીકામની કોમળતા અને બારીકીનું વર્ણન શબ્દોથી કરી શકાય તેવું નથી. આની સામે જ વિ. સં. ૧૨૮૭ના ફાગણ વદ ત્રીજના દિવસે વસ્તુપાળ-તેજપાળે ૧૩ કરોડ ૫૫ લાખ રૂપિયા ખર્ચ કરી લાવણ્યવસહીને નામે ઓળખાતાં મંદિરોની શ્રી વિજયસેનસૂરીશ્વરજીના હાથે પ્રતિષ્ઠા કરાવી. બંને ભાઈઓ વીર અને ઉદાર હતા. વસ્તુપાળ સ્વયં કવિ હતા. આ લાવણ્યવસહીની રચના, એની બારીક કોતરણી અને શિલ્પમાંથી નીતરતું લાવણ્ય અદભુત છે. ભગવાન શ્રીકૃષ્ણનું જીવન, નર્તકીઓ અને ગાયિકાઓનો સમૂહ તથા દેરાણી-જેઠાણીના ગોખલાની આકૃતિઓ અહીંની વિશેષતા છે. આ ઉપરાંત અહીં પિતલહર મંદિર, શ્રીમહાવીર ભગવાન મંદિર અને ખરતરવસહી મંદિર છે. જૈન શાસ્ત્ર અનુસાર આ એક પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ તીર્થ છે.



**તીર્થવંદના - ૫૫**

(૧) સ્વ. શાંતિલાલ મંગળદાસ શાહ - વડોદરા
(૨) જયંતીલાલ મંગળદાસ શાહ - વડોદરા
(૩) જિતેન્દ્રભાઈ મંગળદાસ શાહ - વડોદરા
(૪) વિદ્યાબહેન શાંતિલાલ શાહના ચાતુર્માસ નિમિત્તે - વડોદરા
(૫) આનંદીબહેન જિતેન્દ્રભાઈ શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




56. SHRI ADISHVAR BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 56. SHRI ACHALGADH TIRTHA (SHRI ADISHVAR BHAGAVAN)

This tirtha is situated in the castle got constructed by Rana Kumbha on the highest peak of Mount Abu. It gives a unique type of experience of spiritualism to pilgrims because of the charming nature all-around and complete peace. In the tirtha we have an idol of MULANAYAKA Shri Adishvar Bhagavan; of golden colour, about 1.5 metre in height, of metal and in Padmasana posture. This castle was constructed by Rana Kumbha in V.S. 1509. The temple of Chaumukhiji was constructed by Sahasa, the son of Sanghavi Saliga, an inhabitant of Achalgadh. He also got carved a metal idol of Rishabhdeva Bhagavan and got it ceremoniously inaugurated on the foruth day of the dark half of Vaishakh in V.S. 1518, as one record tells us. The idol at the entrance in the eastern direction was constructed by the Sangha of the village. The idol of MULANAYAKA Shri Adishvar Bhagavan was constructed by Karmade and was ceremoniously installed in V.S. 1518. The extremely lovely idol of MULANAYAKA Shri Adishvar Bhagavan was ceremoniously installed in V.S. 1529, at the auspicious hands of Shri Lakshmisagarasuriji. All these idols equal in shape and size, are simply majestic and attractive. We also find an idol of Pundarikaswami. There are three other temples also.

## ૫૬. શ્રી અચલગઢ તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

રમણીયઆબુ પર્વતના ઊંચામાં ઊંચા શિખર પર રાણા કુંભાએ બંધાવેલા કિલ્લામાં શ્રી અચલગઢ તીર્થ આવેલું છે. ચોપાસની રમણીય પ્રકૃતિઅને નીરવ શાંતિને કારણે યાત્રાળુઓને અહીં એક જુદો જ આધ્યાત્મિક અનુભવ થાય છે. મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની સુવર્ણ વર્ણની લગભગ ૧.૫ મીટર ઊંચી એવી પદમાસનસ્થ ધાતુ-પ્રતિમા બિરાજમાન છે. વિ. સં. ૧૫૦૯માં રાણા કુંભાએ આ કિલ્લો બનાવ્યો. ચૌમુખજીનું મંદિર અચલગઢ નિવાસી સંઘવી સાલિગના પુત્ર સહસાએ બનાવ્યું અને ઋષભદેવ ભગવાનની ધાતુની ભવ્ય મૂર્તિ બનાવીને વિ. સં. ૧૫૬૬ ના ફાગણ સુદ ૧૦ના દિવસેઆ. શ્રી જનકલ્યાણસૂરિજીના સુહસ્તે મંદિરમાં બિરાજમાન કરી. પૂર્વ દિશામાં બિરાજેલી શ્રી આદીશ્વર ભગવાન અને દક્ષિણ દિશામાં બિરાજેલી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમાઓની વિ. સં. ૧૫૧૮ના વૈશાખ વદ ચોથના દિવસે શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના સુહસ્તે પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. પૂર્વ દિશામાં બિરાજીત પ્રતિમા અલૌકિક મુદ્રામાં અત્યંત સુંદર અને પ્રભાવશાળી લાગે છે. પૂર્વ દિશાના દ્વારની મૂર્તિ કુંભલમેરુ ગામના સંઘે બનાવી, જયારે દક્ષિણ દ્વારના મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની મૂર્તિ કર્માદેએ નિર્માણ કરી અને વિ. સં. ૧૫૧૮માં એની પ્રતિષ્ઠા થઇ. પશ્ચિમ દ્વારના મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની અતિ રમણીય મૂર્તિ વિ. સં. ૧૫૨૯માં શ્રી લક્ષ્મીસાગરસૂરિજીના સુહસ્તે પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. સમાન આકૃતિ ધરાવતી આ પ્રતિમાઓ અત્યંત ભવ્ય અને આકર્ષક લાગે છે. વળીઅહીં પુંડરિકસ્વામીની મૂર્તિ પણ મળે છે. આ સિવાય હાલ બીજાં ત્રણ મંદિરો અહીં જોવા મળે છે.

jainsite.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના - ૫૬** દિલીપભાઇ રસિકલાલ પરિવાર - મુંબઇ
(૧) કમળાબહેન દીપચંદ શાહ લીંબડી - સાયન
(૨) પ્રવીણભાઈ દીપચંદ શાહ લીંબડી - સાયન
(૩) અ.સૌ. ઈલા પ્રવીણભાઈ શાહ લીંબડી - સાયન - મુંબઈ
(૪) ગૌતમ પ્રવીણભાઈ શાહ લીંબડી - સાયન - મુંબઈ
(૫) બીજલ પ્રવીણભાઈ શાહ લીંબડી - સાયન - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



57. SHRI NEMINATH BHAGAVAN ( શ્રી નેમિનાથ ભગવાન )



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 57. SHRI KUMBHARIAJI TIRTHA (SHRI NEMINATH BHAGAVAN)

This tirtha is situated in a jungle with fine natural beauty all-around on the Danta Road at a distance of 24 kms. from Abu Road Railway Station and one km. from Ambaji. It is in the midst of mountains. Here we have an idol of MULANAYAKA Shri Neminatha Bhagavan; white in complexion, 2.13 metres in height and in Padmasana posture. From the stone Inscription it is learnt that right upto the 17th century of the Vikrama era, this village was famous as Arasana and there was also a time when this was a vast city having hundreds of Jina temples. To-day there are only five temples. Again no authentic information is available on how the ancient name of Arasana was converted to Kumbhariyaji. The sculptural art of this Jina temple is indeed of very high order and it immediately puts in our mind the temples at Delvada, Ranakpur and Jaisalmer. A uniquely varied art is visible in the temple of MULANAYAKA Shri Neminath Bhagavan. According to the Tapagaccha Pattavali, Shri Vadi Devasuriji had got the ceremonious installation of the idol of Shri Neminath Bhagavan done at Arasana between V.S. 1174 and 1226. There is a verse in the "Upadesha saptati" which states that Shri Pasila, the son of Goga Mantri constructed the temple of Shri Neminath Bhagavan and got the installation ceremony performed at the auspicious hands of Shri Vadi Devasuriji. In the waist bands, thrones and Shrines of other temples we get records of the periods between V.S. 1118 and 1138. The present temple is of the 12th century. Just adjoining this temple, there are four other vast and artistic Jina temples. In these the subtle sculptural art of the ceiling of the temple of Shri Mahavira Bhagavan is really pleasnt to view. In this, so many events such as the fourteen dreams of Trishalamata, Shri Parshvanath explaining the doctrine of non-violence to Kamatha Yogi, the five Kalyanakas of Shri Neminath, the SAMAVASARANA of Shri Shantinath Bhagavan etc. are very effectively carved and drawn. Ancient art of the temples of Shri Shantinath Bhagavan and Shri Sambhavanath Bhagavan is also exquisite.

## ૫૭. શ્રી કુંભારિયાજી તીર્થ (શ્રીનેમિનાથ ભગવાન)

આબુ રોડ રેલવે સ્ટેશનથી ૨૪ કિ.મી. દૂર અને અંબાજી ગામથી ૧ કિ.મી. દૂર દાંતા માર્ગ પર પહાડો વચ્ચે અદભુત પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા જંગલમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની શ્વેત વર્ણની ૨.૧૩ મીટર ઊંચાઈની પદમાસનસ્થ પ્રતિમા છે. શિલાલેખો પરથીએમ જાણવા મળે છે કે વિક્રમની ૧૭મી સદી સુધી આ ગામ આરાસણા ગામ તરીકે પ્રસિદ્ધ હતું અને કોઈક સમયે અહીં સેંકડો જિનમંદિર ધરાવતી વિરાટ નગરી હતી. આજે તો માત્ર પાંચ જ જિનમંદિરો મળે છે. વળી પ્રાચીન નામ આરાસણાનું કઇ રીતે કુંભારિયાજી થયું તેની કોઇ શ્રદ્ધેય માહિતી મળતી નથી. આ જિનમંદિરની શિલ્પકલા અત્યંત ઉચ્ચ કક્ષાની છે અને એ જોતાં જ આબુ, દેલવાડા, રાણકપુર અને જેસલમેરનાં જિનમંદિરોનું સ્મરણ જાગે છે. મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનના મંદિરમાં ભિન્ન ભિન્ન પ્રકારની પ્રાચીન કલા જોવા મળે છે. તપાગચ્છ પટ્ટાવલિ પ્રમાણે શ્રી વાદી દેવસૂરિજીએ વિ. સં. ૧૧૭૪ થી ૧૨૨૬ દરમિયાન આરાસણામાં શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી. 'ઉપદેશ સપ્તતિ'માં પણ ઉલ્લેખ મળે છે કે ગોગા મંત્રીના પુત્ર શ્રી પાસિલે શ્રીનેમિનાથ ભગવાનનું મંદિર બનાવીને શ્રી વાદી દેવસૂરિજીને સુહસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી. બીજાં મંદિરનાં પરિકરો, ગાદીઓ અને દેરીઓમાં વિ.સં. ૧૧૧૮ થી ૧૧૩૮ સુધીના લેખો મળે છે, વર્તમાન મંદિર વિક્રમની બારમી સદીનું છે. આ મંદિરની પાસે જ બીજાં ચાર વિશાળ અને કલાત્મક જિનમંદિરો છે, જેમાં શ્રીમહાવીર ભગવાનના મંદિરની છત પરની સૂક્ષ્મ શિલ્પકલા જોવાલાયક છે. આમાં ત્રિશલા માતાનાં ૧૪ સ્વપ્ન, કમઠ યોગીને અહિંસાની વાત સમજાવતા શ્રીપાર્શ્વનાથ, શ્રીશાંતિનાથ ભગવાનનું સમવસરણ શ્રીનેમિનાથ ભગવાનના પાંચ કલ્યાણક આદિ અનેક ભાવપૂર્ણ પ્રસંગો આલેખેલા છે. શ્રીશાંતિનાથ ભગવાન અને શ્રીસંભવનાથ ભગવાનનાં મંદિરોની પ્રાચીન શિલ્પકલા દર્શનીય છે.



**તીર્થવંદના - ૫૭**

(૧) વિમળાબહેન રમણીકલાલ, પુંજાભાઈ પરીખ લીંબડી - અંધેરી
(૨) અંજના, અતુલ પરીખ, મૌલિક, જીજ્ઞા, વૈશાલી લીંબડી - અંધેરી
(૩) અ.સૌ. સુધા નિતીન પરીખ મૌનીલ, વિરાજ લીંબડી - અંધેરી
(૪) અ.સૌ. કલ્પના પ્રફુલચંદ્ર સલોત લીંબડી - અંધેરી - મુંબઈ
(૫) અ.સૌ. વર્ષા શૈલેષકુમાર શાહ લીંબડી - અંધેરી - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**58. SHRI JIRAWALA PARSHVANATH BHAGAVAN** (શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 58. SHRI JIRAWALA TIRTHA (SHRI JIRAWALA PARSHVANATH BHAGAVAN)

The Jirawala tirtha lies in the lap of the Jirapalli hill of the Aravalli mountain range at a distance of 48 kms. from Abu Road. A view of the 52 Jinalaya temple over there is really appealing. Here we have an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan; white in complexion, some 18 cms. in height and in Padmasana posture. In the Jain Scriptures this town is referred to as Jiravalli, Jirapalli, Jurikavalli, Jairapalli etc. This temple was got constructed by Shethshri Amarasa of Kodinagar in V.S. 326. It is said that Amarasa had a DARSHAN in dream of the presiding deity of Parshvanath and he gave an indication of the idol of Shri Parshvanath lying underground. A similar dream came to Acharyashri Devasurivara. Acharyashri and Amarasa excavated at the place indicated and unearthed the idol of Shri Parshvanath Prabhu. There itself a temple was constructed in V.S. 331 and the installation ceremony was performed at the auspicious hands of Shri Devasurivara. Several other installations followed in the centuries to come. The last installation was held at the auspicious hands of Shri Trilokavijayaji in the bright half of the Vaishakh of V.S. 2020. In the Inscriptions, the stotras composed by Acharyas and in the Chaitya tradition the name of Parshvanath Bhagavan comes upto V.S. 1891, but its history is not traceable, one reason there of could be muslim invasions. In the Jaina Scriptures, Parshvanatha is referred to and idols of these 108 are installed in 52 shrines. The Jirawala Gaccha was established in this town.

## ૫૮. શ્રી જીરાવલા તીર્થ (શ્રીજીરાવલા પાર્શ્વનાથ ભગવાન)

આબુ રોડથી ૫૮ કિ. મી. દૂર આવેલું શ્રી જીરાવલા તીર્થ અરવલ્લી પર્વતમાળાની જીરાપલ્લી નામના પહાડની ગોદમાં આવેલું છે. આ બાવન જિનાલય મંદિરનું દશ્ય ભાવપૂર્ણ છે. અહીં મૂળનાયક શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની આશરે ૧૮ સે.મી. ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા છે. જૈન શાસ્ત્રોમાં આ નગરનો ઉલ્લેખ જીરાવલ્લી, જીરાપલ્લી, જુરિકાવલ્લી અને જયરાજપલ્લી જેવાં નામોથી મળે છે. આ મંદિર વિ. સં. ૩૨૬માં કોડીનગરના શેઠ શ્રી અમરાસાએ બંધાવ્યું હતું. અમરાસાને પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવના દર્શન થયાં અને ભૂગર્ભમાં રહેલી પાર્શ્વપ્રભુની પ્રતિમાનો સંકેત આપ્યો. આચાર્યશ્રી દેવસૂરિવરજી મ.ને પણ આવું જ સ્વપ્ન આવ્યું હતું. આચાર્યશ્રી અને અમરાસાએ સાંકેતિક સ્થાન પર શોધ કરીને પાર્શ્વપ્રભુની પ્રતિમા પ્રાપ્ત કરી. અધિષ્ઠાયક દેવોના આદેશ અનુસાર ત્યાં જ મંદિરનું નિર્માણ કરાવ્યું અને વિ. સં. ૩૩૧માં આ. શ્રી દેવસૂરિવરજી મ.ના હસ્તે તેની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. એ પછી અનેક પ્રતિષ્ઠા કરવામાં આવી. છેલ્લી પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૦ના વૈશાખ સુદમાં શ્રી ત્રિલોકવિજયજીના હાથે સંપન્ન થઈ. અહીં મળતા શિલાલેખો, આચાર્ય ભગવંતોએ રચેલા સ્તોત્રો તેમ જ ચૈત્યપરિપાટીમાં જીરાવલા પાર્શ્વનાથ ભગવાનનું નામ વિ. સં. ૧૮૯૧ સુધી આવે છે, પરંતુ એ પછીનો ઇતિહાસ મળતો નથી. એનું એક કારણ મુસલમાનોનું આક્રમણ પણ ગણી શકાય. જૈનશાસ્ત્રોમાં શ્રીજીરાવાલા પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામની પ્રતિમાઓ વિભિન્ન બાવન દેરીઓમાં સ્થાપિત છે. અનેક આચાર્ય ભગવંતો અને સંઘો અહીં આવી ચૂકેલા છે. આ નગરમાં જીરાવલા ગચ્છની સ્થાપના થઈ છે.



**તીર્થવંદના - ૫૮**

(૧) શાહ ચીમનલાલ ઝવેરચંદ પરિવાર તરફથી સુરત - મુંબઈ
(૨) શાહ ચીમનલાલ ઝવેરચંદ પરિવાર તરફથી સુરત - મુંબઈ
(૩) શાહ ચીમનલાલ ઝવેરચંદ પરિવાર તરફથી સુરત - મુંબઈ
(૪) શાહ ચીમનલાલ ઝવેરચંદ પરિવાર તરફથી સુરત - મુંબઈ
(૫) શાહ ચીમનલાલ ઝવેરચંદ પરિવાર તરફથી સુરત - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




59. SHRI MAHAVIR BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 59. SHRI BAMANVAD TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

This tirtha is situated on a hill of a mountain in a Jungle adjacent to Viravada which is at a distance of 7 kms. from Sihori Road in Rajasthan. Here we have an idol of MULANAYAKA Shri Mahavir Bhagavan; of coral colour, about 76 cms. in height and in Padmasana posture. The idol of Shri Prabhu is highly impressive and lustrous. The hearts of devoted pilgrims set filled to the brim by devotion. Even the natural beauty of the jungle all-around is pleasant. It is said that at this spot there ocurred the calamity of pricking of a wooden thorn in the ear. To-day we have foot-steps at the spot of this calamity. At this tirtha and spot Acharya Nagarjunasuriji, Shri Skandilasuriji, Shri Padaliptasuriji and King Samprati used to come for darshan.

The tirtha is also known by the name of Jivitaswami. According to the Tapagaccha Pattavali, king Samprati constructed a temple over here. King Samprati had taken the vow to go for pilgrimage of five tirthas four times in a year. The name of Bamanvad tirtha is included in his list. In V.S. 821 Poraval Mantri Shri Samanta Shah got renovated this tirtha under the sermons of Shri Jayananda Suri. The tirtha is eulogized in so many stotras and works. The tirtha must have been renovated several times. Recently its re-renovation took place in 1979 A.D. on fifth may at the auspicious hands of Shri Sushilsurivarji. Very attractive indeed is the PATTA of the 27 births of Bhagavan Mahavira carved in marble.

## ૫૯. શ્રી બામણવાડા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

રાજસ્થાનના સિરોહી રોડથી ૭ કિ.મી. દૂર આવેલા વીરવાડાની પાસે જંગલમાં પહાડની ટેકરી પર આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની પ્રવાલ વર્ણની લગભગ ૭૬ સે.મી. ઊંચાઈની પદમાસનસ્થ પ્રતિમા છે. પ્રભુપ્રતિમા અત્યંત સુંદર અને પ્રભાવશાળી છે. તેમ જ એના દર્શનથી ભાવિક યાત્રાળુઓનું હૃદય ભકિતભાવથી ઉભરાઈ જાય છે. આસપાસ જંગલ હોવાથી અહીં પ્રકૃતિ પણ એટલી જ આસાયેશ આપનારી છે. એમ કહેવાય છે કે આ સ્થળે ભગવાન મહાવીરના કાનમાં કાષ્ઠશૂળ લગાવવાનો ઉપસર્ગ થયો હતો. અત્રેએ ઉપસર્ગ સ્થળ પર ભગવાનની ચરણપાદુકા છે. આ સ્થળે આચાર્ય નાગાર્જુનસૂરિજી, શ્રી સ્કંદિલસૂરિજી, શ્રી પાદલિપ્તસૂરિજી તથા રાજા શ્રી સમ્પ્રતિ નિયમિતપણે દર્શનાર્થે આવતા હતા.

બામણવાડાજી તીર્થ જીવિતસ્વામીના નામથી પ્રસિદ્ધ છે. તપાગચ્છ પટ્ટાવલિ પ્રમાણે સમ્પ્રતિ રાજાએ અહીં મંદિર બંધાવ્યું હતું. સમ્પ્રતિ રાજા પ્રતિ વર્ષ પાંચ તીર્થોની ચાર વાર યાત્રા કરવાનો નિયમ ધરાવતા હતા જેમાં બામણવાડાજી તીર્થનું નામ આવે છે. વિ. સં. ૮૨૧માં પોરવાલ મંત્રી શ્રીસામંતશાહે શ્રી જયાનંદસૂરિજીના ઉપદેશથી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અનેક તીર્થસ્તોત્રોમાં અને ગ્રંથોમાં આ તીર્થનો મહિમા ગવાયેલો છે. આ પ્રાચીન તીર્થનો અનેક વાર જીર્ણોદ્ધાર થયો હશે. હાલમાં એનો પુનઃજીર્ણોદ્ધાર ઈ.સ. ૧૯૭૯ની ૫મી મેના દિવસે આ. શ્રી સુશીલસૂરિવરજીના સુહસ્તે થયો હતો. મંદિરમાં આરસપહાણમાં આલેખાયેલો ભગવાન મહાવીરના ૨૭ ભવનો પટ્ટ આકર્ષક છે.




**તીર્થવંદના - ૫૯**

(૧) અ.સૌ.સૌભાગ્યબહેન, જયંતીલાલ વનમાળીદાસ હ. જગસેન
(૨) મધુબહેન રજનીકાન્ત વનમાળીદાસ હીરાચંદ - ભાવનગર
(૩) કૈલાસબહેન મનસુખલાલ વનમાળીદાસ - ભાવનગર
(૪) મહિપતરાય ચંદુલાલ શાહ - મુલુન્ડ
(૫) અનંતરાય જયંતીલાલ શાહ મહુવાવાળા - મુલુન્ડ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**60. SHRI MAHAVIR BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 60. SHRI DIYANA TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)


This tirtha is simply wonderful with full greenery and natural surroundings on all sides in the midst of mountain-ranges on three sides. It is at a distance of 17 kms. from Sarupagunj and in hillocks in deep forests. Here is installed an idol of MULANAYAKA Shri Mahavir Bhagavan; white in complexion, 90 cms. in height and in Padmasana posture. Here Shri Mahavira Swami is known as Jivitaswami. The idol is simply miraculous. 48 shrines in the majestic temple are empty. There are two KAUSAGGIYA idols. On one there is an Umbrella of five fangs and on the other of seven. There must have been quite a large population here before the fifteenth century; no marked population is found here now. The idol of Shri Bhagavan has five waist bands; below the idol Dharmachakra and two deer are carved. An inscription of V.S. 1682 is also found.

One peculair trait of this tirtha is that it is believed to go as far as the times of Bhagavan Mahavira. It is one of the five tirthas in the Nani Marawadi. It is said that when Bhagavan Mahavira roamed here, he remained in KAUSAGGA meditation here. His elder brother Nandivardhana, constructed a majestic temple with 52 smaller temples of Jina and had installed this idol. The artistry of the idol proves that it is ancient. We have an ancient Pata and writings of the 13th and 14th centuries are carved. We also have a reference which states that Shri Parshvanatha Charitra was composed here.

## ૬૦. શ્રી દિયાણા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

ત્રણ બાજુ પહાડોની વચ્ચે વનરાજીથી છલોછલ જંગલમાં આવેલા આ તીર્થનું પ્રાકૃતિક સૌંદર્યઅદભુત છે. સરૂપગંજથી ૧૭ કિ.મી. દૂર ગાઢ જંગલમાં ટેકરીઓ વચ્ચેઆવેલા દિયાણા તીર્થમાં દર્શનથી દિવ્ય ભાવોનીઅનુભૂતિ થાય છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. દેવવિમાન જેવા આ ભવ્ય મંદિરમાં શ્રીભગવાન મહાવીર સ્વામી જીવિતસ્વામીના નામથી પ્રસિદ્ધ છે. આ પ્રતિમા અત્યંત ચમત્કારિક છે. આ ભવ્ય મંદિરની ૪૮ દેરીઓ ખાલી છે. બે કાઉસગ્ગિયા મૂર્તિઓ છે. એક પર પાંચ ફેણનુંઅને બીજા પર સાત ફેણનું છત્ર છે. ૧૫મી સદી પૂર્વે અહીં સારીએવી વસ્તી હોવી જોઇએ. અત્યારેઅહીં કોઇ વસ્તી જોવા મળતી નથી. ભગવાનની મૂર્તિ પંચતીર્થના પરિકરવાળી છે. નીચે ધર્મચક્ર અને બે હરણ ઉત્કીર્ણ છે. વિ.સં. ૧૬૮૨નો લેખ અહીં મળે છે.

આ તીર્થની વિશેષતા એ છે કે તે પ્રભુ મહાવીરના સમયનું મનાય છે. નાની મારવાડની પંચતીર્થીમાંનું એક આ તીર્થ ગણાય છે. એમ કહેવાય છે કે ભગવાન મહાવીર અહીં વિચર્યા ત્યારે કાઉસગ્ગ ધ્યાનમાં અત્રે રહ્યા હતા. તેમના મોટા ભાઇ નંદીવર્ધને અહીં બાવન જિનાલય ભવ્ય મંદિરનું નિર્માણ કરાવી આ પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. પ્રભુપ્રતિમાની જે કલા છે તે પણ એની પ્રાચીનતા સિદ્ધ કરે છે. અહીં પ્રાચીન પટ અને ૧૩મી-૧૪મી સદીના લેખો કોતરેલા છે. વિ.સં. ૧૪૩૬ પોષ સુદ ૬ ગુરુવારના દિવસે અહીં શ્રી પાર્શ્વનાથ ચરિત્ર લખાવ્યાનો ઉલ્લેખ મળે છે.



**તીર્થવંદના ૬૦**

(૧) જતીનભાઈ ફકીરચંદ ઝવેરી સુરત - મુંબઈ
(૨) અ.સૌ. નીતાબહેન જતીનભાઈના વર્ષીતપ નિમિત્તે
(૩) સા. ધન્યયશા શ્રીના ૪૫ ઉપવાસ નિમિત્તે ચંદુલાલ ચુનીલાલ વખારિયા
(૪) ઝમકુબહેન ચુનીલાલ વાલજીભાઈ વખારિયા - સુરેન્દ્રનગર
(૫) કિશોરચંદ્ર ચંદુલાલ વખારિયા - સુરેન્દ્રનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**61. SHRI ADISHVAR BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 61. SHRI LOTANA TIRTHA (SHRI ADISHVAR BHAGAVAN)


The tirtha is situated on a hillock near the Lotana village which is situated at a distance of 20 kms. from the railway station of Shirohi Road in Rajasthan. Here we have an idol of MULANAYAKA Shri Adishvar Bhagavan; white in complexion, 75 cms. in height and in Padmasana posture. The tirtha is an ancient one, the idol of Shri Adishvara Prabhu is majestic and unique. It is important because it belongs to the time of the 13th renovation of Shri Shatrunjaya tirtha. The idol with unequal art is rare to come across anywhere else.

The ancient name of Lotana village is Latipurapattana or Lotanaka. One idol in standing posture (Kayotsarga idol) is found carved an inscription of V.S. 1144. On two other idols of the same type is found a writing of the fifth day of the month Jeth of V.S. 1130. From this it is learnt that the installation of this idol was undertaken and completed by Durlabha, the son of Koreshvara. The idol of Shri Adishvara Prabhu belongs to the period of the 13th renovation of the Shatrunjaya Mahtirtha. It is also said that it was brought from Shatrunjaya and ceremoniously installed here. The last renovation took place in V.S. 2016. The temple has the main inner appartment, a deep enclosed pandal, six chowkis, assembly pandal, peak, Shrungara chowki and a fort. Situated as the temple is on a hillock near the Lotana village, the atmosphere round the temple is simply delightful indeed!

## ૬૧. શ્રી લોટાણા તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

રાજસ્થાનના શિરોહી રોડ પર રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂરઆવેલા લોટાણા ગામનીએક ટેકરી પર આ પ્રાચીન તીર્થઆવેલું છે. અહીં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની શ્વેત વર્ણની ૭૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. એક તો આ તીર્થ પ્રાચીન છે અને તેમાં વળી આદીશ્વર પ્રભુની ભવ્ય અને અનુપમ પ્રતિમા છે, જે શ્રી શત્રુંજય શાશ્વત તીર્થના તેરમા ઉદ્ધારસમયની હોવાને કારણે મહત્ત્વની છે. અનુપમ કલા ધરાવતી પરિકરયુક્ત પ્રતિમા અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે.

લોટાણા ગામનું પ્રાચીન નામ લોટીપુરપટ્ટન અને લોટાણક એવું હતું. એક કાઉસગ્ગિયા મૂર્તિ પર વિ. સં. ૧૧૪૪નો લેખ ઉત્કીર્ણ છે. મંદિરમાં બીજી બે કાયોત્સર્ગવાળી પ્રતિમા પર વિ.સં. ૧૧૩૦ જેઠ સુદ પાંચમનો લેખ ઉત્કીર્ણ છે. આ મૂર્તિ નું નિર્માણ અને પ્રતિષ્ઠાનું કાર્ય કોરેશ્વરના પુત્ર દુર્લભ દ્વારા થયું હતું. શ્રીઆદીશ્વર પ્રભુની પ્રતિમા શત્રુંજય મહાતીર્થના તેરમા ઉદ્ધાર સમયની હોવા ઉપરાંત શ્રી શત્રુંજયમાંથી અહીં લાવીને પ્રતિષ્ઠિત કરવામાંઆવી છે. એનો અંતિમ જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૧૬માં થયો હતો. આ મંદિર મૂળ ગભારો, ગૂઢમંડપ, છ ચોકી, સભામંડપ, શિખર, શૃંગાર ચોકી અને કોટથી યુક્ત છે. લોટાણા ગામની નાની ટેકરી પર આવેલા આ મંદિરનું દશ્ય જોનારના ચિત્તને આહલાદ પમાડે છે.



**તીર્થવંદના ૬૧**

(૧) શાહ દુર્લભદાસ ઝવેરચંદ - કાજાવદર - ભાવનગર
(૨) શાહ મુક્તાલક્ષ્મી દુર્લભદાસ - ભાવનગર
(૩) શાહ નટવરલાલ દુર્લભદાસ - ભાવનગર
(૪) શાહ હેમલતાબહેન દુર્લભદાસ - મુંબઈ
(૫) શાહ સરલાબહેન દુર્લભદાસ - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



62. SHRI MAHAVIRA BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 62. SHRI NANDIYA TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

On the outskirts of the Nandiya town, situated at a distance of 10 kms. from the Sirohi Road railway station, there are hills covered on all sides by exquisitely charming forests. Here we have an ancient tirtha in the temple of which there is the idol of MULANAYAKA Shri Mahavira Bhagavan; 210 cms. in height and in Padmasana posture. Nandiya was in the old days known as Nandigrama, Nandivardhanapura, Nandipura etc. As one anecdote tells us, this village was raised by Nandivardhana the elder brother of Bhagavan Mahavira. One other old story current is that the idol installed here belongs to the time of Prabhu Mahavir Swami. The idol is so very much lustrous and artistic that the viewer will feel the very presence of Shri Prabhu. All the idols of 52 Jinalaya are unique in art; the peaks of the temples also betray a charm of their own, as they are in the midst of exquisite greenery and hills. The other name by which this temple is known is Nandishvara Chaitya. Shri Dharanashah and Ratnashah, the patrons of the Ranakpur tirtha were residents of this town. Stone Inscriptions on the pillars of the temple belong to a period between V.S. 1130 and 1210. The temple was repaired and renovated in V.S. 1210 and later on also, from time to time, it has been renovated. The tirtha is at a distance of 58 kms. from Sajjan Road station, and there is no other temple except this tirtha here. But it seems that there must have been a time when this spot was very prosperous.

## ૬૨. શ્રી નાંદિયા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

શિરોહી રોડ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા નાંદિયા ગામની બહાર સુંદર વનથી છવાયેલા પહાડોની વચ્ચે આવેલું આ એક અતિ પ્રાચીન તીર્થ છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની પરિકર સહિત લગભગ ૨૧૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. નાંદિયા ગામનું પ્રાચીન નામ નન્દિગ્રામ, નન્દિવર્ધનપુર, નન્દિપુર વગેરે મળે છે. એક દંતકથા એવી પણ છે કે ભગવાન મહાવીરના મોટાભાઇ નંદીવર્ધને આ ગામ વસાવેલું છે. વળી બીજી દંતકથા એવી પણ છે કે અહીંની મૂર્તિ પ્રભુ મહાવીર સ્વામીના સમયની છે. આ મૂર્તિ એટલી બધી તેજસ્વી અને કલાત્મક છે કે દર્શનાર્થીને એમ જ લાગે કે પ્રભુ સાક્ષાત બિરાજેલા છે. આ બાવન જિનાલય મંદિરની બધી જ મૂર્તિઓની કલા અનુપમ છે. તેમ જ લીલીછમ વનરાજી અને પહાડની વચ્ચે આ તીર્થનો શિખરસમૂહ અનુપમ શોભા ધારણ કરે છે. આ મંદિરને નન્દીશ્વર ચૈત્ય પણ કહેવામાં આવે છે. રાણકપુર તીર્થના સર્જક શ્રી ધરણાશાહ અને રત્નાશાહ આ નગરના નિવાસી હતા. મંદિરના સ્તંભો પર વિ.સં. ૧૧૩૦ થી ૧૨૧૦ સુધીના શિલાલેખો મળે છે. વિ.સં. ૧૨૦૧માં આનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તેમ જ એ પછી પણ એનો વખતોવખત જીર્ણોદ્ધાર થતો રહ્યો છે. સજજન રોડ સ્ટેશનથી ૫૮ માઇલ દૂર આવેલા આ તીર્થ ઉપરાંત હાલમાં અહીં બીજું કોઇ મંદિર નથી, પરંતુ એક સમયે આ સ્થળ જાહોજલાલીથી ભરપૂર હશે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના ૬૨**

(૧) સાંકળીબહેન ચુનીલાલ દામજી શેઠ પાલિતાણા-ઘાટકોપર
(૨) મહેન્દ્રભાઈ ચુનીલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર - મુંબઈ
(૩) અ.સૌ. દમયંતી મહેન્દ્રભાઈ શેઠ પાલિતાણા-ઘાટકોપર
(૪) દીપેશ મહેન્દ્રભાઈ શેઠ પાલિતાણા - ઘાટકોપર
(૫) મોસમી મહેન્દ્રભાઈ શેઠ પાલિતાણા - ઘાટકોપર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




63. SHRI MAHAVIRA BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 63. SHRI NANA TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

This tirtha is situated in the heart of the Nana village, which is at a distance of 2.5 kms. from the railway station of the same name. Here, in the temple, we have the idol of MULANAYAKA Shri Mahavira Swami Bhagavan; white in complexion, almost 1.20 metres in height and in Padmasana posture. One trait of the tirtha is that it is believed to belong to the period as early as of the times of Prabhu Mahavira. Again, it is one of the five tirthas of Bamanvad. For this tirtha there is quite a right saying which means that the tirtha is very rich and as old as the times of Shri Mahavira. The art of the idol and impressiveness is unique in arched gate. The stone Patta of the ancient Nandishvara dvipa is extremely artistic. On it there is a carved writing of V.S. 1274. The idol of the time of Shri Mahavira Prabhu is referred to as ceremoniously installed by Shri Shantisurishvaraji on a Saturday, being the ninth day of the dark half of Maha V.S. 1505. The town Nana was gifted to Narayan Moota, a descendent of minister Tribhuvan by King Amarsinh Mayavira. Narayana gave, by way of a gift a water-wheel named Saharava for service and worship to the temple. At this time Acharya Shri Surasinji, an Acharya in the Upakesha Gaccha, was living. One writing is carved on the stone-inscription of the 7th day of the bright half of the Bhadrapada of V.S. 1659, and this wheel is in the custody of the Jaina Sangha even to-day.

## ૬૩. શ્રી નાણા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

બામણવાડાથી ૨૫ કિ.મી. દૂર અને નાણા રેલવે સ્ટેશનથી ૨.૫ કિ.મી. દૂર આવેલા નાણા ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર સ્વામી ભગવાનની શ્વેતવર્ણની લગભગ ૧.૨૦ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. તીર્થની વિશેષતા એ છે કે છેક પ્રભુ મહાવીરના સમયનું આ તીર્થ માનવામાં આવે છે. વળી બામણવાડા પંચતીર્થીનું આએક સ્થાન છે. એક સમયે સમૃદ્ધિથી છલોછલએવાઆ તીર્થ વિશેએક કહેવત પ્રસિદ્ધ છે 'નાણા, દીયાણા, નાન્દિયા જીવિત સ્વામી વાન્દિયા', એનો અર્થ એ જ કે આ તીર્થ છેક પ્રભુ મહાવીરના સમય જેટલું પ્રાચીન છે. અહીં મૂળનાયક ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાની કલાઅને પ્રભાવકતાઅનેરી છે. પ્રતિમાનીઆસપાસના તોરણની કલા પણ દર્શનીય છે. વળી અહીં પ્રાચીન નંદીશ્વર દ્વીપનો પાષાણપટ્ટ કલાત્મક છે. જેના પર વિ. સં. ૧૨૭૪નો લેખ કોતરાયેલો છે. અત્યારે આ સ્થળે પ્રભુ મહાવરીના જીવનકાળની પ્રતિમા બિરાજમાન નથી, કારણ કે હાલની પ્રતિમા પર વિ. સં. ૧૫૦૫ મહા વદ ૯ શનિવારે શ્રી શાંતિસૂરીશ્વરજી દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ મળે છે. અમરસિંહ માયાવીર રાજાએ ત્રિભુવન મંત્રીના વંશજ શ્રી નારાયણ મૂતાને નાણા ગામ ભેટ આપ્યું હતું. નારાયણેએક સાહરાવ નામનું રેંટ સેવા-પૂજા માટે મંદિરને ભેટ આપ્યું હતું. આ સમયે ઉપકેશગચ્છીય આચાર્ય શ્રી સિંહસૂરિજી હયાત હતા. શિલાલેખ પર વિ.સં. ૧૬૫૯ ભાદરવા સુદ સાતમનો લેખ ઉત્કીર્ણ છે અને આ રેંટ પણ હજુ જૈન સંઘને જ આધીન છે.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના ૬૩**

(૧) હિંમતલાલ ચુનીલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર
(૨) અ.સૌ. ઈન્દુમતી હિંમતલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર
(૩) રાજેશ હિંમતલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર
(૪) જસ્મીન હિંમતલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર
(૫) જયેશ હિંમતલાલ શેઠ પાલિતાણા - ઘાટકોપર - અમદાવાદ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




64. SHRI MAHAVIRA BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 64. SHRI KORATA TIRTHA (SHRI MAHAVIRA BHAGAVAN)

This tirtha is situated in a peaceful lovely forest on the outskirts of the Korata village that is at a distance of 8 kms. from Shivaganj. The idol over here is that of MULANAYAKA Shri Mahavir Bhagavan; about 135 cms. in height, white in complexion and in Padmasana posture. We get references in the scriptures which state that the ceremonious installation of the temple took place seventy years after the Nirvana of the last tirthankara Shri Bhagavan Mahavira at the auspicious hands of Shri Ratnaprabhasuriji on Thursday, being the fifth day of the bright half of the month of Maha. Shri Ratnaprabhasuriji, the person who established the Oswal family took to two forms by his miraculous lore and got the installation of two temples at Korata and Osia both at the same sacred moment. In the year V.S. 1081, poet Dhanapala of the court of king Bhoja, in his "Satyapuriya Shri Mahavirotsava", described the Korata tirtha. We come across a similar description of the tirtha in "Tirthamala" composed by the poet Meghagani in V.S. 1499. There is also a reference which states that in V.S. 1728, under the preaching of Shri Jayavijayaganj the tirtha was repaired and renovated in V.S. 1728 and with the breaking of the ancient idol another one of Shri Prabhu Mahavira was installed. When this idol was installed on the 15th day- PURNIMA- of Vaishakha in 1959 at the auspicious hands of Shri Vijayarajendrasurishvaraji Maharaj Saheb. We also come across references such as these in V.S. 1252, minister Nahada got temples such as "Nahadavasahi" etc. constructed. Korantaka Gaccha was raised in Korata town, once very prosperous, seventy years after the NIRVANA of Bhagavan Mahavira. The town also has an ancient temple of Shri Adinath Bhagavan. The art of some of the idols in the temple is exquisite.

## ૬૪. શ્રી કોરટા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

શિવગંજથી ૮ કિ.મી. દૂર આવેલા કોરટા ગામની બહાર શાંત અને રમણીય જંગલની વચ્ચે આ તીર્થ આવ્યું છે. મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૩૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ મંદિરની પ્રતિષ્ઠાપના ચરમ તીર્થંકર શ્રી ભગવાન મહાવીરના નિર્વાણ પછી સિત્તેર વર્ષ બાદ શ્રી રત્નપ્રભસૂરિજીના શુભ હસ્તે મહા સુદ ૫ને ગુરુવારના દિવસે થયાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. ઓશવાળ વંશના સંસ્થાપક શ્રી રત્નપ્રભસૂરિજીએ પોતાની અલૌકિક વિદ્યાથી બે રૂપ ધારણ કરીને એક જ મુહૂર્તમાં કોરટાના અને ઓસિયાનાં મંદિરોની પ્રતિષ્ઠાપના કરાવી હતી. વિ.સં. ૧૦૮૧માં રાજા ભોજના કવિ ધનપાલે 'સત્યપુરીય શ્રી મહાવીરોત્સાહ' નામના સ્તોત્રમાં કોરટા તીર્થનું વર્ણન કર્યું છે. વિ.સં. ૧૪૯૯માં કવિ મેઘગણિ દ્વારા રચિત 'તીર્થમાળા'માં આ તીર્થનું વર્ણન મળે છે. વિ.સં. ૧૭૨૮માં શ્રી જયવિજયગણિના ઉપદેશથી આ તીર્થનો ઉદ્ધાર થયાનું તેમ જ પ્રાચીન પ્રતિમા લુપ્ત થતાં પ્રભુ મહાવીરની બીજી પ્રતિમાની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. આ પ્રતિમા પણ ખંડિત થઈ જવાથી વિ.સં. ૧૯૫૯ના વૈશાખ સુદ પૂનમના રોજ નવી પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી વિજયરાજેન્દ્રસૂરીજી મ.ના સુહસ્તે કરવામાં આવી હતી. વિ.સં. ૧૨૫૨માં નાહડ મંત્રી દ્વારા 'નાહડવસહી' વગેરે અનેક જૈન મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ મળે છે. એક સમયે ભારે જાહોજલાલી ધરાવતા કોરટા નગરમાં વીર નિર્વાણના ૭૦ વર્ષ પછી કોરંટક ગચ્છની સ્થાપના થઈ હતી. આ ઉપરાંત આ ગામમાં શ્રીઆદિનાથ ભગવાનનું પ્રાચીન મંદિર છે. એ મંદિરની કેટલીક પ્રાચીન પ્રતિમાઓની કલા પણ એટલી જ દર્શનીય છે.




**તીર્થવંદના ૬૪**

(૧) ચેતના મનોજકુમાર રમણીકલાલ શેઠ - વડાલા મુંબઈ
(૨) ભાનુમતી જયસુખલાલ ત્રિભોવનદાસ ગાંધી - ઘાટકોપર
(૩) દોશી તલકચંદ દુર્લભદાસ (બર્મો) દાઠા - ભાવનગર
(૪) શાહ ચુનીલાલ ઓઘડભાઈ (કે.સી.શાહ) - ભાવનગર
(૫) પારેખ કાંતિલાલ રતિલાલ હ. ચંદ્રકાન્તભાઈ - પરિવાર - ભાવનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**65. SHRI PARSHVANATH BHAGAVAN** (શ્રીપાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


## 65. SHRI VARKANA TIRTHA (SHRI PARSHVANATH BHAGAVAN)

The Varkana town is situated at a distance of 20 kms. from Falna station and 3 kms. from Rani station. The tirtha is in the heart of the town. This is considered to be one of the Tirthas in the Godavala Pancha-tirthas. The sculptural beauty of its peak is unrivalled. The temple over here has an idol of MULANAYAKA Shri Parshvanatha Bhagavan; white in complexion, some 30 cms. in height and in Padmasana posture. The town was very much prosperous in the ancient days and was known as Varakanakapur or Varakanakanagar. There were so many Jain temples over here. The tirtha was renovated, in the times of Maharana Kumbha, by the Shreshthis of Shrimalapur. It is believed that the idol of MULANAYAKA Shri Parshvanatha Bhagavan was installed here around V.S. 515. The idol is very attractive and conduces to the annihilation of sins. On one of the pillars of the nine Chokis over here we have a carved writing of V.S. 1211. A stone Inscription of V.S. 1686 is found outside the gate. It refers to the abolition of pilgrim tax by Rana Shri Jagatsinh of Mewad through the good offices of revered Acharya Shri Vijayadevasuri Maharaj. The tirtha is also referred to in the "Sakalatirtha-Stotra". Every year a fair is held here on the tenth day of the dark half of Magashirsha. No other Jaina temple is found in the town.

## ૬૫. શ્રી વરકાણા તીર્થ (શ્રીપાર્શ્વનાથ ભગવાન)

ફાલના સ્ટેશનથી ૨૦ કિ.મી. અને રાની સ્ટેશનથી ત્રણ કિ.મી. દૂર આવેલા વરકાણા ગામની વચ્ચે આ તીર્થ આવેલું છે. આ તીર્થ ગોડવાલ પંચતીર્થોમાંનું એક તીર્થ ગણાય છે. એનાં શિખરો પરની કમનીય શિલ્પકલા અનુપમ સૌંદર્ય ધારણ કરે છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૩૦ સે.મી.ની ઊંચાઇ ધરાવતી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. પ્રાચીન કાળમાં અત્યંત સમૃદ્ધ એવું આ નગર વરકનકપુર કે વરકનકનગર તરીકે ઓળખાતું હતું. અહીં અનેક જિનમંદિરો હતાં. મહારાણા કુંભાના સમયમાં શ્રીમાલપુરના શ્રેષ્ઠીઓએ આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા વિ.સં. ૫૧૫ આસપાસ પ્રતિષ્ઠિત થયેલી માનવામાં આવે છે. આ પ્રતિમા અત્યંત મનોહર અને પાપશામક છે. અહીંની નવચોકીના એક સ્તંભ ઉપર વિ.સં. ૧૨૧૧નો લેખ ઉત્કીર્ણ છે. વિ.સં. ૧૬૮૬નો એક શિલાલેખ દરવાજાની બહાર મળે છે, જેમાં પૂ. આ. શ્રી વિજયદેવસૂરિ મ. એ મેવાડના રાણા શ્રી જગતસિંહ પાસેથી યાત્રાકર માફ કરાવ્યાનો ઉલ્લેખ છે. 'સકલ તીર્થ સ્તોત્ર'માં પણ આ તીર્થનો ઉલ્લેખ મળે છે. વળી અહીં પ્રતિવર્ષ માગશર વદ ૧૦ના દિવસે મેળો ભરાય છે. અત્યારે આ ગામમાં અન્ય બીજું કોઇ જિનમંદિર જોવા મળતું નથી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના - ૬૫**

(૧) શાંતિલાલ ગિરધરલાલ રવાસા, વિમળાબહેનના ચાતુર્માસ નિમિત્તે
(૨) રમેશચંદ્ર શાંતિલાલ હ. કૈલાસ, અભય, હિરલ, અંકિત - મહુવા
(૩) યશવંત એસ., ઇલાબેન, રાજન, સિદ્ધાર્થ હ: નરેન્દ્ર, વર્ષા, ગૌરવ
(૪) પ્રવીણ એસ., મીરાબહેન - બીજલ - મલય - મહુવા
(૫) જીતેન્દ્ર એસ. પ્રવિણા, રાજુ, નિમેશ, કેજલ - મહુવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**66. SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 66. SHRI MUCHHALA MAHAVIR TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

Dhanerav is situated at a distance of 40 kms. from Falna railway station and 50 kms. from Rani station; it is at a distance of 21 kms. from Ranakpur and 12 kms. from Sadadi. Muchhala tirtha is at a distance of five kms. from Dhanerav. It is considered to be a very ancient tirtha, though this cannot be confirmed in the absence of any authentic Inscription. This is considered to be one of the tirthas in the Godwal Panchatirtha. This ancient charming temple gives rise to unique feelings of devotion in the heart. The pandals, pillars are artistically beautiful. Here we have an image of MULANAYAKA Shri Mahavira Bhagavan; it is white in complexion, some 120 cms. in height, and in Padmasana posture. The miracles of this tirtha are world-renowned. Here, the Maharana of Udaipur came once for DARSHAN. When he was applying TILAK on the forehead, he saw hairs in the bowl of Saffron. Maharana just laughed and remarked; "It seems that Shri Bhagavan has a moustache". The worshipper, deep in devotion to Shri Prabhu replied - 'Yes'!. The Maharana insisted to have darshan of Shri Prabhu with a moustache. He also insisted on having darshan of Shri Prabhu with a moustache and that he would stay there for three days. There were indeed clouds of calamity for the worshipper. He propitiated Shri Prabhu with his unstinted devotion and Shri Prabhu gave darshan to the Maharana with a moustache. The tirtha thereafter came to be known as Muchhala Mahavira tirtha. In this tirtha full of miracles, every year on the 13th day of the bright half of Chaitra, a fair is held. The last renovation of this tirtha took place in V.S. 2017 and once more in V.S. 2022.

## ૬૬. શ્રી મૂછાળા મહાવીર તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

ફાલના રેલવે સ્ટેશનથી ૪૦ કિ.મી. દૂર અને રાની સ્ટેશનથી ૫૦ કિ.મી. દૂર આવેલું ઘાણેરાવ રાણકપુરથી ૨૧ કિ.મી. અને સાદડીથી ૧૨ કિ.મી. દૂર છે. ઘાણેરાવ ગામથી ૫ કિ.મી. દૂર આવેલું શ્રી મૂછાળા મહાવીર તીર્થ એક અતિ પ્રાચીન તીર્થ ગણાય છે, જોકે કોઇ શિલાલેખના અભાવે તેની પ્રાચીનતા કેટલી છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. શ્રી ગોડવાલ પંચતીર્થીમાંનું આ એક તીર્થ મનાય છે. બંને બાજુ પહાડોથી ઘેરાયેલું આ પ્રાચીન મનોરમ મંદિર હૃદયમાં ભક્તિના અનેરા ભાવો જગાવે છે. મંદિરના મંડપો, સ્તંભો અને ભમતિ કલાસૌંદર્યથી ભરપૂર છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૨૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ તીર્થનો ચમત્કાર પણ જગવિખ્યાત છે. ઉદયપુરના મહારાણાએક વાર અહીં દર્શનાર્થે પધાર્યા હતા ત્યારે તિલક કરતી વખતે એમણે કેસરની કટોરીમાં વાળ જોયા. મહારાણાએ હસતાં હસતાં એમ કહ્યું કે ભગવાનને મૂછો હોય એમ લાગે છે. પ્રભુભક્તિમાં તરબોળ હોય એવા પૂજારીએ હા કહી એટલે હઠીલા મહારાણાએ મૂછોવાળા ભગવાનના દર્શન કરવા હઠ લીધી. રાણાએ કહ્યું કે એ મૂછોવાળા ભગવાન જોવા માટે અહીં ત્રણ દિવસનો પડાવ નાખશે. પૂજારીને માથે આફતનાં વાદળ ઉમટયાં. એણે અનન્ય ભક્તિથી પ્રભુને પ્રસન્ન કર્યા. પ્રભુએ મૂછો સાથે મહારાણાને દર્શન આપ્યા, તેથી આ તીર્થનું નામ શ્રી મૂછાળા મહાવીર તીર્થ પડ્યું. આજે પણ ચમત્કારિક ગણાતા આ તીર્થમાં દર વર્ષે ચૈત્ર સુદ ૧૩ના દિવસે મેળો ભરાય છે. આ તીર્થનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૧૭માં થયો અને વિ.સં. ૨૦૨૨માં એની પુનઃ પ્રતિષ્ઠા થઇ.



**તીર્થવંદના ૬૬**

(૧) અ.સૌ. શ્રીમતી હીરાબહેન રતિલાલ ગિરધરલાલ શાહ, ચાવાળા
(૨) જે. બી. ગ્રુપ - ભાવનગર
(૩) એન. સૂર્યકાન્ત એન્ડ કું. ના સૌજન્યથી - ભાવનગર
(૪) અ.સૌ. હંસાબહેન, અ.સૌ. કલાબહેન, અ.સૌ. ભાવનાબહેન,
(૫) કૌશા, મોના, લીના - ભાવનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




67. SHRI ADISHVAR BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 67. SHRI RANAKPUR TIRTHA (SHRI ADISHVAR BHAGAVAN)

The Ranakpur tirtha is situated in the lap of the Aravalli hill ranges near the Maghai river. It has acquired a unique co-ordination of the natural beauty and the man-made sculptural art. This tirtha has no equal as far as expanse is concerned. It is 313 feet in breadth and 290 feet in length. Still all facilities for air and light are provided in it, - a surprise indeed for the architects of the whole world. In the temple we have an idol of MULANAYAKA Shri Adishvara Bhagavan. It is white in complexion, about 180 cms, in height and in Padmasana posture, it is very much impressive. The temple, of the style of NALINIGULMA plane, was constructed by Dharanashah, who was very much religious and was inspired by revered Acharya Somasundara Maharaj. Nalinigulama plane means a plane of Svargaloka, beautiful in all its parts. Dipaji, the architect of Mundara village planned it. The construction of the temple started in V.S. 1446, it could not be completed in fifty years. However, Shreshthi Shri Dharanashah, considering his own old age performed the ceremonious installation of this temple in V.S. 1496, at the auspicious hands of revered Acharya Shri Somasundarasuriji in all gaiety. A vast town came into being in the vicinity of this temple Ranakpur by name. Later on the tirtha also came to be known by the same name. In V.S. 1499, there were some 3000 houses of Shravakas. We have references which state that the Meghanada pandal was constructed here and renovation took place. Under the sacred sermonizing of revered Acharya Shri Hirajivijayasuriji Maharaj, who had been famous as AKABARA PRATIBODHA (i.e. one who awakened the consciousness of the Jaina faith in Akbar by his sermons). This is the Chief tirtha of the five tirthas of Godawal in Rajasthan. The firm of Anandaji Kalyanji got it repaired and renovated in V.S. 2009. The temple is enriched by 84 shrines, 1444 pillars, four Meghanada pandals, five Merus, 32 arched gates, Sahashrakuta Ashtapadas, four festival-pandals, nine Bhumigruhas and 38 thousand idols. This great temple is therefore known as Trailokyadipakaprasada of Tribhuvanavihara. It was under the very much appealing inspiration of monarch of the Jaina faith Acharyashri Vijayanemisurishvaraji that the firm of Sheth Anandaji Kalyanaji repaired this tirtha constantly for eleven years, renovated it and made it world-renowned.

## ૬૭. શ્રી રાણકપુર તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

નાનકડી મઘાઇ નદીની પાસે અને અરવલ્લીની ગિરિમાળાની ગોદમાં આવેલા રાણકપુર તીર્થમાં પ્રકૃતિનું સ્વાભાવિક સૌંદર્ય અને માનવસર્જિત શિલ્પકલાનો અદભુત સમન્વય થયો છે. વિસ્તારની બાબતમાં જૈન તીર્થોમાં અજોડ એવું શ્રી રાણકપુર તીર્થ ૩૧૩ ફૂટ પહોળું અને ૨૯૦ ફૂટ લાંબું છે અને તેમ છતાં તેમાં હવા-ઉજાસની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે દેશવિદેશના સ્થપતિઓને આશ્ચર્યમુગ્ધ કરે છે. મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૮૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા અતિ પ્રભાવક છે. પૂ.આ. શ્રી સોમસુંદરસૂરિ મ.ની પ્રેરણાથી ધર્મપરાયણ ધરણાશાહે નલિનીગુલ્મવિમાન શૈલીનું આ દેરાસર બનાવ્યું છે. નલિનીગુલ્મવિમાન એટલે સ્વર્ગલોકનું સર્વાંગસુંદર વિમાન. મુંડારા ગામના શિલ્પી દીપાજીએ આની રચના કરી. વિ.સં. ૧૪૪૬માં મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું. પચાસ વર્ષ પૂરાં થવા છતાં તે પૂરું થઇ શક્યું નહીં, પરંતુ શ્રેષ્ઠી ધરણાશાહે પોતાની વૃધ્ધાવસ્થા જોઇને વિ.સં. ૧૪૯૬માં આ ગગનચુંબી મંદિરની પ્રતિષ્ઠા પૂ.આ. શ્રી સોમસુંદરસૂરિજી મ.ના હાથે હર્ષોલ્લાસપૂર્વક કરાવી. આ મંદિરની નજીક એક વિરાટ નગરીનું નિર્માણ થયું, જેને રાણકપુર કહેતા અને એ પછી એનું નામ રાણકપુર પડ્યું. વિ.સં. ૧૪૯૯માં આ ગામમાં શ્રાવકોનાં ત્રણ હજાર ઘરો વિધમાન હતાં. અકબર પ્રતિબોધક પૂ.આ. શ્રી હીરવિજયસૂરિજી મ.ના સદુપદેશથી અહીં મેઘનાદ મંડપ બનાવ્યાનો અને જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. રાજસ્થાનના ગોડવાલ પંચતીર્થીના આ મુખ્ય તીર્થનો શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ જીર્ણોદ્ધાર કરાવીને વિ.સં. ૨૦૦૯માં પુનઃ પ્રતિષ્ઠા કરાવી. ૮૪ દેવકુલિકાઓ, ૧૪૪૪ સ્તંભો, સુંદર તોરણ, ચાર મેઘનાદ મંડપ, પાંચ મેરુ, ૩૨ તોરણ, સહસ્રકૂટ અષ્ટાપદ, ચાર રંગમંડપ, નવ ભૂમિગૃહ અને ૩૮ હજાર પ્રતિમાઓથી વિભૂષિત આ મહામંદિરને ત્રૈલોક્ય દીપક-પ્રાસાદ કે ત્રિભુવન વિહારને નામે ઓળખવામાં આવે છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ની અત્યંત ભાવવાહી પ્રેરણાને પરિણામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સતત અગિયાર વર્ષ સુધી આનું જીર્ણોદ્ધારનું કામ કરીને આ તીર્થને જગવિખ્યાત કર્યું.



તીર્થવંદના.૬૭

(૧) પ.પૂ.આ. શ્રી વિજય ધર્મ ધુરંધર સૂરીશ્વરજી મ.સા.ના આશીર્વાદથી સંતોકબહેન ગિરધરલાલ રૂગનાથ ભાવનગર, જે. બી ગ્રુપ ચાવાળા

(૨) ચંચળબહેન ગીરધરલાલ શાહ, દલાભાઈ ઠાર, મોનીક

(૩) નીકેત - નિધિ - ભાવનગર


(૪) જે. બી. ગ્રુપ ભાવનગર




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



68. **SHRI RATA MAHAVIRA BHAGAVAN** (શ્રીરાતા મહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 68. SHRI HATHUNDI TIRTHA (SHRI RATA MAHAVIRA BHAGAVAN)

The Hathundi Tirtha in the Aravalli hills, is situated at a distance of 32 kms. from the Ranakpur tirtha, 28 kms. from Falna and 20 kms. from the Javaibandha railway station. Here in the temple is installed an idol of MULANAYAKA Shri Mahavira Bhagavan. It is red-coral in complexion, 13.5 cms. in height and in Padmasana posture. This city, which was once the capital of Rashtrakutas, has two names—Hastikundi and Hastitundi. Hastitundi means mouth of an elephant. Here, below the idol of MULANAYAKA Shri Rata Mahavira Swami, there is a mark of an ASHTAPADA lion with the face of an elephant. Probably the city derived its name Hastatundi from this. From the point of view of art the idol of Prabhu Mahavira has a typical status. Such a mark is not seen on any other idol. The same idol of the fourth century is there today. There is a reference which states that the temple was got constructed in V.S. 370 by Shri Viradeva Shreshthis under the inspiration of revered Acharya Shri Siddhasuriji. Thereafter, in V.S. 973, Vidagdha, the son of king Harivardhana embraced the Jaina faith, got it repaired and renovated and once more got it ceremoniously installed. The descendents of king Vidagdha were followers of Jainism, and are stated to have looked after its spread and enrichment. There is yet another reference that idol of Shri Adinatha Bhagavan was ceremoniously installed at the auspicious hands of revered Shri Shantyacharyaji Maharaj in V.S. 1053. It is also learnt that the town got the name Hathundi in V.S. 1345. The last repairs and renovation of the tirtha took place in V.S. 2006 at the auspicious hands of the lion of Punjab, revered Acharya Shri Vijayavallabhasurishvaraji in an atmosphere of all gaiety and joy.

## ૬૮. શ્રી હથુન્ડી તીર્થ (શ્રીરાતા મહાવીર ભગવાન)

અરવલ્લીની ટેકરીઓમાં આવેલું આ હથુન્ડી તીર્થ રાણકપુર તીર્થથી ૩૨ કિ.મી., ફાલનાથી ૨૮ કિ.મી. અને જવાઈબંધ રેલવે સ્ટેશનથી ૨૦ કિ.મી. દૂર આવેલું છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની રક્તપ્રવાલ વર્ણની ૧૩૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. રાષ્ટ્રકૂટોની રાજધાની રહી ચૂકેલી આ નગરીનાં બે નામ મળે છે અને તે છે હસ્તિકુંડી તથા હસ્તિતુંડી. હસ્તિતુંડીનો અર્થ છે હાથીનું મુખ અને અહીં મૂળનાયક શ્રીરાતા મહાવીર સ્વામીની પ્રતિમાની નીચે અષ્ટાપદ સિંહનું (જેનું મુખ રાજાનું હોય) લાંછન છે તેથી આ નગરનું નામ હસ્તિતુંડી પડ્યું હશે. આવું લાંછન અન્ય કોઈ પ્રતિમા પર જોવા મળતું નથી. આજે એ જ ચોથી શતાબ્દીની પ્રાચીન પ્રતિમા વિદ્યમાન છે. આ મંદિરનું નિર્માણ વિ.સં. ૩૭૦માં પૂ. આ. શ્રી સિદ્ધસૂરિજીની પ્રેરણાથી શ્રી વીરદેવ શ્રેષ્ઠી દ્વારા થયાનો ઉલ્લેખ મળે છે. એ પછી વિ.સં. ૯૭૩માં રાજા હરિવર્ધનના પુત્ર વિદગ્ધ રાજાએ જૈન ધર્મનો અંગીકાર કર્યો અને આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને તેની પ્રતિષ્ઠા કરાવી હતી. વિદગ્ધ રાજાના વંશજ રાજાઓ જૈન ધર્મના અનુયાયીઓ હોવાથી તેમણે પણ ધર્મપ્રસારનું કાર્ય કર્યાની નોંધ મળે છે. વિ.સં. ૧૦૫૩માં પૂ. શ્રી શાન્ત્યાચાર્યજી મ.ના સુહસ્તે આદિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત થયાનો ઉલ્લેખ છે. લગભગ વિ.સં. ૧૩૪૫માં આ ગામનું નામ હથુન્ડી પડ્યું તેવો ઉલ્લેખ છે. આનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૦૬માં પંજાબકેસરી પૂ.આ. શ્રીમદ વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ના સુહસ્તે ઘણાં જ ઉલ્લાસમય વાતાવરણમાં થયો હતો.



**તીર્થવંદના ૬૮**

(૧) શાહ વલ્લભદાસ ગુલાબચંદ તળાજા - ભાવનગર
(૨) શાહ જગુભાઈ વલ્લભદાસ તળાજા - ભાવનગર
(૩) શાહ દીપિકાબહેન જગુભાઈ તળાજા - ભાવનગર
(૪) શાહ ગુણવંત જયંતિલાલ કુંવરજી ભાવનગર
(૫) શાહ ચંદ્રાબહેન ઈશ્વરલાલ માણેકચંદ ઘોઘાવાળા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




69. **SHRI FALAVRUDDHI PARSHVANATH BHAGAVAN** (શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 69. SHRI FALAUDHI TIRTHA (SHRI FALAVRUDDHI PARSHVANATH BHAGAVAN)

This tirtha is situated in the heart of the Falaudhi town that is at a distance of 1 km. from the Medata station of Rajasthan. Here we have in the temple the idol of MULANAYAKA Shri Falavruddhi Parshvanath Bhagavan. It is some 105 cms. in height, black in complexion and in Padmasana posture. This ancient idol is rich in miracles, very much charming to view and salutation in all feelings leads to fruition of all desires. The idol is made of sand and earth. This is a tritha of importance and glory amongst the tirthas in Rajasthan. In the 14th century Shri Jinaprabhasurishvaraji states in his work "Vividha Tirtha-Kalpa" that the darshan at this tirtha yields to the devotee, the reward of visit and darshan in 68 tirthas. It is also recorded here that the presiding deity gave due indication in a dream to Shri Dhandhal Shreshthi. On inquiry and digging at the spot indicated, a miraculous idol of Shri Parshvanath with seven fangs was unearthed. He commenced the construction of the temple, all difficulties came to an end thanks to the presiding deity. A second ceremonious installation took place through the sermonizing of revered Acharya Shri Dharmaghoshasurishvaraji to the local Sangha in V.S. 1181. A fair is held here every year on the 10th day of the dark half of Margashirsha and Bhadrapada. Thousands of men and women propitiate Shri Prabhu in all faith and devotion. The artistry of the BHAVA-PATTA and other PATTAS of Shri Parshvanath Bhagavan and Mahavira Bhagavan is really fine to view. We get details of renovations from time to time of the tirtha in so many works. Just in the vicinity of this temple there are two other ancient temples, with Parshvanath Bhagavan in one and Shantinath Bhagavan in the other. The festival-pandal over here is simply majestic.

## ૬૯. શ્રી ફલૌધી તીર્થ (શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન)

રાજસ્થાનના મેડતા રોડ સ્ટેશનથી ૧ કિ.મી. દૂર આવેલા ફલૌધી ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીફળવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાનની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રાચીન ચમત્કારિક પ્રભુ પ્રતિમા અત્યંત સુંદર છે તેમ જ એને ભાવપૂર્વક વંદન કરવાથી ભાવનાઓ ફળીભૂત થાય છે. ભગવાનની પ્રતિમા રેતી અને માટીની બનેલી છે. રાજસ્થાનનાં પ્રાચીન તીર્થોમાં આ એક મહિમાવંતુ તીર્થ છે. ૧૪મી સદીમાં શ્રી જિનપ્રભસૂરીશ્વરજીએ 'વિવિધ તીર્થકલ્પ'માં નોંધ્યું છે કે આ તીર્થનું દર્શન કરવાથી ૬૮ તીર્થોનો લાભ મળે છે. આમાં એમ પણ લખ્યું છે કે અહીંના શ્રી ધાંધલ શ્રેષ્ઠીને સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે સંકેત આપ્યો. સંકેતના સ્થળે તપાસ કરતાં દેવાધિદેવ પાર્શ્વનાથ ભગવાનની સપ્તફણી ચમત્કારિક પ્રતિમા પ્રાપ્ત થઈ. એમણે મંદિરના નિર્માણનું કાર્ય શરૂ કર્યું. એમાં આવેલી મુશ્કેલીઓ પણ અધિષ્ઠાયક દેવને કારણે ઓછી થઈ. વિ.સં. ૧૧૮૧માં પૂ.આ.શ્રી ધર્મઘોષસૂરીશ્વરજીએ અહીંના શ્રી સંઘને ઉપદેશ આપીને પુનઃપ્રતિષ્ઠા કરાવી. અહીં દર વર્ષે ભાદરવા વદ ૧૦ના દિવસે મેળો ભરાય છે અને હજારો નર-નારીઓ શ્રધ્ધાપૂર્વક શ્રીફળવૃધ્ધિ પાર્શ્વનાથની આરાધના કરે છે. અહીં પાર્શ્વનાથ ભગવાન અને મહાવીર ભગવાનના ભવ-પટ્ટ તથા અન્ય પટ્ટોની કલાત્મકતા દર્શનીય છે. અનેક ગ્રંથોમાં આના વખતોવખત થયેલા જીર્ણોધ્ધારની વિગત મળે છે. અત્યારે આ મંદિરની નજીક જ બે પ્રાચીન મંદિર છે. એકમાં ભગવાન પાર્શ્વનાથ અને બીજામાં ભગવાન શાંતિનાથ છે. એનો રંગમંડપ પણ ભવ્ય છે.



તીર્થવંદના ૬૯

(૧) પ્રભાબહેન જેઠાલાલ દુર્લભદાસ દોશી (છાપાવાળા) મહુવા-મુંબઈ

(૨) કિરીટભાઈ જેઠાલાલ દોશી (છાપાવાળા) મહુવા-મુંબઈ

(૩) કુંદન કિરીટભાઈ દોશી, ડીમ્પી, અદિતી, દીપ (છાપાવાળા)

(૪) સોનલ હર્ષદભાઈ જેઠાલાલ દોશી, નિયતિ(છાપાવાળા) મહુવા

(૫) પ્રદીપ જેઠાલાલ દોશી (છાપાવાળા) - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



70. SHRI MAHAVIR BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 70. SHRI SVARNAGIRI TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

This tirtha is situated in the Jalore fort on the Svarnagiri mountain near the city of Jalore in Rajasthan. Here we have the idol of MULANAYAKA Shri Mahavira Bhagavan. It is white in complexion, about 1000 cms. in height and in Padmasana posture. The religious pursuits of Jaina kings, ministers and Shreshthis from the second century of the Vikrama era to the eighteenth century are famous in the world. At a height of about 1200 feet from the sea level, there is the fort in the inner castle of which we have the temple in all its charm and magninimity, which is delighting. The idols all-around and ruins betray the great prosperity of the past. The city was known as Svarna-giri or Kanakachala—in ancient times. There was a time when there were several multi-millionaires here. We have a reference to state that the Mahavira-Jina palace was constructed in the time of king Nahada between V.S. 126 to 135. The tirtha is also referred to in the "Vicharashreni" composed by Shri Merutungasuri and in the "Ashtottari Tirthamala" of Mahendrasurishvaraji, composed in the 13th century. There is also a reference which states that the temple of Shri Parshvanath Bhagavan was ceremoniously inaugurated by king Kumarapal in V.S. 1221. Later installations are also reffered to. We also have a note which states that the renovation of the temple of Bhagavan Mahavira was undertaken and brought about by the minister Shri Jayamalji at the auspicious hands of revered Acharya Shri Jayasagaraganiji in V.S. 1681. The last renovation of the tirtha took place at the instance and under the sermonizing of revered Shri Vijayarajendrasuriji Maharaja. Besides this, in the fort on the mountain Svarnagiri there are four other temples while in the valley in Jalore, there are twelve other temples.

## ૭૦. શ્રી સ્વર્ણગિરિ તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

રાજસ્થાનના જાલોર શહેરની નજીક સ્વર્ણગિરિ પર્વત પર આવેલા જાલોર દુર્ગમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીમહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૦૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. વિક્રમની બીજી શતાબ્દીથી લગભગ ૧૮મી શતાબ્દી સુધી અહીંના જૈન રાજાઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ કરેલાં ધાર્મિક કાર્યો લોકવિખ્યાત છે. સમુદ્રની સપાટીથી લગભગ ૧૨ ફૂટ ઊંચે આવેલા કિલ્લાના પરિકોટમાં મંદિરનું દ્રશ્ય અત્યંત સોહામણુંઅનેઆહલાદક લાગે છે. આસપાસની પ્રતિમાઓ અને ભગ્ન અવશેષો એના ભૂતકાળની જાહોજલાલીનું દર્શન કરાવે છે. પ્રાચીન સમયમાં આ નગર સ્વર્ણગિરિ કે કનકાચલના નામથી પ્રસિદ્ધ હતું. એક સમયે અહીં અનેક કરોડપતિ શ્રાવકો રહેતા હતા. અહીં નું શ્રી મહાવીર જિનપ્રસાદ શ્રી નાહડ રાજાના સમયમાં વિ.સં. ૧૨૬ થી ૧૩૫ દરમિયાન થયાનો ઉલ્લેખ મળે છે. શ્રી મેરુતુંગસૂરિ વિરચિત 'વિચાર શ્રેણી' તથા ૧૩મી સદીમાં શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી રચિત 'અષ્ટોત્તરી તીર્થમાળા'માં આનો ઉલ્લેખ મળી આવે છે. વિ.સં. ૧૨૨૧માં કુમારપાળ રાજા દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ મળે છે. એ પછી થયેલી પ્રતિષ્ઠાઓના ઉલ્લેખો પણ સાંપડે છે. ભગવાન મહાવીરના મંદિરનો જીર્ણોદ્ધાર મંત્રીશ્રી જયમલજી દ્વારા પૂ. આ.શ્રી જયસાગરગણિજીના સુહસ્તે વિ.સં. ૧૬૮૧માં મ.ના ઉપદેશથી થયો હતો. આ સિવાય સ્વર્ણગિરિ પર્વતના કિલ્લામાં ચાર મંદિરો અને એની તળેટી જાલોરમાં બાર મંદિરો મળે છે.



તીર્થવંદના ૭૦

(૧) કાંતિલાલ મોહનલાલ શાહ પરિવાર ઘોઘાવાળા - મુંબઈ
(૨) વિમળાબહેન કાંતિલાલ શાહ ઘોઘાવાળા - મુંબઈ
(૩) મંજુલા કાંતિલાલ શાહ ઘોઘાવાળા - મુંબઈ
(૪) ઉર્મિલાબહેન ભરતભાઈ કાંતિલાલ શાહ ઘોઘાવાળા - મુંબઈ
(૫) હંસાબહેન ચંદ્રકાન્તભાઈ કાંતિલાલ શાહ ઘોઘાવાળા - મુંબઈ


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**71. SHRI SVAYAMBHU PARSHVANATH BHAGAVAN (શ્રીસ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 71. SHRI KAPARADA TIRTHA (SHRI SVAYAMBHU PARSHVANATH BHAGAVAN)

The town of Kaparoda is situated at a distance of 50 Kms. from Jodhpur and eight kms. from Siladi Railway station. In this town we have a tirtha of four storeys and 95 feet in height. Here in the temple, we have the idol of MULANAYAKA Shri Svayambhu Parshvanath Bhagavan. It is of snuff-colour, some 55 cms. in height and in Padmasana posture. This idol came out from the grounds of the deep thickest of babul trees adjoining the Kaparada village on the sacred birth-day of Shri Parshvanath Prabhu in V.S. 1674, i.e., on the tenth day of the dark half of the month of Margashirsha. The idol was installed once more in the temple with a magnanimous religious festival at the sacred hands of Acharya Shri Jinachandrasurishvaraji in the presence of Shri Gajasimha, the king of Jodhpur on the Purnima day of Vaishakha in V.S. 1678. The temple was newly constructed by Shri Bhanaji Bhandari. A time came later when devotees started calling this Shri Prabhu as Svayambhu Parshvanatha. Through the adverse effects of time, slowly this tirtha met deterioration. Then it was that the emperor of the Jaina order, the great elevator of tirthas came here and he inspired people for repairs to and renovation of the temple. Following the fervent appeal and deep feelings of the Acharya, Shravakas arranged for the renovation of the temple. On the Vasanta Panchami day of V.S. 1975, the re-installation took place at his auspicious hands. Amichand Gulabchand, the Shreshthi from Paladi spent a big amount in the festival. Other 15 idols were installed at the time. The art of the four storeys is very lovely indeed. The peak which is about 95 feet high is visible from a distance of about 8 kms. One peculiar trait of the peak is the Chowmukhiji in the four storeys.

## ૭૧. શ્રી કાપરડા તીર્થ (શ્રીસ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન)

જોધપુરથી ૫૦ કિ.મી. દૂર અને સિલાડી રેલવે સ્ટેશનથીઆઠ કિ.મી. દૂર કાપરડા ગામમાંઆવેલું આ ચાર માળવાળું ૯૫ ફૂટ ઊંચું તીર્થ એની ભવ્યતાથી અનેરું છે. અહીં મૂળનાયક શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાનની છીંકણી રંગની લગભગ ૫૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. કાપરડા ગામની નજીક બાવળની ગીચ ઝાડીની જમીનમાંથી આ પ્રતિમા વિ.સં. ૧૬૭૪માં પ્રાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણક દિવસે અર્થાત માગશર વદ ૧૦ના રોજ પ્રગટ થઇ. જોધપુરનરેશ શ્રી ગજસિંહની ઉપસ્થિતિમાં આ. શ્રી જિનચંદ્રસૂરીશ્વરજીના હસ્તે શ્રી ભાણાજી ભંડારી દ્વારા નવનિર્મિત મંદિરમાં વિ. સં. ૧૬૭૮ના વૈશાખી પૂર્ણિમાના દિવસે વિરાટ મહોત્સવ સાથે એની પુન: પ્રતિષ્ઠા કરવામાં આવી. ભક્તજનો આ પ્રભુને શ્રીસ્વયંભૂ પાર્શ્વનાથ કહેવા લાગ્યા. કાળના સપાટામાં આ તીર્થ ધીરે ધીરે ક્ષતિગ્રસ્ત બન્યું હતું. પરંતુ તીર્થોદ્ધારક શાસનસમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા. અહીં પધાર્યા અને એમણે મંદિરના જીર્ણોદ્ધારની પ્રેરણા આપી. આચાર્યશ્રીની ભાવના અનુસાર શ્રાવકોએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૯૭૫ના વસંતપંચમીના દિવસે તેઓના સુહસ્તે એની પુન: પ્રતિષ્ઠા થઇ. પાલડીવાળા શ્રેષ્ઠી અમીચંદ ગુલાબચંદે આ ઉત્સવમાં સારો એવો ખર્ચ કર્યો. આ પ્રતિષ્ઠા સમયે બીજી પંદર પ્રતિમાજીને પણ બિરાજમાન કરવામાં આવી. શિખરના ચાર માળની કલા અતિ રમણીય છે. લગભગ ૯૫ ફૂટ ઊંચું આ શિખર આઠ કિ.મી.ના અંતરેથી પણ દેખાય છે. જેમ શિખરની નિર્માણકલા અન્ય શિખરોથી વિશિષ્ટ છે, એ જ રીતે શિખરના ચાર માળમાં ચૌમુખીજી બિરાજમાન છે એ પણ એની વિશેષતા કહેવાય.




તીર્થવંદના ૭૧

(૧) સુરચંદભાઈ પાનાચંદ ઝવેરી - સુરત
(૨) જસવંતભાઈ પાનાચંદ ઝવેરી - સુરત
(૩) પ્રતાપચંદ પાનાચંદ ઝવેરી - સુરત
(૪) દમયંતીબહેન પ્રતાપચંદ ઝવેરી - સુરત
(૫) ભારતીબહેન સુરચંદભાઈ ઝવેરી - સુરત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



जैन साईट JAINSITE.com

**72. SHRI NAKODA PARSHVANATH BHAGAVAN** (શ્રીનાકોડા પાર્શ્વનાથ ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 72. THE NAKODA TIRTHA (SHRI NAKODA PARSHVANATH BHAGAVAN)

This sacred tirtha is at a distance of 10 kms. from Balotara Railway station and one Km. from Mewad city. It is situated in the forest in the hills. In this tirtha with a charming natural atmosphere all-around, we have an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan. It is black in complexion, 58 cms. in height and in Padmasana posture. The idol is extremely charming and miraculous. The miracles of the presiding deity of this spot, Shri Bhairavaji Maharaj are well-known. We have a reference which states that the ancient name of Nakoda was Virampur. It is said that in the third century before the Vikrama era, two brothers, Shri Virasen and Shri Nakoresen raised two villages Virampur and Nakorenagar at a distance of twenty miles. They also got constructed two temples of Shri Chandraprabha Bhagavan and Shri Suparshva Bhagavan. The ceremonious installation was performed at the auspicious hands of revered Acharya Shri Sthulabhadra Swamiji; a peculiarity indeed! So many powerful Acharyas and kings came for pilgrimage now and again to this tirtha and undertook renovation whenever found necessary. The temple suffered partial demolition at the hands of muslim invasions. In V.S. 1429, it was that the ceremonious installation took place. In V.S. 1511, when the renovation took place, the presiding god with all his prowess Shri Bhairavadeva was installed. Details of renovations in V.S. 1564, 1638 and 1865 are available. Renovations have continued to take place even later. Every year a big fair is held on the 10th day of the dark half of Margashirsha. On the same temple-complex since 16th or 17th century, we find that temples of Shri Adishvar Bhagavan and Shri Shantinath Bhagavan have sprung up.

## ૭૨. શ્રી નાકોડા તીર્થ (શ્રીનાકોડા પાર્શ્વનાથ ભગવાન)

આ પવિત્ર તીર્થધામ બાલોતરા રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર અને મેવાડનગરથી એક કિ.મી. દૂર જંગલમાં પર્વતોની વચ્ચે આવેલું છે. અત્યંત રમણીય પ્રાકૃતિક વાતારવણ ધરાવતા આ તીર્થમાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૫૮ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. પાર્શ્વપ્રભુની આ પ્રાચીન પ્રતિમા અત્યંત મનોરમ અને ચમત્કારિક છે. અહીંના અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજી મહારાજના ચમત્કારો પણ સર્વત્ર વિખ્યાત છે. નાકોડાનું પ્રાચીન નામ વીરમપુર હોવાનો ઉલ્લેખ મળે છે. એમ કહેવાય છે કે વિક્રમની પૂર્વે ત્રીજી સદીમાં શ્રી વીરસેન અને શ્રી નાકોરસેન નામના બે ભાઈઓએ વીસ માઈલના અંતરે વીરમપુર અને નાકોરનગર ગામ વસાવ્યાં અને તેમાં અનુક્રમે શ્રીચંદ્રપ્રભ ભગવાન અને શ્રીસુપાર્શ્વ ભગવાનના મંદિરનું નિર્માણ કરાવ્યું. પ.પૂ. આ. શ્રી સ્થૂલિભદ્રસ્વામીજીના સુહસ્તે એની પ્રતિષ્ઠા કરાવી અને તે આ તીર્થની એક વિશેષતા ગણાય. અને સમર્થ આચાર્યો અને રાજવીઓએ વખતોવખત આ તીર્થની યાત્રા કરી અને જરૂર જણાઈ ત્યારે જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ પણ મળે છે. એ પછી મુસલમાનોના આક્રમણોને કારણે આ મંદિરને ઘણી ક્ષતિ પહોંચી. વિ.સં. ૧૪૨૯માં એની ફરી પ્રતિષ્ઠા કરવામાં આવી. વિ.સં. ૧૫૧૧ના જીર્ણોદ્ધાર સમયે પ્રગટ પ્રભાવી અધિષ્ઠાયક દેવ શ્રી ભૈરવજીની સ્થાપના કરવામાં આવી. વિ.સં. ૧૫૬૪, વિ.સં. ૧૬૩૮માં આ તીર્થના જીર્ણોદ્ધારની વિગત મળે છે, એ પછી પણ વખતોવખત આવશ્યક જીર્ણોદ્ધાર થતા રહ્યા છે. આ જ મંદિરમાં લગભગ ૧૬મી-૧૭મી સદીના શ્રીઆદીશ્વર ભગવાન અને શ્રીશાંતિનાથ ભગવાનનાં મંદિરો પણ આવેલા છે.



તીર્થવંદના ૭૨

(૧) પૂ. પિતાશ્રી સ્વ. શાહ દલીચંદ દેવચંદના આત્મશ્રેયાર્થે - સુરત
(૨) પૂ. માતુશ્રી ગં. સ્વ. શાન્તાબહેન દલીચંદની પ્રેરણાથી
(૩) હ. રાજેન્દ્ર દલીચંદ શાહ અ.સૌ. મીના રાજેન્દ્ર શાહ - સુરત
(૪) ચિ. સાગર, સપના રાજેન્દ્ર શાહ બીલીમોરા - સુરત
(૫) રાજેન્દ્ર દલીચંદ શાહ પરિવાર - બીલીમોરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

73. **SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 73. SHRI SACHORE TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

Bus facility is available from Jalore, Bhinnamal, Badmer, Jodhpur as also Sirohi for going to Shri Sachore (Satyapur) tirtha which is at a distance of 48 kms. from Ranivada Railway station in Rajasthan. In the heart of the town is installed in the temple an idol of MULANAYAKA Shri Mahavir Swami Bhagavan. It is white in complexion and is really miraculous. It is ancient and is therefore greater in importance, referred to as it is in the "Jagachintamani stotra" composed by Gautamaswami and belongs to the times of Shri Mahavira Swami. The idol of Mulanayaka Bhagavan Shri Mahavira Swami is extremely captivating and gets us lost in devotional feelings. It is renowned by the name of Jivantaswami. There was a time when the tirtha was gorgeous and rich and prosperous with as many as 130 Jina temples. With the passing of time to-day, there are just six Jina temples. The ancient name of the town was Satyapur or Satyapuri. This is again the birth-place of the great poet Upadhyaya Shri Samayasundara Maharaj. The "Vividha Tirtha Kalpa" written in the 14th century by revered Shri Jinaprabhasuri states that around V.S. 130, Shri Nahada Raja constructed a sky-scraping temple and got installed in it a gold-idol of Bhagavan Mahavir Swami. In the 13th century of the Vikrama era, a king of Kanoj is stated to have got constructed a wooden temple of Bhagavan Mahavir. In the present days, we find here a mosque which was a Jain temple in the old days. It is said that we come here across a stone which states that in the year V.S. 1322, on the 13th day of the dark half of Vaishakh, Bhandari Shri Chhada Sheth got the temple of Mahavir Bhagavan repaired and renovated. The gold-idol that Allauddin Khilji took to Delhi is not traceable. The last renovation of the temple took place in V.S. 1963.

## ૭૩. શ્રી સાચોર તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

રાજસ્થાનના રાણીવાડા રેલવે સ્ટેશનથી ૪૮ કિ.મી. દૂર આવેલા શ્રી સાચોર (સત્યપુર) તીર્થ જવા માટે જાલોર, ભિન્નમાલ, બાડમેર, જોધપુર તેમ જ શિરોહીથી બસની સગવડ છે. સાચોર ગામની મધ્યમાં મૂળનાયક શ્રીમહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની ચમત્કારિક પ્રતિમા બિરાજમાન છે. ભગવાન શ્રીમહાવીર સ્વામીના સમયનું આ તીર્થ હોવાથી તેમ જ ગૌતમસ્વામીએ રચેલા 'જગચિંતામણિ' સ્તોત્રમાં આ તીર્થનું વર્ણન હોવાથી એની પ્રાચીનતા અને એનો મહિમા વિશેષ છે. મૂળનાયક ભગવાન શ્રીમહાવીર સ્વામીની પ્રતિમા ખૂબ જ મનોહર અને ભાવવિભોર કરે તેવી છે. એ જીવંતસ્વામીના નામથી પણ પ્રસિદ્ધ છે. એક સમયે આ તીર્થ ભવ્ય જાહોજલાલી ધરાવતું હતું અને ૧૩૦ જેટલાં જિનાલયોથી સુશોભિત હતું. સમયના પરિવર્તનની સાથોસાથ આજે અહીં માત્ર છ જિનાલય મળે છે. આ નગરનું પ્રાચીન નામ સત્યપુર કે સત્યપુરી હતું. વળી આ નગર કવિવર્ય ઉપાધ્યાય શ્રી સમયસુંદર મ.ની જન્મભૂમિ પણ છે. ૧૪મી સદીમાં પૂ. શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલાં 'વિવિધ તીર્થ કલ્પ'માં એવો ઉલ્લેખ છે કે પરાક્રમી શ્રી નાહડ રાજાએ વિ.સં. ૧૩૦ની આસપાસ ગગનચુંબી મંદિરનું નિર્માણ કરીને ભગવાન મહાવીર સ્વામીની સુવર્ણમયી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. વિક્રમની ૧૩મી સદીમાં કનોજના રાજા દ્વારા ભગવાન મહાવીરનું મંદિર કાષ્ઠનું બંધાવ્યાનો ઉલ્લેખ છે. અહીંયાં વર્તમાનમાં જે મસ્જિદ છે તે પ્રાચીનકાળમાં જૈન મંદિર હતું. એમ કહેવાય છે કે એના જૂના પથ્થર પરના શિલાલેખોમાં વિ.સં. ૧૩૨૨ વૈશાખ વદ ૧૩ના દિવસે ભંડારી શ્રી છાડા શેઠ દ્વારા મહાવીર ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો લેખ મળે છે. અલ્લાઉદ્દીન ખિલજી જે સુવર્ણમયી પ્રતિમા દિલ્હી લઈ ગયો હતો તેની ભાળ મળતી નથી. આ મંદિરનો અંતિમ જીર્ણોદ્ધાર વિ.સં. ૧૯૬૩માં થયો હતો.




**તીર્થવંદના ૭૩**

(૧) સ્વ. કાંતાબહેન બાબુલાલ ચીમનલાલ દોશી પરિવાર - અમદાવાદ
(૨) કિરીટભાઈ બાબુલાલ દોશી - અમદાવાદ
(૩) ચંદ્રાબહેન કિરીટભાઈ દેશી - અમદાવાદ
(૪) પૌત્ર ડૉ, સેફલ, કિરીટભાઈ દોશી (એમ.ડી.) - અમદાવાદ
(૫) પૌત્રી સોના કિરીટભાઈ દોશી - અમદાવાદ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**74. SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 74. SHRI OSIA TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

This tirtha, situated at a distance of 65 kms. both from Jodhpur and Falodi, is on the high way between Jodhpur and Falodi. The magnanimous history of this tirtha is associated with the origin of Oswals. This tirtha is world-renowned as regards Dharma, art and history. In the Veera Samvat 70, the seventh Pattadhara in the line of Bhagavan Parshvanatha, revered Acharya Shri Ratnaprabhasurishvaraji had come here with 500 pupils. He sermonized king Upaladeva, Minister Uhada and many other Rajputs and got them converted to the Jaina faith. This Jaina temple of Shri Mahavira was got constructed by king Upaladeva and the installation ceremony was performed by Acharya Shri Ratnaprabhasuriji. This majestic idol is got constructed by king Samprati. When the minister Uhada raised the Osia city, the idol revealed itself from the underground. There is a reference which says that in V.S. 1017, the temple was reconstructed and the idol of Shri Mahavir Bhagavan was ceremoniously installed in it. For each member of the Oswal society, this is the glorious spot that is place of their origin. In the temple of Shri Mahavira, there is the miraculous idol of Shri Adhishthayaka snake and famous by the name of Shri Puniyababa. The idol of MULANAYAKA Shri Mahavir Bhagavan is some 80 cms. in height, of golden colour and in Padmasana posture. The temple of Bhagavan Mahavira and other temples are famous for their majesty, artistry and architectural beauty. The pillars of the festival pandal, the sceneries on the walls and the religious incidents depicted on the outskirts are very much full of life and the artistry of the Bhamati is extremely attractive.

## ૭૪. શ્રી ઓસિયા તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

જોધપુર-ફ્લોધિ મુખ્ય સડક માર્ગ પર આવેલું આ તીર્થ જોધપુર તેમ જ ફલોદીથી ૬૫ કિ.મી. દૂર છે. ઓસવાળોની ઉત્પત્તિ સાથે આ ભવ્ય તીર્થનો ઈતિહાસ જોડાયેલો છે. ધર્મ, કલા અને ઈતિહાસ એમ ત્રણેય રીતે પ્રસિદ્ધ આ તીર્થ વિશ્વવિખ્યાત છે. વીર સંવત ૭૦માં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના સાતમા પટ્ટધર પૂ.આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી ૫૦૦ શિષ્યો સાથે અહીં પધાર્યા હતા. અને રાજા ઉપલદેવ, મંત્રી ઉહડ અને અનેક રજપૂતોને ધર્મોપદેશ આપીને જૈનધર્મી બનાવ્યા હતા. આ મહાવીર જિનાલય રાજા ઉપલદેવે બંધાવ્યું અને આ. શ્રી રત્નપ્રભસૂરિજી મ. તેની પ્રતિષ્ઠા કરી. આ ભવ્ય પ્રતિમા રાજા સમ્પ્રતિ દ્વારા નિર્મિત છે. ઉહડ મંત્રીએ જ્યારે ઓસિયાનગર બંધાવ્યું ત્યારે ભૂગર્ભમાંથી આ પ્રતિમા પ્રગટ થઇ હતી. મંદિરનું પુન: નિર્માણ કરીને વિ.સં. ૧૦૧૭માં શ્રીમહાવીર ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. ઓસવાલ સમાજની પ્રત્યેક વ્યક્તિને માટે પોતાના ઉદભવની આ મહિમાવંતી ભૂમિ છે. શ્રી મહાવીર જિનાલયમાં શ્રી પુનિયાબાબાના નામથી પ્રખ્યાત ચમત્કારિક શ્રીઅધિષ્ઠાયક દેવની પ્રતિમા નાગ-નાગણીના રૂપમાં બિરાજમાન છે. મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની લગભગ ૮૦ સે.મી. ઊંચી સુવર્ણ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. તો અહીંનું ભગવાન મહાવીરનું મંદિર અને અન્ય મંદિરો એની ભવ્યતા, કલાત્મકતા, અને શિલ્પસૌંદર્યને લીધે જાણીતાં છે. રંગમંડપના સ્તંભો, દીવાલો, ઘરનાં દ્રશ્યો તથા રંગમંડપની બહાર આલેખાયેલા પ્રસંગો અત્યંત સજીવ છે તો મંદિરની ભમતીમાં આવેલા તોરણની કારીગરી અત્યંત આકર્ષક છે.



તીર્થવંદના ૭૪
(૧) સ્વ. કાંતાબહેન બાબુલાલ ચીમનલાલ દોશી પરિવાર - અમદાવાદ
(૨) કિરીટભાઈ બાબુલાલ દોશી - અમદાવાદ
(૩) ચંદ્રાબહેન કિરીટભાઈ દેશી - અમદાવાદ
(૪) પૌત્ર ડૉ. સેફલ, કિરીટભાઈ દોશી (એમ.ડી.) - અમદાવાદ
(૫) પૌત્રી સોના કિરીટભાઈ દોશી - અમદાવાદ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**75. SHRI SAHASRAFANA CHINTAMANI PARSHVANATH BHAGAVAN.**
(શ્રીસહસ્ત્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 75. SHRI LODRAVA TIRTHA
## (SHRI SAHASRAFANA CHINTAMANI PARSHVANATH BHAGAVAN)

The Lodrava town, at a distance of 15 kms. from Jaisalmer and 5 kms. from Amarasagar, breathes itself in the midst of ruins. There was, however, a time when this town was full of the prosperity of Rajputs. At that time there was ancient University over here. Here in the temple we have an idol of MULANAYAKA Shri Sahasrafana Chintamani Parshvanath Bhagavan; black in complexion, about 100 cms. in height and in Padmasana posture. This is an important tirtha in the group of the five tirthas of Jaisalmer. One peculiar trait of its sculptural art is that the sculptors have carved out various models of Rajasthani art in stone. In the days of old, Jain Acharyas were travelling from Lodrava to Multan. They gave sermons to the prince of the state on way. The prince got converted to Jainism and it was he who raised this great tirtha. The tirtha was attacked several times by invaders but it remained intact. In addition t this the tirtha has shown miracles in calamitous times. The presiding deity over here is alert even to-day and has shown his prowess now and then. The arched gates at the entrance, the ceiling, the peak and the pillars-well, every stone has very subtle and beautiful craftsmanship. Again the image of Sahasrafana Parshvanath Bhagavan is made of stone. Rare indeed is the darshan of such a miraculous idol. Sheth Thirushah got the renovation and ceremonious installation of this tirtha made at the auspicious hands of Acharya Shri Jinarajasuriji.

## ૭૫. શ્રી લોદ્રવા તીર્થ (શ્રીસહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)

જેસલમેરથી ૧૫ કિ.મી. અને અમરસાગરથી ૫ કિ.મી. દૂર આવેલ લોદ્રવ ગામ આજે ભૂતકાળનાં ખંડેરો વચ્ચે શ્વાસ લે છે, પરંતુએક સમયે આ ગામ રજપૂતોની જાહોજલાલીભર્યું શહેર હતું. એ સમયે વિશ્વમાં જાણીતા આ સ્થળે ભારતનું પ્રાચીન વિશ્વવિદ્યાલય હતું. અહીં મૂળનાયક શ્રીસહસ્રફણા ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. જેસલમેર પંચતીર્થીનું આ એક મહત્ત્વનું પ્રાચીન તીર્થસ્થળ છે. એની શિલ્પકલાની આગવી વિશેષતા એ છે કે અહીં કારીગરોએ રાજસ્થાની શિલ્પકલાના જુદા જુદા નમૂનાઓને પથ્થરમાં પ્રગટ કર્યા છે. અગાઉના જમાનામાં જૈનાચાર્યો લોદ્રવથી મુલતાન જતા હતા અને તેથી રસ્તામાં જતા અહીંના રાજકુમારને ઉપદેશ આપ્યો હતો. આ રાજકુમાર જૈન ધર્મના અનુયાયી બન્યા અને એમણે આ મહાન તીર્થની સ્થાપના કરી. આ તીર્થ પર અનેક વાર આક્રમણકારોએ હુમલાઓ કર્યા, પરંતુ મંદિરને કશી આંચ આવી નથી. એટલું જ નહિ પણ કપરે સમયે એમને અનેક ચમત્કારો દર્શાવ્યા છે. જૈન ધર્મનાઅધિષ્ઠાયકઆજે પણ જાગૃત છે તેનો પરચો અવારનવાર અહીં સહુને મળ્યો છે. આ મંદિરના પ્રવેશદ્વારનાં તોરણ, છત, શિખર અને સ્તંભનાએક-એક પથ્થર પર સૂક્ષ્મ કારીગરી જોવા મળે છે. વળી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની કસોટી પાષાણમાં બનેલીઆવી ચમત્કારિક પ્રતિમાના દર્શન અન્યત્ર દુર્લભ છે. વિ.સં. ૧૬૭૩ના માગશર સુદ ૧૨ના દિવસે આ. શ્રી જિનરાજસૂરીજીના સુહસ્તે શેઠ થીરૂશાહે આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.



**તીર્થવંદના ૭૫**

(૧) સ્વ. મહાસુખરાય હીરાચંદ મહુવાવાળા - ભાવનગર
(૨) માનકુંવરબહેન મહાસુખરાય મહુવાવાળા - ભાવનગર
(૩) દેવેન્દ્રકુમાર મહાસુખરાય મહુવાવાળા - ભાવનગર
(૪) અ.સૌ. પ્રેરણાબહેન દેવેન્દ્રકુમાર મહુવાવાળા - ભાવનગર
(૫) ચિ. હાર્દિક ચિ. ઝરણા, દેવેન્દ્રકુમાર મહુવાવાળા - ભાવનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**76. SHRI CHINTAMANI PARSHWANATH BHAGAVAN (શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 76. SHRI JAISALMER TIRTHA (SHRI CHINTAMANI PARSHWANATH BHAGAVAN)

This tirtha is situated in the fort on the hill adjoining Jaisalmar town that is at a distance of 140 miles from Jodhpur in Rajasthan. Here in the temple we have an idol of MULANAYAKA Shri Chintamani Parshvanath Bhagavan. It is white in complexion, about 150 cms. in height and in Padmasana posture. There was a time when the town had many wealthy Jain Saravakas in it. A beauty that will make us spell-bound is found in the Jain architectures of Jaisalmar. Architects have not left any space on any stone on which art carved on it cannot be shown. Again, the yellow stone of this area is very hard and carving art on it is no small a matter. In the whole country, Jaisalmer is the only place in which artistry is visible not only in temples but also in balconies and porticos of houses in all subtlety. There are about seven thousand Jina idols over here, seven libraries with rare palm-leaf manuscripts; there are eighteen Upashrayas. The idol of Shri Chintamani Parshvanath Bhagavan is simply majestic. At the entrance door there are hundreds of art-pieces on the two attractive pillars; there are inner apartments, Gudhamandapas, festival pandals and Bhamatis in which there are Shrungarachowkis of 51 Shrines. In the Gabharas there is an anointed idol of MULANAYAKA Bhagavan. The unique and majestic idols of a period earlier that the 14th century are uniquely artistic. On the second day of the bright half of falguna in V.S. 1263, there was a fall down of the idol and it was shifted, brought here and ceremoniously installed. There are references of installations in V.S. 1459 and 1473, as well.

## ૭૬. શ્રી જેસલમેર તીર્થ (શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન)

રાજસ્થાનના મુખ્ય શહેર જોધપુરથી ૧૪૦ માઈલ દૂર આવેલ જેસલમેર ગામ પાસે ટેકરી પરના કિલ્લામાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એક સમયે જૈનોની જાહોજલાલી ધરાવતા આ નગરમાં ૨૭ જેટલા જૈન શ્રાવકોના પરિવાર રહેતા હતા. જેસલમેરમાં જૈન શિલ્પકલાનું અદભુત સૌંદર્ય જોવા મળે છે. એના પ્રત્યેક મંદિરમાં તોરણો, પૂતળીઓ, સ્તંભો વગેરેમાં પશ્ચિમ રાજસ્થાનની શિલ્પકલાની ઉત્કૃષ્ટતા જોવા મળે છે. શિલ્પીઓએ કોઈ પણ પથ્થર પર ક્યાંય એટલી પણ જગ્યા છોડી નથી કે જયાં કોઇ ને કોઇ કલાનું દર્શન ન થાય. વળી અહીંનો પીળો પથ્થર પણ અત્યંત કઠણ હોવા છતાંઆવી કારીગરી કરવી તે કોઇ નાનીસૂની વાત નથી. સમગ્ર દેશમાં જેસલમેર જેવુંએક પણ સ્થાન નથી કે જયાં મંદિરો જ નહિ, પણ ઘરના છજાઅને ઝૂરખામાં પણ સૂક્ષ્મ કારીગરી જોવા મળે છે. અહીં આશરે સાત હજાર જિનપ્રતિમાઓ છે. દુર્લભ તાડપત્રીય ગ્રંથો ધરાવતા સાત જ્ઞાનભંડાર છે. ૧૮ ઉપાશ્રય છે, શ્રીચિંતામણિ પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા દર્શનીય છે. એના પ્રવેશદ્વાર પર સેંકડો કલાકૃતિઓ ધરાવતા બે આકર્ષક સ્તંભો પર આકર્ષક તોરણ છે. ગર્ભગૃહ, ગૂઢમંડપ, સભામંડપ અને ભમતિમાં ૫૧ દેવકુલિકાની શૃંગાર ચોકી છે. ગભારામાં મૂળનાયક ભગવાનની લેપમય મૂર્તિ છે. ૧૪મી સદીથી પણ પહેલાંની અનન્ય ભવ્ય પ્રતિમાઓ અને કલાત્મક મંદિર ચિત્તને આકર્ષિત કરે છે. વિ.સં. ૧૨૬૩ના ફાગણ સુદ બીજે લોદ્રવાના પતનને પરિણામે મૂળનાયક ભગવાનની પ્રતિમા અહીં લાવીને બિરાજમાન કરવામાં આવી. વિ.સં. ૧૪૫૯ અને વિ.સં. ૧૪૭૩માં પ્રતિષ્ઠા થયાના ઉલ્લેખો મળે છે.




**તીર્થવંદના ૭૬**

(૧) નાનુભાઈઝવેરચંદ, હ:અ.સૌ. હસુમુખબહેન (બેડા-રાજસ્થાન)-કીમ
(૨) રમેશચંદ્રનાનુભાઈ હ. સોહનબહેન, ચિરાગ, રચના, સારિકા-કીમ
(૩) કાંતિલાલ નાનુભાઈ હ. શકુંતલાબહેન, ભાવેન, કુલીન, અંકિતા.
(૪) ભરતકુમારનાનુભાઈ હ. રેખાબહેન, વત્સલ, રુચિકા, સૂચિ, નીકુ.
(૫) દિલીપ, સરોજ, ગૌરવ, દીપક, અભિષેક, અતુલ, ઉષા, પ્રિયંકા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**77. SHRI MAHAVIR BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 77. SHRI JAMMU TIRTH (SHRI MAHAVIR BHAGAVAN)

In the Jammu city in Kashmir, there is one Jina temple with peaks. Here is installed the idol of MULANAYAKA Bhagavan Mahavir, it is extremely impressive. The idol was brought from Khambhat and installed here. The local Sangha constructed this new temple. Ten years earlier the tirtha was renovated by the firm of Anandaji Kalyanji and the ceremonious installation took place at the auspicious hands of revered Acharya Shri Samudrasurishvaraji Maharaj Saheb. From that time onwards the local Sangha is constantly flourishing and also enriching itself. On one side of the MULANAYAKA are installed the idols of Shri Neminath Bhagavan and Shri Shantinath Bhagavan and on the other idols of Shri Parshvanath Bhagavan and Shri Rushabhadeva Bhagavan. The idol of MULANAYAKA Shri Mahavir Bhagavan is simply extraordinary and pleasing to the sight. Again , best of facilities are available here for pilgrims.

## ૭૭. શ્રી જમ્મુ તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

કાશ્મીર રાજયના જમ્મુ શહેરમાં આવેલું આ શિખરબંધી જિનમંદિર છે. અહીં રાજા સમ્પ્રતિના સમયની મૂળનાયક ભગવાન મહાવીરની પ્રભાવશાળી પ્રતિમા છે. આ પ્રતિમા ખંભાતથી લાવીને આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાંઆવી તેમ જ સ્થાનિક સંઘે આ નૂતન મંદિરનું નિર્માણ કર્યું. આજથી દસેક વર્ષ પહેલાં શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તેમ જ પૂ. આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજી મ.સા.ના સુહસ્તે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. જયારથી ભગવાનને મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે ત્યારથી અહીંનો શ્રી સંઘ દિનપ્રતિદિન ઉન્નતિ પામી રહ્યો છે. મૂળનાયકની પ્રતિમાની એક બાજુ શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રીશાંતિનાથ ભગવાન અને બીજી બાજુ શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રીઋષભદેવ ભગવાન પ્રતિષ્ઠિત છે. મૂળનાયક શ્રીમહાવીર ભગવાનની પ્રતિમા અદભુત અને દર્શનીય છે. વળી આ સ્થળે યાત્રાળુઓ માટે ઉત્તમ પ્રબંધ છે.





**તીર્થવંદના ૭૭**

(૧) શાહ માવજીભાઈ વશરામભાઈ ટાણાવાળા - ભાવનગર
(૨) શાહ માવજીભાઈ વશરામભાઈ સહપરિવાર ટાણાવાળા
(૩) શાહ માવજીભાઈ વશરામભાઈ સહપરિવાર ટાણાવાળા
(૪) શાહ માવજીભાઈ વશરામભાઈ સહપરિવાર ટાણાવાળા
(૫) શાહ માવજીભાઈ વશરામભાઈ સહપરિવાર ટાણાવાળા




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




78. SHRI SHANTINATH BHAGAVAN (શ્રીશાંતિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 78. SHRI HASTINAPUR TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

Hastinapur is an ancient city and the Shri Hastinapur tirtha in the present town is as old as the days of the monarch of ages Shri Adishvar Bhagavan. Here we see an idol of MULANAYAKA Shri Shantinath Bhagavan. It is rose-coloured, some 90 cms. in height and in Padmasana posture. This land has acquired the lucky twelve Kalyanakas - Chyavana, birth, initiation into monkhood and acquirement of absolute knowledge of Shri Shantinath Bhagavan, Shri Kunthunath Bhagavan and Shri Aranath Bhagavan. The city is again, sanctified by the dust of the feet of Shri Adinath Bhagavan and Shri Mahavira Swami. It was here that Shri Shreyansakumar got Shri Adinath Bhagavan Mahavira, so many great Acharyas and devout Sanghas came on pilgrimage of this tirtha. The land is therefore sanctified by the fall of the feet of so many great souls and the birth of so many others. Since this is an ancient spot, idols, coins, inscriptions of ancient days are acquired from the ground. Now and again the idol of MULANAYAKA is installed. Its last renovation took place in V.S. 2021 on the tenth day of the bright half of Magashirsha. Fairs are held here every year on the purnima day of Kartika and on the third day of the bright half of Vaishakh. On a small hill at a distance of one mile from here we have the foot-steps of Shri Shantinath, Shri Kunthunath and Shri Aranath. We come across shrines of Shvetambaras and Digambaras at different places, and in one of these we have the sacred feet of Shri Adinath. As Shri Adinath Prabhu broke his fast here, the procession of Akshayatrutiya comes and stops here.

## ૭૮. શ્રી હસ્તિનાપુર તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

હસ્તિનાપુર એક પ્રાચીન નગર છે અને આ ગામમાં આવેલું શ્રી હસ્તિનાપુર તીર્થ યુગાદિદેવ શ્રીઆદીશ્વર ભગવાનના સમય જેટલું પ્રાચીન છે. અહીં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની ગુલાબી વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. શ્રીશાંતિનાથ ભગવાન, શ્રીકુંથુનાથ ભગવાન અને શ્રીઅરનાથ ભગવાનના ચ્યવન, જન્મ દીક્ષા અને કેવળજ્ઞાન એવા બાર કલ્યાણક હોવાનું મહાભાગ્ય આ ભૂમિને પ્રાપ્ત થયું છે. વળી ભગવાન મલ્લિનાથ અને શ્રીમહાવીર સ્વામીની ચરણરજથી આ નગરી પાવન થયેલી છે. શ્રીઆદિનાથ ભગવાનને શ્રી શ્રેયાંસકુમારે અહીં જ ઈક્ષુરસના પારણાં કરાવ્યાં હતાં, જે દિવસ આજે અક્ષયતૃતીયાને નામે ઓળખાય છે. ભગવાન મહાવીર પછી અનેક પ્રકાંડ વિધાન આચાર્યો અને ભાવિક સંઘોએ આ તીર્થની યાત્રા કરી. આમ મહાન આત્માઓના જન્મ અને પદાર્પણથી આ ભૂમિ પવિત્ર બનેલી છે. આ પ્રાચીન સ્થાન હોવાથી પ્રાચીન પ્રતિમાઓ, સિક્કાઓ, શિલાલેખો જમીનમાંથી પ્રાપ્ત થાય છે. મૂળનાયકની પ્રતિમાની પ્રતિષ્ઠા વખતોવખત થતી આવી છે અને એનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૨૧ માગશર સુદ ૧૦ના દિવસે થયો હતો. અહીં દર વર્ષે કારતક સુદ પૂનમ અને વૈશાખ સુદ ત્રીજના દિવસે મેળો ભરાય છે. અહીંથી એક માઈલ દૂર ટેકરી પર શ્રીશાંતિનાથ, શ્રીકુંથુનાથ અને શ્રીઅરનાથની ચરણપાદુકા છે. અહીં જુદે જુદે સ્થળે શ્વેતામ્બર અને દિગમ્બરોની દેરીઓ પણ મળે છે, જેમાં એક પ્રાચીન દેરીમાં શ્રીઆદિનાથ પ્રભુનાં ચરણ છે. આ સ્થળે શ્રીઆદિનાથ પ્રભુએ પારણું કર્યું હોવાથી અક્ષયતૃતીયાનો વરઘોડો અહીં આવીને અટકે છે.




**તીર્થવંદના ૭૮**

(૧) ઉમેદચંદ ચુનીલાલ મહેતા હ. અ સૌ. રસીલાબહેન કુંભણ
(૨) અરુણાબહેન સૌભાગ્યચંદ્ર મહેતા હ, પરેશ, પારસ કુંભણ
(૩) જ્યોતિબહેન નરેન્દ્રભાઈ મહેતા હ. કેનીલ કુંભણ - ભાવનગર
(૪) વંદનાબહેન દીપકભાઈ મહેતા હઃ ધારા, ઈશા કુંભણ - ભાવનગર
(૫) ઈંદિરાબહેન લહેરચંદ મહેતા હઃ જેની, હિરલ, તન્વી, મૈત્રી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



79. SHRI NEMINATH BHAGAVAN (શ્રીનેમિનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 79. SHRI SAURIPUR TIRTHA (SHRI NEMINATH BHAGAVAN)

This tirtha is situated at a distance of 75 kms. from Agra and 25 kms. from Shikohabad. The tirtha is eulogistically referred to in the ancient Agama works like Samavayanga Sutra, Uttaradhyayana Sutra etc. This is the sacred spot of the blessed coming down from heaven - Chyavana Kalyanaka - and the sacred birth of Shri Neminatha, the twenty second tirthankara. This tirtha is situated at a distance of 1.5 kms. hilly road from Bateshvara on the banks of Yamuna. The tirtha has an idol of MULANAYAKA Shri Neminatha Bhagavan; it is black in complexion, about 75 cms. in height and in Padmasana posture. It is said that the last tirthankara Bhagavan Mahavira Swami had also visited this tirtha. It is also said that during their pilgrimage to Sametashekhara, came to Sauripur tirtha great Acharyas like Shri Pradyumnasuri, Shri Bappabhattasuri, Shri Vimalchandrasuri, Shri Udyotanasuri, Shri Nemichandrasuri and Devendrasuri. Shri Hiravijayasuri, who awakened emperor Akbar to human compassion, came on a pilgrimage to this tirtha in V.S. 1640. Through him it was that Sanghavi arranged for the Anjanashalaka and installation of the Charanpaduka of Shri Neminath Bhagavan. In the ancient times, this was a vast city known by two names Sauriyapur and Suryapur. The last installation of the tirtha took place in V.S. 1981 under the august presence of revered Shri Vidyavijayaji and revered Shri Jayantavijayaji, the great munis who were pupils of revered Acharya Shri Vijayadharmasuriji. In this tirtha, MULANAYAKA Bhagavan Neminatha's idol with its black, complexion is extremely charming. We get a glimpse of the great prosperity of this town from its ruins.

## ૭૯. શ્રી સૌરીપુર તીર્થ (શ્રીનેમિનાથ ભગવાન)

આગ્રાથી ૭૫ કિ.મી. અને શિકોહાબાદથી ૨૫ કિ.મી. દૂર આવેલું શ્રી સૌરીપુર તીર્થ સમવાયાંગસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર જેવાં પ્રાચીન આગમ ગ્રંથોમાં પણ ગૌરવભર્યો ઉલ્લેખ પામ્યું છે. બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનના ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણકની આ પવિત્ર ભૂમિ છે. યમુના નદીને કિનારે વસેલા બટેશ્વરથી પહાડી રસ્તે ૧.૫ કિ.મી. દૂર આવેલા આ તીર્થમાં મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૭૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું પણ અહીં પદાર્પણ થયું હતું એમ કહેવાય છે. વળી આ પવિત્ર ભૂમિ પર શ્રી પ્રધુમ્નસૂરિ, શ્રી બપ્પભટ્ટસૂરિજી, શ્રી વિમલચંદ્રસૂરિ, શ્રી ઉધોતનસૂરિ, શ્રી નેમિચંદ્રસૂરિ, શ્રી દેવેન્દ્રસૂરિ વગેરે પ્રભાવશાળી આચાર્યો સમેતશિખરની યાત્રાએ જતાં સૌરીપુરમાં આવ્યા હતા. અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિ વિ.સં. ૧૬૪૦માં સૌરીપુર તીર્થની યાત્રાએ આવ્યા હતા અને એમણે સંઘવી સેહિલ દ્વારા ભરાવેલી મૂર્તિની અંજનશલાકા કરી પ્રતિષ્ઠા કરી હતી. વળી એમણે શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકા પણ ત્યાં પધરાવી હતી. પ્રાચીન સમયમાં આ એક વિરાટનગરી હતી અને એના સૌરીયપુર અને સૂર્યપુર જેવાં નામો મળે છે. આ તીર્થનો અંતિમ ઉદ્ધાર અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૧માં પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય પૂ. શ્રી વિધાવિજયજી તથા પૂ. શ્રી જયંતવિજયજી આદિ મુનિવરોએ કરી હતી. આ તીર્થના મૂળનાયક ભગવાન નેમિનાથની શ્યામ વર્ણની પ્રતિમા અત્યંત દર્શનીય છે. આ શહેરના ધ્વંસઅવશેષોમાંથી એની પ્રાચીન કાળની જાહોજલાલીની માહિતી સાંપડે છે.



**તીર્થવંદના ૭૯**

(૧) હરિલાલ તારાચંદ દોશી લોંગડીવાળા - સુરત

(૨) ચંપાબહેન હરિલાલ દોશી લોંગડીવાળા - સુરત

(૩) અ.સૌ. સ્મિતાબહેન મહેન્દ્રભાઈ દોશી નિખિલ, હાર્દિક લાગડીવાળા - સુરત

(૪) અ.સૌ. યશોમતી ધનસુખભાઈ દોશી ચિરાગ લોંગડીવાળા - સુરત

(૫) અ.સૌ. જીજ્ઞા મહેશભાઈ દોશી કેનીલ લોંગડીવાળા - સુરત



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



80. SHRI ADISHVARA BHAGAVAN (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 80. SHRI KANGADA TIRTHA (SHRI ADISHVARA BHAGAVAN)

This tirtha is situated in the fine hilly regions on the outskirts of the Kangada town on the confluence of the rivers Ravi and Sutlej and at a distance of 120 kms. from Hoshiarpur. Here we have the idol of MULANAYAKA Shri Adishvara Bhagvan; it is in Padmasana posture. Models of ancient art in the temple give us a glimpse of the past, while the tirtha gets endowed with incomparable beauty in the midst of the tops of the Himalayan mountain ranges enveloped by snow, the valleys rich with greenery, the singing rivers and streams. This tirtha is considered to be of the time of Shri Neminath Bhagavan, the 22nd of the 24 Tirthankaras. Its ancient name was Susharmapura as is proved by a reference to the defeat of King Susharmachandra at the time of the battle of Mahabharat who later raised this town. This king got constructed a vast Jina temple and installed Shri Adinath Bhagavan therein. We gather this fact from a reference in "Vijniptitriveni" composed by Shri Jayasagara Upadhyaya in 1484. The "Nagarakota Chaityaparipati" composed in V.S. 1497 refers to the existence of five temples here then. However, at the present time, only one temple exists here. We have herein the darshana of a vast and majestic idol of Shri Adishvara Bhagavan, it was worshipped for centuries by the royal family of Kataucha. There was a time when the idol was under the control of the Government. However, revered Acharya Shri Vijayvallabhsuri Maharaj paid a visit to the tirtha and on witnessing the majestic appearance of the idol resolved to renovate it; the idol of the MULANAYAKA is really majestic.

## ૮૦. શ્રી કાંગડા તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

હોંશિયારપુરથી ૧૨૦ કિ.મી. દૂર આવેલું અને રાવી તથા સતલજ નદીઓના સંગમસ્થાને વસેલા કાંગડા ગામની બહાર આવેલા સુરમ્ય પહાડોમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળ નાયક શ્રીઆદીશ્વર ભગવાનની પદમાસનસ્થ પ્રતિમા મળે છે. મંદિરમાં મળતાં પ્રાચીન કલાના નમૂના વીતેલા યુગનું દર્શન કરાવે છે, જયારે હિમાલયનાં હિમાચ્છાદિત શિખરો, હરિયાળી ખીણો, નદી અને ઝરણાંની વચ્ચે આ તીર્થ અનુપમ પ્રાકૃતિક સૌંદર્ય ધારણ કરે છે. આ તીર્થસ્થળ વર્તમાન ચોવીસીના ૨૨મા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનના સમયનું માનવામાં આવે છે. એનું પ્રાચીન નામ સુશર્મપુર હતું, કારણ કે મહાભારતના યુદ્ધ વખતે સુશર્મચંદ્ર નામનો રાજા હારી ગયો અને તેણે પોતાના નામ પર આ નગર વસાવ્યું. આ રાજાએ વિશાળ જિનમંદિરનું નિર્માણ કરીને તેમાં શ્રીઆદિનાથ ભગવાનને પ્રતિષ્ઠિત કર્યા હતા. વિ.સં. ૧૪૮૪માં શ્રીજયસાગર ઉપાધ્યાયજીએ રચેલી 'નગરકોટ ચૈત્યપરિપાટી'માં ત્યાં એ વખતે પાંચ મંદિરો હોવાનો ઉલ્લેખ છે. જોકે હાલ તો અહીં માત્ર એક જ પ્રાચીન મંદિર છે. આ મંદિરમાં કટૌચ રાજવંશ દ્વારા સદીઓ સુધી પૂજિત શ્રીઆદિશ્વર ભગવાનની વિશાળકાય ભવ્ય પ્રતિમાનું દર્શન થાય છે. એક સમયે આ પ્રતિમા સરકારને આધીન હતી, પરંતુ પ. પૂ. યુગદર્શી આ.શ્રી વિજયવલ્લભસૂરિજીના સદુપદેશથી અને શ્રી સંઘના પ્રયાસથી એ જૈન સંઘને પ્રાપ્ત થઈ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ. અહીં આવ્યા અને પ્રતિમાની ભવ્યતા જોઈ એનો પુનરુદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો. મૂળનાયકની પ્રતિમા સાચે જ ભવ્ય અને દર્શનીય છે.



તીર્થવંદના ૮૦

(૧) દલીચંદ હીરાચંદ શાહ - વડોદરા

(૨) અ. સૌ. પુષ્પાબહેન પ્રવીણચંદ શાહ - વડોદરા

(૩) ભાનુબહેન, રાખી, હેતા

(૪) અ.સૌ. પારૂલ રાજેન્દ્ર શાહ - વડોદરા

(૫) અસૌ. પ્રિતી દીપક તથા અર્થ જૈનિક રાજેન્દ્ર શાહ - વડોદરા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



81. **SHRI VASUPUJYA BHAGAVAN** (શ્રીવાસુપૂજ્ય ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 81. SHRI SVARNAMANDIR TIRTHA (SHRI VASUPUJYA BHAGAVAN)

The tirtha is situated in the heart of Shishamahal Bazaar which is at a distance of 2¼ kms. from the Hoshiarpur Railway station in Punjab. The temple is constructed by Lala Gujaramalaji and his son Dolatmalaji. Here is installed a very much impressive idol of MULANAYAKA Shri Vasupujya Bhagavan. The entire dome of the peak easily reminds us of the Golden Temple of the Sikhs in Amritsar. Just like the Golden Temple, the entire dome is got decked and covered with sheets of gold by Lala Gujaramalaji who spent lots of wealth on it. That is precisely the reason why this Jina temple is known as Svarnamandir in V.S. 1948. The ceremonious installation of the temple was held in V.S. 1950; and in the temple there is also an idol of quartz colour. On one side of the idol of the MULANAYAKA, we have the idols of Shri Mahavira Swami and Shri Parshvanatha Bhagavan, and those of Shri Rushabhadeva Bhagavan and Shri Sumatinath Bhagavan on the other. Just in the vicinity of this Svarnamandir, Shri Sangha constructed a temple of MULANAYAKA Shri Parshvanath Bhagavan. The temple is 32 feet in height and 36 ft. in breadth. We have here an exquiste Samavasarana in metal brought from the temple at Kota-Kangada; such a one is not visible anywhere else in India.

## ૮૧. શ્રી સ્વર્ણમંદિર તીર્થ (શ્રીવાસુપૂજય ભગવાન)

પંજાબના હોશિયારપુર રેલવે સ્ટેશનથી સવા બે કિ.મી. દૂર શીશમહલ બજારની વચ્ચે આ તીર્થ આવેલું છે. આ મંદિરનું નિર્માણ લાલા ગુજરમલજી અને એમના પુત્ર લાલા દોલતભાઇજીએ કરેલું છે. અહીં મૂળનાયક શ્રીવાસુપૂજયની પ્રતિમા અત્યંત પ્રભાવશાળી અને દર્શનીય છે. એના શિખરના ઘુમ્મટનો બધો ભાગ અમૃતસરના શીખોના સુવર્ણમંદિરની યાદ આપે છે. સુવર્ણમંદિરની માફક ઘુમ્મટના ભાગને વિ.સં. ૧૯૪૮માં લાલા ગુજરમલજીએ અઢળક ધન ખર્ચીને સોનાનાં પતરાંથી મઢાવેલો છે. આથી જ આ જિનમંદિર સ્વર્ણમંદિરના નામથી ઓળખાય છે. આ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૫૦માં થયેલી છે અને મંદિરમાં સ્ફટિક રત્નની પ્રતિમા પણ છે. આમાં મૂળનાયકની પ્રતિમાની એક બાજુ શ્રી મહાવીર સ્વામી અને શ્રી પાર્શ્વનાથ ભગવાન અને બીજી બાજુ શ્રી ઋષભદેવ ભગવાન અને શ્રી સુમતિનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે. સ્વર્ણમંદિરની નજીક જ શ્રી સંઘે વિ.સં. ૧૯૫૦માં બંધાવેલું મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. આ મંદિર ૩૨ ફૂટ ઊંચું અને ૩૨ ફૂટ પહોળું છે. કોટ-કાંગડાના દેરાસરમાંથી લાવવામાં આવેલું ધાતુનું સુંદર સમવસરણ અહીં છે. આવું સમવસરણ ભારતનાં અન્ય તીર્થોમાં જોવા મળતું નથી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્



**તીર્થવંદના ૮૧**

(૧) કેસરીચંદ રતનચંદ શાહ - વડોદરા
(૨) શ્રીમતી મહેન્દ્રા ધીરજલાલ કેસરીચંદ શાહ શિહોરવાળા - મુંબઈ
(૩) રતિલાલ મણિલાલ શાહ પાલનપુર - મુંબઈ
(૪) શોભના રતીલાલ શાહ પાલનપુર - મુંબઈ
(૫) એક સદ્‌ગૃહસ્થ મહુવા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




82. SHRI SHAMALIYA PARSHVANATH BHAGAVAN (શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 82. SHRI SAMETASHIKHARA TIRTHA (SHRI SHAMALIYA PARSHVANATH BHAGAVAN)

A description of the greatness of this tirtha amongst the tirthas, tirtha the supreme, defies all words; cannot be described in words. This is the tirtha which is the place of the austerities of so many of the tirthankaras and munis, the land of Nirvana of many. The pilgrimage of this tirtha is therefore the endower of merit and destroyer of sins. Twenty of the tirthankaras of the present twenty-four had taken to practice of austerities and attained to emancipation here. The mountain known as Sametashikhara is situated at a height of 4479 from mean sea level, is also known as Parshvanatha mountain. According to the traditional belief, Saudharmendra had installed an idol on each of the spots of the emancipation of the Tirthankaras. It was around the second century that Acharya Padaliptasuri and then Acharya Shri Bappabhattasuri came on a pilgrimage to this tirtha by their Vidya by which they could travel through the sky. In the ninth century of the vikrama era, Acharya Shri Pradyumnasuriji came on pilgrimage seven times here and got the work of renovation completed. History also states that installations took place here on temples were constructed in V.S. 1345, 1659 and 1670. In V.S. 1649, the mughal emperor Akbar presented the Sametashikhara a spot to Jagadguru Shri Hiravijayasuriji. In V.S. 1805, emperor Ahmedshah presented the title of "Jagatsheth" to Sheth Mahetabrai of Murshidabad, and then had presented the Parasanath mountain to him. In the modern days the firm of Anandaji Kalyanji purchased it and brought it under the control and administration of Shri Jain Shvetambar Sangha. The last renovation of the tirtha took place in V.S. 2012 at the efforts of learned Sadhvi Shri Ranjanashriji and Sadhvi Shri Suraprabhashriji in the tradition of Acharyashri Sagaranandasuriji. The temple is situated on a mountain in the midst of natural scenery and beauty, and, in addition, there are eight temples of the Shvetambara sect, two Dadawadis and one temple of Bhomiyaji Maharaj.

## ૮૨. શ્રી સમેતશિખર તીર્થ (શ્રીશામળિયા પાર્શ્વનાથ ભગવાન)

તીર્થોમાંય તીર્થાધિરાજ એવા સર્વોપરિ તીર્થના મહિમાનું વર્ણન શબ્દાતીત છે. અનેક તીર્થંકરો અને મુનિગણોની તપોભૂમિ અને નિર્વાણભૂમિ હોવાથી આ તીર્થની યાત્રા એ પ્રત્યેકને માટે પુણ્યકારી અને પાપવિનાશિની છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો અને અનેક મુનિગણો અહીં તપશ્ચર્યા કરતાં મોક્ષે સીધાવ્યા છે. મધુવન પાસે સમુદ્રની સપાટીથી ૪૪૭૯ ફૂટ ઊંચે આવેલો આ સમેતશિખર પહાડ પાર્શ્વનાથ પહાડને નામે પણ ઓળખાય છે. પરંપરાગત માન્યતા અનુસાર તીર્થંકારોનાં નિર્વાણસ્થળો પર સૌધર્મેન્દ્રે પ્રતિમાની સ્થાપના કરી હતી. લગભગ બીજી સદીમાં આ. શ્રી પાદલિપ્તસૂરિ અને એ પછી પ્રભાવક આ. શ્રી બપ્પભટ્ટસૂરિ પોતાની આકાશગામિની વિદ્યા દ્વારા અહીં યાત્રાર્થે આવ્યા હતા. વિક્રમની નવમી સદીમાં આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી અહીં સાત વખત યાત્રાએ આવ્યા હતા અને જીર્ણોદ્ધારનું કાર્ય કરાવ્યું હતું. વિ.સં. ૧૩૪૫માં, વિ.સં. ૧૬૫૯ અને વિ.સં. ૧૬૭૦માં અહીં પ્રતિષ્ઠા કરાવ્યાનો કે મંદિરો રચ્યાનો ઈતિહાસ મળે છે. વિ.સં. ૧૬૪૯ મોગલ બાદશાહ અકબરે જગદગુરુ શ્રી હરિવિજયસૂરિજીને શ્રી સમેતશિખર ક્ષેત્રની ભેટ આપીને વિજ્ઞપ્તિ જાહેર કરી હતી. વિ.સં. ૧૮૦૫માં મુર્શિદાબાદના શેઠ મહતાબરાયને દિલ્હીના બાદશાહ અહમદશાહે જગતશેઠની ઉપાધિ આપી હતી અને એ પછી એમને પારસનાથ પહાડ ભેટ આપ્યાનો ઉલ્લેખ મળે છે. વર્તમાનમાં આણંદજી કલ્યાણજીની પેઢીએ આ પહાડ ખરીદીને જૈન શ્વેતામ્બર સંઘને અધીન કર્યો. એનો ત્રેવીસમો અંતિમ ઉદ્ધાર વિ.સં. ૨૦૧૨માં આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરિજીની પરંપરામાં વિદુષી સાધ્વી શ્રી રંજનશ્રીજી તથા સાધ્વીશ્રી સુરપ્રભાશ્રીજીના પ્રયાસથી થયો. પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આવેલા આ પહાડ પર ટૂકો અને મંદિરો હોવા ઉપરાંત મધુબનમાં આઠ શ્વેતામ્બર મંદિરો, બે દાદાવાડી અને એક ભોમિયાજી મહારાજનું મંદિર છે.



તીર્થવંદના ૮૨

(૧) રસિકલાલ જયસુખલાલ શાહ પરિવાર ઘોઘાવાળા - મુંબઈ
(૨) સુભદ્રાબહેન રસિકલાલ શાહ પરિવાર ઘોઘાવાળા મુંબઈ
(૩) સીતાપચંદ સારાભાઈ દલાલ પરિવાર ઘોઘાવાળા - અમદાવાદ
(૪) સુશીલાબહેન મનમોહનભાઈ છગનલાલ શાહ - પાર્લા
(૫) ચિ. જય ચંદ્રકાંત બાબુલાલ શાહ - જામનગર - પાર્લા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**83. SHRI MAHAVIR BHAGAVAN CHARANAPADUKA** (શ્રીમહાવીર ભગવાનના ચરણપાદુકા)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 83. SHRI PAVAPURI TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

The tirtha is situated in the midst of a lake on the outskirts of the Pavapuri Village, 10 kms. from the Pavapuri Road railway station. It is like the sacred spot of the emancipation of Shri Mahavir Swami, the last of the Tirthankaras, who raised the sinners high. In the water-temple we have foot-steps of Shri Mahavir Bhagavan, black in complexion and 18 cms. in size. This spot is the land of the last preaching and emancipation of Shri Bhagavan. A fragrance of sacredness can therefore be experienced in the atmosphere. It is also believed that the first preaching of Bhagavan Mahavir took place here. A new and beautiful temple of Samavasarana is constructed here. Again, this is the place of the first meeting of Indrabhuti Gautama with Mahavir Bhagavan; and being influenced by his personality he got himself in the fold of Shri Prabhu and became his first Ganadhara. On this sacred spot, in the midst of the lake full of lotuses, the scene of the temple naturally brings to our mind the holy impressions of Shri Mahavir Swami. Mahavir Bhagavan delivered here sermons constantly for sixteen days and then attained Nirvana-emancipation. On every day of emancipation every year, on the Dipavali day, a fair of devotees is held here. Besides the water-temple and the temple in the village, there are temples of old Samavasarana, of Mahetabkunvar, new Samavasarana and of Shri Jinayashasuri, also as guru-temple. The idol in five metals, installed by Shri Abhayadevasuriji, is pleasant to view. In the Jain Scriptures, this sacred Pavapuri town is known as "Madhyama Pava." This is because there were three towns of the name "Pava" as "Apapapuri". Yet it seems that this came to be known as "Pavapuri". To-day, the ancient town Pavapuri is divided into two villages - "Pava" and "Puri". A distance of one mile separates the two; the tirtha of the Jainas is in Puri.

## ૮૩. શ્રી પાવાપુરી તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

પાવાપુરી રોડ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા પાવાપુરી ગામની બહાર સરોવરની મધ્યમાં પતિતપાવન ચરમ તીર્થંકર શ્રીમહાવીર સ્વામીની નિર્વાણભૂમિ સમું આ તીર્થ આવેલું છે. અહીં જલમંદિરમાં શ્રીમહાવીર ભગવાનની શ્યામ વર્ણની ૧૮ સે.મી.ની ચરણપાદુકા મળે છે. આ ભૂમિ એ ભગવાનની અંતિમ દેશનાની અને નિર્વાણની ભૂમિ છે. આથી આ ભૂમિના વાતાવરણમાં પવિત્રતાની મહેંક અનુભવાય છે. ભગવાન મહાવીરની પ્રથમ દેશના પણ અહીં થઇ હોવાનું મનાય છે. એ સ્થળ પર નવીન અને સુંદર સમવસરણના મંદિરનું નિર્માણ થયું છે. વળી આ જ સ્થળે ભગવાન મહાવીર સાથે ઇન્દ્રભૂતિ ગૌતમનો પ્રથમ મેળાપ થયો હતો અને તેમનાથી પ્રભાવિત થઇને પ્રભુ પાસે દીક્ષા લીધી હતી તથા તેમના પ્રથમ ગણધર બન્યા હતા. આવી પાવન ભૂમિમાં કમળનાં ફૂલોથી ખીચોખીચ સરોવરની વચ્ચે આ મંદિરનું દ્રશ્ય તીર્થંકર મહાવીર સ્વામીનું પવિત્ર સ્મરણ કરાવે છે. અહીં સતત સોળ પ્રહર સુધી અખંડ દેશના આપ્યા પછી ભગવાન નિર્વાણ પામ્યા હતા. એ દીપાવલીના નિર્વાણ દિને આ સ્થળે ભાવિક ભક્તોનો મેળો ઉભરાય છે. અહીં ગામમંદિર અને જલમંદિર ઉપરાંત જૂનું સમવસરણ મંદિર, મહેતાબકુંવરનું મંદિર, નવું સમવસરણ મંદિર અને શ્રી જિનયશસૂરિ ગુરુમંદિર છે. શ્રી અભયદેવસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવેલી પંચધાતુની મૂર્તિ દર્શનીય છે. જૈન શાસ્ત્રોમાં આ પવિત્ર પાવાપુરી નગરીને 'મધ્યમા પાવા' તરીકે ઓળખાવી છે, કારણ કે એ સમયે પાવા નામની ત્રણ નગરીઓ હતી. કેટલાક ગ્રંથોમાં મધ્યમા પાવાનું અપાપાપુરી એવું નામ મળે છે, પણ એ પછી એનું નામ પાવાપુરી પડ્યું હોય એમ જણાય છે. આજે પ્રાચીન કાળની એ પાવાપુરી પાવા અને પુરી એમ બે ગામોમાં વિભક્ત થયેલી છે. બંને ગામ વચ્ચે એક માઇલનું અંતર છે. જૈનોનું તીર્થધામ પુરીમાં છે.




**તીર્થવંદના-૮૩**

(૧) સ્વ. સવિતાબહેન જયંતિલાલ છોટાલાલ શાહ ખોડુ-પાર્લા મુંબઈ
(૨) ઘેલીબહેન છોટાલાલ કલ્યાણજી શાહ ખોડુ-પાર્લા મુંબઈ
(૩) અ.સૌ. નેહાબહેન, વિજયભાઈ શાહ, ગૌરાંગ, આકાશ-મુંબઈ
(૪) અ.સૌ. પ્રીતિબહેન અતુલભાઈ શાહ, હાર્દિક, દીશા-મુંબઈ
(૫) અ.સૌ. અવનિ, હીરેનકુમાર કોઠારી ભાવિક, -મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



84. SHRI MUNISUVRATASWAMI BHAGAVAN (શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 84. SHRI RAJAGRUHI TIRTHA (SHRI MUNISUVRATASWAMI BHAGAVAN)

This is the land sanctified extremely by the dust of the feet of Tirthankara Bhagavan Mahavir and it is the capital of Maharaja Shrenik, the future Tirthankara. Here, on the Vipulachala mountain, we have an idol of Shri Muni Suvrata Swami; black in complexion, 45 cms. in height. In the ancient days this town was known by different names such as Chanakpur, Rushabhapur, Kushagrapur, Vasumati, Panchashaila etc. The history of this ancient tirtha commences with the times of Shri Muni Suvrata Swami, the twentieth Tirthankara. Four sacred events of the great Muni coming down on earth, birth, initiation and acquirement of absolute knowledge took place on this spot. We have here two idols of Muni Suvrataswami - an old and a new one; the old is in front, the new at the back. The construction of the Derasara is like that of Serisa. Shri Mahavira Swami undertook fourteen Chaturmasas in Nalandapada of Rajagruhi. This is the birth-place of emperor Shrenik, Abhayakumar, Nandishena, Puniya Shravaka, Halla-Vihalla, Mammana Sheth, Metarya, Dhannashalibhadra, and Arjunamali. In these five tirthas, on the Ratnagiri mountain, we have an idol of Shri Chandraprabha Bhagavan; white in complexion and in Padmasana posture. On the Vipulachala mountain we have the idol of the same Muni on the Vaibharagiri mountain; it is white in complexion and in Padmasana posture. On the Udayagiri however, we have the sacred foot-steps of Shri Parshvanath Bhagavan and on the Svarnagiri mountain, the sacred foot-steps of Shri Adinath Bhagavan.

## ૮૪. શ્રી રાજગૃહી તીર્થ (શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન)

ભાવિ તીર્થંકર મહારાજા શ્રેણિકની રાજધાની અને તીર્થંકર ભગવાન મહાવીરની ચરણરજથી પવિત્ર બનેલી આ અત્યંત પવિત્ર ભૂમિ છે. અહીં વિપુલાચલ પર્વત પર મૂળનાયક શ્રીમુનિસુવ્રતસ્વામીની શ્યામ વર્ણની ૪૫ સે.મી. ઊંચી પ્રતિમા આવેલી છે. પ્રાચીનકાળમાં આ નગરી ચણકપુર, ઋષભપુર, કુશાગ્રપુર, વસુમતી, પંચશૈલ આદિ નામોથી ઓળખાતી હતી. આ તીર્થની પ્રાચીનતાનો ઇતિહાસ વીસમા તીર્થંકર શ્રીમુનિસુવ્રતસ્વામીના સમયથી આરંભાય છે. મુનિસુવ્રતસ્વામીના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ જ્ઞાન એમ ચાર કલ્યાણક આ ભૂમિમાં થયા છે. આ તીર્થ રાજગિર ગામની નજીક છે. આમાં મૂળનાયક શ્રીમુનિસુવ્રતસ્વામીની પ્રાચીન તથા નવી મૂર્તિઓ મળે છે. આગળ પ્રાચીન અને પાછળ નવી મોટી મૂર્તિ છે. દેરાસરની બાંધણી સેરિસાના દેરાસર જેવી છે. શ્રીમહાવીરસ્વામી ભગવાને રાજગૃહીના નાલંદાપાડામાં ચૌદ ચાતુર્માસ કર્યા હતા. મહારાજા શ્રેણિક, અભયકુમાર, નંદિષેણ, પુણિયોશ્રાવક, હલ્લ-વિહલ્લ, મમ્મણ શેઠ, મેતાર્ય, ધન્ના-શાલિભદ્ર, અર્જુનમાલીની આ જન્મભૂમિ છે. આ પાંચ તીર્થમાં રત્નગિરિ પર્વત પર શ્રીચંદ્રપ્રભ ભગવાનની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. વિપુલાચલ પર્વત પર મૂળનાયક શ્રીમુનિસુવ્રતસ્વામીની પ્રતિમા છે તો વૈભારગિરિ પર્વત પર પણ શ્રીમુનિસુવ્રતસ્વામીની શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે જયારે ઉદયગિરિ પર્વત પર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચરણપાદુકા અને સ્વર્ણગિરિ પર્વત પર શ્રીઆદિનાથ ભગવાનની ચરણપાદુકા છે.




**તીર્થવંદના ૮૪**

(૧) સા. શ્રી પુષ્પાશ્રીજીમના પ્રશિષ્યા સા. શ્રી વિશ્વપ્રજ્ઞા શ્રીના ઉપદેશથી
(૨) શાહ શાંતિલાલ ભીમજીભાઈ પતંગવાળા - કોલાપુર
(૩) જીવરાજ જેરાજભાઈ કનાડીયા - કોલાપુર
(૪) શાન્તાબહેન માવજીભાઈ પોલચંદ સ. પરિવાર - કોલાપુર
(૫) સવાઈલાલ ગોપાળજીભાઈ - એક સદ્‌ગૃહસ્થ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**85. SHRI AJITNATH BHAGAVAN** (શ્રીઅજિતનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 85. SHRI AYODHYA TIRTHA (SHRI AJITNATH BHAGAVAN)

This tirtha is situated in the Katara Mohulla of the Ayodhya city and we have in it an idol of Shri Ajitnath Bhagavan; of copper-colour and is about 30 cms. in height. Here have taken place 19 sacred events of as many as five tirthankaras. This is a sacred tirtha both of Jainas and Hindus. This is the birth-place of the first tirthankara of the present age, Shri Rushabhadeva. Scriptures give these different names for this city -Ikshvakubhumi, Koshala, Vinita, Avadhya, Ramapuri, Saketapuri etc. This land is fortunate enough to witness three sacred events of Shri Adishvara Bhagavan - coming down to earth, birth and initiation and an added fourth sacred event of acquirement of absolute knowledge on part of Shri Ajitnath Bhagavan, Shri Abhinandana Bhagavan, Shri Sumatinath Bhagavan and also Shri Anantanath Bhagavan. Just the same way, it was this land that gave to the world the way of Social, Political and worldy orders. The firts Chakravarti of the Bharatakshetra, Shri Bharata-deva made this city of Ayodhya the centre of his vast empire. This land is sanctified by the dust of the feet of Shri Mahavira Bhagavan and Bhagavan Buddha. The Ramarajya of Ayodhya is world-renowned. This city is again the birth-place of the great Prabhavaka Acharya Shri Padaliptasuri Maharaj. Kind Chandravatasana attained to abosulute knowledge here. The temple of MULANAYAKA Shri Ajitnath Bhagavan looks fine in new appearance. Just opposite, in a Shrine of Samavasarana shape is seated Chaumukiji. In the Shrines from corners, Padukas and Bimbas are brought and installed in the main temple. In the temple of Shri Ajitnath Bhagavan, we have an Inscription of V.S. 1671.

## ૮૫. શ્રી અયોધ્યા તીર્થ (શ્રીઅજિતનાથ ભગવાન)

અયોધ્યાં શહેરના કટરા મહોલ્લામાં આવેલા આ તીર્થમાં શ્રીઅજિતનાથ ભગવાનની તામ્ર વર્ણની લગભગ ૩૦ સે.મી. ઊંચી પ્રતિમા છે. જૈનો અને હિંદુઓનું આ પાવન તીર્થસ્થળ છે. અહીં પાંચ તીર્થંકારોના ૧૯ કલ્યાણક થયા છે. આ યુગના પ્રથમ તીર્થંકર એવા શ્રીઋષભદેવ ભગવાનની આ જન્મભૂમિ છે. આ નગરીનાં ઇક્ષ્વાકુ ભૂમિ, કોશલ, વિનીતા, અવધ્યા, રામપુરી અને સાકેતપુરી જેવાં નામો શાસ્ત્રોમાં મળે છે. આદીશ્વર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને અજિતનાથ ભગવાન, અભિનંદન ભગવાન, શ્રીસુમતિનાથ ભગવાન અને શ્રીઅનંતનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ જ્ઞાન કલ્યાણક હોવાનું સદભાગ્ય આ પાવન ભૂમિને મળેલું છે. એવી જ રીતે રાજા ઋષભ પાસેથી જગતને સામાજિક, રાજનૈતિક અને વ્યવહારિક વ્યવસ્થાનો માર્ગ મળેલો છે. ભરતક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી ભરતદેવે અયોધ્યાને પોતાના સામ્રાજ્યનું કેન્દ્ર બનાવ્યું. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની ચરણરજથી આ ભૂમિ પવિત્ર બનેલી છે. અયોધ્યાનું રામરાજ્ય તો જગવિખ્યાત છે. મહાન પ્રભાવક આ. શ્રી પાદલિપ્તસૂરિ મ.નું આ જન્મસ્થાન છે. ચન્દ્રાવતંસ રાજાએ આ ભૂમિ પર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનનું મંદિર નવા સ્વાંગમાં શિખર અને ભૂમિગૃહથી શોભી રહ્યું છે. સામે જ સમવસરણ આકારની દેરીમાં ચૌમુખજી બિરાજમાન છે. ખૂણા પરની દેરીઓમાંથી પાદુકા અને બિંબો લાવી અહીં તેમ જ મૂળ મંદિરમાં પધરાવ્યાં છે. અહીં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનના મંદિરમાં વિ.સં. ૧૬૭૧નો પ્રાચીન લેખ મળે છે.




**તીર્થવંદના ૮૫**

(૧) માતુશ્રી જોમાબેન વાલજી સામત પરિવાર - આધોઈ(કચ્છ) ઘાટકો.
(૨) પુનશીભાઈ વાલજી પરિવાર આધોઈ(કચ્છ) ઘાટકોપર - મુંબઈ
(૩) અ.સૌ. લક્ષ્મીબેન પુનશીભાઈ હ. દિનેશ, પુનશીભાઈ મુંબઈ
(૪) અ.સૌ. વંદના રાજેશભાઈ હ. પુત્ર. અક્ષય-રુચિતા - મુંબઈ
(૫) અ.સૌ. કાજલ વિપુલભાઈ પુત્રી-ગુડી ઘાટકોપર - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



86. SHRI VISHALANATH SWAMI (શ્રીવિશાલનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 86. SHRI PATALIPUTRA TIRTHA (SHRI VISHALANATH SWAMI)

This tirtha is situated in the Badaki street of the captial city Patna of Bihar on the banks of the Ganges. Here stands installed an idol of mulanayaka Shri Vishalnath Swami; white in complexion, sixty cms. in height and in Padmasana posture. In the days of old the city was known by the names Kusumapur; Pushpapur etc. We have a reference which states that Udayana, the grand-son of King Shrenik settled this city in 444 before the Vikrama era. Being a follower of the Jaina faith, Udayana got constructed a Jina temple also. In the times of King Mahapadmanand, Jaina dharma had spread here far and wide and held deep influence. In his times again Shri Yashobhadrasurishvaraji Maharaj, a pupil of the last Kevali Shri Jambuswami was born here. It was under this same Shri Sambhutivijayaji that Shri Sthulibhadraji, staying at the residence of dancer Kosha was initiated to monkhood. It was again here that this Acharya brought together the Jain Sangha, collected the readings of the Agamas and finalised into a system the eleven Angas. This reading is therefore renowned in Jain literature as the first "Pataliputra reading". In the year 311 B.C., Shri Sthulibhadrasuri breathed his last in this same city and his memorial stands in the Guljar Baug of Patna. So many great Acharyas then took to countless religious works here. They were-Samrat Samprati Pratibodhaka Suhastisuriji, Acharya Shri Vajraswami, Acharya Shri Rakshitasuri, Acharya Shri Umaswami, Acharya Shri Padalipatasuri etc. We have here a memorial of Sheth Shri Sudarshana also. King Udayana of the Jaina faith raised this city. Thereafter, right upto the seventh century, Jainas were very much prosperous here.

## ૮૬. શ્રી પાટલીપુત્ર તીર્થ (શ્રીવિશાલનાથ ભગવાન)

ગંગા નદીને કિનારે આવેલા બિહારના પાટનગર પટણા શહેરની વચ્ચે બાડેકી ગલીમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીવિશાલનાથસ્વામીની શ્વેત વર્ણની લગભગ ૬૦ મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. પ્રાચીન સમયમાંઆ નગર કુ સુમપુર, પુષ્પપુર વગેરે નામથી જાણીતું હતું. શ્રેણિક રાજાના પૌત્ર ઉદયને વિ.સં. પૂર્વે ૪૪૪ની આસપાસ આ શહેર વસાવ્યુંએવો ઉલ્લેખ મળે છે. જૈન ધર્મના અનુયાયી ઉદયનેઅહીં જિનમંદિર પણ બંધાવ્યું. અને એના પછી ગાદી પર આવેલા મહાપદાનંદ રાજાના સમયમાં જૈન ધર્મનો ઘણો પ્રભાવ અને પ્રસાર થયો. રાજા મહાપદમાનંદનના સમયમાં અંતિમ કેવળી શ્રી જંબુસ્વામીના શિષ્ય શ્રી યશોભદ્રસૂરિશ્વરજી મ.નો અહીં જન્મ થયો. તેમના શિષ્ય શ્રી સંભૂતિવિજય અને શ્રી ભદ્રબાહુસ્વામી જૈન શ્રમણ સંઘના નેતા બન્યા હતા. તેઓનો જન્મ અહીં થયો હતો. આ જ શ્રી સંભૂતિવિજયજી પાસે કોશા નર્તકીને ત્યાં રહેતા શ્રી સ્થૂલિભદ્રજીએ દીક્ષા લીધી હતી. આર્ય શ્રી સ્થૂલિભદ્રસૂરિએ જૈન સંઘને-એકઠો કરી આગમોની વાચના એકત્રિત કરી ૧૧ અંગ વ્યવસ્થિત કર્યાં હતાં, આથી આ વાચના જૈન સાહિત્યમાં પહેલી 'પાટલીપુત્ર વાચના' તરીકે પ્રસિદ્ધ છે. ઇ.સ. પૂર્વે ૩૧૧ માં શ્રી સ્થૂલિભદ્રસૂરિ પાટલીપુત્રમાં સ્વર્ગસ્થ થયા તેમનું સ્મારક પટણાના ગુલજાર બાગમાં છે. આ પછી સમ્રાટ સમ્પ્રતિ પ્રતિબોધક સુહસ્તિસૂરિજી, આ. શ્રી વજ્રસ્વામી, શ્રી આર્ય રક્ષિતસૂરિ, આ. શ્રી ઉમા સ્વામી, આ. શ્રી પાદલિપ્તસૂરિ વગેરે અનેક પ્રકાંડ આચાર્યગણોએ અહીં ધર્મપ્રભાવનાનાં અનેક કાર્યો કર્યાં. શેઠ સુદર્શનનું સ્મારક પણ અહીં જોવા મળે છે. જૈન રાજા ઉદયને આ નગરની સ્થાપના કરી હતી અને એ પછી ૭મી સદી સુધી જૈનોની અહીં ખૂબ જાહોજલાલી હતી.




તીર્થવંદના ૮૬

(૧) મનમોહનભાઈ છગનલાલ શાહ પરિવાર (વેરાવળ) પાર્લા - મુંબઈ

(૨) મનમોહનભાઈ છગનલાલ શાહ પરિવાર (વેરાવળ) પાર્લા - મુંબઈ

(૩) મનમોહનભાઈ છગનલાલ શાહ પરિવાર વેરાવળ

(૪) મનમોહનભાઈ છગનલાલ શાહ પરિવાર વેરાવળ

(૫) મનમોહનભાઈ છગનલાલ શાહ પરિવાર વેરાવળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**87. SHRI VASUPUJYA BHAGAVAN** (શ્રીવાસુપૂજ્ય ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 87. SHRI CHAMPAPURI TIRTHA (SHRI VASUPUJYA BHAGAVAN)

This tirtha is known as Champanagar or Champapuri and is situated near Champanala on the bank of the river Ganga near the Bhagalpur station. Here is installed an idol of MULANAYAKA Shri Vasupujya Bhagavan. It is white in complexion and about 45 cms. in height. There are, in the temple, 4 idols of stone and 13 of metal. The temple was renovated in V.S. 1865. This is the sacred spot of coming down on earth, birth, initiation to monkhood, acquirement of absolute knowledge and emancipation of Shri Vasupujya Bhagvan, the twenty second of the present 24 Tirthankaras. This is the only tirtha amongst the tirthas in which all the five sacred events - Kalyanakas - of tirthankara Paramatma took place. Bhagavan Shri Adinath divided the country into 52 Janapadas; of these one was Anga and its capital was Champa. There was a time when the town was very vast and very much prosperous. Shri Adishwar Bhagavan, Shri Parshvanath Bhagavan and Shri Mahavir Bhagavan had come on a visit to this spot. The chief pupil - Pattadhara of Prabhu Mahavir Shri Sudharama Swami and Shri Jambuswami also came here. Shri Bhagavan Mahavira undertook his third and twelfth Chaturmasas here. The fervent devotees of Shri Mahavira, Shravaka Kamadeva, Shri Sudarshan Sheth, emperor Shripala and Satee Chandanbala were born here. So many other heroic Jain kings and Shreshthis were born and flourished here. Old art of the temples does not remain to view here, may be due to renovations even though it was very much prosperous once. In addition to the temple of the Mulanayaka, five other temples of his five Kalyanakas are also there.

## ૮૭. શ્રી ચંપાપુરી તીર્થ (શ્રીવાસુપૂજ્ય ભગવાન)

ભાગલપુર સ્ટેશનની નજીક ગંગા નદીને કિનારે ચંપાનાળા પાસે આવેલા આ સ્થળને ચંપાનગર (ચંપાપુરી) કહે છે. અહીં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચી પ્રતિમા મળે છે. આ મંદિરમાં ચાર પાષાણની અને તેર ધાતુઓની મૂર્તિ છે. વિ.સં. ૧૮૫૬માં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યસ્વામી ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ પાંચેય કલ્યાણકોની આ પાવન ભૂમિ છે. બધાં તીર્થોમાં આ એક જ તીર્થ એવું છે કે જ્યાં તીર્થંકર પરમાત્માનાં પાંચેય કલ્યાણકો એક સાથે થયાં હોય. ભગવાન શ્રીઆદિનાથે દેશને બાવન જનપદોમાં વિભાજિત કર્યો ત્યારે તેમાં એક અંગ જનપદ પણ હતું અને એની રાજધાની ચંપા હતી. એક સમયે આ નગરનો ઘણો વિસ્તાર હતો અને અત્યંત વૈભવસંપન્ન હતું. શ્રીઆદીશ્વર ભગવાન, શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન આ ભૂમિમાં વિચરી ચૂક્યા હતા. પ્રભુ મહાવીરના પટ્ટધર શ્રી સુધર્માસ્વામી અને શ્રી જંબુસ્વામીએ પણ અહીં પદાર્પણ કર્યાં હતાં. ભગવાન મહાવીરે ત્રીજો અને બારમો ચાતુર્માસ આ નગરીમાં કર્યો હતો. શ્રીમહાવીરના પરમભક્ત શ્રાવક કામદેવ, શ્રી સુદર્શન શેઠ, મહારાજા શ્રીપાલ અને સતી ચંદનબાળાની આ જન્મભૂમિ છે. એ ઉપરાંત અહીં અનેક શૂરવીર જૈન રાજાઓ અને શ્રેષ્ઠીઓ થઇ ગયા. નગરી આટલી પ્રાચીન અને પ્રભાવશાળી હોવા છતાં જીર્ણોદ્ધારને કારણે કે અન્ય કારણે એટલી પ્રાચીન કલા જોવા મળતી નથી. અહીં મૂળનાયકજીના દેરાસર સાથે વાસુપૂજ્યસ્વામીના પાંચ કલ્યાણકોનાં મંદિરો પણ આવેલાં છે.



તીર્થવંદના ૮૭

(૧) સુશીલાબેન મનમોહનભાઈ શાહ પરિવાર વેરાવળ પાર્લા - મુંબઈ
(૨) સુશીલાબેન મનમોહનભાઈ શાહ પરિવાર વેરાવળ પાર્લા - મુંબઈ
(૩) સુશીલાબેન મનમોહનભાઈ શાહ પરિવાર - પાર્લા - મુંબઈ
(૪) સુશીલાબેન મનમોહનભાઈ શાહ પરિવાર - પાર્લા - મુંબઈ
(૫) સુશીલાબેન મનમોહનભાઈ શાહ પરિવાર - પાર્લા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



88. **SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 88. SHRI KSHATRIYAKUNDA TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

This tirtha is situated in the valley of Kshatriyakunda at a distance of five kms. from Kundaghata. Its holiness is unique because it is the land of the three sacred events - coming down on earth, birth and initiation to monkhood of the life of MULANAYAKA Shri Mahavir Bhagavan; he passed thirty years of his life here. The idol of Shri Mahavira is black in complexion, 60 cms. in height and in Padmasana posture. Lord Mahavir, the saviour of the world was born 543 years before the Vikrama era on the sacred soil of Kundagrama in the Jamui city in the Munger district of Bihar. This unique spot is known by the people as "Janma-Sthana". Not only the temple but every atom on the spot is holy and worth our worship. The calm and secluded atmosphere over here puts to our memory the lustre spread by lord Mahavira all-around, our soul gets overjoyed and elated only by Darshana of the Lord. This ancient idol shows an expression of extreme quiet and dignified joy. In the valley in the Kundaghata there are two smaller temples with idols of Lord Mahavira though on the mountain there is one temple. These two spots are known as Chyavana and Diksha Kalyanaka. In its vicinity there are ancient ruins that remind us of Kumaragraha, Brahmanakunda, Moraka etc. which are ancient spots.

## ૮૮. શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

ક્ષત્રિયકુંડની તળેટીમાં કુંડઘાટથી પાંચ કિ.મી. દૂર આવેલું શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ વર્તમાન ચોવીસીના ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનાં ચ્યવન, જન્મ અને દીક્ષા જેવાં ત્રણ કલ્યાણકની ભૂમિ હોવાથીએની પવિત્રતાઅનેરી છે. પોતાના જીવનકાળનાં ત્રીસ વર્ષ પ્રભુ મહાવીરેઆ ભૂમિમાં ગાળ્યાં છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૬૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. જગદોદ્ધારક ભગવાન મહાવીરનો જન્મ વિ.સં. પૂર્વે ૫૪૩ના ચૈત્ર સુદ ૧૩ સોમવારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં બિહાર પ્રાંતના મુંગેર જિલ્લામાં જમુઇ નગરીની પાવન ધરતી પર કુંડગ્રામમાં થયો. આ વિશેષ સ્થાનને આજે લોકો 'જન્મસ્થાન' તરીકે ઓળખે છે. આ ભૂમિ પર માત્ર જિનમંદિર જ નહિ, બલ્કે એનો કણેકણ પવિત્રઅને વંદનીય છે. એનું શાંત અને એકાંત વાતાવરણ ભગવાન મહાવીરે આપેલા પ્રકાશનું સ્મરણ કરાવે છે. ભગવાનની પ્રતિમાનાં દર્શન માત્રથી જ આત્મા પ્રફુલ્લ થઇ ઊઠે છે. આ પ્રાચીન પ્રતિમાઅત્યંત પ્રસન્નચિત્ત લાગે છે. એની કલાત્મકતા પણ એટલી જ છે. હાલમાં ક્ષત્રિયકુંડ પહાડ પર આ એક જ મંદિર આવેલું છે. તળેટીકુંડ ઘાટમાં મહાવીર પ્રભુની પ્રતિમા ધરાવતાં બે નાનાં મંદિરો છે. આ સ્થાનોને ચ્યવન અને દીક્ષા કલ્યાણકના નામથી ઓળખવામાં આવે છે. અહીં નજીકમાં જ અનેક પ્રાચીન ખંડેરો મળે છે, જે કુમારગ્રામ, બ્રહ્મકુંડ ગ્રામ, મોરાક વગેરે પ્રાચીન સ્થળોની યાદ આપે છે.



તીર્થવંદના ૮૮

(૧) અ.સૌ. રસીલાબેન વૃજલાલ મોતીચંદ લાખાણી દીહોરવાળા - મુંબઈ

(૨) અ.સૌ. ઈન્દીરા, ગુણવંત, હીના, વસંત, જ્યોત્સના, મહેન્દ્ર, શીલ્પા,


(૩) ચંદ્રીકા, હર્ષા, દેવાંગ, પાયલ, નેહા, કૃતિકા, પ્રિતેશ, બબલુ,

(૪) સા.મ.શ્રી રત્નયશાશ્રીજી ૧૦૬ મી ઓળી નિમીત્તે

(૫) શ્રેણીક, ખુશબુ, સં. ૨૦૫૧ ચાતુર્માસ આરાધનિમિત્તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




89. **SHRI SHITALNATH BHAGAVAN** (શ્રીશીતલનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 89. SHRI CALCUTTA TIRTHA (SHRI SHITALNATH BHAGAVAN)

This temple is situated in the Manektala of Sham Bazaar in Calcutta City. It is known as Badridas temple as also Parshvanath temple. Here is installed an idol of Shri Shitalnath Bhagavan. It is white in complexion, about 70 cms. in height and in Padmasana posture, and simply majestic. From the point of view of sculpture and architecture, this temple in Calcutta is famous throughout the country. The construction of this temple was commenced by Raibahadur Badridas, the son of Lala Kalkadas under the inspiration of his mother. A spot was indicated to him in his dream and the idol was unearthed and discovered from there. With all joy and gaiety it was brought here and ceremoniously installed at the auspicious hands of Acharya Shri Kalyanasurishvaraji in 1867 A.D. All are just stunned by the wonderful art of this majestic temple. There is no spot here where we cannot have a glimpse of the art of the architect. It puts Indians and foreigners, all to wonder and admiration. There is a fine garden round the temple. In front of the temple stands an image of Rai Badridas with folded hands. There is a fountain at the back of the temple with eight dolls at eight corners with marks of sacredness in their hands creating an inkling of a feeling of eight Mangalas; a very much living picture indeed! There is glass enamelling in five colours inside the temple, a vast square of marble, dolls on the outskirts, a lake with pavement and a garden full of all greenery. When we behold all this in the light of electricity, we have an inkling of a plane of gods. Artists from all over the world have honoured it with the epithet "Beauty of Bengal". There are, besides this, six other Shvetambara temples in the city.

## ૮૯. શ્રી કલકત્તા તીર્થ (શ્રીશીતલનાથ ભગવાન)

કલકત્તા શહેરમાં શામ બજારના માણિકતલામાં આવેલા આ મંદિરને બદ્રીદાસ ટેમ્પલ અને પાર્શ્વનાથ મંદિર પણ કહે છે. અહીં મૂળનાયક શ્રીશીતલનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ ભવ્ય પ્રતિમા છે. કલકત્તાનું આ મંદિર શિલ્પ અને સ્થાપત્યની દષ્ટિએ સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. આ કલાત્મક મંદિર લાલા કાલકાદાસજીના પુત્ર રાયબહાદુર બદ્રીદાસજીએ પોતાની માતા પાસેથી પ્રેરણા મેળવીને બંધાવવાનો પ્રારંભ કર્યો. એમને સ્વપ્નમાં સૂચવાયેલા સ્થાનમાંથી પ્રતિમા મળી. આ પ્રતિમાને ભારે ઉલ્લાસ અને હર્ષપૂર્વક લાવીને ઈ.સ. ૧૮૬૭માં આ. શ્રી કલ્યાણસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠિત કરવામાં આવી. આ ભવ્ય મંદિરની અદ્‌ભુત નિર્માણશૈલીને માટે સહુ સ્તબ્ધતાનો ભાવ અનુભવે છે. આમાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાં કારીગરે કલાની ઝલક બતાવી ન હોય. એની શિલ્પકલા સ્વદેશના કે વિદેશના પ્રવાસીઓને પણ મુગ્ધ કરે છે. મંદિરની આસપાસ સુંદર બગીચો છે. મંદિરની સામે રાય બદ્રીદાસજીની મૂર્તિ ભક્તિભાવથી હાથ જોડીને બેઠેલી છે. મંદિરની પાછળ આવેલા હોજના આઠ ખૂણામાં આઠ પૂતળીઓના હાથમાં માંગલિક ચિહન દર્શાવીને અષ્ટમંગલની ભાવનાનું જીવંત ચિત્ર ખડું કર્યું છે. મંદિરની અંદરની પંચરંગી કાચની મીનાકારી, આરસનો વિશાળ ચોક, બહારના ભાગની પૂતળીઓ, ફરસબંધી તળાવ અને લીલાછમ બગીચાને વીજળીના પ્રકાશમાં જોઈએ ત્યારે કોઈ દેવવિમાનનો ભાસ થાય. જગતના કલાવિદોએ આને 'Beauty of Bengal' (બંગાળનું સૌંદર્ય)થી નવાજ્યું છે. આ સિવાય શહેરમાં કુલ છ શ્વેતાંબર મંદિરો છે.



**તીર્થવંદના ૮૯**

(૧) ચિ.સેજલ મુકેશભાઈના દસ ઉપવાસ નિમિત્તે - સુરત
(૨) વીરમતીબેન પાનાચંદ લલ્લુભાઈ સુખડીયા - સુરત
(૩) મુકેશભાઈ પાનાચંદ સુખડીયા - સુરત
(૪) અ.સૌ. શીલાબેન મુકેશભાઈ સુખડીયા - સુરત
(૫) ચિ. સુનીત મુકેશભાઈ સુખડીયા - સુરત.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**90. SHRI VIMALANATH BHAGAVAN** (શ્રીવિમલનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 90. KAMPILYAPUR TIRTHA (SHRI VIMALANATH BHAGAVAN)

This tirtha is situated in the Kampilapura town, at a distance of 10 kms. from the Kayamagunj Railway Station. We have here an idol of MULANAYAKA Shri Vimalnath Bhagavan. It is about 45 cms. in height, white in complexion and in Padmasana posture. It is sanctified by the four Kalyanakas - coming down on earth, birth, initiation into monkhood and acquirement of absolute knowledge of Shri Vimalnath Bhagavan, the thirteenth Tirthankara. It is this land that had Raja Shri Padmanabh, who was initiated into monkhood and he attained to absulute knowledge. This land was again fortunate enough to give birth to the heroic and Chakravarti Shri Hirashena who was extremely devout in his dharma. This was the capital of king Drupad in the times of Shri Neminath Bhagavan, the 22nd Tirthankara. This is therefore the birth-place of Draupadi. This was therefore a prosperous and vast capital of the Panchala country spread over an area of about twenty miles. Ruins that we come across here show that there was a time when there were so many Jain temples here. To-day of course Kampilapur is just a small village. The present temple was inaugurated ceremoniously in V.S. 1904. A fair is held here every year on the sixth day of the month of Posha. On the left of Shri Vimalnatha there stands the idol of Bhagavan Shri Mallinatha and an idol of Shri Shantinatha on the left as also that of Shri Mahavira Swami. Again, on the middling VEDIKA there are pairs of four foot-steps; on all the four sides of the fort round the temple and there are installed four Padukas that bring to memory of Kalyanakas.

## ૯૦. શ્રી કામ્પિલ્યપુર તીર્થ (શ્રીવિમલનાથ ભગવાન)

કાયમગંજ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા કમ્પિલપુર ગામમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીવિમલનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૪૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ ભૂમિએ તેરમા તીર્થંકર શ્રીવિમલનાથ ભગવાનનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ જ્ઞાન આ ચાર કલ્યાણકોથી પાવન બનેલી છે. અહીંનાં મંદિરોમાં કુશાન અને ગુપ્તકાલીન પ્રતિમાઓની કલાત્મકતાના દર્શન થાય છે. આ ભૂમિમાં રાજા શ્રી પદમનાભ થઇ ગયા, જેમણે દીક્ષા ધારણ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. પ્રતાપી અને ચક્રવર્તી શ્રી હરિષેણ જેવા ધર્મનિષ્ઠને જન્મ આપવાનું સદભાગ્ય આ ભૂમિને સાંપડ્યું છે. બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનના સમયમાં રાજા દ્રુપદની આ રાજધાની હતી. દ્રૌપદીનું આ જન્મસ્થાન. આમ એક સમયે વીસેક માઇલના ઘેરાવામાં પથરાયેલી દક્ષિણ પાંચાલ દેશની આ એક સમૃદ્ધ અને વિરાટ નગરી હતી. અહીંથી પ્રાપ્ત થતા અવશેષો દર્શાવે છે કે અહીં અનેક જૈનમંદિરો હતાં, જો કે આજે તો કમ્પિલપુર એક નાનકડું ગામ જ છે. અહીંના મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૦૪માં થઇ હતી. દર વર્ષે પોષ સુદ છઠ્ઠે અહીં મેળાનું આયોજન થાય છે. મૂળનાયક શ્રી વિમલનાથની પ્રતિમાની ડાબી બાજુ ભગવાન શ્રીમલ્લિનાથની પ્રતિમા અને જમણી બાજુ ભગવાન શ્રીશાંતિનાથ તેમ જ શ્રીમહાવીર સ્વામી ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત છે. વચલી વેદિકા પર ચાર જોડી પગલાં છે અને મંદિરના કોટના ચારેય ખૂણે કલ્યાણકોની યાદ આપતી ચાર પાદુકાની સ્થાપના કરેલી છે.



**તીર્થવંદના ૯૦**

(૧) શારદાબેન રમણલાલ શાહ પરિવાર સાયન - મુંબઈ
(૨) કીરીટભાઈ રમણલાલ શાહ પરિવાર સાયન - મુંબઈ
(૩) અ.સૌ. ઈન્દુ(અનુપમા) કીરીટભાઈ શાહ પરિવાર સાયન - મુંબઈ
(૪) શીતલ, સૌરીનભાઈ કીરીટભાઈ શાહ પરિવાર સાયન - મુંબઈ
(૫) રીમા આશીષકુમાર મહેતા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**91. SHRI PARSHVANATH BHAGAVAN** (શ્રીપાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 91. SHRI BANARAS TIRTHA (SHRI PARSHVANATH BHAGAVAN)

The tirtha is situated in the Bhelupur mohalla in the city of Benaras; the city is also known by the names Varanasi and Kashi. In the name 'Varanasi', there lies the memory of the confluence of the two rivers Varana and Asi. The city is situated on the holy Ganga river at a distance of 765 kms. from Delhi, 565 kms. from Agra and 286 kms. from Lucknow. This land holds greater glory particularly because it is the land of four Kalyanakas of Bhagavan Parshvanatha. According to Jain mythology, in remote past, Shri Suparshvanatha was born here. In the neighbouring Chandrapuri and Simhapuri were born Shri Chandraprabhu Bhagavan and Shri Shreyansanatha Bhagavan. Thus it is that a total of 16 Kalyanakas took place here. This place was the capital city of the Malla kings in the times of Bhagavan Mahavir. In the ancient times this place had so many vast Jina temples; so many of these have been destroyed by the blows of times, though of course we get some information of that old past unearthed by the researches of the archaeological department. Here is installed the idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan. Other idols are also found here. There are, in addition, some twelve Shvetambara Jain temples. This spot is a renowned tirtha of Hinduism also. This land is sanctified by the sermonizing words of Shri Parshvanath Bhagavan and Shri Mahavira Bhagavan.

## ૯૧. શ્રી બનારસ તીર્થ (શ્રીપાર્શ્વનાથ ભગવાન)

બનારસ શહેરના ભેલુપુર મહોલ્લામાં આ તીર્થ આવેલું છે. આ શહેર વારાણસી અને કાશીના નામથી પણ જાણીતું છે. અહીં ની વરણા અને અસી નામની બે નદીઓના સંગમની સ્મૃતિ વારાણસી નામમાં જળવાયેલી છે. દિલ્હીથી ૭૬૫ કિ.મી., આગ્રાથી ૫૬૫ કિ.મી. અને લખનૌથી ૨૮૬ કિ.મી. દૂર પરમપાવન ગંગા નદીને કિનારે આ શહેર આવેલું છે. આ ભૂમિ ભગવાન પાર્શ્વનાથનાં ચાર કલ્યાણકોની ભૂમિ હોવાથી એનો વિશેષ મહિમા છે. જૈન અનુશ્રુતિઓ પ્રમાણે તો અતિ પ્રાચીન કાળમાં શ્રીસુપાર્શ્વનાથ ભગવાનનો જન્મ અહીં થયો હતો. નજીકમાં આવેલી ચંદ્રપુરીમાં શ્રીચંદ્રપ્રભુ ભગવાનનો અને સિંહપુરીમાં શ્રીશ્રેયાંસનાથ ભગવાનનો જન્મ થયો હતો. ઈ.સ. પૂર્વે નવમી સદીમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનનો જન્મ થયો હતો. આમ અહીં કુલ સોળ કલ્યાણકો થયેલાં છે. ભગવાન મહાવીરના સમયમાં આ મલ્લ રાજાઓની રાજધાની હતી. પ્રાચીન સમયમાં અહીં અનેક વિશાળ જિનમંદિરો હતાં, પરંતુ કાળના સપાટામાં એમાંનાં કેટલાક નષ્ટ થઇ ગયાં. જોકે પુરાતત્ત્વ ખાતાના સંશોધનને પરિણામે આજે એ ભૂતકાળની માહિતીઓ ઉપલબ્ધ થઇ છે. અહીં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે અને બીજી પ્રતિમાઓ પણ મળે છે. આ ઉપરાંત અત્યારે બાર જેટલાં શ્વેતામ્બર જૈનમંદિરો છે. આ સ્થળ એ હિંદુ ધર્મનું પ્રસિદ્ધ તીર્થ છે. આ નગરી શ્રીપાર્શ્વનાથ ભગવાન અને શ્રીમહાવીર ભગવાનની ઉપદેશવાણીથી પાવન બનેલી છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્



તીર્થવંદના - ૯૧
(૧) સ્વ. શાંતીલાલ શીવલાલ તથા સ્વ. શાન્તાબેન લીબંડી
(૨) જગદીશભાઈ શાંતીલાલ શાહના ઓખા - જામનગર
(૩) અ.સૌ. ચંદ્રીકાબેન જગદીશભાઈ ઓખા - જામનગર
(૪) અ.સૌ. મીરા (બિ એટ્રીશ ) તથા અતુલ્ય. ચિ. પુણ્ય કરીના
(૫) અ.સૌ. બિનાલી તથા રીખવ ચિ. ભાવી ઓખા - જામનગર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



92. **SHRI ADISHWAR BHAGAVAN** (શ્રીઆદીશ્વર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 92. SHRI CHITTODAGADH TIRTHA (SHRI ADISHWAR BHAGAVAN)

Chittodagadh is renowned in history as the land of adventurous heroes who laid down their lives for the defence of religion and culture. King Chitrangada of the Maurya family got this castle constructed here. Bappa Raval established his own government here in the 8th century of the Vikrama era. Empress Padmini got consumed to fire here and Maharana Pratap proved to be a great hero here. This land is also full to the brim by the unstinted devotion of Mirabai and the liberality of Bhamashah. Acharya Shri Haribhadrasuri lived here and created so much of great literature. The Jain Pillar of fame - KIRTISTAMBHA - with its seven storeys stands as a symbol of the prosperity of the Jainas here. There was a time when there were so many Jaina temples here. To-day only five temples are left. There are the temples of Shri Mahavira Swami with a dome, of Shri Shantinath Bhagavan, of Adishvara Bhagavan renowned by the name Satavira Devari, of Shri Shantinath and Shri Parshva Prabhu. Of these the temple of Satavira Devari is majestically planned with 52 Jinalayas. The idol of MULANAYAKA Bhagavan Adishvara here in is very old and gorgeous. The renovation and ceremonious re-installtion in the three temples took place on the second day of the bright half of Margashirsha in V.S. 1998 at the auspicious hands of Acharya Shri Vijayanitisurishvaraji. Inscriptions of V.S. 1469, 1505, 1513 and 1536 are carved on the idols. The temple of Shri Shantinath was constructed in V.S. 1232. As it went to ruins, Vela, the treasurer of Maharana Kumbha got it repaired, renovated and re-installed.

## ૯૨. શ્રી ચિત્તોડગઢ તીર્થ (શ્રીઆદીશ્વર ભગવાન)

ધર્મ અને સંસ્કૃતિની રક્ષા માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા પરાક્રમી વીરોની ભૂમિ તરીકે ચિત્તોડગઢ ઇતિહાસમાં અમર નામના ધરાવે છે. આ ગઢનું નિર્માણ મૌર્યવંશી રાજવી ચિત્રાંગદે કર્યું હતું. વિક્રમની આઠમી સદીમાં બાપા રાવળે ચિત્તોડગઢ પર પોતાનું રાજ્ય સ્થાપ્યું. મહારાણી પદમિનીનું જૌહર, મહારાણા પ્રતાપની વીરતા, મીરાંબાઈની ભકિત અને દાનવીર ભામાશાની ઉદાર ભાવનાઓથી આ ભૂમિ હંમેશાં ઇતિહાસનું ઉજ્જવળ પૃષ્ઠ બની રહી છે. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ અહીં રહીને વિપુલ સાહિત્યસર્જન કર્યું. સાત માળવાળો જૈન કીર્તિસ્તંભ જૈનોની સમૃદ્ધિનું પ્રતીક છે. એક સમયે આ સ્થળે અનેક ભવ્ય જિનમંદિરો હતાં, પરંતુ સમયના પ્રવાહમાં આજે માત્ર પાંચ જ જિનમંદિરો રહ્યાં છે. શ્રીમહાવીર સ્વામીનું ગુંજબવાળું મંદિર, શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર, સતવીર દેવરીના નામથી પ્રસિદ્ધ આદીશ્વરનું મંદિર અને શ્રી શાંતિનાથ તથા શ્રીપાર્શ્વપ્રભુનું મંદિર મળે છે. સતવીર દેવરી મંદિર બાવન જિનાલયથી સુશોભિત છે. એમાં મૂળનાયક ભગવાન આદીશ્વરની પ્રતિમા અતિ પ્રાચીન અને ભવ્ય છે. આમાં ત્રણ મંદિરનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૮ માગશર સુદ બીજના દિવસે આ. શ્રી વિજયનીતિસૂરિજીના સુહસ્તે થયો. અહીંની મૂર્તિઓ પર વિ.સં. ૧૪૬૯, ૧૫૦૫, ૧૫૧૩ અને ૧૫૩૬નો લેખ કોતરાયેલો છે. શ્રીશાંતિનાથ ભગવાનનું મંદિર વિ. સં. ૧૨૩૨માં બન્યું હતું. એ ખંડિત થતાં મહારાણા કુંભાના ખજાનચી વેલાએ વિ.સં. ૧૫૦૫માં એનો જીર્ણોદ્ધાર કરીને પ્રતિષ્ઠા કરી હતી.




**તીર્થવંદના ૯૨**

(૧) ધીરજલાલ ભૂદરદાસ વકીલ   રાધનપુર - શાન્તાક્રુઝ
(૨) સીતાબેન ધીરજલાલ વકીલ   રાધનપુર - શાન્તાક્રુઝ
(૩) વસુમતી ધીરજલાલ વકીલ   રાધનપુર - શાન્તાક્રુઝ
(૪) વસંત ધીરજલાલ વકીલ   રાધનપુર - શાન્તાક્રુઝ
(૫) ઋષિત-રાજન વસંત વકીલ   રાધનપુર - શાન્તાક્રુઝ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



93. **FUTURE TIRTHANKARA SHRI PADMANABHA SWAMI.** (ભાવિ તીર્થંકર શ્રીપદમનાભ સ્વામી)




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 93. SHRI UDAYAPURA TIRTH
## (FUTURE TIRTHANKARA SHRI PADMANABHA SWAMI)

This fine city, known after the name of Maharana Udayasinha is the capital of Mevad. This city is attractive for pilgrims and travellers. It is destined that the Jiva of Maharaja Shrenik, a devout worshipper and servant of the religious order is to become the first Tirthankara in the coming twenty four. His name will be Padmanabha. In the temple over here is installed an exquisitely gorgeous idol of Shri Padmanabha, the future Tirthankara.

## ૯૩. શ્રી ઉદયપુર તીર્થ (ભાવિ તીર્થંકર શ્રીપદમનાભ સ્વામી)

મહારાણા ઉદયસિંહના નામ પર વસેલી આ સુંદર નગરી મેવાડની રાજધાની છે. યાત્રાળુઓ અને પ્રવાસીઓને માટે આ એક આકર્ષક નગર છે. આ નગરી અનેક મંદિરો અને રાજમહેલોથી સુશોભિત છે. ભગવાન મહાવીરના પરમ ઉપાસક અને શાસન પ્રભાવક મહારાજા શ્રેણિકનો જીવ ભાવિ ચોવીસીમાં પ્રથમ તીર્થંકર બનવાનો છે. એનું નામ હશે પદમનાભ. આ જિનમંદિરમાં ભાવિ તીર્થંકર શ્રીપદમનાભની પ્રતિમા બિરાજમાન છે જે અત્યંત ભવ્ય છે.




**તીર્થવંદના ૯૩**

(૧) પદમાબહેન બાબુલાલ શાહ - જામનગર - પાર્લા - મુંબઈ

(૨) ચંદ્રકાન્ત બાબુલાલ શાહ - જામનગર - પાર્લા - મુંબઈ


(૩) અ.સૌ. મીના ચંદ્રકાન્ત શાહ - જામનગર - મુંબઈ

(૪) ચિ. જય ચંદ્રકાન્ત શાહ - જામનગર - મુંબઈ

(૫) હેતલ, પલક, ચંદ્રકાન્ત શાહ - જામનગર - મુંબઈ




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



94. SHRI ADINATH BHAGAVAN (શ્રીઆદીનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 94. SHRI KESARIYAJI TIRTHA (SHRI ADINATH BHAGAVAN)

This is an attractive tirtha rich in architectural beauties on the Ahmedabad - Udaipur Road, at a distance of 66 kms. from Udaipur city station. This is a great tirtha in the Rushabhadeva town near the hills in the Mevad state. Here is installed an idol of MULANAYAKA Shri Adinath Bhagavan. It is black in complexion, about 105 cms. in height, in Padmasana posture and simply gorgeous! Here pilgrims are bound to be lost in unstinted devotion; both Jain and non-jain visitors and pilgrims experience a sort of sacredness, thanks due to the simply indescribable art of the image of Shri Prabhu. The round face of Shri Prabhu is extremely attractive and pleasing to the mind. The whole temple with the main inner apartment, the deep pandal, nine chowkis, the assembly pandal, the Bhamati, the small shrines of gods, the Shrungara chowki, the peak and the encircling fort is simply majestic. Even from a distance this gorgeous 52 Jinalayas enraptures the viewer. Its peaks, arches, entrances and pillars are extremely artistic. In the compound of the temple there is an image of Shri Marudevi Mata mounted on an elephant; it is installed in V.S. 1688. There stands also a temple of Jagavallabha Parshvanatha Bhagavan. We come across many grand and miraculous stories and anecdotes about the antiquity and history of the image of Shri Adinath Bhagavan. It is said that first the temple was constructed in bricks but later on in stone. There proofs of its renovations is also available. For the last several centuries saffron is applied to Shri Prabhu, so much so that the complexion of Shri Prabhu is therefore known as Keshariyanath or Kesariyalal. This is one very important tirtha of the Jainas in the Mewad state.

## ૯૪. શ્રી કેસરિયાજી તીર્થ (શ્રીઆદીનાથ ભગવાન)

ઉદયપુર સીટી સ્ટેશનથી ૬૬ કિ.મી. દૂર આવેલું એવું અમદાવાદ-ઉદયપુર માર્ગ પર આકર્ષક શિલ્પકલાયુક્ત તીર્થ છે. અહીં ઋષભદેવ ગામમાં પહાડની નજીક મેવાડ રાજ્યનું આ એક ભવ્ય તીર્થ આવેલું છે. મૂળનાયક શ્રીઆદીનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા યાત્રાળુઓને ભક્તિભાવથી તરબોળ કરે તેવી છે. પ્રભુપ્રતિમાની આ કલા અવર્ણનીય છે અને તેનો પ્રભાવ એટલો બધો છે કે જૈન અને જૈનેતર સહુ કોઈ એના દર્શન કરીને પાવન બને છે. પ્રભુનું મુખમંડળ અત્યંત આકર્ષક અને મનોહારી છે. આખુંયે મંદિર મૂળ ગભારો, ગૂઢમંડપ, નવ ચોકી, સભા મંડપ, ભમતિ, બાવન દેવકુલિકાઓ, શૃંગાર ચોકી, શિખર અને કોટબંધી રચનાવાળું છે. આ ભવ્ય બાવન જિનાલયનું મંદિર દૂરથી જ મનમોહક લાગે છે અને એનાં શિખરો, તોરણ, દ્વારો અને સ્તંભોની કલા અત્યંત કમનીય છે. પ્રાંગણમાં વિ.સં. ૧૬૮૮માં સ્થાપિત હાથી પર આરૂઢ શ્રી મરુદેવી માતાની મૂર્તિ તથા જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. મૂળનાયક શ્રીઆદિનાથ ભગવાનની પ્રતિમાની પ્રાચીનતા અને એના ઈતિહાસ વિશે ઘણી ગૌરવપૂર્ણ અને ચમત્કારભરી કથાઓ મળે છે. એમ કહેવાય છે કે આ મંદિર પ્રથમ ઈંટોનું બનેલું હતું અને પછી તે પથ્થરનું બનાવવામાં આવ્યું. ઈ.સ. ૧૪૩૧માં એનો જીર્ણોદ્ધાર થયાના પુરાવા મળે છે અને ત્યાર પછી પણ જીર્ણોદ્ધારની માહિતી પ્રાપ્ત થાય છે. ભકતોની ભાવના પૂર્ણ કરતાં આ દેવને સદીઓથી કેસર ચડાવવામાં આવે છે. કેસરનો એટલો બધો લેપ થઈ જાય છે કે પ્રભુનો વર્ણ કેસર જેવો પ્રતીત થાય છે તેથી જ આ પ્રભુને કેસરિયાનાથ કે કેસરિયાલાલ કહેવામાં આવે છે. મેવાડ રાજ્યમાં આવેલું જૈનોનું આ એક પ્રમુખ તીર્થસ્થાન છે.



**તીર્થવંદના ૯૪**

(૧) પદમાબહેન બાબુલાલ શાહ - જામનગર - પાર્લા - મુંબઈ
(૨) ચંદ્રકાન્ત બાબુલાલ શાહ - જામનગર - પાર્લા - મુંબઈ
(૩) અ.સૌ. મીના ચંદ્રકાન્ત શાહ જામનગર - મુંબઈ
(૪) ચિ. જય ચંદ્રકાન્ત શાહ - જામનગર - મુંબઈ
(૫) હેતલ, પલક, ચંદ્રકાન્ત શાહ - જામનગર - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



95. SHRI KAREDA PARSHVANATH BHAGAVAN (શ્રીકરેડા પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 95. SHRI KAREDA TIRTHA (SHRI KAREDA PARSHVANATH BHAGAVAN)

This tirtha, situated on the Chittod-Udaipur Road, at a distance of 56 kms. from Chittod is in the heart of the Bhopalsagar town. Here is installed an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan. It is black in complexion, about 90 cms. in height and in Padmasana posture. The temple is gorgeous indeed. This temple with 52 Jinalayas is of white stone and betrays ancient construction. It has the central inner apartment, deep pandal, Chowkis, a vast assembly-pandal and peaks. Recently at the time of repairs and renovation, a writing of V.S. 55 was found on an ancient pillar. There is also a reference which states that the idol of Shri Parshvanath Bhagavan was ceremoniously installed by Bhattaraka Acharya Shri Yashobhadrasurishvaraji in V.S. 1029. In the Bhamati there are some idols with Inscriptions of V.S. 1303, 1341 and 1496. One other reference states that the Chief Minister of Mandavagadh, Shri Pethadashah got constructed here a temple of Shri Parshvanath Bhagavan and that his son Jhanjhanshah got constructed a temple with seven storeys. However no trace of it is to be found to-day.

The present temple was renovated once more and once more the idol of Shri Prabhu was installed on the sacred 13th day of the bright half of Maha in V.S. 2033 at the sacred hands of Shri Sushilasurishvaraji. As the Jaina history tells us, the Sanghas going on a pilgrimage of Shatrunjaya come here for the darshan of Shri Parshvaprabhu, who destroys all calamities. The present idol is extremely miraculous. Every year a vast fair is held here on the occasion of the sacred event of the birth of Parshvaprabhu. Then it is that men and women in thousands participate in prayer and devotion towards Shri Prabhu.

## ૯૫. શ્રી કરેડા તીર્થ (શ્રીકરેડા પાર્શ્વનાથ ભગવાન)

ચિત્તોડ-ઉદયપુર માર્ગ પર આવેલું શ્રી કરેડા તીર્થ ચિત્તોડથી ૫૬ કિ.મી. દૂર આવેલા ભોપાલસાગર ગામની મધ્યમાંઆવેલું છે. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. આ મંદિર અત્યંત ભવ્ય છે. શ્વેત પાષાણનું આ બાવન જિનાલય મંદિર પ્રાચીન બાંધણી ધરાવે છે. મૂળ ગભારો, ગૂઢમંડપ, ચોકીઓ, વિશાળ સભામંડપઅને શિખર સાથેની રચનાવાળું છે. તાજેતરમાં જીર્ણોદ્ધાર સમયે અહીંથી વિ.સં. ૫૫નો લેખ ધરાવતો પ્રાચીન સ્તંભ મળી આવ્યો. જ્યારે વિ.સં. ૧૦૨૯માં ભટ્ટારક આ. શ્રી યશોભદ્રસૂરીશ્વરજી દ્વારા શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ મળે છે. ભમતિમાં કેટલીક મૂર્તિઓ પર વિ.સં. ૧૩૦૩, ૧૩૪૧ અને ૧૪૯૬નો લેખ કોતરેલો છે. એવો ઉલ્લેખ મળે છે કે માંડવગઢના મહામંત્રી શ્રી પેથડશાહે અહીં શ્રીપાર્શ્વનાથ ભગવાનનું મંદિર બનાવ્યું હતુંઅને એના પુત્ર ઝાંઝણશાહે સાત માળનું મંદિર બનાવ્યાનો ઉલ્લેખ મળે છે, પરંતુ આજે એ ભવ્ય મંદિરની કોઈ ભાળ મળતી નથી.

હાલના મંદિરનો પુનઃજીર્ણોદ્ધાર થયો અને વિ.સં. ૨૦૩૩ મહા સુદ તેરસના શુભ દિને આ. શ્રી સુશીલસૂરીશ્વરજીના સુહસ્તે પ્રભુપ્રતિમાની પુનઃપ્રતિષ્ઠા થઈ. જૈન ઇતિહાસમાં શત્રુંજયની યાત્રાએ સંઘ લઈને જનારા અહીં ઉપસર્ગ હરનાર શ્રીપાર્શ્વપ્રભુની પ્રતિમાના દર્શનાર્થે આવતા હતા. વર્તમાન પ્રતિમા પણ અત્યંત ચમત્કારિક અને ઉપસર્ગ દૂર કરનારી છે. દર વર્ષે પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણકનાઅવસરે અહીં વિશાળ મેળો ભરાય છે, જ્યારે હજારો નર-નારીઓ ઉમંગભેર પ્રભુભક્તિમાં ભાગ લે છે.



**તીર્થવંદના૯૫**

(૧) અ.સૌ. સુશીલાબેન બાપુભાઈ બાલુભાઈ ઝવેરી સુરત-મલાડ
(૨) અ.સૌ. હંસાબેન મંગલચંદ ઝવેરી સુરત-મલાડ
(૩) અ.સૌ. ધારિણી દિવ્યેશ ઝવેરી ખ્યાતિ, ચિ. નમિત સુરત-મલાડ
(૪), અ.સૌ. છાયા, કેતન, ઝવેરી ચિ. ઇશાન સુરત-મલાડ
(૫) અ.સૌ. જસ્મીન, આશિષ, ઝવેરી ચિં. દર્શિત સુરત-મલાડ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**96. SHRI NAGESHVAR PARSHVANATH BHAGAVAN** (શ્રીનાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 96. SHRI UNHEL TIRTHA (SHRI NAGESHVAR PARSHVANATH BHAGAVAN)

In the present days this tirtha is becoming renowned as a great tirtha. This is due to the unparalleled personality that Shri Nageshvar Parshvanath Bhagavan is. Chaumahala is a station on the railway line from Ratlam to Delhi. We can go to the Unhel Tirtha from here via Alot. After initiation, Tirthankara Shri Parshvanath Bhagavan was totally engrossed in meditation when Kamatha tried hard to disturb his concentration by heavy rains. It was at this time that, as a token of his devotion, Dharnendra raised high Shri Prabhu who was deep in KAYOTSARGA. Kamatha was defeated and begged forgivance of Shri Parshvanath Prabhu. On one side stood Shri Dharanendra Deva with his unstinted devotion; on the other side there was Kamatha, anxious to take life out of Shri Prabhu. But Shri Prabhu viewed both just with the same vision. As a result, the divine inclination in Kamatha nicely revealed itself. A story says that Dharanendra raised this idol to commemorate for all time to come this great event. In the whole world only two sacred idols of the living state of Shri Mahavira Swami and Shri Nageshvar Parshvanath Bhagavan are available.

Once this tirtha was in the custody of non-Jains. However, Jainas acquired it back thanks to the constant efforts and inspiration of revered Upadhyaya Shri Dharmasagaragani as also his worthy pupil revered Agamavisharad Pannyasa Shri Abhayasagaraji Maharaj Saheb. He inspired the renovation of the tirtha and the work commenced. The all-sided development of the tirtha and the ceremony of ANJANASHALAKA in the tirtha was performed after decades in V.S. 2037 on the sixth day of the bright half of the month Vaishakha. Again, on the very next sacred day, ceremonious installation of all the Jina images except that of Shri Nageshvar Parshvanath Bhagavan took place. The extremely magnanimous idols of Shri Manibhadra Vira and Shri Padmavatidevi were installed by Shri Jain Shvetambara Nageshvara Parshvanath Tirtha Pedhi in the presence of hundreds of Sadhus and Sadhvis and Shravakas and Shravikas. The sacred work could be completed thanks to the efforts of Shri Sudhakarbhai Dalal of Shri Chowpaty Sangha. Then it was that the fame of this tirtha spread in the whole of India.

## ૯૬. શ્રી ઉન્હેલ તીર્થ (શ્રીનાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન)

JAINSITE

આ તીર્થ આજે ભારતના મધ્યપ્રદેશનું એક મહાતીર્થ બની રહ્યું છે અને તેનું કારણ છે તેના મૂળનાયક શ્રીનાગેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો અપ્રતિમ પ્રભાવ. રતલામથી દિલ્હી તરફના રેલવેમાર્ગ પર ચૌમહલા સ્ટેશન આવે છે. અહીંથી આલોટ થઈને શ્રી ઉન્હેલ તીર્થે જવાય છે. તીર્થંકર શ્રીપાર્શ્વનાથ ભગવાનને, દીક્ષા બાદ તેઓ ધ્યાનસ્થ-મુદ્રાએ સાધનામાં લીન હતા ત્યારે, તેમના પર કમઠે વરસાદ વરસાવીને ઉપસર્ગ કર્યો. આ સમયે ધરણેન્દ્રને પ્રભુની ભક્તિ નિમિત્તે કાઉસગ્ગમાં રહેલા પ્રભુને બે હાથથી ઊંચે લઈ ગયો, પરિણામે કમઠ હાર્યો અને શ્રીપાર્શ્વનાથ પ્રભુની ક્ષમા યાચવા લાગ્યો. એક બાજુ અખૂટ પ્રભુભક્તિ ધરાવનાર ધરણેન્દ્ર દેવ હતા અને બીજી બાજુ પ્રભુના પ્રાણ હરવા માગનાર કમઠ હતો. પરંતુ પ્રભુની દૃષ્ટિ તો બંને પર સમાન જ રહી. એની પ્રભુતુલ્ય મનોવૃત્તિ સુપેરે પ્રગટ થઈ. આ પ્રસંગની શાશ્વત સ્મૃતિ માટે ધરણેન્દ્રે પ્રભુ પાર્શ્વનાથની આ મૂર્તિ ભરાવી એવી કથા મળે છે. જગતમાં તીર્થંકર શ્રીમહાવીરસ્વામી અને શ્રીનાગેશ્વર પાર્શ્વનાથ ભગવંતની જીવંત અવસ્થાની બે પ્રતિમાજી પ્રાપ્ત થાય છે.

એક સમયે અજૈનોના હાથમાં રહેલું આ તીર્થ પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિ તથા તેમના શિષ્યો પૂ. આગમવિશારદ પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.ના સતત પ્રયત્નો અને પ્રેરણાને કારણે જૈનોને પાછું પ્રાપ્ત થયું. તેઓએ તીર્થોદ્ધારની પ્રેરણા કરીને કામ શરૂ કરાવ્યું. આ તીર્થનો સર્વાંગીણ વિકાસ પ.પૂ. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજીના પટ્ટધર પ.પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., વિ.સં. ૨૦૩૭ના વૈશાખ સુદ ૬ના દિવસે સેંકડો વર્ષ બાદ આ તીર્થમાં અંજનશલાકા મહાવિધાન કરાવ્યું. વળી વૈશાખ સુદ ૭ના શુભ દિવસે મૂળનાયક શ્રીનાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન સિવાયના સર્વ જિનબિમ્બોની તથા શ્રી મણિભદ્રવીર અને શ્રી પદ્માવતીદેવીની અતિ ભવ્ય પ્રતિમાઓની, સેંકડો સાધુ-સાધ્વીઓ અને હજારો શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં, શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થપેઢીના ઉપક્રમે પ્રતિષ્ઠા કરાવી. એ સમયે શ્રી ચોપાટી સંઘના અગ્રણી શ્રી સુધાકરભાઈ મણિલાલ દલાલના પરિશ્રમથી આ કાર્ય સંપન્ન થયું. પ્રતિષ્ઠા બાદ આ તીર્થનો મહિમા સમગ્ર ભારતમાં ફેલાઈ ગયો.




**તીર્થવંદના-૯૬**

(૧) રજનીકાન્ત બાબુલાલ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ
(૨) અ.સૌ. હેમલતા રજનીકાન્ત શાહ ભદ્રાવળવાળા - મુંબઈ
(૩) ચિ. મિતેશ રજનીકાન્ત શાહ ભદ્રાવળવાળા - મુંબઈ
(૪) અમી રજનીકાન્ત શાહ ભદ્રાવળવાળા - મુંબઈ
(૫) અ.સૌ. આશા કમલકુમાર શાહ ભદ્રાવળવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**97. SHRI MAKSHI PARSHVANATH BHAGAVAN** (શ્રી મક્ષી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 97. MAKSHI TIRTHA (SHRI MAKSHI PARSHVANATH BHAGAVAN)

On the Bombay-Agra Road, at a distance of 40 kms. from Ujjain and Devas, there is Makshi Railway Station. This tirtha is at a distance of 1½ kms. from here. In the Makshi town there is a fine lake and on its banks is this tirtha where we have an idol of Shri Makshi Parshvanath Bhagavan. It is black in complexion, about 105 cms. in height and it is in Padmasana posture. The art of the image of Shri Prabhu is so living an expressive and the Charm and compassion that ooze out there from touch the very depth of the devotees' heart. The image is simply gorgeous and miraculous. So many stories of miracles are heard. The history of the idol of Shri Prabhu is very old. So many Shravakas and Shravikas were residing here in the second century B.C.. The idol is stated to be of the 7th century A.D. The Parmar Kings had got a Jain temple constructed here. It is stated that when Mohammud Gazanavi came to India, he came with the intention of demolishing this temple along with others. But, on coming here, he was down with a serious ailment; he had an experience of the miracle of Shri Prabhu. As a result, Mohammud Gazanavi ordered his army not to hurt the idol or temple in any way. He further got five Kangaras constructed at the entrance of the temple. It is said that the treasurer of Mandavagadh, Shri Sangrama Soni got this temple constructed. It was ceremoniously installed at the sacred hands of Shri Somasundarasuriji. One opinion states that Sangrama Soni had got this ancient temple renovated. So many incidents of the miracles of the idol and the temple are heard. The idol of MULANAYAKA Shri Makshi Parshvanath Bhagavan is at a distance from the main seat, and this is indeed surprising.

## ૯૭. શ્રી મક્ષી તીર્થ (શ્રીમક્ષી પાર્શ્વનાથ ભગવાન)

મુંબઇ-આગ્રા માર્ગ પર ઉજ્જૈન અને દેવાસ શહેરથી ૪૦ કિ.મી. દૂર આવેલા મક્ષી રેલવે સ્ટેશનથી આ તીર્થ ૧.૫ કિ.મી. દૂર છે. મક્ષી ગામમાં આવેલા રમણીય સરોવરના કિનારે મૂળનાયક શ્રીમક્ષી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. આ પ્રભુપ્રતિમાનું શિલ્પ અને એમાંથી પ્રગટતી કરુણા અને લાવણ્ય સહુ કોઈના હૃદયને આકર્ષી જાય છે. પાર્શ્વપ્રભુની આ પ્રતિમા અત્યંત ભવ્ય અને ચમત્કારિક છે અને એ વિશેની અનેક ચમત્કારકથાઓ પણ મળે છે. આ પ્રભુ પ્રતિમાનો ઈતિહાસ અતિ પ્રાચીન છે. ઈ.સ. પૂર્વે બીજી શતાબ્દીમાં આ ગામમાં અનેક શ્રાવક અને શ્રાવિકાઓ રહેતાં હતાં. પ્રભુ પ્રતિમા તો ઈ.સ. પૂર્વે સાતમી સદીની હોય એમ કહેવામાં આવે છે. ઈ.સ.ની દસમી સદીમાં પરમાર રાજાઓએ અહીં જૈન મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. એમ કહેવાય છે કે ૧૧મી સદીમાં મહંમદ ગઝનવી જ્યારે ભારત આવ્યો ત્યારે બીજાં મંદિરોની માફક આ મંદિરને તોડવા આવ્યો હતો, પણ એકાએક અહીં આવ્યા બાદ એ ગંભીર બીમારીમાં પટકાયો અને પ્રભુપ્રતિમાના ચમત્કારોનો અનુભવ થયો. પરિણામે મહંમદ ગઝનવીએ એની સેનાને હુકમ આપ્યો કે કોઈએ પણ મંદિર કે પ્રતિમાને સહેજે ક્ષતિ પહોંચાડવી નહીં. એથીયે વિશેષ અહીં એણે એની યાદગીરી રૂપે મંદિરના દ્વાર પર પાંચ કંગુરા પણ બંધાવી આપ્યા. એમ કહેવાય છે કે માંડવગઢના ખજાનચી શ્રી સંગ્રામ સોનીએ આ મંદિર બંધાવ્યું હતું અને આ. શ્રી સોમસુંદરસૂરિજીના શુભ હસ્તે એની પ્રતિષ્ઠા કરાવી હતી. એક મત એવો પણ છે કે આ પ્રાચીન મંદિરનો સંગ્રામ સોનીએ જીર્ણોદ્ધાર કર્યો હતો. આ મંદિર અને પ્રતિમાના ચમત્કારોની અનેક ઘટનાઓ સાંભળવા મળે છે. મૂળનાયક શ્રીમક્ષી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા કોઈ અગમ્ય કારણસર મૂળ ગાદીથી દૂર બિરાજે છે તે આશ્ચર્યજનક લાગે છે.



**તીર્થવંદના-૯૭**

(૧) સ્વ. બાબુલાલ છગનલાલ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૨) લીલાવંતીબહેન બાબુલાલ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૩) અ.સૌ. જયાલક્ષ્મી પ્રવિણભાઈ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૪) અ.સૌ. મીતા વિપુલકુમાર શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૫) મિહિર, વત્સલ વિપુલકુમાર શાહ ભદ્રાવળવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**98. SHRI AVATI PARSHVANATH BHAGAVAN** (શ્રીઅવંતી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 98. SHRI UJJAIN TIRTHA (SHRI ARVATI PARSHVANATH BHAGAVAN)

This tirtha is situated at a distance of 1.6 kms. from the main Railway station of the historical city of Ujjain. It is in the vicinity of the Shipra river. Avanti is the old name of Ujjain. The temple has a black-colour image of MULANAYAKA Shri Avanti Parshvanath Bhagavan. The city and this tirtha has seen so many strokes and attacks of time. The process of rise and fall goes on continuously, and, as a result, not much art is visible in this Jina temple. The idol of Shri Avanti Parshvanath Bhagavan is extremely gentle-Saumya - and higly impressive. So many powerful Kings of the Jaina history have ruled over here. The emperor of the Jain order Acharya Chandrarudra, Aryarakshitasuri, Shri Chandragupta Maurya, Arya Ashadha and others resided here and spread religious influence. Acharya Shri Siddhasena Divakara Suri had composed "Kalyanamandira Stotra" and it was through it that a very much charming and impressive image of Shri Parshvanath Prabhu revealed itself from the lustrous Shivalinga. In the seventh century Shri Manatunga Suri composed "Bhaktamara & Stotra" here and showed miracles. In the eleventh century Shantisuriji defeated the 84 Vadis at the court of King Bhoja and won rare honour. In samvat 250 of Veera Nirvana, Shri Mahakala constructed this great tirtha in memory of his father on the advice of Aryasuhastisuriji. Then, in course of time, ups and downs followed, but revered Acharyas now and again enhanced the glory of this tirtha by their spiritual powers. To-day, besides this temple, we see as many as twenty two others in the city.

## ૯૮. શ્રી ઉજ્જૈન તીર્થ (શ્રીઅવંતી પાર્શ્વનાથ ભગવાન)

ઈતિહાસપ્રસિદ્ધ ઉજ્જૈન શહેરના મુખ્ય રેલવે સ્ટેશનથી આ તીર્થ ૧.૬ કિ.મી. દૂર આવેલું છે. ઉજ્જૈન શહેરની ક્ષિપ્રા નદીની પાસે આવેલું છે. મૂળનાયક શ્રીઅવંતી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની પ્રતિમા મળે છે. ઉજ્જૈનનું પ્રાચીન નામ છે અવંતી. આ નગરે અને આ તીર્થે સમયપરિવર્તનનાઅનેક કાળઝપાટા જોયા છે. આમ પતન અને ઉત્થાનની પ્રક્રિયા સતત ચાલતી હોવાને કારણે આ જિનાલયમાં પ્રાચીન કલા ઓછી જોવા મળે છે, પરંતુ શ્રીઅવંતી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા અત્યંત સૌમ્ય અને પ્રભાવક છે. જૈન ઈતિહાસમાં ચંડપ્રધોત, સમ્પ્રતિ, વિક્રમાદિત્ય જેવા અનેક પ્રભાવશાળી રાજાઓ આ નગરમાં થઈ ગયા. શાસનપ્રભાવક આચાર્ય ચંદ્રરુદ્ર, આર્યરક્ષિતસૂરિ, શ્રી ચંદ્રગુપ્ત મૌર્ય, આર્ય આષાઢ વગેરેએ અહીં રહીને ધર્મનો પ્રભાવ ફેલાવ્યો હતો. આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી, જેના પ્રભાવથી મંદિરમાં રહેલા જ્યોતિર્મય શિવલિંગમાંથી શ્રી પાર્શ્વપ્રભુની મનોહર મૂર્તિ પ્રગટ થઈ હતી. સાતમી સદીમાં શ્રી માનતુંગસૂરિએ અહીં ભક્તામર સ્તોત્રની રચના દ્વારા ચમત્કાર બતાવ્યો અને ૧૧મી સદીમાં શ્રી શાંતિસૂરિજીએ ભોજના દરબારના ૮૪ વાદીઓને જીતીને અપૂર્વ સન્માન મેળવ્યું. વીરનિર્વાણ સંવત ૨૫૦માં આ તીર્થનું શ્રી મહાકાલે આર્યસુહસ્તિસૂરિજીના ઉપદેશથી પોતાના પિતાના સ્મરણાર્થે નિર્માણ કર્યું એ પછી કાળના પ્રવાહમાં અનેક ચડતી-પડતી આવી, પરંતુ આચાર્ય ભગવંતોએ પોતાની અધ્યાત્મશક્તિ દ્વારા વખતોવખત તીર્થનો મહિમા વધાર્યો છે. અત્યારે આ મંદિર સિવાય બીજાં બાવીસ જેટલાં મંદિરો જોવા મળે છે.



તીર્થવંદના-૯૮

(૧) સ્વ. રંભાબહેન અમૃતલાલ ત્રીકમલાલ શાહ

(૨) કિર્તીભાઈ અમૃતલાલ શાહ


(૩) અ.સૌ. કોકિલાબહેન કિર્તીભાઈ શાહ

(૪) સ્વ. મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ

(૫) કુમારી વંદિતાબહેન કિર્તીભાઈ શાહના માસક્ષમણ ૨૦૫૧ નિમિત્તે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**99. SHRI SHANTINATH BHAGAVAN (શ્રીશાંતિનાથ ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 99. SHRI BHOPAVARA TIRTHA (SHRI SHANTINATH BHAGAVAN)

This tirtha is situated in the Bhopavara town near the Mahi river situated at a distance of 80 kms. from the Indore Railway Station. Here stands the idol of MULANAYAKA Shri Shantinath Bhagavan. It is black in complexion, 3.64 metres in height and having Kayotsarga Mudra. Not only Jainas but thousands of Bhils all-round, have darshana and salutation of this image in utter devotion. Amongst the Bhils Shri Shantinath Prabhu is known as Kalababa as also as Bamanadeva. Now and again this tirtha is renovated. There is an indication that in the courtyard of this temple an old temple is buried underground. The image of Shri Shantinath Bhagavan is very old; according to one opinion, it belongs to the time of Shri Neminath Bhagavan. It is said that when Krishna kidnapped princess Rukmini, her brother Rukmikumar fought a battle here. On being defeated he stayed on here and constructed this majestic and lovely Jain temple. So many incidents of miracles of this spot are well-known. Beneath the two hands of Shri MULANAYAKA in the temple there are images of goddesses. On the two sides are seated the idols of Shri Shantinath and Shri Chandraprabha Bhagavan. The work of glass, mother of pearl and enamel painting etc. is full of variety, extremely beautiful and artistic. No spot in the temple is devoid of art in the temple.

## ૯૯. શ્રી ભોપાવર તીર્થ (શ્રીશાંતિનાથ ભગવાન)

ઈન્દોર રેલવે સ્ટેશનથી ૮૦ કિ.મી. દૂર આવેલા ભોપાવર ગામમાં મહી નદી પાસે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીશાંતિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૩.૬૪ મીટરની ઊંચાઈ ધરાવતી કાયોત્સર્ગ મુદ્રાવાળી પ્રતિમા છે. માત્ર જૈનો જ નહીં, પરંતુ આસપાસના હજારો ભીલ લોકો આ પ્રતિમાનાં અત્યંત ભાવપૂર્વક દર્શન-વંદન કરે છે. ભીલોમાં શ્રીશાંતિનાથ પ્રભુ કાલાબાબા તથા બામણાદેવના નામે જાણીતા છે. આ તીર્થનો વખતોવખત જીર્ણોદ્ધાર થયો છે. આ મંદિરના આંગણામાં જ એક જૂનું મંદિર ભૂગર્ભમાં દટાયેલું હોવાનો સંકેત મળ્યો છે. શ્રીશાંતિનાથ ભગવાનની પ્રતિમા અતિ પ્રાચીન છે અને એક મત મુજબ તો શ્રીનેમિનાથ ભગવાનના સમયની બતાવવામાં આવે છે. એમ કહેવાય છે કે કૃષ્ણે રાજકુમારી રુકમિણીનું હરણ કર્યું ત્યારે રાજકુમારીના ભાઈ રુકમણકુમારે અહીં યુદ્ધ કર્યું હતું. આમાં પરાજિત થતાં રુકમણકુમાર અહીં જ રહી ગયા અને આ ગામ વસાવ્યું તેમ જ એમણે એક ભવ્ય દર્શનીય જિનમંદિરનું નિર્માણ કર્યું. આ તીર્થસ્થળના અનેક ચમત્કારિક પ્રસંગો જાણીતા છે, જ્યારે આ મંદિરના મૂળનાયકજીની પ્રતિમાના બંને હાથ નીચે દેવીઓની પ્રતિમાઓ છે. મૂળનાયકની બંને બાજુએ શ્રીશાંતિનાથ અને શ્રીચંદ્રપ્રભુ ભગવાનની મૂર્તિઓ બિરાજમાન છે. આ મંદિરમાં કાચ, સીપ અને મીનાકારી વગેરેનું કામ અત્યંત સુંદર, વૈવિધ્યપૂર્ણ તથા કલાયુક્ત લાગે છે. મંદિરની કોઈ જગ્યા કલાકારીગરી વિના ખાલી જણાતી નથી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના-૯૯**

(૧) કસ્તુરચંદ બાપુલાલ શાહ - પાટણવાળા - મુંબઈ
(૨) જાસુદબહેન કસ્તુરચંદ શાહ - પાટણવાળા - મુંબઈ
(૩) બાપુલાલ ચુનીલાલ શાહ - પાટણવાળા - મુંબઈ
(૪) ચંચળબહેન બાપુલાલ શાહ - પાટણવાળા - મુંબઈ
(૫) અ.સૌ. પ્રવિણાબહેન જસવંતલાલ શાહ - પાટણવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



100. SHRI SUPARSHVANATHA BHAGAVAN (શ્રીસુપાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 100. SHRI MANDAVAGADH TIRTHA (SHRI SUPARSHVANATHA BHAGAVAN)

The Vindhyachala mountain is situated at a distance of 33 kms. from Dhar village, which is at a distance of 88 kmgs. from Indore Railway station. On one high peak of this mountain there is a vast fort, Mandava durga in which this tirtha is situated. It is also known as Mandu. So many remnants of ancient art are visible here because it is an ancient tirtha. Here is found installed an idol of MULANAYAKA Shri Suparshvanath Bhagvan. It is white in complexion, 91.4 cms. in height and in Padmasana posture. This idol is older than the fourteenth century. It is said that once upon a time there were 700 Jina temples here and a population of more than six lakh Jainas. Religious fervour was so very keen here that whenever a new Jain came to reside here, every Jain house would give one gold coin and one brick to him. In the period between the 13th and the 17th centuries, so many powerful and influential ministers happened to live here. Minister Pethadshah, Jhanjhanasha, Punjaraj, Munjaraj, Deputy Minister, Mandana, Gopal, treasurer Sangram Soni, Diwan Jivan, Shravak Javadashah etc. used their vast wealth and constructed so many temples here. They had taken out so many Sanghas for pilgrimage and thus raised high the prestige of Jaina dharma and made Jaina dharma prosperous. At the time of the visit of Shri Dharmaghoshasuriji, it was Pethadshah who got the whole city decorated gorgeously in the whole city. The pilgrimage-sangha started by Jhanjhanashah, the works composed by the deputy minister Mandana, the Agamas got written by Sangrama Soni in letters of gold and the religious spirits and liberality is a history still singing in this tirtha. In this same fort there is a fine temple of smaller size of Shri Shantinath Bhagavan. The construction of its BHAMATI is simply exquisite.

## ૧૦૦. શ્રી માંડવગઢ તીર્થ (શ્રીસુપાર્શ્વનાથ ભગવાન)

ઈન્દોર રેલવે સ્ટેશનથી ૮૮ કિ.મી. દૂર અને ધાર ગામથી ૩૩ કિ.મી. દૂર આવેલા વિંધ્યાચલ પર્વતના એક ઊંચા શિખર પર આવેલા માંડવ દુર્ગના વિશાળ કોટની અંદર આ તીર્થ આવેલું છે. એ માંડુના નામે પણ ઓળખાય છે. આ માંડુ અત્યંત પ્રસિદ્ધ પ્રાચીન સ્થળ હોવાથી અહીં પ્રાચીનકલાના અસંખ્ય અવશેષો જોવા મળે છે. મૂળનાયક શ્રીસુપાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની ૯૧.૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા ૧૪મી સદીથી પણ પ્રાચીન છે. એમ કહેવાય છે કે એક સમયે અહીં ૭૦૦ જિનાલય હતાં અને છ લાખથી અધિક જૈનોની વસ્તી હતી. અહીં લોકોમાં સાધર્મિક વાત્સલ્ય એટલું બધું હતું કે અહીં જે કોઇ જૈન નવો રહેવા આવતો તેને પ્રત્યેક જૈન ઘર દ્વારા એક સુવર્ણ મુદ્રા અને એક ઈંટ આપવામાં આવતી હતી. ઈ.સ. ૧૩મી સદીથી ૧૭મી સદી દરમિયાન માંડવગઢમાં અનેક પ્રભાવશાળી જૈન મંત્રીઓ અને શ્રાવકો થયા. મંત્રી પેથડશાહ, ઝાંઝણશાહ, પૂંજરાજ, મુંજરાજ, ઉપમંત્રી, મંડન, ગોપાલ, ખજાનચી સંગ્રામ સોની, દીવાન જીવન, શ્રાવક જાવડશાહ વગેરેએ પોતાની અઢળક સંપત્તિનો ઉપયોગ કરીને અનેક મંદિરો બંધાવ્યાં હતાં. ઘણા યાત્રાસંઘ કાઢ્યા હતા અને એ રીતે જૈન ધર્મની અસીમ પ્રતિષ્ઠા વધારી હતી. પેથડશાહ દ્વારા શ્રી ધર્મઘોષ સૂરિજીના આગમન સમયે આ નગરીને ભવ્ય રીતે શણગારવામાં આવી હતી. ઝાંઝણશાહે કાઢેલો શત્રુંજયનો યાત્રાસંઘ, મંડન ઉપમંત્રીએ રચેલા ગ્રંથો, શ્રી સંગ્રામ સોનીએ સુવર્ણાક્ષરે લખાવેલાં આગમો અને જાવડશાહની ધાર્મિકતા અને ઉદારતાનો ઇતિહાસ માંડવગઢ તીર્થમાં સંભળાય છે. આ જ કોટની અંદર શ્રીશાંતિનાથ ભગવાનનું નીચા ઘાટનું પણ રમણીય મંદિર છે. એની ભમતિની રચના સુંદર છે.




**તીર્થવંદના-૧૦૦**

(૧) અ.સૌ. સુરજબહેન પાનાચંદ રામચંદ શાહ - સુરત - અમેરીકા
(૨) ડો. અરવિંદભાઈ પાનાચંદ શાહ - સુરત - અમેરીકા
(૩) અ.સૌ. ડો. નલીનીબહેન અરવિંદભાઈ શાહ - સુરત - અમેરીકા
(૪) કુ. રવી અરવિંદભાઈ શાહ - સુરત - અમેરીકા
(૫) ચિ. અમીત અરવિંદભાઈ શાહ - સુરત - અમેરીકા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**101. SHRI KESARIYA PARSHVANATH BHAGAVAN** (શ્રીકેસરિયાજી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 101. SHRI BHANDUKA (BHADRAVATI) TIRTHA
## (SHRI KESARIYA PARSHVANATH BHAGAVAN)

The tirtha is situated in a vast garden in the vicinity of Bhadravati village. Here is installed an idol of MULANAYAKA Shri Kesariya Parshvanath Bhagavan. It is black in complexion, 152 cms. in height and in semi-padmasana posture. The remnants found here indicate that this tirtha must be very old; but how old, it is not deciphered. Till the last century half of the idol of Shri Parshvanath Bhagavan was buried in the ground. People therefore knew it as Kesariababa, and applied vermilion on it. Thereafter, the Shvetambara Jain Sanghas requested the Government to hand over to them the temple that was in Government custody. The Government conceded and thereafter the Shri Sangha got the tirtha repaired and renovated. Again in V.S. 1966, on the fifth day of the bright half of the month of Maha, the manager of Shri Antariksha tirtha Shri Chaturbhujabhai had a dream. Nagadevta gave DARSHAN to him and he received divine orders to get the tirtha renovated. Shri Chaturbhuj inquired about the spot and while he roamed all-around, he came to this tirtha-spot. He talked to the Shri Sangha that acquired the custody and administration from the Government. From this day Shri Prabhu of this tirtha is known as Shri Svapanadeva Kesariya Parshvanath Bhagavan. On the idol of Jina acquired from here, we get an inscription of V.S. 1133. Every year, on the tenth day of the dark half of Margashirsha, a fair is held here and devotees with deep faith come here for DARSHAN from far-off places. There are also two other temples here of Adishvara Bhagavan and Shri Guru.

## ૧૦૧. શ્રી ભાંડુક (ભદ્રાવતી) તીર્થ (શ્રીકેસરિયા પાર્શ્વનાથ ભગવાન)

ભદ્રાવતી ગામની પાસે વિશાળ બગીચાની વચ્ચે આવેલા આ તીર્થમાં મૂળનાયક સ્વપ્નદેવ શ્રીકેસરિયા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૫૨ સે.મી. ઊંચી અર્ધ પદમાસનસ્થ પ્રતિમા મળે છે. અહીંથી મળતા પ્રાચીન અવશેષોએમ દર્શાવે છે કે આ તીર્થ ઘણું જ પ્રાચીન હોવું જોઈએ. પરંતુ તે કેટલું પ્રાચીન છે તે હજી જાણી શકાયું નથી. ગઈ સદી સુધી આ શ્રીપાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનો અડધો ભાગ જમીનમાં દટાયેલો હતોઅને તેથી લોકો એમને કેસરિયાબાબા કહેતા. એમને ભકિતથી સિંદુર ચડાવતા હતા. આ પછી શ્વેતામ્બર જૈન સંઘોએ સરકાર પાસે રહેલા આ તીર્થની માગણી કરતાં સરકારે આ તીર્થ સંઘને આપ્યું અને શ્રી સંઘે આ તીર્થનો ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૯૬૬ના મહા સુદ પના દિવસે શ્રીઅંતરીક્ષ તીર્થના મેનેજર શ્રી ચતુર્ભુજભાઈને એક સ્વપ્ન આવ્યું. એમાં નાગદેવતાના દર્શન થયાં અને આ તીર્થનો ઉદ્ધાર કરવાનો આદેશ મળ્યો. શ્રી ચતુર્ભુજભાઈએ આ સ્થળની શોધ ચલાવી અને એમને ભ્રમણ કરતાં આ તીર્થસ્થાન મળી ગયું. એમણે આખીયે વાત ચાંદાના શ્રી સંઘને કરીઅને શ્રી સંઘે આ તીર્થનો કારભાર સરકાર પાસેથી લઈને પોતાના હાથમાં લીધો. આ દિવસથી આ તીર્થના પ્રભુને શ્રીસ્વપ્નદેવ કેસરિયા પાર્શ્વનાથ ભગવાન કહેવા લાગ્યા. અહીંથી પ્રાપ્ત થતી જિનપ્રતિમા પર વિ.સં. ૧૧૩૩નો લેખ મળે છે. અહીં દર વર્ષે માગશર વદ દસમે મેળો ભરાય છે ત્યારે દૂર દૂરથીઅનેક શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત અહીં આદીશ્વર ભગવાનનું મંદિર અને ગુરુમંદિર પણ આવેલાં છે.



**તીર્થવંદના - ૧૦૧**

(૧) અ.સૌ. ભારતીબહેન જીતેન્દ્રકુમાર શાહ માસક્ષમણ વિ.સં. ૨૦૫૧ નિમિત્તે
(૨) શાહ ચંપાબહેન રમણીકલાલ તલકચંદ ચોકવાળા પરિવાર મલાડ - મુંબઈ
(૩) ચંપાબહેન રમણીકલાલ ચોકવાળા
(૪) ચંપાબહેન રમણીકલાલ ચોકવાળા
(૫) ચંપાબહેન રમણીકલાલ ચોકવાળા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**102. SHRI ANTARIKSHA PARSHVANATH BHAGAVAN** (શ્રીઅંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 102. SHRI SHIRPUR TIRTHA (SHRI ANTARIKSHA PARSHVANATH BHAGAVAN)

At a distance of 72 kms. from Akola and 11 kms. from Malegaon, on the outskirts of Shirpur village this temple of Jina is situated underground. It is one of the oldest of tirthas. Here is installed an idol of MULANAYAKA Shri Parshvanath Bhagavan. It is black in complexion, almost 107 cms. in height and in Padmasana posture. Being very old its art is really pleasing to view and it is miraculous. It is said that Mali and Sumali, the servants of Khara-dushana of Patala Lanka and brothers-in-law of king Ravana had created this idol for worship. As they left the spot they immersed it in the water-reservoir nearby. For centuries the idol remained under the waters, invisible to the eyes, and in V.S. 1142, it revealed itselt as if it were a miracle. The idol was then ceremoniously installed in the newly constructed temple at the auspicious hands of Acharya Shri Abhayadevasuriji, the commentator on 'Navangi', on the fifth day of the bright half of the month Maha in V.S. 1142, it revealed itself as if it were a miracle. The idol was then ceremoniously installed in the newly constructed temple at the auspicious hands of Acharya Shri Abhayadevasuriji, the commentator on 'Navangi', on the fifth day of the bright half of the month Maha in V.S. 1142. Thereafter it was under the worthy sermonizing of revered Shri Bhavavijayaji Gani that the temple was renovated and the idol was reinstalled at his sacred hands on the fifth day of the bright half of the month of Chaitra in V.S. 1715. Miracles attributed to this idol are well-known. At the time the idol remained an inch higher from the ground and therefore became renowned as Antariksha Parshvanath. In the modern days, fairs are held here every year on the third day of the bright half of Falguna and the tenth day of the dark half of Margashirsha. From the point of view of architecture, the idol holds similarity with the idols in Bhandaka, Kulpaka and Gudivada. Formerly it was deep underground in an underground cellar and now it is installed in the underground cellar.

## ૧૦૨. શ્રી શિરપુર તીર્થ (શ્રીઅંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાન)

આકોલાથી ૭૨ કિ.મી. દૂર, માલેગાંવથી ૧૧ કિ.મી. દૂર આવેલા શિરપુર ગામને છેડે આવેલું આ જિનાલય એ ભોંયરામાં આવેલું પ્રાચીનતમ તીર્થ છે. મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૧૦૭ સે.મી. ઊંચી અર્ધ પદમાસનસ્થ પ્રતિમા અતિ પ્રાચીન હોવાથી એની કલા દર્શનીય છે અને એનો પ્રભાવ ચમત્કારિક છે. એમ કહેવાય છે કે રાજા રાવણના બનેવી પાતાળલંકાના રાજા ખરદૂષણના સેવક માલી અને સુમાલીએ પ્રભુપૂજાને માટે આ પ્રતિમાનું નિર્માણ કર્યું હતું. તેઓએ અહીંથી જતી વખતે આ પ્રતિમા નજીકના જલકુંડમાં વિસર્જિત કરી. સૈકાઓ સુધી આ પ્રતિમા જલકુંડમાં અદશ્ય રહી અને વિ.સં. ૧૧૪૨માં એ ચમત્કારિક રીતે પ્રગટ થઈ. નવાંગી ટીકાકાર આ. શ્રી અભયદેવસૂરિજીના સુહસ્તે વિ.સં. ૧૧૪૨ના મહા સુદ ૫ના રોજ આ પ્રતિમા નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. એ પછી પૂ. શ્રી ભાવવિજયજી ગણિના સદુપદેશથી મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને શ્રીભાવવિજયજીના સુહસ્તે વિ.સં. ૧૭૧૫ના ચૈત્ર સુદ ૫ના દિવસે તેની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રતિમાના ઘણા ચમત્કારો જાણીતા છે. એ સમયે આ પ્રતિમા એક ઈંચ અધ્ધર હતી તેથી તે અંતરિક્ષ પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ થઈ. આજે દર વર્ષે ફાગણ સુદ ત્રીજ અને માગશર વદ દશમના દિવસે અહીં મેળાઓ ભરાય છે. અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનું સ્થાપત્ય ભાંદક, કુલ્પકા અને ગુડીવાડાની મૂળનાયકની પ્રતિમાઓ સાથે સ્થાપત્યની દષ્ટિએ સામ્ય ધરાવે છે. પહેલાં આ પ્રતિમા એક ભોંયરાના પેટા ભોંયરામાં હતી, પણ અત્યારે તે મોટા ભોંયરામાં પ્રતિષ્ઠિત કરી છે.




તીર્થવંદના-૧૦૨

(૧) સોનમલ શંકરલાલ ભંડારી - બારામતી
(૨) સુરેશ સોનમલ ભંડારી - અકલુજ
(૩) ખુશાલચંદ ચુનીલાલ ભંડારી - શીયાણા
(૪) સ્વ. ચંદ્રકાન્ત સોનમલ ભંડારી (નગરસેવક) - બારામતી
(૫) ચંદનમલ સોનમલ ભંડારી - અકલુજ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**103. SHRI MAHAVIR BHAGAVAN (શ્રીમહાવીર ભગવાન)**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 103. SHRI KULPAKAJI TIRTHA (SHRI MAHAVIR BHAGAVAN)

This tirtha is situated on the outskirts of the Kulpaka village which is situated at a distance of 6 kms. from Alera Railway Station on the Vijayavada-Hyderabad. Here is installed an idol of MULANAYAKA Shri Adishvara Bhagavan; it is black in complexion and in semi-padmasana posture. The cross-legged posture of this idol is 32½ inches in width and 37½ inches in height. There is no mark of mane at the back, but, behind the head there is a circle of lustre. On the right side of Shri Jina in black stone and KAYOTSARGA posture; on the left is an idol in similar state in white marble. Unique indeed is the art of the idol of Shri Adishvara Prabhu. There are totally 15 idols here and each one has its own peculiar, importance. The idol of Manikyaswami and of Shri Mahavira carved from FIROZI gem makes us simply spell-bound. Such idols are rare to come across in the whole world. Just the same way, the art of the temple is pleasing to the eyes. The idol of Shri Adishvara Prabhu is known after the name Shri Manikyaswami. It is said that the present idol is one of the twenty four of divinities installed by Bharata Chakravarti on the Ashtapada mountain. It was carved from the sapphire in his ring. It is also said that king Ravana had acquired the idol through divine propitation. In V.S. 680 Shri Shankara Raja of this spot acquired this idol while he was propitiating the ruling goddess. He constructed a temple and installed it here. A stone-inscription of V.S. 1333, which refers to this tirtha and Manikyaswami is available; we also have proofs of the renovation of the tirtha in V.S. 1481 and 1767. There is a throng of devotees gathering together here every year from the 13th to the Purnima day of Chaitra.

## ૧૦૩. શ્રી કુલપાકજી તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

હૈદ્રાબાદથી ૮૯ કિ.મી. દૂર અને વિજયવાડા હૈદ્રાબાદ માર્ગમાં આવેલા આલેર રેલવે સ્ટેશનથી છ કિ.મી. દૂર કુલપાક ગામની બહાર આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રીઆદીશ્વર ભગવાનની શ્યામ વર્ણની અર્ધ પદ્માસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમાની પલાંઠીની પહોળાઈ ૩૪॥ ઈંચ અને ઊંચાઈ ૩૭॥ ઈંચ છે. તેમાં કેશવાળીનું ચિહ્ન નથી, પરંતુ મસ્તકની પાછળ આભામંડળ છે. મૂળનાયકની જમણી બાજુએ શ્યામ પાષાણની કાયોત્સર્ગમાં રહેલી જિનપ્રતિમા છે, જ્યારે ડાબી બાજુએ સફેદ આરસની કાયોત્સર્ગસ્થ પ્રતિમા છે. શ્રીઆદીશ્વર પ્રભુની પ્રતિમાની કલા અત્યંત નિરાળી છે. અહીં કુલ ૧૫ પ્રાચીન પ્રતિમાઓ આવેલી છે અને દરેકનું પોતાનું વિશેષ મહત્ત્વ છે. માણિક્યસ્વામીની પ્રતિમા અને ફિરોઝી રંગની બનેલી ભગવાન મહાવીરની પ્રતિમાનું સૌંદર્ય અદ્ભુત છે. વળી ફિરોઝી રંગના આકારની પ્રતિમાઓ તો વિશ્વમાં પણ વિરલ છે. એ જ રીતે આ મંદિરની કલા પણ દર્શનીય છે. શ્રીઆદીશ્વર પ્રભુની પ્રતિમા શ્રીમાણિક્યસ્વામીના નામથી જાણીતી છે. એમ કહેવાય છે કે આ પ્રતિમા ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત પર જે ચોવીસી ભગવાનોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાવી હતી તેમાંની એક પ્રતિમા પોતાની વીંટીમાં જડેલા નીલમમાંથી બનાવી હતી તે આ પ્રતિમા છે. એમ કહેવાય છે કે રાજા રાવણે દૈવિક આરાધનાથી આ પ્રતિમા પ્રાપ્ત કરી હતી. અધિષ્ઠાયક દેવની આરાધના કરતાં વિ.સં. ૬૮૦માં અહીંના શ્રી શંકર રાજાને આ પ્રતિમા પ્રાપ્ત થઈ હતી અને એણે મંદિર બનાવી એને પ્રતિષ્ઠિત કરી. આ તીર્થનો અને માણિક્યસ્વામીની પ્રતિમાનો ઉલ્લેખ કરતો વિ.સં. ૧૩૩૩નો શિલાલેખ ઉપલબ્ધ છે. વિ.સં. ૧૪૮૧ અને વિ.સં. ૧૭૬૭માં પણ આના જીર્ણોદ્ધારનો ઉલ્લેખ મળે છે. દર વર્ષે ચૈત્ર સુદ ૧૩ થી પૂર્ણિમા સુધી અહીં મેળો ભરાય ત્યારે અનેક ભાવિકો એકત્રિત થાય છે.



**તીર્થવંદના-૧૦૩**

(૧) વસંતભાઈ પોપટલાલ બાબરીયા - બરવાળા ઘેલાશા શ્રીરામપુર
(૨) અ.સૌ. વિલાસબહેન વસંતભાઈ બાબરીયા - બરવાળા
(૩) વિનોદભાઈ પોપટલાલ બાબરીયા - બરવાળા ઘેલાશા શ્રીરામપુર
(૪) અ.સૌ. ભારતીબહેન વિનોદભાઈ બાબરીયા - બરવાળા ઘેલાશા
(૫) સ્વ. વિણાબહેન વિનોદભાઈ બાબરીયા - બરવાળા ઘેલાશા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**104. SHRI JAGAVALLABHA PARSHVANATH BHAGAVAN** (શ્રીજગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 104. KUMBHOJAGIRI TIRTHA
## (SHRI JAGAVALLABHA PARSHVANATH BHAGAVAN)

This tirtha is situated at a distance of 8 kms. from the Hathakalangada Railway Station on the Kothapur-Meeraj Road in Maharashtra. It is situated in the forest on a small hill adjoining the Kambhoja Village. The majestic and fine Jina temple has, as presiding deity Shri Jagavallabha Parshvanath Bhagavan. From the hill-top the scenery of the jungle and the fields therein yield delight to the heart. Some know this as the hill of Bahubali. The hill has foot-steps and one can go up the hill within fifteen minutes. The idol is of white complexion and one metre in height. On the cross-legs of MULANAYAKA, we have an inscription of V.S. 1926. There are four Shrines in the temple of which two have the idols of Tirthankara, one has an image of Shri Padmavatidevi and one has that of Manibhadrayaksha. One image of metal belongs to V.S. 1323. Again, in the underground cellar, presides Shri Ajitnath Bhagavan, while on the third storey presides Shri Chandraprabha Prabhu. The last renovation of the tirtha took place in V.S. 1926 on monday, the 7th day of the bright half of the month Maha. Revered Shri Vijayanandasuriji ceremoniously installed it then. Some look upon this as the Shatrunjaya of South Maharashtra. Fairs are held here every year on the Purnimas of Kartika and Chaitra and on the tenth day of the dark half of Margashirsha. Devotees in thousands reap the benefit of devotion to the divine then.

## ૧૦૪. શ્રી કુંભોજગિરિ તીર્થ (શ્રીજગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન)

મહારાષ્ટ્રના કોલ્હાપુર-મીરજ રોડ પર આવેલા હાથકલંગડા રેલવે સ્ટેશનથી આ તીર્થસ્થળ ફક્ત ૮ કિ.મી. દૂર આવેલું છે. જંગલમાં કંભોજ ગામની પાસે આવેલી નાનકડી ટેકરી પર શ્રીજગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું સુંદર અને ભવ્ય જિનાલય આવેલું છે. ટેકરી પરથી આસપાસનાં જંગલો અને ખેતરોનું દશ્ય ચિત્તને આહલાદ આપે છે. આ ટેકરીને કેટલાંક બાહુબલિની ટેકરીના નામે ઓળખે છે. આ ટેકરી પર ચઢવા માટે પગથિયાં છે. પંદરેક મિનિટમાં આ પગથિયાં ચડી શકાય છે. અહીં શ્રીજગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની એક મીટર ઊંચી પ્રતિમા આવેલી છે. મૂળનાયકની પલાંઠી પર વિ.સં. ૧૯૨૬નો લેખ છે. મંદિરમાં ચાર દેરીઓ છે. બે દેરીઓમાં તીર્થંકરની પ્રતિમાઓ છે, જ્યારે બીજી બે દેરીઓમાંની એકમાં શ્રી પદમાવતીદેવી અને બીજી દેરીમાં શ્રી મણિભદ્રયક્ષની મૂર્તિ છે. એક પ્રાચીન ધાતુ પ્રતિમા વિ.સં. ૧૩૨૩ની છે. વળી નીચે ભોંયરામાં શ્રીઅજિતનાથ ભગવાન બિરાજમાન છે જ્યારે ત્રીજે માળે શ્રીચંદ્રપ્રભ પ્રભુ બિરાજમાન છે. વિ.સં. ૧૯૨૬ના મહા સુદ ૭ને સોમવારે તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર થયો હતો અને તે સમયે પૂજ્ય શ્રી વિજયાનંદસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આને કેટલાંક દક્ષિણ મહારાષ્ટ્રનો શત્રુંજય માને છે. કારતકી પૂનમે, ચૈત્રી પૂનમે તેમ જ માગશર વદ દસમે અહીં મેળો ભરાય છે. આ સમયે અનેક ભાવિકજનો પ્રભુભક્તિનો ઉમંગભેર લાભ લે છે.

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્



તીર્થવંદના-૧૦૪

(૧) મનહરલાલ પોપટલાલ બાબરીયા બરવાળા-ઘેલાશા- ઔરંગાબાદ
(૨) મુદુલાબહેન મનહરલાલ બાબરીયા બરવાળા- ઘેલાશા-ઔરંગાબાદ
(૩) અ.સૌ. વિણાબહેન કીરીટભાઈ બાબરીયા બરવાળા-ઘેલાશા-
(૪) શરદકુમાર કીરીટભાઈ બાબરીયા બરવાળા-ઘેલાશા- મુંબઈ
(૫) મીતેષ કીરીટભાઈ બાબરીયા બરવાળા - ઘેલાશા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



105. SHRI MUNISUVRATASWAMI BHAGAVAN (શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 105. SHRI THANA TIRTHA (SHRI MUNISUVRATASWAMI BHAGAVAN)

This tirtha is thousands of years old. It awakens the memories of emperor Shripala, a fervent devotee of Navapada. The idol of MULANAYAKA Bhagavan Muni Suvrataswami is gorgeous and pleasant to view. The temple too is extremely artistic. Events of the life of king Shripala and Mayanasundari are carved artistically in stone. The emperor of the Jina order Acharya Shri Vijayanemisurishvaraji performed the ANJANASHALAKA of the Jina images. The tirtha was renovated in V.S. 1960. Devotees earn spiritual merit by the DARSHANA of this gorgeous idol.

## ૧૦૫. શ્રી થાણા તીર્થ (શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન)

આ તીર્થ હજારો વર્ષ જૂનું છે. નવપદના અનન્ય ઉપાસક મહારાજા શ્રીપાળની સ્મૃતિને આ તીર્થ જગાડે છે. મૂળનાયક ભગવાન મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા ભવ્ય અને દર્શનીય છે. મંદિર પણ ભવ્ય અને કલાપૂર્ણ છે. અહીં પથ્થરમાં શ્રીપાળ રાજા અને મયણાસુંદરીના જીવનપ્રસંગો કલામય રીતે કંડારવામાં આવ્યા છે. શાસનસમ્રાટ આ. શ્રી વિજયનેમીસૂરિશ્વરજી મહારાજે અહીં જિનબિંબોની અંજનશલાકા કરી હતી. વિ.સં. ૧૯૬૦માં આ તીર્થનો પુનઃ જીર્ણોદ્ધાર થયો. આ ભવ્ય પ્રતિમાનું દર્શન કરીને વ્યકિત પુણ્યોપાર્જન કરે છે.




**તીર્થવંદના-૧૦૫**

(૧) જયંતીલાલ ગોપાળજીભાઈ વારૈયા તળાજાવાળા - મુંબઈ
(૨) હસમુખભાઈ ગોપાળજીભાઈ વારૈયા - તળાજાવાળા - મુંબઈ
(૩) અ.સૌ. ભદ્રાલક્ષ્મી હસમુખભાઈ વારૈયા - તળાજાવાળા - મુંબઈ
(૪) જાવડશા હસમુખભાઈ વારૈયા - તળાજાવાળા - મુંબઈ
(૫) અ.સૌ. કવિતાબહેન જાવડશા વારૈયા - તળાજાવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




106. SHRI GODIJI PARSHVANATH BHAGAVAN (શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 106. SHRI GODIJI TIRTHA (SHRI GODIJI PARSHVANATH BHAGAVAN)

This exquisitely fine temple is situated in the Payadhuni area of greater Bombay. Unique indeed is the greatness of this Jaina temple that is 178 years old and considered to be the best in the Jaina temples in Bombay. The idol of Bhagavan Parshvanath of renowned greatness is miraculous. Devotees in thousands have experience of the miracles. The flag of the temple was installed by Shri Motishah Sheth, the best amongst those who are leaders of the Jaina religious order. His contribution towards the construction of this temple was very much vital. The history of Shri Godi Parshvanath Bhagavan is full of interest. Years back the idol was brought here by Shri Meghashah through hints in a dream. After several experiences of the miracles the idol was installed in Godi village in the desert-region of Tharparkar (now in Pakistan). It is said that just because of this the idol became renowned as Godi Parshvanath; to-day it is installed in the Godiji temple. Formerly the temple was in Fort area of Bombay. But Shri Bhagavant was installed in Payadhuni in V.S. 1868 because of fire. Thereafter, on the second floor an idol of Shri Chintamani Parshvanath Bhagavan was installed and thereafter the idol of Shri Shamalia Parshvanath Bhagavan was installed in a separate temple. Thus, three birthdays are observed every year. Recently, keeping the idol of the MULANAYAKA just where it is, the whole temple is renovated with marble from Makrana. Tall pillars, gorgeous peak and dome decorate the temple as if it were a plane of Gods. The Sangha of Shri Vijayadevasuri Gaccha looks well after the administration of this Jina temple.

## ૧૦૬. શ્રી ગોડીજી તીર્થ (શ્રીગોડીજી પાર્શ્વનાથ ભગવાન)

મહાનગર મુંબઇના પાયધુનીમાં આ ભવ્ય અને આકર્ષક જિનાલય આવેલું છે. મુંબઈનાં દેરાસરોમાં શિરોમણિ ગણાતા ૧૭૮ વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી જૈન દેરાસરનો મહિમાઅનોખો છે. અહીં પ્રગટ પ્રભાવક ભગવાન પાર્શ્વનાથની અત્યંત મનોહર અને ચમત્કારપૂર્ણ પ્રતિમા છે એનો હજારો ઉપાસકોએ એમના જીવનમાં અનુભવ કર્યો છે. આજથી ૧૭૮ વર્ષ પહેલાં આ દેરાસરની ધજા જૈનશાસનના સરતાજ સમા શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીશા શેઠે ચડાવી હતી. એમણે આ મંદિરના નિર્માણમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. શ્રીગોડી પાર્શ્વનાથ ભગવાનનો ઈતિહાસ અત્યંત રસપ્રદ છે. આ પ્રતિમા વર્ષો પહેલાં સ્વપ્નસંકેતથી શ્રી મેઘાશાહ દ્વારા લાવવામાં આવી હતી. એના અનેક ચમત્કારિક અનુભવો પછી થર પારકરના રણપ્રદેશમાં (હાલ પાકિસ્તાનમાં) ગોડી ગામમાં પધરાવવામાં આવી હતી. એ પ્રતિમાજી ગોડી પાર્શ્વનાથ તરીકે પ્રસિદ્ધ થયા એમ કહેવાય છે. જે આજે ગોડીજી મંદિરમાં બિરાજમાન છે. પહેલાં શ્રી ગોડીજી પાર્શ્વનાથનું મંદિર કોટ વિસ્તારમાં હતું, પરંતુ ત્યાં આગ લાગવાને કારણે વિ.સં. ૧૮૬૮માં પાયધુનીમાં આ ભગવંત બિરાજમાન કરાયા છે. એ પછી બીજા માળે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની અને ત્યાર બાદ મુખ્ય મંદિરથી અલગ મંદિરમાં શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી. આમ આજે ગોડીજીમાં મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ અને બીજા બે પ્રભાવશાળી પાર્શ્વનાથ ભગવાનની-એમ કુલ ત્રણ વર્ષગાંઠ ઊજવાય છે. તાજેતરમાં મૂળનાયકની પ્રતિમા ત્યાં ને ત્યાં રાખીને સમગ્ર મંદિરનો જીર્ણોદ્ધાર મકરાણાના આરસપહાણથી કરવામાં આવ્યો છે. મોટા સ્તંભો, ભવ્ય શિખર તથા ઘુમ્મટથી શોભતું આ મંદિર દેવવિમાન જેવું બન્યું છે. શ્રી વિજયદેવસૂરિગચ્છ સંઘ આ જિનાલયની સુંદર વ્યવસ્થા સંભાળી રહ્યો છે.



**તીર્થવંદના-૧૦૬**

(૧) દિનેશચંદ્ર બાબુલાલ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૨) અ.સૌ. પ્રવિણાબહેન દિનેશચંદ્ર શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૩) ભાવેશ દિનેશચંદ્ર શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૪) અ.સૌ. તૃપ્તી ભાવેશભાઈ શાહ ભદ્રાવળવાળા - મુંબઈ

(૫) સમીરદિનેશચંદ્ર શાહ - ભદ્રાવળવાળા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




**107. SHRI CHINTAMANI PARSHVANATH BHAGAVAN** (શ્રીચિંતામણી પાર્શ્વનાથ ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 107. SHRI MOMBASA TIRTHA (AFRICA)
## (SHRI CHINTAMANI PARSHVANATH BHAGAVAN)

In Kenya outside India a gorgeous Jina temple with peaks is constructed in the Mombasa city. In the year 1951, three marble-idols were brought here. They were - MULANAYAKA Shri Chintamani Parshvanath Bhagavan, Shri Adishwara Bhagavan and Shri Mahavira Swami. The Jainas who migrated from India put in great effort towards the construction of this Jina temple. The foudation-laying ceremony of this temple was performed on 29th December 1959 and the work of construction started on 10th February 1960. According to the tradition of the Jaina faith no iron could be used anywhere. The officer of the Municipal council protested. Mistry Amrutlal Trivedi, who had gone there on behalf of the firm of Kalyanaji Anandji, assured that such temples without the use of iron are built in hundreds in India. Still, the engineer of the council remained present every day and on completion gave his approval in full satisfaction. The installation ceremony was performed thereafter on 26th July 1963 in all gaiety and enthusiasm. The ceremony of the opening of the door was performed at the hands of Shrimati Kunverben Devaraj Karmashi Shah. In the "Shri Parshvallabha Prasada" is installed MULANAYAKA Shri Chintamani Parshvanath Bhagavan. On the two sides are installed the idols of Shri Adishvar Bhagavan and Shri Mahavir Swami. In the porticos outside, we have the idols of Shri Shantinath Bhagavan and Shri Neminath Bhagavan. Here again, there is a big building for AYAMBILA SHALA wherein there is a permanent kitchen of Ayambila. After this, in Nairobi also, a Jina temple and a majestic idol of MULANAYAKA Shri Muni Suvrataswami installed. The opening ceremony was performed from 4-2-84 to 12-2-84 in great splendour.

## ૧૦૭. શ્રી મોમ્બાસા (આફ્રિકા) તીર્થ (શ્રીચિંતામણી પાર્શ્વનાથ ભગવાન)

ભારતની બહાર કેનિયા દેશના મોમ્બાસા શહેરમાં પહેલું શિખરબંધ ભવ્ય જિનાલયનું નિર્માણ થયું. ઈ.સ. ૧૯૫૧માં ભારતથી ત્રણ આરસની પ્રતિમાઓ અહીં આવી હતી. આમાં મૂળનાયક શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન તથા શ્રીઆદીશ્વર ભગવાન અને શ્રીમહાવીરસ્વામી ભગવાનની મૂર્તિઓ હતી. આ પ્રતિમાઓ કદમ્બગિરિથી આવી હતી. ભારતથી આવીને વસેલા જૈન ભાઈઓએ જિનમંદિરની રચના કરવા માટે અથાગ પ્રયત્ન કર્યો. ૧૯૫૯ની ૨૯મી ડિસેમ્બરે આની ખાતમુહૂર્તવિધિ થઈ અને ૧૯૬૦ની ૧૦મી ફેબ્રુઆરીએ એનું નિર્માણકાર્ય શરૂ થયું. જૈન ધર્મની પ્રણાલિકા મુજબ ક્યાંય લોખંડ વાપરવાનું નહોતું, આથી સ્થાયી મ્યુનિસિપલ કાઉન્સિલના અધિકારીઓએ આનો વિરોધ કર્યો. ભારતથી આવેલા શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના મિસ્ત્રી અમૃતલાલ ત્રિવેદીએ કાઉન્સિલરોને ખાતરીઆપી કે આવાં સેંકડો દેરાસરો ભારતમાં છે જ્યાં લોખંડનો સહેજે વપરાશ થયો નથી. આમ છતાં કાઉન્સિલના એન્જિનિયર નિર્માણ સમયે આખો દિવસ હાજર રહેતા. આખું દેરાસર તૈયાર થયું ત્યારે તેમણે ખૂબ સંતોષ સાથે મંજૂરી આપી હતી. આ પછી ઈ.સ. ૧૯૬૩ની ૨૬મી જુલાઈએ આનંદ અને ઉત્સાહપૂર્વક આનો પ્રતિષ્ઠા-મહોત્સવ યોજાયો. શ્રીમતી કુંવરબેન દેવરાજ કરમશી શાહના શુભ હસ્તે આની દ્વાર ઉદઘાટનની વિધિ થઈ. 'શ્રી પાર્શ્વવલ્લભ પ્રાસાદ'માં મૂળનાયક શ્રીચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે, જયારે આજુબાજુ શ્રીઆદીશ્વર ભગવાન અને શ્રીમહાવીર સ્વામી ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન છે. બહારના ગોખલામાં શ્રીશાંતિનાથ ભગવાન અને શ્રીનેમિનાથ ભગવાનની પ્રતિમા છે. વળી અહીં આયંબિલ શાળા માટે મોટું મકાન છે જેમાં કાયમી આયંબિલનું મોટું રસોડું છે. આ પછી નાઈરોબીમાં પણ મૂળનાયક શ્રીમુનિસુવ્રતસ્વામીની ભવ્ય પ્રતિમા સાથે જિનાલયનું નિર્માણ થયું, જેની ઉદઘાટનવિધિ તા. ૪-૨-૮૪ થી ૧૨-૨-૮૪ સુધી ધામધૂમપૂર્વક કરવામાં આવી.




તીર્થવંદના-૧૦૭

(૧) રાજેશભાઈ વૃજલાલ બાબરીયા-બરવાળા-ઘેલાશા - મુંબઈ
(૨) અ.સૌ. રીટા રાજેશભાઈ બાબરીયા બરવાળા - ઘેલાશા-મુંબઈ
(૩) માનસી રાજેશભાઈ બાબરીયા - બરવાળા - ઘેલાશા - મુંબઈ
(૪) પંકજભાઈ વૃજલાલ બાબરીયા બરવાળા-ઘેલાશા - મુંબઈ
(૫) અ.સૌ. ભાવના પંકજભાઈ બાબરીયા - બરવાળા -ઘેલાશા - મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




108. **SHRI MAHAVIR BHAGAVAN** (શ્રીમહાવીર ભગવાન)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## 108. SHRI KOBE TIRTHA (JAPAN) (SHRI MAHAVIR BHAGAVAN)

Japan is the most advanced and developed of all countries in Asia. Only 28 devoted Jaina families constructed a Jaina temple in the Koba city of Japan in unstinted devotion. In the Kitan-cho area, there are so many centres and temples of various dharmas. The temple has a dome of marble, it is decorated with fine pillars. The temple was completed in April 1985 and, a Fero-concrete structure of two storeys was raised for the purpose. There is a bath and assembly-hall over here. On the second floor is installed an idol of Shri Mahavira Bhagavan acquired from Bharuch. It was ceremoniously installed in this gorgeous temple on an auspicious day and at time as fixed by Acharya Shri Vijaya Ashokasuriji, the elder brother of Acharya Shri Vijayachandrodayasuriji.

The sculptor of the temple hailed from Japan. He visited India six times to study Indian structures and architecture. The engravings of the dome, windows, pillars etc. of this Jaina temple were completed in India. The temple is Kitan-cho has become a great attraction for visitors. The temple constructed at a cost of about 1000 lakh yens is a symbol of the great devotion of 28 families and 180 Jain Shravakas.

## ૧૦૮. શ્રી કોબે (જાપાન) તીર્થ (શ્રીમહાવીર ભગવાન)

એશિયાના દેશોમાં જાપાન દેશ એ સૌથી વિકસિત દેશ છે. જાપાનના કોબે શહેરમાં માત્ર ૨૮ જૈન કુટુંબોએ અપ્રતિમ ભક્તિભાવથી અનુપમ જૈન દેરાસરનું નિર્માણ કર્યું છે. કીટાન-ચો વિસ્તારમાં ઘણા ધર્મોનાં કેન્દ્રો અને મંદિરો આવ્યાં છે. એ જ વિસ્તારમાં જૈન દેરાસરનું નિર્માણ થયું છે. આ દેરાસર આરસપહાણના ઘુમ્મટવાળું છે. સુંદર સ્તંભો અને શિખરોથી મંડિત છે. ૧૯૮૫ના એપ્રિલ મહિનામાં આ દેરાસર તૈયાર થયું અને તે માટે બે માળનું ફેરો-કોંક્રીટ મકાન ઊભું થયું. અહીં સ્નાનગૃહ તથા એસેમ્બલી હોલ છે અને બીજા માળે શ્રીમહાવીર ભગવાનની ભરૂચમાંથી પ્રાપ્ત થયેલી પ્રતિમા છે. આ પ્રતિમા આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજીના ગુરુબંધુ આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરિજી દ્વારા પ્રદત્ત શુભ મુહૂર્તમાં આ ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી.

આ મંદિરના સ્થપતિ જાપાનીઝ હતા અને તેઓ ભારતીય બાંધણીના અભ્યાસાર્થે છ વખત ભારત આવ્યા હતા. આ જિનાલયના ઘુમ્મટ, બારીઓ, સ્તંભ વગેરેની કોતરણી ભારતમાં કરવામાં આવી હતી. આજે તો કીટાન-ચોનું આ દેરાસર પ્રવાસીઓનું આકર્ષણ બની રહ્યું છે. આશરે ૧૦૦૦ લાખ યેનના ખર્ચે તૈયાર થયેલું ૨૮ કુટુંબોના ૧૮૦ જૈન શ્રાવકોની ધર્મભક્તિનું આ અપ્રતિમ પ્રતીક બની રહ્યું છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્




**તીર્થવંદના-૧૦૮**

(૧) મહેશભાઈ વૃજલાલ બાબરીયા બરવાળા-ઘેલાશા-મુંબઈ
(૨) અ.સૌ. નીશા મહેશભાઈ બાબરીયા બરવાળા-ઘેલાશા-મુંબઈ
(૩) મિહિર-અનવી મહેશભાઈ બાબરીયા બરવાળા-ઘેલાશા- મુંબઈ
(૪) સેજલ-જીગર-કીરીટભાઈ બાબરીયા બરવાળા-ઘેલાશા-મુંબઈ
(૫) ચિંતન-નિશિત, પંકજભાઈબાબરીયા બરવાળા-ઘેલાશા-મુંબઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




શ્રી સમવસરણ મહામંદિરમાં પ્રતિષ્ઠિત

## શ્રી ચક્રેશ્વરી દેવીની પ્રતિષ્ઠા કરાવનાર

બાલુભાઈ ચુનીલાલ દાલિયા
કલાવતીબહેન બાલુભાઈ દાલિયા
બાબુભાઈ ચીમનલાલ સંઘવી
જસવંતીબહેન બાબુભાઈ સંઘવી
ભરતકુમાર બાલુભાઈ દાલિયા
રશ્મિબહેન ભરતકુમાર દાલિયા
(સુરત - હાલ મુંબઈ)





જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી સમવસરણ મહામંદિરમાં પ્રતિષ્ઠિત

## શ્રી પદમાવતી દેવીની પ્રતિષ્ઠા કરાવનાર

વિમળાબહેન શાંતીલાલ દેવચંદ શાહ પરિવાર
 હ. હેમંતકુમાર શાંતીલાલ શાહ
અ.સૌ. નીરાબહેન હેમંતકુમાર
અ.સૌ. અલકાબહેન અશ્વિનભાઈ
અ.સૌ. ભારતીબહેન કમલેશભાઈ
અ.સૌ. મનીષાબહેન પ્રકાશભાઈ
અ.સૌ. કલ્પનાબહેન વિનોદભાઈ
ચિ. હિમેષ હેમંતકુમાર શાહ
(સુરેન્દ્રનગર - હાલ મુંબઈ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



**સર્વાધાતુમય કાઉસગ્ગિયા શ્રી આદિનાથજી.**

શ્રી કુંદનપુર (રાજ) નિવાસી સંઘવી શ્રી શાંતિલાલ હિમાજી મુથાએ પોતાના ધર્મપત્ની શીલાલંકાર ધારિણી અ.સૌ. કમળાબેનની ભાવનાનુસાર પુત્ર-પોપટલાલ-પ્રકાશચંદ્ર-કેસરીમલ પૌત્ર, યોગેશ, મનીષ, સોહન, પુત્રવધૂ સુરેખા, કુસુમ, વર્ષા પૌત્રી રેખા, કિરણ, પૂનમ, આશા, પાયલ, હીના, પુત્રી અંજના કિસનલાલજી દોહિત્ર સુમીત, દીપાલી, લીના પરિવાર સહિત, ભારતભરમાં પ્રથમવાર તૈયાર થયેલ ૧૨૭"ઈંચના આ પ્રતિમાજી ભરાવ્યા છે. આ બિંબની પ્રતિષ્ઠા, પાલીતાણા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન સમવસરણ મહામંદિરમાં, પ.પૂ. આ.મ. શ્રી. વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં ચાલુ વર્ષે થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી સમવસરણ મહામંદિરમાં પ્રતિષ્ઠિત

## શ્રી ગુરુમંદિરના પાવન દર્શન



શ્રી ગૌતમ સ્વામીજીની પ્રતિષ્ઠા કરનાર : શ્રી ગુમાનમલજી સાંવલચંદજી દોશી તથા અ.સૌ. બબીબહેન ગુમાનમલજી દોશી પરિવાર (ભીનમાલ, રાજસ્થાન - હાલ પાર્લા - મુંબઈ)

શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરનાર : શ્રી પ્રવીણચંદ્ર બાબુભાઈ છગનલાલ શાહ તથા જયાલક્ષ્મી પ્રવીણચંદ્ર શાહ (ભદ્રાવળવાળા - હાલ - અંધેરી - મુંબઈ)

શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરનાર : શ્રી રજનીકાંત મોહનલાલ ઝવેરી તથા હંસાબહેન ઝવેરી પરિવાર (સુરત - મુંબઈ) શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી તથા અ.સૌ. નલીનીબહેન ઝવેરી ( સુરત - હાલ પાર્લા, મુંબઈ)

શ્રી કસ્તૂર સૂરીશ્વરજી મહારાજની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરનાર : શ્રી ચંદુલાલ ચુનીલાલ વખારિયા પરિવાર (સુરેન્દ્રનગર).



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઋણ સ્વીકાર

## અમો આભારી છીએ

- પરમપૂજ્ય આચાર્ય વિજય ચંદ્રોદય સૂરિશ્વરજી મહારાજ, આચાર્ય વિજય અશોકચંદ્ર સૂરિશ્વરજી મહારાજ તથા અન્ય સાધુભગવંતોના,
- શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલીની દ્વિતીય આવૃતિના મુખ્ય દાતા શ્રેષ્ઠી શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરી, તેમના ધર્મપત્ની શ્રીમતી નલીનીબહેન પુત્રશ્રી હરેશભાઈ - શ્રીમતી દર્શનાબહેન પૌત્ર - ચિ. કૃણાલ અને ચિ. કરણના,
- તીર્થ વંદના માટે આર્થિક સહયોગ આપવા બદલ સંસ્થાઓ તથા દાતાશ્રીઓના,
- તીર્થનાં મૂળનાયક પ્રભુજીનાં ફોટાઓ છાપવાની રજા આપવા બદલ તીર્થોના ટ્રસ્ટીશ્રીઓના,
- તીર્થ દર્શનાવલીનાં છપાઈ તથા અન્ય કાર્યો બદલ માર્ગદર્શન આપવા માટે "કળશ" પ્રિન્ટર્સ અમદાવાદના શ્રી શ્રેણીક આર. રેશમવાલાના,
- અરીહંત વીડીઓ ફીલ્મવાળા શ્રી કીરીટભાઈ એન. શાહના,

जैन साइट JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

નોંધ : આણંદજી કલ્યાણજી પેઢી હસ્તકનાં તીર્થોના મૂળનાયકશ્રીના ફોટાઓ છાપવાની રજા ન આપવાને કારણે પ્રચલીત ફોટાઓ જ છાપેલ છે તેની નોંધ લેવા વિનંતી.

લી.

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સ્વપ્ન સ્રષ્ટા



જિનશાસન શણગાર

**પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
ગુરુ સમર્પિત જેઓશ્રીએ પૂજ્ય ગુરુભગવંતના સ્વપ્નને શિલ્પશાસ્ત્રની અજોડ પ્રતિભા, કાર્ય નિર્માણની આગવી સૂઝ અને સતત અધ્યાત્મ ચિંતનની વિશિષ્ટ અનુભૂતિથી વિશ્વભરમાં બેજોડ બને તે રીતે સાકાર કર્યું. તેઓશ્રીને અમારી કોટિશો વંદના...


## પાવન પ્રેરણા



સૂરિમંત્ર સમારાધાક

**પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
જેઓશ્રીના મંગલ મુહૂર્ત પ્રમાણે શ્રી સમવસરણ મહામંદિરની અંજનશલાકા-પ્રતિષ્ઠા થઈ અને જેઓશ્રીની પાવન પ્રેરણા શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલીની બીજી આવૃત્તિના પ્રકાશનમાં નિમિત્તરૂપ બની તેવા શ્રી સૂરિમંત્રના પાંચમા પ્રસ્થાનની ૧૭મી વાર સાધના કરનાર પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના...

## પ્રવર્તક



**પ.પૂ. મૂનિરાજ શ્રી કુશલચંદ્ર વિજયજી.**

શ્રી સમવસરણ મહામંદિરના દ્રષ્ટા અને સ્રષ્ટા - જેઓશ્રીના અથાગ પરિશ્રમ તથા નાનામાં નાની હકીકતોની પૂરી ચોકસાઈ કરીને તેને આકારબદ્ધ કરવાની કાળજીના ફળસ્વરૂપે વિશ્વ પ્રસિદ્ધ એકમાત્ર એવા શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન સંપૂર્ણ થયું.

'જૈનદર્શનઃ સિદ્ધાંતો અને પરિચય' - જેની અઢી લાખથી વધારે નકલો અંગ્રેજી, ગુજરાતી તથા હિન્દીમાં પ્રગટ થવાથી જૈન-જૈનેતર સહુને આ વિશ્વધર્મનો પરિચય સાંપડ્યો છે. તેવા સંકલનકાર વયોવૃદ્ધ મુનિપ્રવરને અમારી કોટિ કોટિ વંદના.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



આયોજક : પ્રવર્તક મુનિરાજ શ્રી કુશળચંદ્ર વિજયજી મ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com